શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે આપ વિપક્ષના ઉપનેતાને વાત કરવાનો સમય આપો છો અને એમના સભ્યો ઈરાદાપૂર્વક આ પ્રકારના દેખાવો કરી રહ્યા છે. જ્યારે તમને બોલવાનું કહેતા હોય તો આપના સભ્યોને પહેલાં બેસાડવા પડે. માનનીય અધ્યક્ષશ્રી, આપ સૂચના આપો. શ્રી શૈલેષભાઇને બોલવું હોય તો તેમના સભ્યોને તેમના સ્થાને બેસાડે. આ ઈરાદાપૂર્વકનું કૃત્ય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે પ્રશ્નોની ચર્ચા કરવાની છે. ટૂંકી મુદતના પ્રશ્નોનું નક્કી થયું છે. પહેલાં પણ બધા સત્રમાં આપણે છેલ્લા બે દિવસમાં આ જ પ્રમાણે કરેલું છે અને કામકાજ સલાહકાર સમિતિમાં બધું નક્કી થયા મુજબ આપણે કરીએ છીએ. એટલે આ પ્રશ્નોના જવાબ માનનીય મંત્રીશ્રી આપે છે. આપ સૌ બેસો. આ રીતે આપ પ્રદર્શન ના કરો. આ યોગ્ય નથી. આપણું બે દિવસનું ટૂંકું સત્ર છે. આપણે પ્રજાના પ્રશ્નોની વાત કરવાની છે અને આપ આ રીતે કરશો તો આપણે કોઇ કામ કેવી રીતે કરીશું એટલે આપે પ્રજાના પ્રશ્નોની જે વાત કરવી હોય એ તમે કરી શકો છો, પણ આવા પ્રદર્શન કરીને ગૃહની ગરિમા ન જળવાય એવા કોઇ પણ પ્રદર્શન ગૃહમાં થઇ શકતા નથી. આપ સૌ પોત પોતાની જગ્યા ઉપર બિરાજો. ( સતત સૂત્રોચ્ચાર ) (અંતરાય ) આપ સૌ સિનિયર સભ્યો છો, લોકોનું પ્રતિનિધિત્વ કરો છો. ગૃહની માનમર્યાદા જળવાય એ આપણા સૌની ફરજ છે. લોકશાહીની અંદર બંધારણના નિયમો મુજબ જે કંઇ રજૂઆત કરવી હોય એ થઇ શકે છે, પણ આ રીતે ગૃહની અંદર આવા પ્રદર્શનો કરવા અને નિયમો વિરુદ્ધ અને બંધારણ વિરુદ્ધ કાર્ય કરવું એ યોગ્ય નથી અને સૌ પોતાની જગ્યાએ બેસો. (અંતરાય)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય સ્પીકર સાહેબ, વિપક્ષના સભ્યોને હું વિનંતી કરું છું કે ટૂંકી મુદતના પ્રશ્નનો જવાબ અહીંયા થઇ રહ્યો છે, ચર્ચા છે, ટૂંકી મુદતના પ્રશ્ન માટે આપની પાસે સમય છે. તમે બંધારણ બચાવવાની વાત કરો છો પણ બંધારણ તમારે બચાવવું નથી. તમારી પાસે વાત કરવાનો સમય છે. તમે સમયનો દુરુપયોગ કરી રહ્યા છો. (અંતરાય) તમારા

પ્રશ્ન ઉપર એક કલાક સુધી તમે ચર્ચા કરોને.. (અંતરાય) અમે ઇચ્છીએ છીએ કે તમે ચર્ચા કરો પણ તમે ચર્ચા કરવા માગતા નથી. તમે બંધારણ બચાવવા માગતા નથી. લોકશાહીનું હનન તો તમે કરો છો. લોકશાહીનું હનન તમે કરી રહ્યા છો. (અંતરાય) બેસોને પણ ચર્ચા તો શરૂ કરો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ સૌ બેસો. પ્રશ્નની આપણે ચર્ચા કરીએ. અગત્યના પ્રશ્નો તાકીદની ટૂંકી નોંધમાં લીધેલા છે. આપ સૌ પોતાની જગ્યાએ બેસો અને મંત્રીશ્રી જે જવાબ આપે એ સાંભળો. લોકોના પ્રશ્નનો પડઘો પાડવાનો હોય એવા સમયે આવા પ્રદર્શનો કરી અને ગૃહનો સમય જે વેડફાય અને લોકોના પ્રશ્નોની ચર્ચા ના થઇ શકે એવું વાતાવરણ ઉભું થાય એ યોગ્ય નથી. ગૃહની ગરિમા જાળવવી પડે. ગૃહ બંધારણથી ચાલે, નિયમોથી ચાલે, આપણી પરંપરાથી ગૃહ ચાલે. આપ સૌ સિનિયર સભ્યો છો. આ છેલ્લા સત્રના બે દિવસ હોય અને એમાં ચર્ચા કરવાને બદલે આવા પ્રદર્શન કરવા એ કોઇપણ રીતે યોગ્ય નથી અને આપ સૌ આપની જગ્યા ઉપર બેસો. (અંતરાય) મહેરબાની કરીને સૌ પોતાની જગ્યાએ બેસો અને માનનીય મંત્રીશ્રી જે જવાબ આપે છે એમને તક આપવામાં આવે. ( સતત અંતરાય) (સતત સૂત્રોચ્ચાર)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, (સતત સૂત્રોચ્ચાર) માનનીય સંસદીય મંત્રીશ્રીએ પણ વિનંતી કરી છે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ એમને કહ્યું છે. સરકાર વતી અમે વિનંતી કરીએ છીએ કે આ વિધાનસભાનું છેલ્લું સત્ર છે. રાજયની જનતાના પ્રશ્નો હલ કરવાના હોય. વિધાનસભા એ વિધાનસભાના નિયમોથી ચાલે છે અને એમાં જે કોઇ વાત હોય એની ચોક્કસ રીતે રજૂઆત કરી શકે છે અને એ વિધાનસભાના નિયમોથી અલગ પ્રકારનું એમનું વર્તન પહેલીવાર બની રહ્યું છે. જે દિવંગતોને આપણે શ્રદ્ધાંજલિ આપવાની હોય એમની પણ ગરિમા ગૃહમાં જળવાતી નથી. આપણા સભ્યશ્રીઓ જેમણે ગુજરાત રાજયમાં જાહેર જીવનમાં ધારાસભ્ય તરીકે કોઇ એવા આગેવાનોએ સમાજમાં કામ કર્યું છે, એમને શ્રદ્ધાંજલિ આપવાનો શોકદર્શક ઠરાવ બાકી હોય ત્યારે આ ગુજરાતનું ગૌરવ અને ગુજરાતના સંસ્કારો નથી. આપણે દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવાની છે. ( સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ સૌ પોત-પોતાનું સ્થાન ગ્રહણ કરો. આપણે પ્રશ્નના જવાબ લઇએ. જે કંઇ ચર્ચા કરવાની હોય એ આપણે કરીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમે સરકારને વિનંતી કરીએ છીએ કે જે રીતે ગુજરાતના તમામ વિભાગોના સરકારી કર્મચારીઓના પ્રાણપ્રશ્નો છે, જેનાથી ગુજરાતની આખી સરકાર ચાલે છે, ત્યારે કોંગ્રેસ પાર્ટી ફક્ત એટલી જ માગણી કરે છે કે સરકાર જે સમગ્ર રાજ્યના કર્મચારીઓના આંદોલનો ચાલી રહ્યા છે એની ચર્ચા વિધાનસભા ગૃહમાં કેમ ન કરી શકે? સરકાર જવાબ આપવા તૈયાર રહે, અમારી માગણી એટલી જ છે.

શ્રી રાઘવજીભાઇ પટેલ : આ વિધાનસભાના ચોમાસુ સત્રમાં રાજ્યમાં કેટલાય મહત્વના પ્રશ્નો કે જેની આપણે અહીં ચર્ચા કરવાની છે. અત્યારે ટૂંકી મુદતમાં ખેડૂતોને સહાય માટેના પ્રશ્નો, અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત રસ્તાઓ અને મકાનો માટેના ખૂબ મહત્વના વિષયોની ચર્ચા વિચારણા કરવાની છે, એવા સંજોગોમાં નિયમાનુસાર ગૃહ આગળ ચાલે અને સભ્યશ્રીઓ નિયમ વિરુદ્ધ કાર્યવાહી કરી રહ્યા છે એમને બેસાડો એવી મારી વિનંતી છે.

## સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ
## વેલમાં ધસી આવેલ સભ્યશ્રીને દૂર કરવા બાબત

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જીગ્નેશભાઇ મેવાણી વેલમાં છે. એમને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા માટેનો હું પ્રસ્તાવ રજૂ કરું છું. તેઓ વેલમાં આવેલા છે અને પાછળ બેઠેલા ધારાસભ્યશ્રીઓને ડિસ્ટર્બ થાય છે. આથી એમને એક દિવસ માટે સસ્પેન્ડ કરવાનો હું પ્રસ્તાવ મૂકું છું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીના પ્રસ્તાવને હું ટેકો આપું છું.

(આ તબક્કે વિપક્ષના સભ્યશ્રીઓ બેનરો સાથે સૂત્રોચ્ચાર કરતા વેલ તરફ ધસી આવ્યા)

**અધ્યક્ષશ્રી :** વેલમાં આવેલા તમામ સભ્યોને મારી વિનંતી છે કે આપ પોતપોતાના સ્થાન ગ્રહણ કરો. છેલ્લા બે દિવસમાં પ્રશ્નોની ચર્ચા કરવાના બદલે આ જાતનું પ્રદર્શન કરીને ગૃહનું અવમાન કરવું તે યોગ્ય નથી. આપ સૌને મેં વારંવાર વિનંતી કરી છે. સૌ પોતાની જગ્યાએ જાઓ. માનનીય શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ પ્રસ્તાવ મૂકી દીધો છે અને માનનીય શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ એને ટેકો પણ આપેલ છે. (અંતરાય) વેલમાં આવેલા તમામ સભ્યોને આજના દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે. (વેલમાં આવેલ સભ્યશ્રીઓ- શ્રી વિક્રમભાઇ માડમ, શ્રી વજેસિંગભાઇ પણદા, શ્રી જીગ્નેશકુમાર મેવાણી, શ્રી કનુભાઇ બારૈયા, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી સુનિલભાઇ ગામીત, શ્રી કાન્તિભાઇ ખરાડી, શ્રી અજીતસિંહ ચૌહાણ, શ્રી નૌશાદભાઇ સોલંકી, ગેનીબેન ઠાકોર, શ્રી અનંતકુમાર પટેલ, શ્રી પ્રતાપભાઇ દૂધાત, શ્રીમતી સંતોકબેન આરેઠીયા, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી અંબરીશભાઇ ડેર, શ્રી બાબુભાઇ વાજા, શ્રી પુનાભાઇ ગામીત, શ્રી ચંદનજી ઠાકોર, શ્રી ભાવેશભાઇ કટારા, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી રાજેશકુમાર ગોહિલ, શ્રી હર્ષદકુમાર રીબડીયા, શ્રી

પ્રવિણભાઇ મુસડીયા) સાર્જન્ટ, માનનીય સભ્યશ્રીઓને બહાર લઇ જાઓ. (માનનીય સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી વેલમાં ઘસી આવ્યા)

(આ તબક્કે સાર્જન્ટ દ્વારા વેલમાં આવેલા સભ્યશ્રીઓને એક પછી એક ઉચકીને બહાર લઇ જવામાં આવ્યા અને વિપક્ષના આજે હાજર બાકીના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા )

**ટૂંકી મુદતના પ્રશ્નો**

ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંકઃ૮૦

વલસાડ અને નવસારી જિલ્લામાં વરસાદથી રસ્તાઓને નુકસાન

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૮/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ મહિનામાં થયેલ ભારે વરસાદને લીધે વલસાડ અને નવસારી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના કેટલા માર્ગોને નુકસાન થયેલ છે,

(૨) આ માર્ગના મરામત માટે સરકાર દ્વારા શી કામગીરી કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા માર્ગોનું મરામત કામ પૂર્ણ કરવામાં આવ્યું?

શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્ય કક્ષાના માર્ગ અને મકાન મંત્રીશ્રી ) :

(૧) તા. ૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ મહિનામાં થયેલ ભારે વરસાદને લીધે વલસાડ જિલ્લાના ૧૫૮ અને નવસારી જિલ્લાના ૫૦૯ માર્ગોને નુકસાન થયેલ છે.

(૨) અને (૩) ઉક્ત સ્થિતિએ નુકસાન પમેલ માર્ગોની મરામત સારું મેટલ પેચ કરવામાં આવેલ અને તમામ મેટલ પેચની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ હતી, તેમજ હોટ મીક્ષ પ્લાન્ટ શરૂ કરી વલસાડ જિલ્લાના ૧૨૦ અને નવસારી જિલ્લાના ૩૪૮ માર્ગોના ડામર પેચની કામગીરી પૂર્ણ કરેલ હતી. તાજેતરના વરસાદના કારણે જે કામગીરી બાકી રહેલ છે તે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે વલસાડ જિલ્લા અને નવસારી જિલ્લામાં ખૂબ વરસાદ પડયો તેથી ખરાબ રસ્તા બાબતનો પ્રશ્ન હતો. મારા માનનીય વિરોધ પક્ષે મંત્રીશ્રી જવાબ આપે તે પ્રમાણે સાંભળવો જોઇએ પણ દુઃખ સાથે કહેવું પડે કે બહાર ગયા છે. સૌ પ્રથમ તો ચૌદમી વિધાનસભા અને ૨૮મું છેલ્લુ સત્ર હોઇ સૌને અભિનંદન આપું છું કે છેલ્લાં પાંચ વર્ષમાં આપણે સૌએ વિધાનસભામાં ખૂબ સારી કામગીરી કરી. માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીને પણ એક મહિલા અધ્યક્ષશ્રી તરીકે અમને સારું માર્ગદર્શન આપી અમને વિધાનસભામાં એક સારું નેતૃત્વ આપ્યું એ બદલ અભિનંદન આપું છું. ગૃહના નેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને પણ અભિનંદન આપું છું કે એમના નેતૃત્વમાં અમે ભૂતકાળમાં ખૂબ સારાં વિકાસનાં કામો કરી શકયાં. મારો પ્રશ્ન સારો વરસાદ અને ખરાબ થયેલ રસ્તા બાબતનો હતો, જેમાં વલસાડ અને નવસારી જિલ્લાનો મુખ્ય રસ્તો હતો. આ બાબતે સરકારશ્રીના માનનીય મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્માજીએ વલસાડ અને નવસારી જિલ્લાના રસ્તાઓને ભારે વરસાદથી નુકસાન થયાનું કબુલ કરેલ છે અને સાથે અમારી રજૂઆત ધ્યાને લઇને એમણે વહીવટીતંત્રને ખરાબ થયેલ રસ્તા બાબતે તાકીદે સમારકામ કરવાના આદેશ મુખ્યમંત્રી સાથે આપેલ છે તે બદલ સરકારશ્રીને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન હતો કે વલસાડ જિલ્લો એ દેશનું ચેરાપુંજી કહી શકાય છે. જયાં અંદાજે ૧૦૦ થી ૧૫૦ ઇંચ વરસાદ પડે છે અને સ્વાભાવિક છે રસ્તા રિપેર કર્યા છે, પણ હજુ પણ રસ્તા ખરાબ છે. પાંચ વર્ષ સુધી જે તે એજન્સી રસ્તા બનાવે છે, પણ પાંચ વર્ષ ઉપર થઇ ગયા હોય એ રસ્તા હજુ પણ ખરાબ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદેશ આપ્યો છે કે દરેક રસ્તા રિપેર થાય અને થઇ રહ્યા છે. હજુપણ ગ્રામ્ય અને શહેરમાં રસ્તા ખૂબ ખરાબ છે તો મારી માનનીય મંત્રીશ્રી જગદીશભાઇને વિનંતી કે આ બાબતે કોઇ સ્પેશ્યલ બજેટ કે સ્પેશ્યલ ગ્રાન્ટ ફાળવવા માંગો છો કે કેમ એ મારો મુખ્ય પ્રશ્ન છે? માનનીય મુખ્યમંત્રીશ્રીને ફરીફરી અભિનંદન આપું છું કે એમણે આદેશ આપ્યો છે કે દરેક રસ્તા એઝ ઇટ ઇઝ જે અગાઉ હતા એ પ્રમાણે થાય અને મુખ્યમંત્રી સડક યોજનામાં રસ્તા આપ્યા છે, જોબનંબર એ પછીથી થાય એવી હું વિનંતી કરું છું. ફરીવાર મંત્રીશ્રી માર્ગ અને મકાનને વિનંતી કરું તમે સ્પેશ્યલ બજેટ ગ્રાન્ટ ફાળવવા માંગો છો કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આ ચૌદમી વિધાનસભાનું છેલ્લું સત્ર છે. આપણે સૌએ પાંચ વર્ષ શાંતિથી પૂર્ણ કર્યા. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ જે વિકાસની વણથંભી યાત્રાનો પ્રારંભ કર્યો છે, એમાં માનનીય ભૂપેન્દ્રભાઇની ટીમ અને માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબ, શ્રી નીતિનભાઇ, શ્રી ભૂપેન્દ્રસિંહજી, શ્રી પ્રદિપસિંહ, સર્વે ભારતીય જનતા પાર્ટીની આખી ટીમ, મંત્રી અને સરકારે ખૂબ જ શાંતિથી પાંચ વર્ષ પૂર્ણ કર્યાં છે અને આગામી દિવસોમાં પણ આ જ રીતે ટીમ એક થઇને વિકાસનાં કામો કરશે. સાથેસાથે આજે ગૃહમાં કોંગ્રેસ દ્વારા જે દેખાવ કરવામાં આવ્યા. આજે ઘણાબધા પૂર્વ ધારાસભ્યશ્રીઓને આપણે શોકાંજલિ પણ આપવાના છીએ, એ શોકાંજલિમાં એ લોકો હાજર ન રહ્યા, એનું પણ દુઃખ છે અને ગરિમા પણ ન જાળવી શકયા. વર્ષ ૧૯૮૧માં જયારે વિશ્વમાં અલગ અલગ જગ્યાએ યુદ્ધો ચાલતા હતા , ત્યારે યુદ્ધોને શાંત કરવા માટે ૨૧ સપ્ટેમ્બરનો દિવસ એ વિશ્વ શાંતિ દિવસ તરીકે આખા વર્લ્ડમાં ઉજવાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૧ મી સપ્ટેમ્બરના દિવસે એટલીસ્ટ વિપક્ષના મિત્રો દ્વારા પ્રજાના સાચા પ્રશ્નોની રજૂઆત કરવાને બદલે આ રીતે દેખાવો

થાય છે અને આપણી ગરિમા જળવાતી નથી. માનનીય ભરતભાઇએ જે પ્રશ્ન ઉપાડયો છે , તેમાં મારે ભારતીય જનતા પાર્ટીની સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા પડશે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના કોઇ લઇ આવ્યું હોય તો તે ભારતીય જનતા પાર્ટીની સરકાર લઇ આવી છે. વિપક્ષના સભ્યો ભલે હાજર નથી, પણ જે લોકો છે તે તમામને કહું છું, ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોને કહું છું કે, સરકાર મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત જે નોન પ્લાન રસ્તાઓ છે, અમુક મિત્રોએ કામની યાદી આપી હોય અને અમુકે નહીં આપી હોય, કયાંક રહી ગયા હશે. ઘણા બધા મિત્રો જોબ નંબર મળી ગયા બાદ ફેરવવા આવતા હોય છે. આ ઇલેકશનનું વર્ષ છે એટલે બધાને રોડની જરૂર હોય છે , એટલા માટે આ ફ્લોર ઉપરથી કહું છું કે, તાત્કાલિક મને આપે, વિપક્ષના મિત્રોને પણ આ ફ્લોર ઉપરથી કહું છું, માનનીય મુખ્યમંત્રીએ પણ આદેશ કર્યો છે કે, આખા ગુજરાતમાં જે ધારાસભ્ય રસ્તાનાં કામ માટે આવે તો તે તમામને ઉદાર દિલે રોડ આપવા છે. જે જગ્યાએ રોડ રિપેરિંગ કરવાના હોય, રિસરફેસ કરવાના હોય તેની પણ માહિતી અમને આપશે તો અમે ચોક્કસ તેના માટે તાત્કાલિક કાર્યવાહી કરીશું. તેના માટે જે કંઇ પૈસાની જરૂર પડશે , તેના માટે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ અને મુખ્યમંત્રીશ્રીએ આયોજન કર્યું છે , તેનો અમે તાત્કાલિક નિકાલ કરીશું. આખા રાજ્યમાં જે વરસાદ પડયો છે તેમાં નવસારી જિલ્લાનો ૧૨૭.૫૫ ટકા અને વલસાડનો ૧૩૮.૭૮ ટકા પડયો છે. તે વખતે ભારે વરસાદના કારણે સો ટકા રોડ રસ્તા ધોવાયા છે. અમારા ત્યાંના સાંસદ અને પ્રદેશ અધ્યક્ષ પાટીલ સાહેબ, માનનીય મુકેશભાઇ, અમારા બધા ધારાસભ્યશ્રીઓ, મંત્રીઓ ત્યાં હાજર હતા અને કેન્દ્ર સરકારને કહી એન.ડી.આર.એફ.ની ટીમ પણ બોલાવી હતી. હેલિકોપ્ટર દ્વારા લોકોને બચાવવાની કામગીરી પણ કરી હતી. ( આ તબક્કે વિપક્ષના સભ્યો વેલમાં આવતા )

અધ્યક્ષશ્રી : એક મિનિટ માનનીય મંત્રીશ્રી, જે લોકોને આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા છે તે સભ્યો, જે વેલમાં આવ્યા હતા અને દૂર કરવામાં આવ્યા છે એટલે તેઓ બહાર જાય. આજની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા છે, જે સભ્યો વેલમાં આવ્યા હતા તે બધાને આપણે આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કર્યા છે. તે લોકો અંદર ન આવે, તે લોકો આજના દિવસની કાર્યવાહીમાં સામેલ થઇ શકે નહીં. શ્રી ઇમરાનભાઇ, આપ વેલમાં હતા તેથી આપને દૂર કરવામાં આવ્યા છે. આપ આજના દિવસની કાર્યવાહીમાં આવી શકશો નહીં. જે જે સભ્યો વેલમાં આવ્યા હતા તે બધા લોકોને આજની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા છે. જે સભ્યોને આજની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા છે તે બધા બહાર જાય. પહેલાં વેલમાં આવેલા સભ્યો બહાર જાય.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારી આપના મારફત વિનંતી છે અને એક આશ્ચર્યની વાત છે અને આ ગૃહમાં હું બે ટર્મથી આવું છું. જયારે જયારે અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા કોઇપણ સભ્યો હોય, અમે પણ વિપક્ષમાં રહ્યા છીએ. જયારે જયારે અધ્યક્ષશ્રીએ કહ્યું છે કે, વેલમાં આવી ગયેલા લોકોને હું સસ્પેન્ડ કરું છું ત્યારે કોઇ પાછું આવ્યું નથી. મને આશ્ચર્ય છે અને ગુજરાત રાજ્યની જનતાને આશ્ચર્ય છે કે, એમને વેલ શું કહેવાય તે ખબર નથી. વેલ શું કહેવાય તે ખબર નથી, તો પ્રજાના પ્રશ્નોની વાતો કરો છો? મને શરમ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી કહે છે ત્યારે વેલમાં આવી ગયેલા લોકોએ શરમથી બહાર નીકળી જવું જોઇએ.

અધ્યક્ષશ્રી : મેં એમનું નામ કહ્યું નથી, હું આપને કહું છું કે આપના સભ્યશ્રીઓ જે વેલમાં આવ્યા હતા અને દૂર કર્યા છે એ લોકો કાર્યવાહીમાં ભાગ લઇ શકે નહીં. આપનું નામ મેં કહ્યું નથી આપ બેસો, શ્રી પરેશભાઇ મેં આપને એલાઉ કર્યા નથી. આપ બેસો. (અંતરાય) વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓની વાત થઇ છે. પ્લીઝ શ્રી પરેશભાઇ, આપ બેસો, વારંવાર આપને કહેવા છતાં પણ આપ ઉભા થઇને હાઉસને ખલેલ પહોંચાડો છો એ યોગ્ય નથી. માનનીય શ્રી રાજેન્દ્રભાઇ,

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીજ્ઞેશભાઇ મેવાણી પહેલા વેલમાં આવ્યા એ આપ સાહેબનું ધ્યાન દોર્યું અને ત્યાર પછી બધા વેલમાં આવ્યા એટલે આપ તરત બોલ્યા જેટલા પણ વેલમાં આવ્યા છે એ બધાને સસ્પેન્ડ કરવામાં આવે છે અને સ્પીકર સાહેબનો આ નિર્ણય છે.

અધ્યક્ષશ્રી : આપ બેસો. હું નામ આપું છું. મારી સામે વેલમાં આવ્યા છે અને મેં જોયા છે એમના હું નામ આપુ છું. શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી, શ્રી પરેશભાઇ ધાનાણી, શ્રી વજેસિંગભાઇ, શ્રી નૌશાદભાઇ સોલંકી, શ્રી ઇમરાન ખેડાવાલા, ગેનીબેન ઠાકોર અને આ સિવાય જે કોઇ સભ્યશ્રી વેલમાં આવ્યા છે, એમનાં નામો વિડિયો જોઇને નક્કી કરવામાં આવશે. અત્યારે આટલાં નામ મેં કહ્યા છે એ લોકો ગૃહની બહાર જાય. સાર્જન્ટ આટલા લોકોને બહાર મોકલવામાં આવે. વેલમાં આવીને સૂત્રોચાર પણ કર્યા છે. હું પોતે સાક્ષી છું, આપ બેસો. (અંતરાય) બિલકુલ વેલમાં આવીને તમે બોલ્યા છો, વેલમાં આવીને તમે બોલ્યા છો, વેલમાં આવીને તમે કેટલું બધું બોલ્યા છો એ મેં સાંભળેલું છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી :આવી *(xxx)

અધ્યક્ષશ્રી : કોઇ *(xxx) વિષય નથી. આવા *(xxx)જેવા કોઇ શબ્દોનો ઉપયોગ તમે ના કરો અને આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. મેં આપને એલાઉ પણ નથી કર્યા અને આપ આવી બધી વાતો કરો છો એ યોગ્ય નથી. ગૃહની ગરીમા જાળવો નહીં અને આવા સિનિયર સભ્ય થઇને આ રીતે આપનું વર્તન કરો છો એ કોઇ રીતે યોગ્ય નથી. આપ સિનિયર

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ટૂંકી મુદતના પ્રશ્નો

સભ્ય છો આપ બેસી જાવ. મેં જેટલાં નામ લીધાં છે એટલા લોકો ગૃહની કાર્યવાહીમાંથી બહાર જાય. એ લોકોને એક દિવસ માટે દૂર કર્યા છે અને બીજા નામો વિડિયો જોઇને નક્કી થશે. અત્યારે જે મારી નજરમાં હતા એ મેં નામો મૂક્યા છે, તેઓ વેલમાં આવ્યા છે અને એ લોકો માટે સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ આવ્યો છે, એ પ્રસ્તાવ આપણે મંજૂર કર્યો છે અને બંધારણની અંદર જે નિયમો હોય એ પ્રમાણે ગૃહ ચાલે. (અંતરાય) નિયમો તમે જાણો છો છતાં પણ આ રીતનું વર્તન કરીને આ રીતે ફ્લોર ઉપર તમે વાત કરો છો એ યોગ્ય નથી, આપને શોભતું નથી. શ્રી પરેશભાઇ, આપને આ બિલકુલ શોભતું નથી. આપ બેસો, માનનીય શ્રી શૈલેષભાઇ, મેં શ્રી શૈલેષભાઇને એલાઉ કર્યા છે, આપ બેસો આપના સભ્યશ્રી બોલે છે, આપના ઉપનેતાની વાત તો સાંભળો? આપ બેસો, માનનીય શૈલેષભાઇ બોલે છે, માનનીય અમિતભાઇ, આપ બેસો, માનનીય પુંજાભાઇ, આપ બેસો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે વિધાનસભા ગૃહમાં આપનો આદેશ સો ટકા અમે માનીએ છીએ, માનતા આવ્યા છીએ અને માનતા રહીશું. જે રીતની ઘટના વિધાનસભા ગૃહમાં બન્યા પછી સરકાર તરફથી જે પ્રસ્તાવ લાવવામાં આવ્યો કે વેલમાં આવેલા સભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે, બહુમતી એ પ્રસ્તાવ પસાર થયો, કોંગ્રેસના સભ્યશ્રીઓએ વોકઆઉટ કર્યો. વિધાનસભાના નિયમો તો એ પણ કહે છે કે, જ્યારે જે ધારાસભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય એને નેઇમ કરવા પડે એ નેઇમ પણ કરવામાં આવ્યા નથી. બીજું કે, જ્યારે કોઇ ધારાસભ્યશ્રીને નેઇમ કરવામાં ન આવ્યા હોય અને સ્વભાવિક છે કે ધારાસભ્યશ્રી હાઉસમાં આવે, એને જો નેઇમ કર્યા હોત તો માનનીય જીતુભાઇ સંસદીય પ્રણાલિના જાણકાર છે. (અંતરાય) માનનીય મંત્રીશ્રી જીતુભાઇ, મારી વાત તો પૂરી થવા દો, (અંતરાય) આપનું રૂલિંગ આપ્યા પછી જે ધારાસભ્યોનાં આપ નામ બોલ્યાં છો (અંતરાય) શ્રી જીતુભાઇ, મારી વાત તો પૂરી થવા દો?

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ તેમની વાત પૂરી થવા દો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તમારું નામ એટલે બોલ્યો કે આપ ઉભા છો અને મેં ટી.વી.માં જોયું એટલે હું અંદર આવ્યો. માનનીય અધ્યક્ષશ્રી, જે લોકો બેઠા હતા તેને નેઇમ આપ કરો, બહુમતિએ પાસ કર્યું છે અમે એગ્રી છીએ. હવે વાત રહી શ્રી પરેશભાઇની, તો શ્રી પરેશભાઇ આપનું રૂલિંગ આપ્યા પછી જયારે અમે બધા સભ્યોએ વોક આઉટ કર્યું ત્યારે તેઓ અહીંયા ઉભા ઉભા, બોલતા બોલતા ગયા હતા એટલે મારી આપને વિનંતી છે કે, વેલમાં એ બેઠા નહોતા, વેલમાં હતા નહીં, તેઓ તેમની જગ્યા ઉપર જ હતા, એટલે મારી આપને વિનંતી છે કે તેઓ જતા જતા બોલ્યા છે, એટલે તેમને આપ નેઇમ ના કરો. બાકી આપનો નિયમ અને સરકાર જે પ્રસ્તાવ લાવી છે તેમાં અમને વાંધો નથી તેમાં નેઇમ કરો, અમને વાંધો નથી. શ્રી જીતુભાઇ, શરમની તમે વાત કરો છો તો શરમ તો તમને આવવી જોઇએ કે આટલા બધા કર્મચારીઓ ઉપવાસ ઉપર બેઠા છે અને સરકાર હલતી નથી.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપની દયા ઉપર નિર્ભર છે તે લોકો વિનંતી કરે છે, વિપક્ષ વિનંતી કરે છે તો અમે આપના ઉપર છોડીએ છીએ.

અધ્યક્ષશ્રી : મેં નિયમ-૫૧ હેઠળ મને મળેલ અધિકારની રૂએ આજના દિવસની કાર્યવાહીમાંથી જે સભ્યોને દૂર કર્યા છે તે નેઇમ કરવાની બાબત છે તે નિયમ-૫૨માં આવે છે. મેં ૫૧ નીચે તે સભ્યોને દૂર કર્યા છે તેઓ હાઉસને ડિસ્ટર્બ કરે છે, પોસ્ટરો બતાવે છે, વેલમાં આવી ગયા છે, એટલે મેં તે લોકોને આજની કાર્યવાહીમાંથી દૂર કર્યા છે. એટલે નેઇમ કરવાનો પ્રશ્ન નિયમ-૫૧માં આવતો નથી. બીજો વિષય જે રીતે આપણે બધા વેલમાં આવ્યા હતા તે બધાજ સભ્યોનાં નામ આમાં મારી પાસે આવ્યા છે તેને હું જાહેર કરીશ અને બાકીનાં જે નામો ના આવ્યા હોય તે વિડીયો જોઇને પણ નક્કી થઇ શકે. શ્રી શૈલેષભાઇએ જે વાત કરી કે શ્રી પરેશભાઇ વેલમાં નહોતાં આવ્યા જયારે મેં રૂલિંગ આપ્યા પછી તે જતી વખતે બોલ્યાં છે તે આપણે જોઇ લઇશું. આટલો બધો હંગામો હોય અને તેની અંદર બધા વેલમાં આવી ગયા હોય તો કદાચ આને આપણે વિડીયોમાં જોઇને તેને કરેક્ટ પણ કરી શકીએ છીએ, તેમાં કોઇ બીજો વિવાદ છે નહીં. એટલે બાકીના સભ્યો જે આપણે કહ્યા છે અને જે વેલમાં આવ્યા હતા અને નિયમ-૫૧માં મેં જે લોકોને સાર્જન્ટોને સૂચના આપીને આજની કાર્યવાહીમાંથી દૂર કર્યા છે તે બધાજ સભ્યો બહાર જાય અને આજની કાર્યવાહીમાં ભાગ ના લે. હું ફરીથી નામ રજૂ કરું છું. શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી, શ્રી કનુભાઇ બારૈયા, શ્રી આનંદભાઇ ચૌધરી, (આ તબક્કે વિરોધ પક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર ચાલુ- કર્મચારીઓને ન્યાય આપો. ) શ્રી સુનિલભાઇ ગામીત, શ્રી કાંતિભાઇ ખરાડી, શ્રી અજીતસિંહ ચૌહાણ, શ્રી નૌશાદ સોલંકી, ગેનીબેન ઠાકોર, શ્રી પ્રતાપભાઇ દૂધાત, શ્રી પરેશભાઇ ધાનાણીનું આપણે જોવાના છીએ એટલે એ પછી નિર્ણય આપણે પેન્ડિંગ રાખીએ છીએ. શ્રી અંબરીશભાઇ ડેર, શ્રી બાબુભાઇ વાજા, શ્રી પુનાભાઇ ગામિત, શ્રી ચંદનજી ઠાકોર આટલાં નામ મારી પાસે આવ્યા છે અને છતાં આપણે વિડિયો જોઇને નક્કી કરી લેશું, પણ મેં જે જોયા છે તે નામો આટલાં છે અને તે લોકો આજની કાર્યવાહીમાંથી બહાર જાય. પ્લીઝ

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ અગત્યનો સવાલ અને જવાબ ચાલી રહ્યો હતો. શ્રી શૈલેષભાઇ આજે ૨૧મી સપ્ટેમ્બર એટલે વિશ્વ શાંતિ દિવસ છે અને આ વિશ્વ શાંતિ દિવસના દિવસે સમગ્ર આખા વર્લ્ડે આ દિવસને પાળ્યો છે કે આખા વિશ્વમાં શાંતિ રહે. આપણે પણ આ ૧૪મી વિધાનસભાના છેલ્લાં સત્રમાં તમામ સભ્યો તરફથી આ ૨૧ સપ્ટેમ્બરના દિવસને આપણે પાળીએ. સાથે સાથે હમણાં આપ મિત્રો જયારે બહાર હતા ત્યારે મેં જાહેરમાં અહીંયાથી કહ્યું છે કે તમામ કોંગ્રેસના મિત્રો હોય, ભાજપના મિત્રો હોય માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદાર દિલે કહ્યું છે કે, જેના પણ જોબ ઓર્ડર બાકી રહી ગયા હોય.નાની-મોટી સમસ્યાઓ હોય એ ચોક્કસ અમારા ધ્યાને મૂકજો. ભારતીય જનતાપાર્ટીની ટીમ શ્રી ભૂપેન્દ્રભાઇની

તા. ૨૧મી સપ્ટેમ્બર,૨૦૨૨

ટૂંકી મુદતના પ્રશ્નો

સરકાર આ બધા જ રસ્તા બનાવવા માટે તત્પર છે. સાથો-સાથ ઘણા રસ્તાઓ ખરાબ છે એને રિપેર કરવાના છે અને ઘણાના રસ્તા કરવાના પણ બાકી છે. એ આવનારા દિવસોમાં ચોક્કસ થઇ જશે. રસ્તાઓ તૂટી જાય છે, એનું ટેકનિકલ કારણ પ્રજા સમક્ષ સાચા અર્થમાં નહિ જાય તો પ્રજા આપણને ક્યારેય માફ નહિ કરે. આખી દુનિયાના કોઇ પણ દેશમાં ડામરની ક્ષમતા ચાર-પાંચ વર્ષની હોય છે. ડામરનું બોન્ડિંગ પકડી રાખવાની ક્ષમતા ચાર-પાંચ વર્ષ હોય છે. એના કારણે આપણે કોઇ પણ ડામર વાપર્યો હોય એ પાણી પડે એટલે તૂટી જાય છે. વડોદરા, નવસારી કે વલસાડમાં ૧૩૭ ટકા વરસાદ પડ્યો હોય ત્યારે આખી દુનિયામાં કોઇ પણ જગ્યાએ રસ્તાઓ ધોવાઇ જાય છે. સરકાર અત્યારે જે પણ ટેન્ડર બહાર પાડે છે એમાં નીતિ-નિયમ મુજબ જ રોડ બનતા હોય છે. મારે આપના માધ્યમથી ગૃહને જણાવવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા હું શ્રી નીતિનભાઇનો આભાર માનીશ કે એમણે ટેન્ડરમાં આ ક્લૉઝ નાંખ્યો. ભારતીય જનતા પાર્ટીની સરકાર પહેલાં કોઇ દિવસ આવા પુલ હતા નહિ. કોઇ પણ કોન્ટ્રાક્ટર રોડ બનાવીને જતો રહે તો એની ઉપર કોઇ પગલાં લેવાતાં નહોતા. હું શ્રી નીતિનભાઈ સાહેબનો આભાર માનીશ કે રોડની ગેરેન્ટી નક્કી કરવામાં આવી. કોઇ પણ રોડ જો સમય-મર્યાદામાં તૂટે તો એ રોડ રિપેર કરવાની જવાબદારી જે - તે કોન્ટ્રાક્ટરની છે. હું સાથે-સાથે એ પણ કહું છું કે આ સરકાર જે પગલાં લઈ રહી છે, એમાં પ્રદિપસિંહજીના શબ્દોમાં કહું તો કોઇ પણ કોન્ટ્રાક્ટર ગમે તેવો ચમરબંધી હોય તો એને ભારતીય જનતા પાર્ટીની સરકાર છોડતી નથી. (અંતરાય) જે તે જવાબદાર અધિકારીને પણ બ્લેક લિસ્ટ કરે છે, એની પર પગલાં લે છે અને એને સસ્પેન્ડ કરે છે. (બળદેવજીભાઇ ઠાકોર પોતાની જગ્યા પર ઊભાં થઇ બોલતાં)

અધ્યક્ષશ્રી : શ્રી બળદેવજી, આપ બેસો. જવાબ ચાલુ છે આપ વચ્ચે ડિસ્ટર્બ ના કરો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : વલસાડની અને નવસારીની વાત કરું તો અમદાવાદથી મુંબઇ, નંદેસરી, બાજવા, મકરપુરા, વડોદરા, પોર, બામણવાડા આ રૂટ પર આખા મહિનામાં લાખોની સંખ્યામાં ટ્રકો ચાલે છે. એક ટ્રક ઓછામાં ઓછું ૨૦ ટન વજન ઉંચકીને જાય છે. આપણે અંદાજ કાઢીએ કે એ રોડ ઉપર રોજની ૧૦,૦૦૦ ટ્રક ચાલતી હોય તો કેટલા લાખ મેટ્રિક ટન ઘસારો એ રોડ પર થાય. કોઇ પણ રોડ હોય તો એ તૂટી જાય. હું આપના માધ્યમથી દેશના વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઇ મોદીજીનો, દેશના ગૃહપ્રધાન શ્રી અમિતભાઇ શાહ સાહેબનો, માનનીય ભૂપેન્દ્રભાઇનો આભાર એટલા માટે માનું છું કે છેલ્લાં ત્રણ વર્ષથી આખા વિશ્વનું સૌથી વધારે એક્ષપોર્ટ કરતું જો કોઇ રાજ્ય હોય તો ગુજરાત છે. હું મુખ્યમંત્રીશ્રી અને તમામ ધારાસભ્ય મિત્રોને આજના દિવસે અભિનંદન આપીશ કે આખા દેશમાં સેમિકન્ડક્ટર પૉલિસિ ગુજરાત રાજ્યએ રજૂ કરી અને હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વેદાંતા લિમિટેડ એન્ડ ફોક્સકૉન ગ્રુપ સાથે સેમિકન્ડક્ટર સિસ્ટમ સ્થાપવા જે એમ.ઓ.યુ. કર્યા એમાં રૂ.૧ કરોડ ૫૪ લાખથી વધુનું રોકાણ થવાનું છે અને એમાં એક લાખથી વધુ લોકોને રોજગારી મળવાની છે. આ બધાં કારણોના લીધે રોડ ઉપર ભારણો વધે છે. અમે રોડની જે પોલિસી કરી છે તેના કારણે સારી ક્વોલિટીના રોડ બને, તેની મર્યાદા વધે, તેનું આયુષ્ય વધે તે પ્રમાણે કામગીરી કરી રહ્યા છીએ. સાથે સાથે મારે એ પણ કહેવું છે કે જ્યારે શ્રી નીતિનભાઈ સાહેબ આ વિભાગ સંભાળતા હતા ત્યારે તેમના દ્વારા એક સરસ અભિગમ મૂકવામાં આવ્યો હતો તેના કારણે અમારી સરકાર દ્વારા એક સરસ પ્રયોગ કરવામાં આવ્યો. જે છોકરાઓ સારું ભણતા હોય, નવું સ્ટાર્ટ અપ કરતાં હોય તેવા જી.ટી.યુ.ના વિદ્યાર્થીઓને શ્રી નીતિનભાઈ સાહેબે એક પ્રોજેક્ટ આપ્યો હતો કે આ રસ્તાઓમાં ક્યાંક નાના મોટા ખાડા થતા હોય, પ્રજા રોડ ઉપર જતી હોય, ધારાસભ્યો જતા હોય તો આ રસ્તા ખરાબ છે તેવી ખબર ક્યાંથી પડે? શ્રી નીતિનભાઈ સાહેબે અમારા હેથાકોનના વિદ્યાર્થીઓને એક ટાસ્ક આપ્યો એટલે આ છોકરાઓએ એક ગુજમાર્ગ નામની એપ્લિકેશન ડેવલપ કરી. જે એપ્લિકેશન છેલ્લાં એક વર્ષથી ચાલુ થઈ ગઈ છે. તેની અંદર આપણે ૭૮,૦૦૦ કિ.મી.નું નેટવર્ક ગુજમાર્ગમાં લીધું છે. નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, અન્ય જિલ્લાના માર્ગ હોય તેવા બધા જ રોડ આપણે લીધા છે. કોઈ પણ વ્યક્તિ રોડ ઉપર ઊભા રહીને ત્યાંનો ફોટો ક્લિક કરે તો તરત જ તે ક્લિક થયેલો ફોટો અમારા વિભાગમાં આવે અને ત્યાંથી બાયસેગ દ્વારા સીધો જ જે તે જિલ્લામાં જે તે સી.ઈ. ને મળે અને તે રોડનું રિપેરિંગ કામ થાય. જેમણે પણ ફોટો ક્લિક કર્યો છે, તેમને ક્લિક થયેલો ખરાબ રોડનો ફોટો અને રોડ રિપેર થયા પછી તરત જ તેને રિપેર થયેલા રોડનો ફોટો મળે છે કે આ રોડ રિપેર થઈ ગયો છે. આ પ્રમાણેની કામગીરી ગુજરાત સરકાર કરી રહી છે. આ ચોમાસા દરમિયાન રાજ્યના જે રોડ ખરાબ થયા છે તે માત્ર ડિફેક્ટીવ એટલે કે જે કોન્ટ્રાક્ટરની જવાબદારીમાં આવતા હોય તેવા આખા રાજ્યના માત્ર ૩ ટકા રોડ ખરાબ થયા છે અને નોન ગેરંટીમાં આવતા હોય તેવા આખા રાજ્યના માત્ર ૧૦ ટકા રોડ ખરાબ થયા છે. તેમાંથી ગેરંટીના ૬૩ ટકા અને નોન ગેરંટીના ૭૫ ટકા પૂર્ણ થયા છે. મને કહેતાં આનંદ થાય છે કે જે કોઇ કંપની ડિફોલ્ટ થાય છે તેને રાજ્ય સરકાર બ્લેક લિસ્ટ કરે છે. એક કન્સલ્ટન્ટને બ્લેક લિસ્ટ કરી અને પગલાં લીધાં છે. આ સિવાય ઘણા અધિકારીઓ સામે પગલાં લીધાં છે. રાજ્યમાં અત્યારે ૫૫૦ કરતા પણ વધારે હોટ પ્લાન ચાલુ છે. મને યાદ આવ્યું એટલે હું તમામ ધારાસભ્ય મિત્રોને કહેવા માગું છે કે આ સબજેક્ટને તમારે નીચે ઉતારવો પડશે. આખા વિશ્વમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ ચોથા સ્ટેટ તરીકે કોઈએ શરૂ કર્યો હોય તો ગુજરાત રાજ્યએ શરૂ કર્યો હતો. એશિયામાં પહેલું ગુજરાત રાજ્ય હતું. ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન શ્રી મોદીના જન્મદિવસે ક્લાઈમેટ ચેન્જ વિભાગ શરૂ કર્યો હતો. આ વખતે વરસાદ ખેંચાવાના કારણે સો ટકા ડેમ ભરાયા છે. વરસાદના કારણે જે રોડ ડેમેજ થઈ રહ્યા છે તેમાં રાજ્ય સરકાર તમામ રીતે કાર્યરત છે. હું જ્યારે શ્રી નીતિનભાઈ સાહેબને મળવા માટે ગયો અને તેમણે અગાઉના દિવસોમાં જે આયોજન કર્યું હતું તેમના માટે અભિનંદન આપું છું. અમારી પાસે ૭ સી.ઈ. છે. એક સી.ઈ.ને ૪-૫

જિલ્લા આપીને નેટવર્કનું પ્લાનિંગ કર્યું છે. એક સી.ઈ.ને આણંદ, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા જિલ્લાની જવાબદારી આપી. જેના કારણે તે સી.ઈ. જે તે જિલ્લામાં જઇને વર્ક કરીને ગુજમાર્ગમાં અપલોડ કરે અને આ રીતે રોડ રિસરફેસ કરીએ છીએ. સાથે-સાથે મારે એ પણ કહેવું છે કે અત્યારે નવસારી અને વલસાડનો જે પ્રશ્ન હતો, એમાં નવસારીમાં માત્ર એક અને વલસાડમાં ૧૭ માર્ગ બાકી રહ્યા છે અને આગામી દિવસોમાં રાજ્યના તમામ માર્ગોના જે ખાડાઓ કોગ્રેંસ તરફથી પાડવામાં આવ્યા છે એ તમામ ખાડાઓ ભાજપની સરકાર પરિપૂર્ણ કરવાની છે.

અધ્યક્ષશ્રી : માત્ર વલસાડ જિલ્લાનો પ્રશ્ન છે અને આ લિમિટેડ પ્રશ્ન છે. રસ્તાની તમામ વાત એમણે કરી દીધી છે. રસ્તા બાબતેની જે ચર્ચા હોય એ મંત્રીશ્રી પાસે જઇને કરી શકો છો. આપના સૌના વતી શ્રી સુખરામભાઇ વાત કરશે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જ્યારે જવાબ આપી રહ્યા હતા ત્યારે અમે ધ્યાનથી સાંભળતા હતા. વલસાડનો પ્રશ્ન હતો એટલે વલસાડના રસ્તાઓની માહિતી આપવી જોઇતી હતી. એમાં કેટલો ખર્ચ થયો, કેટલા કિલોમિટરના રસ્તામાં ખાડા પડ્યા છે એ પ્રકારની માહિતી આપી હોત તો અમને આનંદ થાત. પણ સરકારે આખા રાજ્યના રસ્તાઓની વાત કરી છે અને એમાં પોતાની *(xxx) કરી છે.

અધ્યક્ષશ્રી : *(xxx)શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ઘણા બધા વિસ્તારોમાં આવા રસ્તાઓ તૂટી ગયા છે. રાજ્યના તમામ જિલ્લામાં તૂટી ગયેલા રસ્તા, નાળા અને પુલોની માહિતી સરકાર પાસે ઉપલબ્ધ હશે. એની પાછળ સરકારે કેટલો ખર્ચ કરવાનો અંદાજ રાખેલ છે અને આ રસ્તાઓમાં ખાડા છે કે ખાડામાં સરકાર છે.

અધ્યક્ષશ્રી : આપણે પ્રશ્ન પર આવીએ. રસ્તાઓની ખૂબ જ ગંભીર ચર્ચા ચાલે છે. શાંતિથી સાંભળો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજમાર્ગ એપ આપણા ગુજરાતના સ્ટાર્ટઅપ કરતા વિદ્યાર્થીઓએ ડેવલપ કરેલ છે. તમને પણ તમારા મતદારોને રીઝવવા માટે આ એપ્લિકેશન ખૂબ જરૂરી છે અને એ ડાઉનલોડ કરવી જોઇએ. માનનીય મંત્રીશ્રી નરેશભાઇનો ત્રણ દિવસ પહેલાં મને સવારે ૭.૦૦ વાગ્યે ફોન આવ્યો કે વલસાડથી જતી વખતે એક નાનો બ્રિજ હતો કે જે લગભગ ૬૦ વર્ષ જૂનો હશે અને કદાચ કોંગ્રેસની સરકારમાં બન્યો હશે.

અધ્યક્ષશ્રી : હું આપને ટકોર કરું છું કે સીધો જવાબ આપો. બહુ અગત્યનો પ્રશ્ન છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ જ દિવસમાં એ બ્રિજ રિપેર થઇ ગયો છે અને આજે સાંજે ચાલુ પણ થઇ જશે અને મરામતની સંભવિત કુલ રકમ રૂ. ૪૫૫/- કરોડ છે.

## ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક : ૮૧

બનાસકાંઠા અને જામનગર જિલ્લામાં અતિભારે વરસાદના કારણે ખેતીના પાકને થયેલ નુકસાન સામે સહાય

શ્રી શશીકાન્ત મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૧/૦૮/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ મહિનામાં થયેલ અતિભારે વરસાદના કારણે બનાસકાંઠા અને જામનગર જિલ્લામાં ખેતીના પાકને નુકસાન થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ નુકસાન અંગે કોઇ સર્વે કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૩) ઉકત સ્થિતિએ ખેતીના પાકને થયેલ નુકસાન સામે સરકાર દ્વારા ખેડૂતોને સહાય કરવા શું આયોજન કરવામાં આવ્યું છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( કૃષિ મંત્રીશ્રી ) : જણાવવા કૃપા કરશે કે,

(૧) ખેતી પાકોમાં નુકસાન થયાની રજૂઆતો મળેલ છે.

(૨) નુકસાન અંદાજો મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) પ્રવર્તમાન નિયમાનુસાર.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, ચૌદમી ગુજરાત વિધાનસભાનું આ છેલ્લું સત્ર છે. આપણા સૌ સાથી સદસ્યોને હું વિનંતી કરું છું કે પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન આપણે ગુજરાતના પ્રશ્નોને વાચા આપી છે. અમારા લોકલાડીલા (વચ્ચે અટકાવતાં )

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રીની સામે લોકશાહી બચાવવાનું પોસ્ટર લગાવવામાં આવેલ છે તે તાત્કાલિક દૂર કરવામાં આવે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી એ કહેવા માગુ છું કે આ આપણી ૧૪મી વિધાનસભાનું છેલ્લુ સત્ર છે એ દરમિયાન ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર તેમજ પૂર્વ મુખ્યમંત્રી આદરણીયશ્રી રૂપાણી સાહેબ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબની સરકારે પાંચ વર્ષમાં વિકાસના અનેક કાર્યો કર્યા છે. સાંભળો તો ખરા,

અધ્યક્ષશ્રી : શ્રી શશીકાન્તભાઇ, આપ આપની વાત કરો. ક્રોસ ટોક ન કરો. શ્રીમતી ચંદ્રિકાબેન આપ વચ્ચે ડિસ્ટર્બ ન કરો. પ્લીઝ. પ્રશ્ન ચાલે છે એટલે વચ્ચે બોલી શકતા નથી.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

તા. ૨૧મી સપ્ટેમ્બર,૨૦૨૨

ટૂંકી મુદતના પ્રશ્નો

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલે જ કહેવા માગું છું કે પાંચ વર્ષમાં વિકાસના કાર્યો કર્યા છે અને હવે જયારે છેલ્લા બે દિવસો બાકી રહ્યા છે, ત્યારે વેલમાં ઘસી જવું અને લોકોનું ધ્યાન પોતાના તરફ આકર્ષિત કરવું. (વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : શ્રી શશીકાંતભાઇ, આપ આપના પ્રશ્નની વાત કરો, કોઇ રાજકીય ઉલ્લેખ કરશો નહીં.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : હજી નહીં સુધરો તો પ્રજા દસ, પંદર વર્ષ માટે ઘરે મોકલશે માટે સુધરી જાઓ તો સારી વાત છે.

અધ્યક્ષશ્રી : શ્રી શશીકાન્તભાઇ, પ્રશ્ન ઉપર આવો.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : મારો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક-૨ છે. બનાસકાંઠા અને જામનગર જિલ્લામાં અતિ ભારે વરસાદના કારણે ખેતીના પાકને થયેલ નુકસાન સામે સહાય માટેનો પ્રશ્ન છે. સરકારશ્રી દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં બનાસકાંઠા અને જામનગર જિલ્લામાં ખેડૂતોને અતિવૃષ્ટિમાં કેટલી સહાય આપવામાં આવી છે, તેની માહિતી હું માનનીય મંત્રી પાસેથી જાણવા માગુ છું? અને પૂર્વ મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબને હું અભિનંદન આપું છું કે જયારે અમારે અતિવૃષ્ટિ થઇ ત્યારે રૂપિયા ૧૫૦૦ કરોડની બનાસકાંઠામાં સહાય આપી હતી તે કયારેય ભૂલી શકાય તેમ નથી અને એ સહાયના કારણે મારો બનાસકાંઠા જિલ્લો બેઠો થઇ શક્યો છે. છેલ્લાં ત્રણ વર્ષમાં જયારે અતિવૃષ્ટિ થઇ છે તો આ બાબતમાં કેટલી સહાય આપી છે, એનો જવાબ આપવા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરૂ છું? અને કોગ્રેંસના મિત્રોને હું એટલું કહું છું કે ભૂતકાળમાં તમારી સરકારે શું શું કર્યું છે? આ ખેડૂતોની વાત (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : આપણે એમને કશું કહેવું નથી. બેઠા બેઠા વાતો નહીં કરો. શાંતિથી જવાબ સાંભળો. આ ખેડૂતો માટેનો ખૂબ જ અગત્યનો પ્રશ્ન છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ જ મહત્વનો પ્રશ્ન પૂછ્યો છે. આ પક્ષમાં બેઠા હોય કે સામી પાટલીએ બેઠા હોય બધા માટે અને ખાસ કરીને ખેડૂતો માટે આ પ્રશ્ન ખૂબ જ મહત્વનો છે. હું સન્માનનીય સભાગૃહને જણાવવા માગુ છું કે આ કૃષિ અને ઋષિનો દેશ છે. આ દેશમાં ખેડૂત જગતનો તાત કહેવાય છે. આ ખેડૂતોને સહાય કરવા માટે જયારે જયારે ખેડૂતો ઉપર સંકટ આવે ત્યારે ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની સરકાર હોય કે રાજ્યની સરકાર હોય તેણે કયારેય પાછી પાની કરી નથી. હું કહેવા માગુ છું કે આ દેશના વડાપ્રધાનશ્રી અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીનો સંકલ્પ છે કે આ દેશના ખેડૂતોની આવક ડબલ કરવી અને આવક ડબલ કરવા માટે હું કહેવા માગુ છું કે અમારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને તેમની આગેવાની હેઠળની આ સરકાર કિસાનોની કોઇપણ સમસ્યા હોય એ સમસ્યા દૂર કરવા માટે સંકલ્પબદ્ધ છે. મને કહેતાં આનંદ થાય છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે અને સિંચાઇની પૂરી સગવડ મળે તે માટે સતત પ્રયત્નશીલ રહી છે. આનંદની વાત તો એ છે કે અમારા સન્માનનીય મુખ્યમંત્રીશ્રી જયારથી ગુજરાતની ગાદીએ બેઠા ત્યારથી ઈશ્વર પણ આપણા ઉપર રાજી છે. વરૂણ દેવની કૃપાથી સતત બે વર્ષમાં એટલો બધો વરસાદ થયો કે આજે કૂવા, તળાવ, બોર, ચેકડેમ, ડેમો અને આપણી જીવાદોરી સમાન નર્મદા મૈયા, સરદાર સરોવર ડેમ પણ આજે પૂરો ભરાયો છે. અને એના પરિણામે રાજયના ખેડૂતોને સિંચાઇની સવલત પણ પૂરતી મળી રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે એ માટે એક વર્ષમાં ૩૦૦૦ કરોડની ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરીને ખેડૂતોને ખૂબ મોટી મદદ કરી છે. સમયસર ખાતર મળી રહ્યું છે. ખેડૂતોને અતિવૃષ્ટિ, વાવાઝોડા અને પૂર જેવા સમયે કયાંય તકલીફ ન પડે એના માટે સરકારે ખૂબ આયોજન કર્યું છે. તાઉતે વાવાઝોડુ હોય કે ગયા વર્ષના કૃષિ સહાય પેકેજ-૧ અને કૃષિ સહાય પેકેજ-૨ હોય. વર્ષ ૨૦૨૦-૨૧ માં વિજયભાઇ રૂપાણીની આગેવાની હેઠળની સરકારે જે અતિવૃષ્ટિની સહાય આપવાની હતી એ બધી થઇને છેલ્લાં ૩ વર્ષમાં ૬૬૨૨ કરોડની સહાય રાજયના ખેડૂતોને કુદરતી આપત્તિ વખતે આ સરકારે કરી છે. જયારે અતિ ભારે વરસાદને કારણે પાકમાં જે નુકસાન થાય છે એની સહાય ચૂકવવાના આયોજન અંગે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે ત્યારે હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે જામનગર અને બનાસકાંઠા જિલ્લામાં જે અસરગ્રસ્ત વિસ્તારો છે, એમાં પાક નુકસાનીનો અહેવાલ મોકલવા માટે સરકારશ્રીના ધારાધોરણ મુજબ કુદરતી આપત્તિમાં થતા નુકસાન માટે એસ.ડી.આર.એફ. ના ધોરણે તેમજ રાજય સરકાર દ્વારા નક્કી થયા મુજબ સહાય ચૂકવવાનું રાજય સરકારનું આયોજન છે. રાજયમાં જયારે પૂર કે અન્ય કોઇ આપત્તિથી નુકસાન થાય ત્યારે ખેડૂતોને સહાય આપવા માટે સહાય માટેની જે કાર્યવાહી છે, એમાં જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા વિકાસ અધિકારીશ્રીને એની કામગીરી સોંપે છે. જિલ્લા ખેતીવાડી અધિકારી મારફતે પાકને થતાં નુકસાન અંગેની વ્યાજબી ચકાસણી કરીને, ખરાઇ કરીને એસ.ડી.આર.એફ.ના ધોરણો અનુસાર દરખાસ્ત સરકારને મોકલે છે. ખેડૂતોને પાકના ૩૩ ટકા અને તેથી વધારે નુકસાન થયું હોય તો તેના માટેની જોગવાઇ મુજબ કેલેમિટી રિલિફ ફંડમાંથી નોર્મ્સ મુજબ સહાયની દરખાસ્ત જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા રાહત કમિશનર પાસે દરખાસ્ત મંજૂર થયેથી સહાય ચૂકવવાની કામગીરી થાય છે. તા.૨૭-૪-૧૫ ના ઠરાવ અનુસાર સહાય ચૂકવવાની એસ.ડી.આર.એફના માપદંડો ઉપરાંત પોતાના બજેટમાંથી પણ રાજય સરકાર ખેડૂતોને સહાય કરે છે અને નુકસાની અંતર્ગત છેલ્લાં ૩ વર્ષમાં મેં કહ્યું એમ ૬ હજાર કરોડ ઉપરાંતની સહાય ચૂકવી છે. એની વિગતવાર માહિતી આપું તો ૨૦૦૦...

શોકદર્શક ઉલ્લેખો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી,પ્રશ્ન ખૂબ મર્યાદિત છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે એ આપવા માટે .....

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી,ખૂબ લાંબો જવાબ છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે. એમને ડિસ્ટર્બ ના કરો. આપ ટૂંકમાં જવાબ આપો. (અંતરાય) મેં એમને સૂચના આપી છે.

શ્રી રાઘવજીભાઇ પટેલ : વર્ષ ૨૦૨૦ના કૃષિ રાહત પેકેજ-૧ મુજબ ૪ જિલ્લા માટે તમામ પાક માટે ૧૩ હજાર ઉપરાંત હેકટર એસ.ડી.આર.એફ. માંથી ૬૮૦૦ પ્લસ ૬૨૦૦ રૂપિયા પ્રતિ હેકટર રાજય સરકારે ખર્ચ ભોગવીને વધુમાં વધુ ૨ હેકટરની મર્યાદામાં આવી સહાય કરી હતી. વર્ષ ૨૦૨૧-૨૨ માં કૃષિ રાહત પેકેજ-૨ માં તમામ ખરીફ પાક માટે ૯ જિલ્લાના ખેડૂતો માટે ૬૮૦૦ રૂપિયા પ્રતિ હેકટર દીઠ એસ.ડી.આર.એફ.માંથી વધુમાં વધુ ૨ હેકટરની મર્યાદામાં આ સહાય ચૂકવવામાં આવી હતી. સને ૨૦૨૦-૨૧ માં ૨૦ જિલ્લા અને ૧૨૫ તાલુકામાં તમામ ખરીફ પાક બિન પિયત ગણીને ૧૦ હજાર પ્રતિ હેકટર ગણીને ૬૮૦૦ રૂપિયા એસ.ડી.આર.એફ. માં અને ૩૨૦૦ રૂપિયા વધારાનો ખર્ચ રાજય સરકારના બજેટમાંથી ચૂકવીને વધુમાં વધુ ૨ હેકટરની મર્યાદામાં ૨૯૦૫ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. આમ છેલ્લા ૩ વર્ષમાં..

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, આપ શું કરવા માગો છો એ જણાવો?

શ્રી રાઘવજીભાઇ પટેલ : ચાલુ વર્ષે બનાસકાંઠા અને જામનગર જિલ્લાના ખેડૂતોને જે અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારનો પ્રશ્ન છે. ખેડૂતોના ખેતીના પાકની નુકસાની અંગેની સરવેની કામગીરી થઇ ગઇ છે. આ મહિનાના અંતે અહેવાલ આવી જશે એ પછી સરકારશ્રીના ધારાધોરણ મુજબ અમે સહાય ચૂકવવાના છીએ. સરકાર ખેડૂતોને તમામ રીતે મદદરૂપ થવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી કાર્ય કરી રહ્યા છે, ત્યારે સન્માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે, ત્યારે કહેવા માગું છું કે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર વખતો વખત પછી એ રાજયની ભાજપની સરકાર હોય કે પછી કેન્દ્રમાં ભાજપની સરકાર હોય, એણે હંમેશા ખેડૂતોના ઉત્કર્ષ માટે કામ કર્યું છે. ખેડૂતોને આફતના સમયમાં મદદ આપી છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય નીતિનભાઇને અભિનંદન આપવા છે કમિટમેન્ટ એક ધારાસભ્ય તરીકે એમની તબીયત ખરાબ હોવા છતાં આ વિધાનસભા ગૃહમાં એમણે હાજરી આપી છે. અમે બધા ખૂબ એમની પાસેથી શીખીએ છીએ. માનનીય વિજયભાઇ હોય, માનનીય ભૂપેન્દ્રસિંહભાઇ હોય કે માનનીય પ્રદિપસિંહજી હોય કે માનનીય ફળદુ સાહેબ હોય આ બધા પાસેથી શીખીએ છીએ. આ પરંપરા આ કમિટમેન્ટ હું માનનીય નીતિનભાઇએ ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શોકદર્શક ઉલ્લેખો

ગુજરાત રાજયના પૂર્વ મંત્રી સ્વ. શ્રી ભગુભાઇ પટેલ, પૂર્વ મંત્રી શ્રી તારાચંદ છેડા તથા પૂર્વ સભ્યશ્રી સુરેન્દ્રસિંહ રાજપૂત, સ્વ. શ્રી ઘનશ્યામભાઇ ઠક્કર, સ્વ.શ્રી ઇશ્વરભાઇ વહીઆ, સ્વ. શ્રી મગનસિંહ વાઘેલા તથા સ્વ. શ્રી ભરતભાઇ ખોરાણીના અવસાન અંગે.

**ગુજરાત રાજયના પૂર્વમંત્રી સ્વ. ભગુભાઇ પટેલના અવસાન અંગે**

શ્રી ભૂપેન્દ્રભાઇ ૨. પટેલ (સભાગૃહના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી ભગુભાઇ ગોમાનભાઇ પટેલનું તારીખ ૨૬ જૂન, ૨૦૨૨ના રોજ ૭૪ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૧૦મી નવેમ્બર,૧૯૪૭ના રોજ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના પારડી ઝાંખરી મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી પટેલે બી.ઇ. (મિકેનીકલ) સુધીનો અભ્યાસ કરેલ હતો તથા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે આઠમી તથા નવમી ગુજરાત વિધાનસભામાં ઓલપાડ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી તેમના વિસ્તારના પ્રશ્નોના ઉકેલની કામગીરીને અગ્રિમતા આપેલ હતી.

સ્વર્ગસ્થશ્રી પટેલે ગુજરાત સરકારના શિક્ષણ, ટેકનિકલ શિક્ષણ તથા પર્યાવરણ મંત્રીશ્રી તરીકે તા. ૨૩-૧૦-૯૬ થી તા. ૩-૩-૧૯૯૮ સુધી કાર્યભાર સંભાળેલ હતો.

તેઓશ્રીના અવસાનથી રાજયએ પ્રજાકલ્યાણ સાથે સંકળાયેલ એવા એક લોકસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત રાજયના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી તારાચંદ જગશીભાઇ છેડાના અવસાન અંગે**

મને જણાવતા દુ:ખ થાય છે કે, ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી તારાચંદ જગશીભાઇ છેડાનું તારીખ ૨૩મી એપ્રિલ, ૨૦૨૨ના રોજ ૭૦ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી છેડાનો જન્મ ૧૪મી જુલાઇ,૧૯૫૧ના રોજ મુંબઇ મુકામે થયો હતો.

શોકદર્શક ઉલ્લેખો

સ્વર્ગસ્થશ્રી છેડાએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા વેપાર અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી છેડાએ આઠમી તથા તેરમી ગુજરાત વિધાનસભામાં અનુક્રમે અબડાસા અને માંડવી મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું અને વિવિધ પ્રજાલક્ષી કાર્યોને પ્રાધાન્ય આપેલ હતું.

સ્વર્ગસ્થશ્રી છેડાએ ગુજરાત સરકારના કુટિર ઉદ્યોગ,મીઠા ઉદ્યોગ અને ગૌ-સંવર્ધન વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી તરીકેનો તા. ૨૨-૫-૨૦૧૪ થી તા. ૬-૮-૨૦૧૬ સુધી કાર્યભાર સંભાળેલ હતો.

તેઓશ્રીના અવસાનથી રાજયએ સામાજિક ક્ષેત્રે અગ્રેસર એવા લોકસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી સુરેન્દ્રસિંહ નેત્રપાલસિંહ રાજપૂતના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સુરેન્દ્રસિંહ નેત્રપાલસિંહ રાજપૂતનું તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ ૬૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી રાજપૂતનો જન્મ ૨જી જુલાઇ, ૧૯૫૩ના રોજ અમદાવાદ મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ હતો અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી રાજપૂત છઠ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભામાં દરિયાપુર-કાઝીપુર મતવિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને વિવિધ બિનસરકારી સંસ્થાઓના માધ્યમથી તેમના વિસ્તારના પ્રશ્નોના ઉકેલની કામગીરીને અગ્રિમતા આપેલ હતી.

તેઓશ્રીના અવસાનથી  રાજયએ સામાજિક ક્ષેત્ર સાથે આજીવન સંકળાયેલા એવા એક લોકપ્રતિનિધિ ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ઘનશ્યામભાઇ વેલશીભાઇ ઠક્કરના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ઘનશ્યામભાઇ વેલશીભાઇ ઠક્કરનું તારીખ ૫મી જુલાઇ, ૨૦૨૨ના રોજ ૭૭ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી ઠક્કરનો જન્મ  ૧૨મી ઓક્ટોબર, ૧૯૪૪ના રોજ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ધનવાડા મુકામે થયો હતો. તેઓશ્રીએ એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો હતો અને પ્રાધ્યાપક તરીકેના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી ઠક્કરે સાતમી ગુજરાત વિધાનસભામાં માંડલ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું અને શૈક્ષણિક તથા સામાજિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર ભૂમિકા ભજવી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ  શિક્ષણ અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ઉમદા કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ઇશ્વરભાઇ નરસિંહભાઇ વહીઆના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ઇશ્વરભાઇ નરસિંહભાઇ વહીઆનું તારીખ ૧૧મી એપ્રિલ, ૨૦૨૨ના રોજ ૭૭ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી વહીઆનો જન્મ ૧લી જુન, ૧૯૪૪ના રોજ સુરત જિલ્લાના મહુવા તાલુકાના બામણીયા મુકામે થયો હતો. તેઓશ્રીએ એસ.વાય.બી.એ. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી વહીઆ નવમી, દસમી અને બારમી ગુજરાત વિધાનસભામાં મહુવા મતવિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને તેમના વિસ્તારના પ્રશ્નોના ઉકેલ માટે અગ્રિમતા આપેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સેવાભાવી લોક પ્રતિનિધિ ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી મગનસિંહ ચિમનસિંહ વાઘેલાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મગનસિંહ ચિમનસિંહ વાઘેલાનું તારીખ ૧૩મી જૂન, ૨૦૨૨ના રોજ ૭૨ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી વાઘેલાનો જન્મ ૧૫મી મે, ૧૯૫૦ના રોજ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના રાણકપુર મુકામે થયો હતો. તેઓશ્રીએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી વાઘેલાએ દસમી ગુજરાત વિધાનસભામાં કાંકરેજ મતવિસ્તારમાંથી ચૂંટાઇ આવીને પ્રજાહિતનાં કામો કર્યાં હતાં.

તેઓશ્રીના અવસાનથી રાજયએ ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે.

ભાદ્રપદ ૩૦,૧૯૪૪ શાકે

શોકદર્શક ઉલ્લેખો

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ભરતભાઇ વશરામભાઇ ખોરાણીના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભરતભાઇ વશરામભાઇ ખોરાણીનું તારીખ ૧૨મી એપ્રિલ, ૨૦૨૨ના રોજ ૩૯ વર્ષની યુવાન વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી ખોરાણીનો જન્મ તા. ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૨ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના લખણકા મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ., બી.એડ. સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી ખેતીવાડીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી ખોરાણી બારમી ગુજરાત વિધાનસભામાં ચોટીલા મત વિસ્તારની પેટા ચૂંટણીમાં સન ૨૦૧૦માં ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને પ્રજાહિતનાં કામો કર્યાં હતાં.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સમાજસેવા સાથે સંકળાયેલ એક યુવા કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા ( વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપું છું. મુખ્યમંત્રીશ્રીએ જે સાત જેટલા ધારાસભ્યો અગાઉ આ ગૃહમાં પ્રતિનિધિત્વ કરીને ગયા અને એના માટેનો પ્રસ્તાવ લાવ્યા છે અને મને અનુભવ એવો થયો કે સાતે સાત ધારાસભ્યશ્રીઓ મારી સાથે કામ કરતાં હતાં એ મારા જે જૂના મિત્રો હતા એમને હું શ્રદ્ધાંજલિ આપવા માટે ઉપસ્થિત થયો છું. સ્વ. ભગુભાઇ જેમને અમે વિમલના નામથી ઓળખતા. અનેક સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા, કોળી સમાજનું જે પ્રગતિ મંડળ હતું એના પ્રમુખ હતા. અસ્નાદ કોટન મંડળીના ચેરમેન હતા અને કાયમ માટે આ વિધાનસભામાં પોતાના વિસ્તારના પોતાની પ્રજાનાં કેવી રીતે કામ થાય એની રજૂઆત કરતા એનો હું સાક્ષી રહ્યો છું. જયારે આ ભગુભાઇ આપણી વચ્ચે રહ્યા નથી અને પ્રભુના ધામમાં પહોંચ્યા છે, ત્યારે પ્રભુ એમના સદગત આત્માને શાસ્વત શાંતિ અર્પે અને એમના કુટુંબ ઉપર આવી પડેલ આપત્તિ છે એ આપત્તિ સહન કરવાની શકિત આપે અને આપના મારફતે દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય તારાચંદભાઇ છેડા અબડાસા અને માંડવી વિસ્તારના ધારાસભ્યશ્રી હતા. માનનીય અધ્યક્ષશ્રી, આ તમારો વિસ્તાર હતો અને તમે પણ ત્યાંથી ચૂંટાયેલા હતા. હંમેશા પાણીની તકલીફ પડે, રસ્તાઓની તકલીફ હોય, વીજળીની તકલીફ હોય અને એ હંમેશા આ વિધાનસભા ગૃહમાં રજૂઆત કરતા અને પ્રજાના કલ્યાણકારી કામોમાં હંમેશા રચ્યા-પચ્યા રહેતા એવા સદગત સ્વ.તારાચંદભાઇ છેડા આપણી વચ્ચે રહ્યા નથી, ત્યારે તેઓના જવાથી તેમના કુટુંબ ઉપર જે આપત્તિ આવી પડી છે, એ દુઃખ સહન કરવાની પ્રભુ શકિત અર્પે, તેમના આત્માને ચિર શાંતિ મળે, એમના કુટુંબીજનોને આપના માધ્યમથી દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી સુરેન્દ્રસિંહ રાજપુત અમારા યુવા નેતા હતા. કોંગ્રેસના યુવાનોનું સંકલન કરીને અમને માર્ગદર્શન આપતા હતા. એમના હાથ નીચે મેં કામ કર્યું છે ત્યારે અમારા સુરેન્દ્રસિંહભાઇ રાજપૂત આ ગુજરાતની વિધાનસભામાં દરીયાપુર-કાજીપુર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હતા. શહેરીજનોના પ્રશ્નોની પણ રજૂઆત કરતા હતા અને ખાસ કરીને યુવાનોને રોજગારી કેવી રીતે મળી રહે, શિક્ષણ સારું કેમ મળે, અન્યાય ન થાય અને એના માટે હરહંમેશ પ્રયત્ન કરતા હતા, એવા શ્રી સુરેન્દ્રસિંહભાઇ રાજપૂત આપણી વચ્ચે રહ્યા નથી, ત્યારે પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે અને તેમના કુટુંબ ઉપર આવી પડેલ જે આપત્તિ છે એ આપત્તિ સહન કરવાની પ્રભુ એમને શકિત આપે અને આપણી વિધાનસભા મારફતે તેમના કુટુંબને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

સ્વ.શ્રી ઘનશ્યામભાઇ વેલશીભાઇ ઠક્કર વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. માંડલ વિસ્તારનું એ પ્રતિનિધિત્વ કરતા હતા. અમને માર્ગદર્શન આપતા એવા અમારા માર્ગદર્શક કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી આપણી વચ્ચે રહ્યા નથી. તેઓના અવસાનથી માંડલ વિસ્તારની એમણે જે શૈક્ષણિક સંસ્થાઓ જીવંત કરેલી, એ શૈક્ષણિક સંસ્થાઓને અને તેમના કુટુંબને એમની ખોટ પડી છે.આપણે સૌ પ્રાર્થના કરીએ. એમના કુટુંબીજનો ઉપર જે આપત્તિ આવી પડી છે એ આપત્તિ સહન કરવાની પ્રભુ શક્તિ આપે અને તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી ઇશ્વરભાઇ નરસિંહભાઇ વહીઆ, અમારા આદિવાસી નેતા અને કાયમ માટે અમને માર્ગદર્શન આપતા અને કહેતા કે બંધારણની અનુસૂચિ-૫ માં આ કામો થાય. સરકારની જે આદિજાતિ સલાહકાર પરિષદ સમિતિ છે એમાં આ પ્રશ્નો રજૂ કરાય. અમને કહેતા કે તમે આ પૂછો, આ કરો એવું માર્ગદર્શન આપતા. આદિવાસી સમાજનું હિત એમના હૈયે હતું એવા વહીઆ સાહેબ આપણી વચ્ચે રહ્યા નથી ત્યારે એ વિસ્તારને પણ બહુ મોટી ખોટ પડી છે અને અમારા આદિવાસી સમાજને એક માર્ગદર્શક તરીકે ખોટ પડી છે ત્યારે પ્રભુ એમના આત્માને ચિર શાંતિ આપે, તેમના કુટુંબ ઉપર આવી પડેલ આપત્તિને સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના અને તેઓના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

તા. ૨૧મી સપ્ટેમ્બર,૨૦૨૨

શોકદર્શક ઉલ્લેખો

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી મગનસિંહ ચીમનસિંહ વાઘેલા ૧૦મી ગુજરાત વિધાનસભાના ધારાસભ્ય હતા. કાંકરેજ વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરતા. કાંકરેજ વિસ્તારમાં દવાખાનાના પ્રશ્નો હોય, રસ્તાના પ્રશ્નો હોય, પીવાના પાણીના પ્રશ્નો હોય તેની સતત ચિંતા કરતા. અમારી સાથે પણ વાત કરતા કે તમારા આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીના શું પ્રશ્નો છે? અમારે ત્યાં પણ આ તકલીફ છે. આવી પ્રજાલક્ષી વિચારસરણીને વરેલા ધારાસભ્યશ્રી મગનસિંહ વાઘેલા આપણી વચ્ચે રહ્યા નથી. તેમના અવસાનથી રાજ્યે અને તેમના વિસ્તારે એક ઉમદા સેવક ગુમાવ્યા છે. આપણે પણ એક જૂના સાથી ગુમાવ્યા છે ત્યારે તેમના આત્માને પ્રભુ શાંતિ આપે અને તેમના કુટુંબ ઉપર જે આપત્તિ આવી પડી છે, જે દુઃખ આવી પડ્યું છે એ દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું અને આપના મારફતે એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી ભરતભાઇ વશરામભાઇ ખોરાણી ચોટીલા મત વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરતા હતા. હંમેશા ચોટીલાનો જે વિસ્તાર છે એ અપૂરતા પાણી, પીવાના પાણીની તકલીફ, રસ્તાઓ અને છૂટા છવાયા ગામડાં, એક ગામથી બીજા ગામને જોડતા રસ્તાની વાત આવે ત્યારે હંમેશા રજૂઆતો કરતા. અમારા માર્ગદર્શક હતા એવા સ્વ.શ્રી ખોરાણી આપણી વચ્ચે રહ્યા નથી ત્યારે તેઓના અવસાનથી ચોટીલા વિસ્તારની પ્રજાએ એક સારા જનપ્રતિનિધિ ગુમાવ્યા છે ત્યારે તેમના આત્માને પ્રભુ શાંતિ આપે અને તેમના કુટુંબ ઉપર જે આપત્તિ આવી પડી છે, જે દુઃખ આવી પડ્યું છે એ દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું અને આપના મારફતે એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી કિર્તીસિંહ પ્ર. વાઘેલા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું. દુઃખ સાથે જણાવવા માગું છું કે, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી ભગુભાઇ પટેલ, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રી સ્વ.શ્રી તારાચંદ જગશીભાઇ છેડા તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ.શ્રી સુરેન્દ્રસિંહ નેત્રપાલસિંહ રાજપૂત, સ્વ.શ્રી ઘનશ્યામભાઇ વેલશીભાઇ ઠક્કર, સ્વ.શ્રી ઇશ્વરભાઇ નરસિંહભાઇ વહીઆ, ભરતભાઇ વશરામભાઇ ખોરાણી, સ્વ. શ્રી મગનસિંહ ચીમનસિંહ વાઘેલાના અવસાન અંગે ઉંડા શોકની અને દુઃખની લાગણી વ્યકત કરું છું. પરમ કૃપાળુ પરમાત્મા, સર્વ શક્તિમાન ઇશ્વર દિવંગત આત્માને સદગતિ અને શાંતિ આપે એવી પ્રાર્થના કરું છું. સ્વ. મગનસિંહ ચીમનસિંહ વાઘેલા પૂર્વ ધારાસભ્યશ્રી કાંકરેજનું ૧૩મી જૂન, ૨૦૨૨ ના રોજ ૭૨ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ. સ્વ. શ્રી મગનસિંહ વાઘેલાનો જન્મ ૧૫મી મે, ૧૯૫૦ના રોજ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના રાણકપુર મુકામે થયેલો. તેઓશ્રીએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલો. સ્વ. મગનસિંહ વાઘેલા એક સામાન્ય ખેડૂત પરિવારના ક્ષત્રિય પરિવારમાં એમનો જન્મ અને ઉછેર થયેલો. તેઓશ્રીએ પોતાના સમાજ જીવનની અંદર સતત પ્રજા માટે સંઘર્ષ કરી પ્રજાનાં કામો માટે કાયમી પ્રજાની સાથે રહેલા. તેઓ રાણકપુર ગામના સરપંચ તરીકે શરૂઆત કરી જાહેર જીવનમાં પ્રવેશેલા. ગામમાં કૃષિ અને પશુપાલન ક્ષેત્રે સામાન્ય લોકોના જીવનમાં પરિવર્તન થાય, એ માટે સહકારી પ્રવૃત્તિઓ શરૂ કરી ગામમાં સેવા સહકારી મંડળી અને દૂધ મંડળીની શરૂઆત કરી ગ્રામ જીવનમાં બદલાવ માટે એમણે કામ કરેલું. તાલુકા પંચાયતના સદસ્ય તરીકે, તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ઉમદા કામગીરી કરી ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા એટલે ભારતીય જનતા પાર્ટીના એક સંગઠનના કાર્યકર્તા તરીકે મારા કાંકરેજ ગ્રામસભા વિસ્તારમાં અને બનાસકાંઠામાં સંગઠનાત્મક પ્રવૃત્તિના માધ્યમથી પાર્ટીને મજબૂત બનાવવા માટે કામ કરેલું. સંગઠનના જિલ્લા મહામંત્રી તરીકે, જિલ્લાના ઉપપ્રમુખ તરીકે કામ કરી વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના સંગઠનને મજબૂત બનાવવામાં એમનું યોગદાન રહેલું. વર્ષ ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે કાંકરેજ વિધાનસભામાં પોતે ચૂંટાયેલા અને ચૂંટાયા પછી જે અમારો મત વિસ્તાર વિકાસથી વંચિત હતો એમાં વિકાસના કાર્યોને વેગ આપી કાંકરેજના વિકાસમાં એમનું મહત્વનું યોગદાન આપ્યું. સહકારી પ્રવૃત્તિના માધ્યમથી ખાસ કરીને એશિયાની સૌથી મોટી ડેરી એટલે અમારી બનાસ ડેરીમાં ડિરેકટર તરીકે સેવાઓ આપેલી. બનાસ બેંકમાં પણ પોતે ડિરેકટર તરીકે સેવાઓ આપી સંગઠનથી સમૃદ્ધિ તરફ પ્રજાની સુખાકારીમાં વધારો થાય એ માટે પોતે સતત પ્રયત્નશીલ રહેલા. અમારા કાંકરેજ વિધાનસભા વિસ્તારમાં વિસ્તારના લોકો, એમની સેવાઓને આજે પણ યાદ કરે છે. એમનું પ્રજા પ્રત્યેનું સમર્પણ, પ્રજા માટે કરેલાં કામો જેના કારણે પ્રજાએ એક ધારાસભ્ય તરીકે સાહેબ તરીકે નહીં પણ એક ભાયા તરીકે એમને સંબોધન કરતા અને સામાન્ય લોકોના એક ભાઇ તરીકે એમના સુખદુઃખમાં જે સહભાગી બનેલા એને અમારી પ્રજા કયારેય ભૂલી શકશે નહીં. અમારા મત વિસ્તારમાંથી સ્વ.શ્રી મગનસિંહ વાઘેલાનું અવસાન થતા અમારા વિસ્તારે એક મજબૂત આગેવાન ગુમાવ્યા છે. સ્વ.મગનસિંહ વાઘેલાના અવસાનથી રાજ્યએ પણ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ આપે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપના મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

અધ્યક્ષશ્રી : સભાગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના પૂર્વ મંત્રી સ્વ.શ્રી ભગુભાઇ પટેલ, પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી તારાચંદભાઇ છેડા, પૂર્વ સભ્ય સ્વ.શ્રી સુરેન્દ્રસિંહજી રાજપૂત, સ્વ.શ્રી ઘનશ્યામભાઇ ઠક્કર, સ્વ.શ્રી ઇશ્વરભાઇ વહીયા, સ્વ.શ્રી મગનસિંહ વાઘેલા અને સ્વ.શ્રી ભરતભાઇ ખોરાણીના જે શોક પ્રસ્તાવ રજૂ કર્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે અન્ય સભ્યશ્રી કીર્તિસિંહ વાઘેલાએ સ્વ.સભ્યશ્રીના જીવનના સંવેદનસભર કાર્યોનો ઉલ્લેખ કરી તેઓના વ્યક્તિત્વની ઝલક પ્રસ્તુત કરી છે, તે જોતાં આપણને ખ્યાલ આવે કે, તેઓ હંમેશાં પ્રજાહિતના કાર્યો માટે જાગૃત રહેતા હતા. ઉપરોકત દિવ્યાત્માએ તેમના સમગ્ર જીવન દરમ્યાન માનવ સેવા માટે હંમેશાં પ્રયત્નશીલ રહ્યા

અને છેવાડાના માનવી સુધી વિકાસના ફળ મળે તે માટે સતત સેવાઓ આપી હતી. આપણે સૌ પણ તેમના જીવનમાંથી પ્રેરણા લઇ હંમેશાં પ્રજાહિતના કાર્યો માટે પ્રયત્નશીલ રહીશું તો જ તેઓને સાચી શ્રદ્ધાંજલિ અર્પી ગણાશે.

મારા કચ્છ જિલ્લાના સ્વ.શ્રી તારાચંદભાઇ છેડા કે જેઓની સાથે મને ૩૦ વર્ષ જેટલા લાંબા સમય સુધી કચ્છ જિલ્લામાં વિવિધ સામાજિક સેવાઓ કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. સુચારું અને અસરકારક આયોજન કરવામાં પ્રવિણ એવા શ્રી તારાચંદભાઇ છેડા રાજકીય, સામાજિક અને શૈક્ષણિક તથા સાંસ્કૃતિક અભિયાનોનું પરિણામલક્ષી સચોટ આયોજન કરતા રહ્યા હતા. સંગઠનના કાર્યક્રમોને સફળ બનાવવામાં તેમની કુનેહ સહાયભૂત થતી હતી. કચ્છ જેવા વિશાળ જિલ્લામાં એક છેડાથી બીજા છેડા સુધી વિસ્તરેલા તેમના સેવાકાર્યો તેમને એક જીવદયા પ્રેમીનું બિરુદ આપ્યું હતું અને અતિ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં માંડવી-મુન્દ્રા બેઠક પરથી ભાજપ પક્ષ તરફથી જંગી બહુમતિથી ચૂંટાયા હતા. તેઓ ગુજરાતના નમક, કુટિર ઉદ્યોગ અને ગૌ સંવર્ધનના રાજ્યકક્ષાના મંત્રી તરીકે સેવાઓ બજાવી હતી. કચ્છમાં જયારે મેલેરિયાનો ઉપદ્રવ વકર્યો ત્યારે માંગો ત્યાં મેડિકલ કેમ્પ સૂત્ર વહેતું કરીને સમગ્ર કચ્છમાં ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં સંખ્યાબંધ કેમ્પોનું આયોજન કરી હજારો દર્દીઓને રાહત પહોંચાડી હતી. સને ૧૯૮૫થી ૧૯૮૮માં ભયંકર દુષ્કાળ સમયે કચ્છના ગામડે ગામડે કેન્દ્રો ખોલી કચ્છના મહામૂલા એવા ૭૫ હજાર જેટલા પશુધનને બચાવવાની કામગીરી કરી હતી. રોગચાળાની સ્થિતિમાં દૂર દૂરના ગામમાં વિવિધ કેમ્પ યોજી લોકોને મદદરૂપ થયા હતા. જીવનના અંત સુધી ગૌસેવા અને મૂંગા પશુઓની સેવા માટે જૈન ધર્મના સિદ્ધાંતો મુજબ ખૂબ સારી કામગીરી કરી હતી. અતિવૃષ્ટિ અને ભૂકંપ જેવી કુદરતી આપત્તિ સમયે લોકોના આંસુ લૂછવા દોડી જનાર શ્રી તારાચંદભાઇ વર્ષ ૨૦૦૧ ના વિનાશક ભૂકંપ સમયે વિશ્વ હિન્દુ પરિષદ અને કચ્છ વિશા ઓશવાળ સમાજનું સંકલન સાધી અસરગ્રસ્તોને ગૌરવભેર અને સ્વમાનભેર ભોજન મળી રહે તેવી સુંદર વ્યવસ્થા ગોઠવીને પાંચ લાખ લોકોને આ સેવાનો લાભ આપ્યો હતો. દિવંગત તમામ મહાનુભાવોને મારી શોકાંજલિ અર્પણ કરું છું. પ્રભુ આ તમામ સદગત આત્માઓને સાશ્વત શાંતિ અર્પે અને તેઓના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફત સહન કરવાની પરમ કૃપાળું પરમાત્મા શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું. આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓ આ સદગતના આત્માને મોક્ષગતિ પ્રાપ્ત થાય તે માટે પોતાની જગ્યા ઉપર બે મિનિટ ઉભા થઇ અને મૌન પાળીશું. (બે મિનિટ મૌન બાદ) માનનીય સભ્યશ્રીઓ સૌ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદગતોના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે. નેક્સ્ટ.

અધ્યક્ષશ્રી : હમણાં જ માનનીય નીતિનભાઇને માનનીય મંત્રીશ્રી જીતુભાઇએ અભિનંદન આપ્યા કે તકલીફ હોવા છતાં પણ પોતાનાં કામનું કમિટમેંટ અને પોતે અહીંયા હાજરી આપી અને એવી જ રીતે તેમણે મને જાણ પણ કરી છે અને માનનીય મોહનસિંહભાઇ રાઠવા કે જેઓ અગિયાર અગિયાર ટર્મથી ચૂંટાઇને આવીને આ ગૃહમાં સતત હાજરી આપી છે અને આપણે એમને એવોર્ડથી પણ સન્માનિત કરેલા. લાઇફ ટાઇમ એચિવમેન્ટનો એવોર્ડ આપીને પણ સન્માનિત કર્યા છે. માનનીય જીતુભાઇએ મને લખીને મોકલાવ્યું છે ત્યારે એમને પણ લાખ લાખ અભિનંદન આપીએ છીએ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૨નો વટહુકમ ક્રમાંકઃ૨ ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વટકુહકમ

**શ્રી હર્ષ સંઘવી ( રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૨નો વટહુકમ ક્રમાંક-૨- સન ૨૦૨૨ નો ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૧૮-૧૯ થી સન ૨૦૨૦-૨૧ ના ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ , સમીક્ષા તેમજ નિવેદન

**શ્રી ઋષિકેશ ગ. પટેલ ( જળસંપત્તિ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૮-૧૯ થી સન ૨૦૨૦-૨૧ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૦-૨૧ નો ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, સમીક્ષા તેમજ નિવેદન

**શ્રી હર્ષ સંઘવી ( રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨ નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ

તા. ૨૧મી સપ્ટેમ્બર,૨૦૨૨

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**શ્રી કિરીટસિંહ જી. રાણા ( પર્યાવરણ મંત્રીશ્રી ) :**માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૧-૨૨ નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૨૦૧૭ ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેના જાહેરનામા તથા નિવેદન

**શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના નાણા વિભાગના કુલ-૧૮ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૬ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

| No | Notification | Date |
|---|---|---|
| 1. | (GHN-74)GSTR-2020/S.164(62)TH | 06-08-2020 |
| 2. | (GHN-89)GST-2021/S.11(1)(59)TH | 25-11-2021 |
| 3. | (GHN-100)GST-2021/S.1(17)TH | 29-12-2021 |
| 4. | (GHN-3)GSTR-2022/S.164(77)TH | 01-01-2022 |
| 5. | (GHN-5)GST-2022/S.9(1)(44)TH | 01-01-2022 |
| 6. | (GHN-28)GST-2022/R.48(4)(9)TH | 09-03-2022 |
| 7. | (GHN-33)GST-2022/S.11(1)(62)TH | 31-03-2022 |
| 8. | (GHN-34)GST-2022/S.23(6)TH | 31-03-2022 |
| 9. | (GHN-43)GST-2022/S.50(1)(4)TH | 02-07-2022 |
| 10. | (GHN-45)GST-2022/S.128(36)TH | 16-07-2022 |
| 11. | (GHN-46)GST-2022/S.148(39)TH | 16-07-2022 |
| 12. | (GHN-49)GST-2022/S.10(1)(8)TH | 16-07-2022 |
| 13. | (GHN-50)GST-2022/S.54(3)(6)TH | 16-07-2022 |
| 14. | (GHN-53)GST-2022/S.9(3)(17)TH | 16-07-2022 |
| 15. | (GHN-56)GST-2022/S.11(1)(65)TH | 16-07-2022 |
| 16. | (GHN-57)GST-2022/S.11(1)(66)TH | 16-07-2022 |
| 17. | (GHN-58)GST-2022/S.11(1)(67)TH | 16-07-2022 |
| 18. | (GHN-59)GST-2022/S.23(7)TH | 16-07-2022 |

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૧૯૭૬ ના ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ અન્વયેના જાહેરનામા તથા નિવેદન

**શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૬ ના ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ અન્વયેના નાણા વિભાગના

(૧)તા. ૨/૧૨/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંકઃ જીએચએન-૯૫-પીએફટી-૨૦૨૧-એસ.૩(૨)(૯)-ઠ,

(૨)તા. ૩/૧૨/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંકઃ જીએચએન-૯૪-પીએફટી-૨૦૨૧-એસ.૩(૨)(૮)-ઠ,

(૩)તા. ૮/૪/૨૦૨૨ ના જાહેરનામા ક્રમાંકઃ જીએચએન-૩૫-પીએફટી-૨૦૨૨-એસ.૩(૨)(૧૦)-ઠ, તેમજ આ જાહેરનામા પૈકીના જાહેરનામા ક્રમાંકઃ ૧ અને ૨ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૧૯૭૨ ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું જાહેરનામું

**શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેનું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા. ૯/૯/૨૦૨૨ નું જાહેરનામા ક્રમાંકઃ ઘઇ/૨૦૨૨-૬૧/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયેના પત્રક

**શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે,

(૧) સન ૨૦૨૧-૨૨ ના વર્ષ દરમ્યાન રાજ્ય સરકારે જે તે સંસ્થા વતી આપેલી બાંહેધરીની વિગતો દર્શાવતું પત્રક-૧

(૨) સન ૨૦૨૧-૨૨ ના વર્ષ દરમ્યાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગતો દર્શાવતું પત્રક-૨

(૩) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૨૧-૨૨ દરમ્યાન જે તે સંસ્થાઓ/ વ્યક્તિઓએ ભરપાઇ કરેલ રકમોની વિગતો દર્શાવતું પત્રક-૩.

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**પત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**અનુમતિ મળેલા વિધેયકો**

**સચિવશ્રી:** માનનીય અધ્યક્ષશ્રી, હું ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક- ૩, ૬, ૮ અને ૯ વિધાનસભાના મેજ ઉપર મૂકું છું.

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

કામકાજ સલાહકાર સમિતિનો સત્તરમો અહેવાલ

અધ્યક્ષશ્રી: ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, ૨૦મી સપ્ટેમ્બર,૨૦૨૨ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી.

સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી.

બુધવાર, તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકોની ચર્ચા હાથ ધરીને જરૂર પડયે ગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર) કરવા બાબત વિધેયકને પાછું ખેંચવાની અનુમતિ માગતો પ્રસ્તાવ.
(૨) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૨૨નું ગુજરાત માલ સેવા વેરા (સુધારા) વિધેયક.
(૩) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૨નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા)વિધેયક.
(૪) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૨નું ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન)સુધારા વિધેયક.
ગુરુવાર, તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકની ચર્ચા હાથ ધરીને જરૂર પડયે ગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવી.
(૫) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૨નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક
(૬) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૨નું ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) વિધેયક.
(૭) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૨નું ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા)વિધેયક.

**જાહેર હિસાબ સમિતિના ચોથા અને પાંચમા અહેવાલની રજૂઆત**

શ્રી પુંજાભાઇ ભી. વંશ **(**સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો ચોથો અને પાંચમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યા.**

**જાહેર સાહસો માટેની સમિતિના સત્તરમા, અઢારમા, ઓગણીસમા અને વીસમા અહેવાલની રજૂઆત**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો સત્તરમો, અઢારમો, ઓગણીસમો અને વીસમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યા.**

**માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સત્તરમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**વિધેયક ઉપર પુન:વિચારણા કરવા માટેના રાજ્યપાલશ્રીના સંદેશ અંગે**

**સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક ઉપર પુન:વિચારણા કરવા માટેના રાજ્યપાલશ્રીનો સંદેશ**

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં સભાગૃહે તા.૧લી એપ્રિલ, ૨૦૨૨ના રોજ સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક પસાર કર્યું હતું. આ વિધેયકને રાજ્યપાલશ્રીની અનુમતિ માટે રજૂ કરવામાં આવતાં નામ.રાજ્યપાલશ્રીએ આ વિધેયક પર વિચારણા કરીને ભારતના બંધારણની કલમ-૨૦૦ના પ્રથમ પુસ્તકના અનુસરણમાં નિર્દેશ આપીને સદરહુ વિધેયકની પુન:વિચારણા કરવા તા.૧૭/૯/૨૦૨૨ના સંદેશા સાથે આ વિધેયક ગુજરાત વિધાનસભાને પરત મોકલાવેલ છે. નામ. રાજ્યપાલશ્રીએ મોકલેલ સંદેશ નીચે મુજબ છે. આ સંદેશાનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણેછે.

તા. ૨૧મી સપ્ટેમ્બર,૨૦૨૨

ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયક,૨૦૨૨

''મેં ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયક ૨૦૨૨ સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૭ને લગતા પ્રશ્નોની વિચારણા કરી છે.

પ્રસ્તુત વિધેયકની બાબતમાં રાજભવન ખાતે મોટી સંખ્યામાં ખાસ કરીને માલધારી સમુદાય તરફથી યાદીઓ અને રજૂઆતો મળેલ છે. માલધારી સમુદાયે રાજ્ય સરકાર સમક્ષ વિધેયકની વિરુદ્ધમાં ભારપૂર્વક રજૂઆતો કરેલ છે. આ રજૂઆતો મુખ્યત્વે અપનાવવાની કાર્યરીતિ દંડ અને તેને લગતી જોગવાઇ બાબતો છે. પશુપાલન એ સામાન્ય જન-જીવનનો ભાગ છે એમ વિચારતા તે અંગે મળેલ રજૂઆતોને ધ્યાનમાં રાખીને ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા બાબત) વિધેયક ૨૦૨૨ સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૭ની પુન:વિચારણા યોગ્ય છે. તદઅનુસાર, હું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા બાબત) વિધેયક, સન ૨૦૨૨ના ગુજરાત વિધેયક ક્રમાંક-૭ રાજ્ય સરકાર દ્વારા વિધેયકની પુન:વિચારણા માટે મારા સંદેશા સહિત પરત કરું છું. (આ તબક્કે વિરોધપક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો તથા પોસ્ટરોનું પ્રદર્શન કરવામાં આવ્યું.)

**માનનીય મંત્રીનો પ્રસ્તાવ**

**વિધેયક પાછું ખેંચવાની અનુમતિ માંગતો પ્રસ્તાવ**

**શ્રી વિનોદભાઇ અ. મોરડીયા (શહેરી વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયકને પાછું ખેંચવાની અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વિનોદભાઇ અ. મોરડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયકને પાછું ખેંચું છું.

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર કરવા) બાબત વિધેયકને પાછું ખેંચવામાં આવે છે.

**સરકારી વિધેયકો**

**સને ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૦**

ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૨

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(** નાણાં મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક -૧૦- સન ૨૦૨૨નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૨૨નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૨નું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં પહેલી જુલાઈ, ૨૦૧૭થી માલ અને સેવા વેરા અધિનિયમનો અમલ થયેલો છે. પરોક્ષ વેરા પ્રણાલીમાં સીમાચિહ્નરૂપ સુધારા અન્વયે ચીજવસ્તુઓ અને સેવાઓના સપ્લાય ચેનમાં આવતા અનેક કરદાતાઓ સહિત તમામ અંતિમ ઉપભોક્તાઓનો અર્થતંત્રમાં મોટો ફાળો રહ્યો છે. સમગ્ર વિશ્વ સહિત ગુજરાત રાજ્યે કોરોનાના કપરા કાળનો સામનો કર્યા બાદ રાજ્ય સરકારની આવકમાં ખૂબ મહત્ત્વની એવી GST ની આવકના રસપ્રદ આંકડા રજૂ કરવામાં હું લાગણી અનુભવું છું. રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં મળેલી GST ની આવકના આંકડા નીચે મુજબ છે.

વર્ષ ૨૦૨૦-૨૧ SGSTની આવક રૂ.૨૪,૭૦૧ કરોડ અને IGSTની આવક રૂ.૫,૯૯૮ કરોડ અને કુલ રૂ. ૩૦,૬૯૭ કરોડ.

વર્ષ ૨૦૨૧-૨૨માં અર્થતંત્ર અને સમગ્ર વિકાસની પ્રક્રિયા આગળ વધી અને આવક વધીને રૂ.૪૫,૪૬૪ કરોડ થઈ છે. આ ઉપરાંત Ease of Doing Business ના સિદ્ધાંત અનુસાર કરદાતાઓના આંકડા રજૂ કરતાં ગૌરવ અનુભવું છું. રાજ્યમાં GST કાયદા હેઠળ નોંધાયેલા કરદાતાઓની સંખ્યા તા.૩૧મી ઓગસ્ટની સ્થિતિએ ૧૧,૩૩,૫૭૮ છે. જે પૈકી ૯૫,૨૯૦ કરદાતાઓ કોમ્પોઝીશન વિકલ્પ હેઠળ નોંધાયેલા છે. અગાઉના નાણાકીય વર્ષની ૩૧મી ઓગસ્ટની સરખામણીમાં રાજ્યમાં નોંધાયેલ કરદાતાઓની સંખ્યામાં ૫૬,૪૨૩નો નોંધપાત્ર વધારો થયેલો છે. રાજ્યમાં થતાં ચીજવસ્તુ અને સેવાઓના સપ્લાયના વહેવારો ઉપર રાજ્યનો અને કેન્દ્રનો કાયદો એકસમાન રીતે અમલી થાય છે. GST કાઉન્સિલની ૪૩મી અને ૪૫મી બેઠકની ભલામણોના આધારે કેન્દ્ર સરકાર દ્વારા GST કાયદાઓની જોગવાઇમાં સુધારો કરવામાં આવેલો છે. કેન્દ્ર સરકાર સાથે કરાયેલ સુધારા સાથે સુસંગતતા જાળવી રાખવા માટે દેશના કેટલાક રાજ્યોએ કાઉન્સિલની ભલામણોના આધારે

* વિધેયક તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પોતાના GST કાયદામાં સુધારો કરેલો છે. ''વન નેશન વન ટેક્સ''ના સૂત્રના આધારે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા આ સુધારા સાથે સુસંગતતા જાળવી રાખવા ગુજરાત GST કાયદામાં સુધારો કરવાનો રહે છે. કરદાતાઓને સવલત થાય, એમના કોમ્પ્લાયન્સ કોસ્ટમાં ઘટાડો થાય તેવી અગત્યની જોગવાઇઓ આ વિધેયકમાં કરવામાં આવેલ છે. કરદાતાઓ દ્વારા પત્રકમાં વધુ રકમની ટેક્સ ક્રેડિટ મેળવેલ હોય અને આવી રકમનો ઉપયોગ કરવામાં આવેલ હોય ત્યારે જ વ્યાજ વસૂલવા અંગેની જોગવાઈ તા.૧લી જુલાઈ, ૨૦૧૭ની પાશ્ચાતવર્તી અસરથી અમલી બનાવવામાં આવે છે. જેનાથી કરદાતા પર વ્યાજનું ભારણ ઘટશે અને બિનજરૂરી વિવાદો ટાળી શકાશે. કરદાતાએ ભૂલથી પત્રકમાં ઈન્વર્ડ પોલિસી સપ્લાયની વિગતો દર્શાવીને ખોટી રીતે ટેક્સ ક્રેડિટ મેળવેલ હોય તેવા કિસ્સામાં કરદાતાને શરૂઆતથી જ વ્યાજમાં રાહત આપવા માટેની વ્યાજની પાશ્ચાતવર્તી અસરથી એટલે કે G S T અમલમાં આવ્યો તે તારીખથી ઘટાડીને ૨૪ના બદલે ૧૮ ટકા કરવામાં આવે છે. ફિશ મિલના ઉત્પાદન દરમિયાન ઉત્પન્ન થતાં અનિચ્છનીય બગાડ પર વેરામાફી હોવાનું માનીને ઘણા કરદાતાઓએ ભૂલથી આવી ચીજવસ્તુઓના સપ્લાય ઉપર વેરો ઉઘરાવેલ ન હતો, આથી આવા કરદાતાઓ ઉપર ખૂબ મોટું વેરાકીય ભારણ ઉપસ્થિત થતું હતું. આવા કરદાતાઓને મોટા વેરાકીય ભારણમાં મુક્તિ આપવા ફિશ મિલના ઉત્પાદન દરમિયાન ઉત્પન્ન થતાં અનિચ્છનીય બગાડ ૧લી જુલાઇ, ૨૦૧૭થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ના સમયગાળા માટે વેરામાફી આપવામાં આવે છે. સરકાર દ્વારા હાલ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૪૮ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરીને રૂ. ૫ કરોડ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા નાના કરદાતાઓને ખાસ પ્રક્રિયા હેઠળ ત્રિમાસિક પત્રક અને માસિક વેરો ભરવા અંગેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે. આવી જોગવાઇઓનો સમાવેશ કાયદા અને નિયમોમાં જ કરી દેવામાં આવ્યો છે. જેથી, અમલીકરણ સરળ બનાવી શકાય. કરચોરી પર નિયંત્રણ રાખીને ટેક્સ કોમ્પ્લાયન્સનો વ્યાપ વધારવાના આશયથી કેટલીક જોગવાઇઓ પણ વિધેયકમાં કરવામાં આવી છે. કરદાતાઓને ક્રેડિટ ઉપલબ્ધ કરાવવા પર નિયંત્રણો ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી પ્રતિબંધ ન થાય તેવી ક્રેડિટ કરદાતાઓએ મેળવવી, ક્રેડિટ લેઝરમાં ઉપલબ્ધ ક્રેડિટના ઉપયોગ પર નિયંત્રણ, અગાઉના ટેક્સ પીરિયડના બાકી પત્રકો રજૂ કર્યા બાદ જ વર્તમાન સમયના પત્રકો રજૂ કરવા દેવા, ઇ-કોમર્સ દ્વારા પત્રક મોડા ફાઇલ કરવા બદલ તેમની પાસેથી લેટ ફી વસૂલવી, વસૂલાતના આશયથી રિફંડ અટકાવવાની જોગવાઇઓનો વ્યાપ વધારવા જેવી અનેક બાબતોનો આમાં સમાવેશ થાય છે. આ ઉપરાંત પત્રક ફાઇલ કરવા માટેની પ્રણાલીમાં સપ્લાયર અને રિસીપ્યન્ટ વચ્ચે જે ક્રેડિટ મેળવવાની ઈન્વોઇસની વિગતો રજૂ કરવાની આવે અને તેમાં સુધારા-વધારા કરવા સંબંધિત સમયમર્યાદામાં વધારો, વિવિધ કામગીરી માટે જી.એસ.ટી. પોર્ટલને પાશ્ચાતવર્તી અસરથી લાવવા માટેની જોગવાઇઓનો પણ સમાવેશ થાય છે. આમ, ગુજરાત જી.એસ.ટી. કાયદાના સુચારું અમલ માટે ઉક્ત વિગતે આ સુધારા વિધેયક રજૂ કરું છું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી, જે બિલ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી.માં મારા ખેડૂતો માટે કંઇક લાવ્યા હોત તો હું સો ટકા એને સમર્થન આપત. પણ આજે ખેત-ઓજારોમાં જે જી.એસ.ટી.છે એમાં ટ્રેક્ટર અને થ્રેશર સહિત તમામ ખેત-ઓજારોમાં આપણે જે જી.એસ.ટી. ભરીએ છીએ અને જે સબસિડી આપવામાં આવે છે, એમાં સબસિડી કરતાં જી.એસ.ટી. ટેક્સ વધી જાય છે. એકબાજુ આપણે ખેડૂતોને સબસિડી આપીએ છીએ અને પાછળથી ટ્રેક્સ સ્વરૂપે એની પાસેથી નાણાં પાછાં લઇ લેવામાં આવે છે. આ વ્યાજબી નથી. ગ્રીન હાઉસ હોય કે નેટ હાઉસ હોય એમાં પણ આ જ પ્રકારે છે. ખેડૂત જે ગોડાઉન બનાવે છે એમાં નાબાર્ડ દ્વારા સબસિડી આવે છે. પણ ખેડૂત રેતી, કાંકરી, લોખંડ અને સિમેન્ટનું બિલ શોધે છે અને દુકાનદાર ખેડૂત પાસેથી વધારે પૈસા લઇને બિલ આપે છે. એટલે ખેડૂત છેતરાય છે. ખેડૂત બિલ શોધવામાં આખો દિવસ રખડે છે. જેની પર આપણે સબસિડી આપીએ છીએ એ રદ થવી જોઇએ. ખેડૂત આખા જગતનો તાત છે.આ રાષ્ટ્રમાં રાત-દિવસ કાળી મજૂરી કરી, ઉઘાડા પગે ખેતી કરી ધોમધખતા તાપમાં ખેડૂતનો દીકરો ધાન પેદા કરીને આ રાષ્ટ્રનું પેટ ભરતો હોય તો એના ઉપર ટેક્સ શેનો હોય? ટેક્સ ન હોવો જોઇએ. આજે તમે જુઓ તો દસ વિઘાની જમીન ધરાવતો નાનો ખેડૂત હોય એને બીજો કોઇ બિઝનેશ ન હોય. શ્રી રાઘવજીભાઇ વાત કરતા હતા એમાં પણ હું કહું છું કે ખેડૂતને એનો પાક ફેલ થાય ત્યારે એનું આખુ વર્ષ ફેલ થતું હોય છે. એના બાળકોની શિક્ષણની ફી ભરવાના પૈસા પણ એની પાસે હોતા નથી, એવી દયનીય હાલત જયારે ખેડૂતોની હોય છે, ત્યારે આની ઉપર ટેક્સ ન હોવો જોઇએ. સરકારને એ પણ કહું છું કે હું વર્ષોથી જોતો આવ્યો છું કે કોઇ સરકારે ખેડૂત ઉપર ટેક્સ નાખ્યો નથી. તો ખેડૂત માલ વેચવા જાય એના ઉપર પાંચ ટકા ટેક્સ આ કયારે વાજબી કહેવાય? ખેડૂત એનો માલ વેચવા જાય એની ઉપર જી.એસ.ટી., સરકાર એમ કહે છે કે એ તો વેપારી ભરે છે પણ આમાં માલ ઉપર લગાડાતું હોય છે. એ ખેડૂત પાસેથી પાંચ ટકા કાપીને જ વેપારી ભરતો હોય છે અને ખેડૂતને એટલા ભાવ ઓછા જ આપતો હોય છે. ખેડૂત ભોળો છે અને વેપારી હોશિયાર છે. આ એક મોટામાં મોટી વાત છે કે પાંચ ટકા જે ખેતીના માલ ઉપર જી.એસ.ટી. છે એ રદ થવી જોઇએ અને આવું બિલ સરકાર લાવે તે ખૂબ જરૂરી છે. માનનીય શ્રી રાઘવજીભાઇ કહેતા હતા કે એસ.ડી.આર.એફના નોર્મ્સ મુજબ હવે ખેડૂતોને એક હેકટરે રૂપિયા ૬૮૦૦/- અને બે હેકટરે રૂપિયા ૧૩,૨૦૦/- આપીએ છીએ, એટલે વિઘે હજાર રૂપિયા જેવું થયું. ખેડૂતને એનો પાક ફેલ થાય ત્યારે રૂપિયા એક હજારમાં ખાલી એનું ખાતર જ આવે છે એનું બિયારણ, મજૂરી બધું ગયું. એટલે ખેડૂતને પગભર કરવો હોય તો આપણે જૂની પાક વિમા યોજના લાવવી જોઇએ. મુખ્યમંત્રી કિસાન સહાય યોજના પણ રદ થઇ ગઇ. ખેડૂતને

પૂરેપૂરું વળતર મળે આવું કંઇક સરકારે વિચારવું જોઇએ. ખેડૂતનો પાક ફેલ થાય ત્યારે એ પગભર થવાનો નથી એને પગભર કરવો પડે નહીંતર, એ દેવાના ડુંગરમાં દબાઇ જવાનો છે. આપણે આવું કંઇક લાવીએ કે ખેડૂત કેમ બેઠો થાય અને આ જી.એસ.ટી. ટેક્સ જે ખેડૂત ઉપર લેવામાં આવે છે, જેમાં આપણે સબસિડી આપીએ છીએ એની ઉપર ટેક્સ ન હોવો જોઇએ. આવી મારી રજૂઆત છે.

ડો.કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એમેન્ડમેન્ટ બિલ-૨૦૨૨ એટલે કે, ગુજરાત માલ અને સેવા સુધારા વિધેયક -૨૦૨૨ લઇને આવ્યા છે એ વિશે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વન નેશન, વન ટેક્સની વાત કરી. તમે કંઇ રીતે વન નેશન, વન ટેક્સની વાત કરો છો? આ રાજ્યની અંદર વન નેશન, વન ટેક્સ એટલે કે એક ટેક્સની વાત કરો છો, ત્યારે ચાર પ્રકારના તો તમે ટેક્સ લો છો: જી.એસ.ટી., સી.જી.એસ.ટી., .એસ.જી.એસ.ટી., યુ.ટી.જી.એસ.ટી. અને આઇ.જી.જી.એસ.ટી. અને તેના સિવાય તો પ્રોફેશનલ ટેક્સ, ઇન્કમ ટેક્સ, સર્વિસ ટેક્સ આટલા બધા તમે જયારે ટેક્સ લેતા હોય અને વન નેશન, વન ટેક્સની વાત કરતા હોય તો ખરેખર આ વાત બંધ કરવી જોઇએ. માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે છેલ્લા એક વર્ષની અંદર જે જી.એસ.ટી. હતો તેની અંદર વર્ષ ૨૦૧૯-૨૦માં રૂપિયા ૩૦૬૯૭/- કરોડની જી.એસ.ટી.ની આવક થઇ અને વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૪૫૪૬૪/- કરોડની જી.એસ.ટી. ની આવક થઇ. એ પ્રમાણે જોઇએ તો એક વર્ષની અંદર ૫૦ ટકાથી વધુ જી.એસ.ટી.ની આવક થતી હોય અને આટલા બધા કર્મચારીઓએ રોડ ઉપર ઉતરવું પડે અને એમને કોઇ લાભ ન મળે એ આપણા માટે બહું *(xxx) બાબત કહી શકાય. આટલો બધો ટેક્સ લેતા હોય, પેટ્રોલ-ડીઝલની અંદર ટેક્સ અને કદાચ મેં હમણાં નેટ ઉપર સર્ચ કર્યું કે આખા વિશ્વની અંદર ૧૪૦ દેશોમાં સૌથી વધુ જો ટેક્સ હોય તો એ ભારત દેશની અંદર છે. ૨૮ ટકા ટેક્સ આખી દુનિયાના ૧૪૦ દેશોની અંદર કયાંય નથી. આપણે દેશને નંબર વન બનાવવાની જયારે વાત કરતા હોઇએ અને આટલા ઉંચા ટેક્સ લઇને લોકોને અને વેપારીઓને આપણે બેહાલ બનાવતા હોઇએ, તો જે વિશ્વની અંદર સ્ટાન્ડર્ડ રેશિયો છે કે કેટલો ટેક્સ હોવો જોઇએ, એ સ્ટાન્ડર્ડ રેશિયો ૫ ટકાનો છે. આખા વિશ્વની અંદર ભારત આ બાબતમાં પહેલા નંબરે છે. આર્જેન્ટીના બીજા નંબરે છે. યુ. કે. ૨૦ ટકાના ટેક્સ સાથે ત્રીજા નંબરે આવે છે. ફ્રાન્સ અને સીંગાપોર એની અંદર માત્ર ૭ ટકા ટેક્સ છે. એના સિવાયના જે બીજા દેશો છે. એ તમામ દેશોમાં ૫ ટકાથી વધારે ટેક્સ કોઇ જગ્યાએ નથી. જયારે શ્રી મનમોહનસિંહજીની સરકાર હતી ત્યારે અમે ૫ ટકા અને ૧૦ ટકા જી.એસ.ટી.ની વાતો કરતા હતા, ત્યારે તો તમે *(xxx) હોબાળા કરીને વિરોધો કરતા હતા. અત્યારે ૨૮, ૨૮ ટકા ટેક્સ અને સૌથી *(xxx) તો એ કહી શકાય કે હમણાં તમે ગરબા ઉપર, ગરબા ઉપર સાહેબ, ગરબાના પાસ ઉપર, જયારે તમે માતાજીની વાતો કરતા હોય અને ગરબાના પાસ ઉપર તમે ૧૮, ૧૮ ટકા ટેક્સ મૂકો. દૂધ, છાશ એના ઉપર..

શ્રી આત્મારામ પરમાર : *(xxx)અને આ બધા શબ્દો બિન સંસદીય છે એ રેકર્ડ ઉપરથી દૂર થવા જોઇએ.

અધ્યક્ષશ્રી : *(xxx)અને *(xxx) અને એવા જે બિન સંસદીય શબ્દો હોય તે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. માનનીય શ્રી કિરીટભાઇ.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આટલી બધી આપણને ટેકસની આવક થતી હોય અને આ કર્મચારીઓને રોડ ઉપર બેસવું પડે. આટલો બધો ટેકસ આપણે લેતા હોઇએ ત્યારે એમને રાહત આપવી જોઇએ. બીજી બાબત કે હું વર્ષ ૨૦૧૭ થી ધારાસભ્ય બન્યો, ત્યારથી આ જી.એસ.ટી.ની અંદર ૪ થી ૫ વાર સુધારા થયા. જે સુધારા થયા તો એની મૂળ કલમો જે છે, એનાથી તો એના સુધારા વધી ગયા. આવું કેમ થાય છે? આજે જ હમણા આપણે એક કાયદો રદ કર્યો. એના પહેલા હાઇકોર્ટે આપણને કહ્યું કે આ સેકશનો રદ કરો. ખરેખર એ આપણા માટે *(xxx) છે. આવા કાયદા...

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ *(xxx)એ શબ્દો કાઢી નાંખવા જોઇએ. અને આવી રીતે વારંવાર ન બોલવું જોઇએ.

અધ્યક્ષશ્રી : આપણે *(xxx) શબ્દો દૂર કરાવ્યા. ફરી પાછા આપ બોલો છો. હવે ધ્યાન રાખવાનું.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ: આપણા બધા માટે આવું દુઃખજનક તો કહી શકાય ને સાહેબ? દુઃખજનક છે. એટલા માટે કે We as a law makers આપણે કાયદા બનાવીએ છીએ. પણ આવું વારંવાર થાય છે. આપણે આ જી.એસ.ટી.ની અંદર સુધારા લાવીએ છીએ, પણ એ સુધારા લાવ્યા પછી વેપારીઓને એની શું અસર થાય? એના વકીલોએ પણ વારંવાર કેટલું નુકસાન થાય છે એ જોવું પડે છે. તેથી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે આપણે આવા કોઇપણ કાયદા બનાવીએ. ત્યારે એના અસરકર્તા લોકો કે એના લાભાર્થીને આપણે વિશ્વાસમાં લઇએ તો આવું થશે નહીં અને સારા કાયદા બનશે. આની અંદર ૧૭ થી વધુ સુધારા લાવ્યા. એની અંદર જે સુધારાઓ છે. એમાં કલમ ૩૭ અને ૩૮. એમાં જોગવાઇ કરવામાં આવી છે કે પેટા કલમ ૧૦ માં પરિચ્છેદ નવો મૂકવામાં આવ્યો. માનનીય મંત્રીશ્રી, એની અંદર એવું લખવામાં આવ્યું છે કે રજિસ્ટર થયેલી વ્યક્તિએ અગાઉની વેરા મુદતો પૈકીની કોઇપણ એક મુદત માટેનું પત્રક અથવા સદર વેરા મુદત માટે કલમ ૩૭ની કલમ ૧

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

હેઠળ જાવક પુરવઠાની વિગતો રજૂ કરી ન હોય તો તેને વેરા મુદત માટે પત્રક રજૂ કરવાની પરવાનગી આપવી જોઇશે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, મને એવું લાગે છે કે આ બાબત યોગ્ય નથી. આ જે જોગવાઇ કરવામાં આવી છે એ માત્ર ને માત્ર લાગતા વળગતા મોટા ઉદ્યોગપતિઓ જે છે એમના માટે છે અને નાના વેપારીઓને નુકસાન થાય એવું છે. એટલા માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આવું ન થાય અને જો તમે લાભ આપતા હોય તો તમામ મોટા વેપારીઓની સાથે નાના વેપારીઓને પણ તમે આપો. તમે કમલ-૪૨, ૪૩ અને ૪૩(ક) એ રદ કરી દીધી છે. માનનીય મંત્રીશ્રી આ કલમો રદ કરી છે તમે આ કલમો નીચે જે જે વેપારીઓ સામે કાર્યવાહી કરી હશે એનું શું? તમારી કાયદાની અંદર કલમ જ રહેતી નથી તો એની પણ જોગવાઇ કરવી જોઇએ કે આ કલમ નીચે જે કંઇ કાર્યવાહી કરવામાં આવી હોય અથવા ચાલુ હોય કે પ્રોસિડિંગ્સ ચાલુ હોય તો એનું શું કરવું એ કાર્યવાહી ચાલુ રાખવી કે રદ કરવી એની પણ જો તમે જોગવાઇ કરેલ હોત તો સારું થાત.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત, કલમ-૧૨માં મુખ્ય અધિનિયમની કલમ- ૪૯ની અંદર તમે જે જોગવાઇ કરી છે એની પણ આપ સ્પષ્ટતા કરો કે આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં સરકાર કાઉન્સિલની ભલામણો ઉપરથી જાહેરાનામાથી એવી શરતો અને એવા નિયંત્રણોને આધીન રહીને આ અધિનિયમ અથવા સંકલિત માલ અને સેવા અધિનિયમ,૨૦૧૭ હેઠળ આ આઉટપુટ વેરા જવાબદારીનું વધુમાં વધુ પ્રમાણ નિર્દિષ્ટ કરી શકશે. આ બાબત એ એકટને ઓવરરૂલ થાય છે એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે તમે કલમ-૫૦ની અંદર પશ્ચાતવર્તી અસરની જોગવાઇ કરી છે. નામદાર સુપ્રીમકોર્ટના દસથી વધુ એવા જજમેન્ટ છે કે તમે પશ્ચાતવર્તી અસરથી કોઇપણ વ્યકિતને કોઇપણ વેપારીને કે કોઇપણ કર્મચારીને લાભ આપી શકો છો, પરંતુ એને નુકસાન કરી શકો એની જોડેથી વસૂલી કરી શકો નહિ. એટલે આ કલમ પણ મને એવું લાગે છે કે ભવિષ્યની અંદર નામદાર હાઇકોર્ટની અંદર અથવા નામદાર સુપ્રીમ કોર્ટમાં ચેલેન્જ થશે, એટલે આ કાયદાને નુકસાન થશે એટલે આ બાબતે સુધારો કરતા પહેલા થોડી સ્પષ્ટતા કરી લેવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું તમે એવું લખ્યું છે કે તમે સન ૨૦૧૭-૨૦૧૮ની અંદર જે જાહેરનામું જે નોટિફિકેશન પ્રસિદ્ધ કરેલ હતા એ અત્યારે તમે રદ કરી દીધા છે. તો વર્ષ ૨૦૨૦ની અંદર સુધારો થયો, સન ૨૦૨૧ની અંદર પણ સુધારો થયો તો એ સુધારાની અંદર તમે આ રદ કરવા માટે કેમ લાવ્યા? હવે કેમ લાવ્યા? એ પણ માનનીય મંત્રીશ્રી આ બાબતે સ્પષ્ટતા કરે કે બે ત્રણ વખત કાયદામાં સુધારા થયા તો તમે જે ગેઝેટ પ્રસિદ્ધ કર્યું તે રદ કરવા માટે લાવવું જોઇતું હતું. એ બે વર્ષ પછી કેમ લાવ્યા એની મંત્રીશ્રી સ્પષ્ટતા કરે તેવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત એ છે કે આની અંદર સમય મર્યાદા વધારી તા. ૩૦-૯ ની ૩૦-૧૧ કરી એ સારી બાબત છે. પરંતુ જે ઓટો બિલ જનરેટ થાય એની અંદર તમે સુધારાનું ઓપ્શન આપ્યું નથી. દર ત્રણ મહિને અથવા છ મહિને તમે સુધારો પહેલા વેટની અંદર એવી જોગવાઇ હતી કે ઓટો બિલ જનરેટ થયા પછી તમે એની અંદર કદાચ ભૂલથી ખોટો બિલનો નંબર લખાયો હોય અથવા ખોટી રકમ લખાઇ હોય તો તમે સુધારો કરી શકતા હતા, એટલે આ જો કરવામાં આવે તો જે નાના વેપારીઓ છે એને ફાયદો થશે. એટલે ફરીથી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જયારે આપણને ટેકસના નામે આટલી મોટી આવક થતી હોય ત્યારે તમે ગુજરાતની પ્રજાને રાહત આપો, ગુજરાતના કર્મચારીઓને રાહત આપો, ગુજરાતના કર્મચારીઓને જૂની પેન્શન યોજના અને એમની જે જે માગણીઓ છે એ લઇને બેઠા છે એ તમે પૂરી કરો તેવી વિનંતી કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૨૨નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેમાં હું તેને ટેકો આપું છું અને કેટલીક વિશેષ બાબતોથી ગૃહને અવગત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી,.એસ.ટી. કાઉન્સિલ આમ જોવા જઇએ તો ૧૩૦૦થી વધારે ગુડ્ઝ અને ૫૦૦ સર્વિસીસ ચાર જુદા જુદા સ્લેબમાં લેવામાં આવે છે: ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા. આપણને આમાંથી ફાયદો એ પણ થાય કે કાસ્કેડિંગ ઇફેક્ટ લાગતી નથી. સિમ્પલ અને ઇઝી ઓન લાઇન પ્રોસિજર છે. નંબર ઓફ કોમ્પ્લાયન્સ ઓછા થયા છે અને ખાસ કરીને કાઉન્સિલમાં લોકોને તકલીફ ન પડે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પોતાનું પ્રવચન પૂરું કર્યા પછી ગૃહ છોડી જતા રહેવા અંગે**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : એક પોઇન્ટ ઓફ ઓર્ડર લેવો છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કોઇ કાયદાના વિષય ઉપર, સુધારા ઉપર કે નિયમ માટે જ્યારે ચર્ચા ચાલતી હોય, તો માનનીય સભ્ય શ્રી કિરીટભાઇ હમણા બોલતા હતા. એ પોતાનો વિષય બોલીને જ્યારે જવાબ આવી રહ્યો છે તો જતાં ન રહેવું જોઇએ. તેમણે બેસવું જોઇએ. સાંભળવું જોઇએ. આ નોંધ કરવામાં આવે, નહીં તો આ પરંપરા થઇ જશે.

અધ્યક્ષશ્રી : જે સભ્યશ્રીઓ અહીં પ્રવચન આપે પછી એ બાબતના બીજા સભ્યોના પ્રવચનો એ વિષયમાં સાંભળવા એમણે હાજર રહેવું જોઇએ. એ આપણી પ્રણાલિકા છે. એટલે તમામ સભ્યશ્રીઓને હું સૂચના આપું છું કે જ્યારે આપને અહીં પ્રવચનની તક મળતી હોય ત્યારે એ જ વિષયમાં બીજા સભ્યોના પ્રવચનો પણ પૂરેપૂરા સાંભળવા અને મંત્રીશ્રીનો જવાબ હોય એ પણ સાંભળવો જરૂરી છે.

## તા. ૨૧મી સપ્ટેમ્બર,૨૦૨૨

## ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયક,૨૦૨૨

શ્રી દુષ્યંતભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે કરદાતાઓને ટેક્સ કોમ્પ્લાયન્સ વધુ સરળતા માટે તેમજ તેમને વિવિધ પ્રકારની રાહતો આપવા માટે જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા અવારનવાર ભલામણ કરવામાં આવે છે. કોરોના જેવા કપરા કાળમાં દવાઓ અને મેડિકલનાં સાધનો પરના વેરાના દરમાં ઘટાડાથી માંડીને વિવિધ જોગવાઇઓ, કોમ્પ્લાયન્સમાં છૂટછાટ તેમજ પત્રકો મોડા રજૂ કરવામાં વ્યાજ, લેટ ફી રાહતો આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જાન્યુઆરી-૨૦૨૨થી અત્યાર સુધીમાં જી.એસ.ટી. કાયદા હેઠળના કરદાતાઓને ઘણી રાહતો આપવામાં આવી છે. જેમ કે તકનિકી ખરાબીના કારણે ઇ-કોમર્સ ઓપરેટર સમયસર પત્રક રજૂ ન કરી શકતા હતા તેઓને વ્યાજ ફી માફી આપવામાં આવી છે. કોમ્પોઝીશન વિકલ્પ ધરાવતા કરદાતાઓ માટે વર્ષ ૨૦૨૧-૨૨ના પત્રક મોડા રજૂ કરવા બદલ તા. ૧-૫-૨૨થી તા. ૨૮-૭-૨૨ સુધીના સમયગાળા સુધીની લેટ ફી સંપૂર્ણ માફ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન રૂ. ૨ કરોડ સુધીના એગ્રીગેટ ટર્નઓવર ધરાવતા કરદાતાઓને આવા વર્ષ માટે વાર્ષિક પત્રક રજૂ કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે. માસિક પત્રક રજૂ કરતા કરદાતાઓ માટે એપ્રિલ-૨૦૨૨ના પત્રક રજૂ કરવાની સમય મર્યાદામાં તા. ૨૪-૫-૨૦૨૨ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. ત્રિમાસિક પત્રક રજૂ કરતા કરદાતા માટે એપ્રિલ-૨૦૨૨ માટે વેરાની ચૂકવણીના સ્ટેટમેન્ટ રજૂ કરવાની સમયમર્યાદામાં તા. ૨૭-૫-૨૦૨૨ સુધી વધારો કરવામાં આવ્યો છે. કોમ્પોઝીશન વિકલ્પ હેઠળ કરદાતા માટે પ્રથમ ત્રિમાસિક સ્ટેટમેન્ટ રજૂ કરવાની મુદતમાં તા. ૩૧-૭-૨૦૨૨ સુધી વધારો કરવામાં આવેલ છે. આ એ દિશામાં આગળ વધતા પ્રસ્તુત સુધારા વિધેયકથી જી.એસ.ટી. કાયદા હેઠળ ક્રેડિટ મેળવવાની, ઇનવોઇસ ડેબીટ નોટ વિગત રજૂ કરવાની તેમજ રજૂ કરાયેલા ઇનવોઇસ ડેબીટ નોટની વિગતો ભૂલ સુધારણા માટે જરૂરી સુધારા વધારા કરવાની સમયમર્યાદા જે તે નાણાકીય વર્ષમાં પૂર્ણ થાય પછીના નવેમ્બર માસની ૩૦ તારીખ સુધી લંબાવવામાં આવે છે. આનાથી કરદાતાઓને હાલની સમયમર્યાદાની સરખામણીમાં વધારાના ૪૦ દિવસ મળે છે. જી.એસ.ટી. કાયદાની હાલની જોગવાઇ અનુસાર બિન નિવાસી વેરાપાત્ર વ્યક્તિ દ્વારા કેલેન્ડર માસ પૂર્ણ થયાના ૨૦ દિવસ અથવા તેમની નોંધણી માટેનો સમયગાળો પૂર્ણ થયાના ૭ દિવસ આ બેમાંથી જે વહેલું હોય તે સુધીના પત્રક રજૂ કરવામાં આવશે. આવા વ્યક્તિઓ પાસેથી ખરીદી કરનાર વ્યક્તિને ક્રેડિટ મેળવવામાં મોડું થતું હોય તો આવી સમયમર્યાદા ૨૦ દિવસના બદલે ૧૩ દિવસ કરવામાં આવે છે. જેનાથી જે તે વ્યક્તિ સમયસર એટલે કે જે તે ટેકસ પિરિયડના પત્રકમાં ક્રેડિટ મેળવી શકશે. આ ઉપરાંત ભૂલથી મેળવેલ ક્રેડિટનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે વ્યાજ વસૂલીની જોગવાઇને અમલી બનાવી ખોટી રીતે ક્રેડિટ મેળવેલ હોય એવા કિસ્સામાં વ્યાજ દરમાં ઘટાડો, ફિશમિલના ઉત્પાદન દરમિયાન ઉત્પન્ન થતા અનિચ્છનીય બગાડ તેમજ વેરા માફી જેવી કરદાતાઓને લાભદાયક ઘણી જોગવાઇનો સમાવેશ માનનીય નાણામંત્રીશ્રીએ વિધેયકમાં કરેલ છે. હું એમને આવકારું છું એને અભિનંદન આપુ છું. એમને સમર્થન આપું છું.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર. આ ગૃહમાં સન્માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૦-ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા ) વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. વિતેલા વર્ષોનો એક દિવસ *(xxx)

આ દેશની સંસદમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓએ સાથે મળી એક દેશ એક ટેકસના નારા સાથે જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો. જી.એસ.ટી.નો જે મૂળ મુદ્દો પ્રસ્થાપિત હતો, મને લાગે છે કે એ જી.એસ.ટી. કાયદો લાવવામાં *(xxx) ગુજરાત જેવા વેપારી રાજ્યની અંદર વેપાર કરનારો માણસ, ઉદ્યોગ કરનારો માણસ ....

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની વાત, લોકસભાની વાતની કોઇ ટીકા ના થઇ શકે એટલે એ શબ્દો કાઢી નાખવામાં આવે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માફ કરજો, સંસદીય મંત્રીશ્રી ખૂબ વિદ્વાન માણસ છે. મેં કોઇ સરકારનું આ ફલોર ઉપર નામ નથી લીધું. હું કાયદા ઉપર ચર્ચા કરી રહ્યો છું અને હું સભાનપણે વાત કરી રહ્યો છું. મારે કોઇ રાજકીય અવલોકન નથી કરવા પણ આ કાયદો લાગુ થયો..

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપ રૂલિંગ તો આપો? એમણે કેન્દ્ર સરકારને ટાંકીને કે *(xxx) એમ કહ્યું એટલે કેન્દ્ર સરકારની ટૂંકમાં ટીકા કરી રહ્યા છે એટલે એ કાઢી નાખવામાં આવે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપ મારું પ્રવચન પણ જોઇ શકો છો.

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ, એમણે જે વાત કરી છે એ યોગ્ય છે. આપે કેન્દ્ર સરકાર વિશે જે ટીકા ટિપ્પણ કર્યા એને રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા પ્રવચનમાં કયાંય કેન્દ્ર સરકારનું નામ લીધું નથી.

અધ્યક્ષશ્રી : આપ બોલ્યાને, રાતોરાત, ઉતાવળ થઇ ગઇ એ પછી એમાં શબ્દ બોલવાની જરૂર ના હોય. જેને લાગુ પડે તેમ તેમણે કર્યું કહેવાય.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયક,૨૦૨૨

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે બનાવો બન્યા હોય એને ટાંકવા જોઇએ અને આ સંસદીય પ્રણાલિનો ઉજળો ઇતિહાસ રહ્યો છે. જે કાયદો રાત્રે પસાર થયો હતો એને રાત્રે જ પસાર થયો કહેવું પડે. જો દિવસે કહું તો ગૃહને ગેરમાર્ગે દોર્યુ કહેવાય.

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ**,** આપે રાત્રે કીધું એ બરાબર**,** પણ ઉતાવળ થઇ ગઇ આવી બધી જે ટીકા-ટિપ્પણ કરી એ યોગ્ય નથી અને એટલા માટે હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી**,** માનનીય મંત્રીશ્રીને દુઃખ લાગ્યું હોય તો માફ કરજો. આપના નિર્ણયને માથા ઉપર ચડાવીશ પણ મને લાગે છે કે આ ગુજરાત માલ અને સેવા કરવેરા સુધારા વિધેયક-૨૨ આ વારંવારના સુધારાઓનું આ ગૃહ સાક્ષી રહ્યું, એટલે મારે આપના મારફત સરકારનું ધ્યાન દોરવું પડયું કે સરકાર જયારે જે સરકારી કામકાજ વિધાનસભા સમક્ષ લઇને આવે છે**,** પુખ્ત વિચારણાના અંતે જેનાથી ગુજરાતના છેવાડાના વ્યકિતને અસર થવાની છે એવા વ્યકિતઓની સાથે પરામર્શ કરી અને કાયદો ગૃહ સમક્ષ લાવ્યા હોત તો સરકારે વારંવાર સુધારાઓ વિધાનસભા સમક્ષ ન લાવવા પડે.માનનીય નાણામંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં ઉદ્દેશોમાં સ્પષ્ટતા કરી છે કે માલ અને સેવા વેરા કાઉન્સિલ દ્વારા તેની ૪૩મી અને ૪૫મી બેઠકમાં માલ અને સેવા વેરા કાયદામાં સુધારાની આવશ્યકતા ધરાવતા જુદા જુદા નિર્ણયો જે લેવામાં આવ્યા છે એ નિર્ણયોની સાથે ગુજરાત જી.એસ.ટી. કાયદાને સુધારવા માટે આ બિલ ગૃહ સમક્ષ આવ્યું છે. વાતો ઘણી બધી થઇ શકે પણ ૪૩મી જે જી.એસ.ટી. કાઉન્સિલની મિટિંગ હતી એની મિનિટ્સ પણ મારી પાસે ઉપલબ્ધ છે. ૪૫મી મિટિંગ જે જી.એસ.ટી. કાઉન્સિલની થઇ એની મિનિટ્સ પણ મારી પાસે ઉપલબ્ધ છે. માનનીય મંત્રીશ્રી કદાચ ભૂલી ગયા હશે પણ આ વિધાનસભા ગૃહ સમક્ષ જી.એસ.ટી. સુધારા વિધેયક લાવ્યા એ પહેલાં ૪૭મી જી.એસ.ટી. કાઉન્સિલની મિટિંગ પણ પૂર્ણ થઇ. એ ૪૭મી મિટિંગ જી.એસ.ટી. કાઉન્સિલની પૂર્ણ થઇ એની ડીટેઇલ પણ મારી પાસે ઉપલબ્ધ છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે ચાણક્યએ કહ્યું છે કે કોઇપણ રાજ્યના સુશાસન માટે નાણાની સુયોગ્ય વ્યવસ્થાઓ એ પાયાનો સિદ્ધાંત છે. આ ગૃહ એમાં બહુમતિ હોય કે લઘુમતિ, સરકાર પક્ષે હોય કે વિપક્ષે, પ્રજાના પ્રતિનિધિ છે ત્યારે પ્રજાના ટ્રસ્ટી તરીકે પ્રજાના ખિસ્સામાંથી સીધી કે આડકતરી રીતે જે કરવેરા રાજ્યની તિજોરીમાં આવે છે એનું યોગ્ય વ્યવસ્થાપન થાય તો મને લાગે છે કે ઘણી બધી સુવિધાઓ વધારી શકાય. ઘણી બધી નવી વ્યવસ્થાઓ ઉભી કરી શકાય અને જે એ નાણાનું સુયોગ્ય વ્યવસ્થાપન થયું હોય તો રાજ્યની ઉપર મુશક વેરાનું જે ભૂતકાળમાં રાજાશાહીમાં મુશકવેરો હતો, રાજ્યમાં ઉંદરો વધી ગયા તો ઉંદર ઉપર આ દેશમાં કોઇ રાજવીએ ટેક્સ નાખ્યાનો દાખલો છે. એમ આ વખતે મારે આપના મારફત ૩ મિટિંગમાં જે રિઝોલ્યુશન પાસ થયા છે અને ગુજરાતમાં લાગુ કરવા જઇ રહ્યા છીએ એના અંગે આપના મારફત મારે સરકારનું ધ્યાન દોરવું છે. એક દેશ એક ટેક્સ, આ દેશના દરેક વ્યક્તિને ગમે પણ દેશના સામાન્ય માણસને *(xxx) સમજવાની વૃત્તિ જો તંત્રમાં હોય તો એવા તંત્રના કાન પકડવાની જવાબદારી ....

અધ્યક્ષશ્રી : *(xxx)શબ્દ રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ તંત્ર એવું હોય તો એના કાન પકડવાની જવાબદારી સરકારની છે. આજે ગુજરાતમાં અહીંયા બેઠેલા બધા જનપ્રતિનિધિઓ એની પાસે અવાર-નવાર રજૂઆતો આવતી હશે. માનનીય નાણા મંત્રીશ્રીને પણ રજૂઆતો કરી હશે. એક દેશ એક ટેક્સના નારા પછી પણ આજે ગુજરાતનમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ હોય, રાજ્ય સરકાર કે કેન્દ્રીય વેરો હોય, ૬૪ જેટલા વિવિધ પ્રકારના કરવેરાઓ શા માટે વસૂલવામાં આવે છે? મારે આપના મારફતે નાણામંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આપણે જ્યારે જી.એસસ.ટી.ને સ્વીકાર્યો ત્યારે એક દેશ એક ટેક્સનો નારો આપ્યો હતો. સીધા કરવેરા વસૂલીએ, પ્રત્યક્ષ કરવેરા વસૂલીએ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મારફતે જે ટેક્સ વસૂલવામાં આવે છે, રાજ્ય સરકાર અને ભારત સરકાર દ્વારા ટેક્સ વસૂલવામાં આવે છે. ગુજરાતમાં મારી ભૂલ ન થતી હોય તો અંદાજિત ૬૪ જેટલા વિવિધ પ્રકારના કરવેરામાંથી ગુજરાતની પ્રજાને ક્યારે મુક્તિ આપવા માગો છો એ ગુજરાતની જનતા હવે સરકારને સવાલ પૂછે છે. કોઇપણ કાયદો એનું પાલન જેણે કરવાનું છે, જેણે નીતિમતાથી વેપાર-ધંધો, રોજગાર કરવો છે એને સમજાય એ રીતે જો આ વિધાનસભા સમક્ષ આવે તો એનો લોકોને પણ ફાયદો થાય અને રાજ્ય સરકારને પણ કર ઉઘરાણી અંગે જે ખર્ચ કરવો પડે છે એમાંથી મુક્તિ મળે. પણ આજે મને કહેતા દુઃખ થાય છે કે સમગ્ર રાજયમાં જેને ટેકસ વસૂલવાની, કર વસૂલવાની જવાબદારી સોંપી છે એવા અમુક લોકો માત્ર રાજયની તિજોરી ભરવા માટે થઇને એડવાન્સ ટેકસ માટે પણ વેપાર ન થયો હોય તો વેપારીઓ ઉપર દબાણ શું કામ કરે છે? એક તરફ ગુજરાત સહિત સમગ્ર ભારતમાં મંદીનો માહોલ છે, વેપાર ધંધા ભાંગીને ભૂક્કો થઇ ગયા છે, કોરોના કાળમાં સામાન્ય માણસની ખરીદશક્તિ ખતમ થઇ ગઇ છે. દિવાળીના દિવસે બોણી ન થાય એવા દિવસો આ રાજયમાં હજારો, લાખો વેપારીઓએ જોયા છે અને એમાંય રાજયની તિજોરી ભરવા માટે કર વસૂલનારા જે તંત્રમાં બેઠેલા અને જવાબદાર લોકો છે.

**પોઇન્ટ ઓફ કલેરીફિકેશન**

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## તા. ૨૧મી સપ્ટેમ્બર,૨૦૨૨

## ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયક,૨૦૨૨

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : શ્રી પરેશભાઇ સિનિયર અમારા સાથી છે. વિપક્ષના નેતા પણ રહી ચૂકયા છે. એમની કદાચ કંઇ સમજમાં મુશ્કેલી હશે એટલે ગૃહ ગેરમાર્ગે ન દોરાય એટલા માટે મારે વાત કરવી છે કે એમણે જે વાત કરી કે એડવાન્સ ટેક્સ માટે દબાણ કરવામાં આવે છે. આવી કોઇપણ બાબત હોય તો સરકારનું ધ્યાન દોરે. કયારેય કોઇ એડવાન્સ ટેક્સ માટે પ્રેસર ન હોય. એમાં મળતા લાભ લેવા માટે એડવાન્સ ટેક્સ એ વેપારીઓ ભરતા હોય છે, એટલે માત્ર આ પ્રકારની વાતો અને બીજી કાઉન્સિલની એમણે વાત કરી છે. જી.એસ.ટી. કાઉન્સીલમાં બધું સર્વાનુમતે થાય છે. એમના પણ, રાજયના નાણામંત્રી જી.એસ.ટી. કાઉન્સીલમાં છે એવું લાગે છે કે આ બધી બાબતોમાં આપ સિનિયર સાથી છો અને મારી વિનંતી છે કે રેકર્ડ ઉપર જે બાબતો છે એ બધું લાવ્યા હોય કાઉન્સિલની વાત કરે છે તો કાઉન્સિલના મુદ્દા ઉપર વાત કરે. કાઉન્સિલમાં શું કીધું છે અને રાજય સરકારે શું નકકી કર્યું છે.

અધ્યક્ષશ્રી : આ તો પોઇન્ટ ઓફ કલેરીફિકેશન છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપ આ ગૃહમાં અમારું રક્ષણ કરનારા છો. અમારા તારણહાર છો. સરકાર પક્ષેથી કોઇ મિત્રો બિલ ઉપર બોલે અને મારી કયાંય ચૂક થઇ હોય તો એવી વાતને હું આવકારીશ. શ્રી જીતુભાઇ, હું દાવા સાથે કહું છું કે જયાં ખરીદશક્તિ ઘટી હોય, સામાન્ય માણસને એનું જીવન જીવવું દોહ્યલું થઇ ગયું હોય, એના ઘરે ચૂલો ન સળગતો હોય, એના ચપ્પલ ઘસાઇ જાય, ધંધો રોજગાર ન જડતો હોય અને એમ છતાં રાજયની તિજોરીમાં લાખો રૂપિયાની આવક કઇ રીતે થાય એ મારા કરતા વિશેષ સરકારમાં બેઠેલા મિત્રો સારી રીતે જાણે છે. હું વિનંતી કરું છું કે આ કપરા કાળમાંથી ગુજરાત પસાર થઇ રહ્યું છે. માત્ર આપણે ઉત્સવ, મહોત્સવ અને *(xxx)માટે થઇને...

અધ્યક્ષશ્રી : *(xxx)શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માફ કરજો. કાઢી નાખજો. આપણે વેપારીઓ ઉપર દબાણ ન કરવું જોઇએ. ગુજરાતનો વેપારી, નાનામાં નાનો દુકાનવાળો પણ ઇમાનદાર છે. એને ટેક્સ ભરવો છે. એ જે ટેક્સ ભરે છે એ જ એને રિફંડ લેવાનું થાય તો એના ચપ્પલ ઘસાઇ જાય. કરોડો રૂપિયાનું રિફંડ ગુજરાતના વેપારીઓનું સરકાર પાસે પડતર છે. લેવા હોય ત્યારે આગોતરી કર વસૂલાત કરવામાં આવે અને જયારે રૂપિયા ચૂકવવાના થાય ત્યારે એ વેપારી વ્યાજ ભરીને મરી જાય, પણ એને રિફંડના રૂપિયા શું કામ નથી મળતા એની સ્પષ્ટતા માનનીય નાણામંત્રી કરશે તો મને ગમશે. આ કાયદો, કાયદાની અંદર આપણે દરેક વ્યક્તિને જવાબદાર બનાવીએ. દરેક વ્યક્તિ ઇમાનદારીથી કર ચૂકવે એવું આ ગૃહના તમામ સભ્યો ઇચ્છે છે પણ ટેક્સ ભરનારાને ખબર ન હોય કે મારે કઇ રીતે ટેક્સ ભરવાનો છે. જેને સરકાર વતી વસૂલવાનો છે એને પણ ખબર ન પડે કે મારે કઇ વસ્તુ ઉપર કેટલો કર કયારે વસૂલવાનો છે. આ વિડંબના તો જુઓ. કાયદો ઘડનારા અમે લોકો એણે પણ વારંવાર જી.એસ.ટી. બિલની અંદર સુધારા લાવવા પડયા. એનું પાલન કરનારું તંત્ર અધિકારીઓને પણ પૂરતી ખબર નથી. માર્ગદર્શન નથી કે આ કાયદાની કલમો એની કયા વર્ગ ઉપર અસર થશે અને જેના ઉપર અમલ થઇ રહ્યો છે એવા વેપારીઓને પણ આ કાયદાથી કયા વર્ગ ઉપર, કયા માલ ઉપર, કઇ સેવા ઉપર, કયારે, કેટલો કર વસૂલવામાં આવશે એની સ્પષ્ટતા નથી થતી. આપની મારફત સરકારને વિનંતી કરું છું કે એક દેશ એક ટેકસનો નારો, એની શરૂઆત ગુજરાતથી કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. વિરામ બાદ ગૃહ બપોરે ૩-૦૦ કલાકે ફરી મળશે. શ્રી પરેશભાઇનું પ્રવચન ચાલુ રહેશે.

( વિરામ બપોરના ૨-૩૦થી ૩-૦૦)

**સભાપતિ શ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને**

ભાપતિશ્રી : શ્રી પરેશભાઇ ધાનાણી આપનું પ્રવચન ચાલુ છે.

શ્રી પરેશ ધાનાણી: (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ આભાર. નાણા વિભાગ દ્વારા સન્માનનીય ગૃહ સમક્ષ ગુજરાત માલ અને સેવા સુધારા વિધેયક ૨૦૨૨ વિધેયક ક્રમાંક-૧૦ જે ગૃહ સમક્ષ લાવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરી રહ્યો હતો. માનનીય નાણામંત્રીશ્રીની વ્યસ્તતા હશે એટલે હજુ સુધી ફલોરમાં આવ્યા નથી. અમારા સન્માનનીય સાથી માનનીય પૂર્ણેશભાઇને વિનંતી કરું કે, આવે ત્યારે અમારો સંદેશો જરૂર પહોંચાડે. આ સંદેશો ગુજરાતની પ્રજાની વેદનાનો છે. જી.એસ.ટી. કાયદાથી ગુજરાતની અંદર વેપાર, ધંધા અને ઉદ્યોગને નડેલી આડઅસર આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું. મેં અગાઉ વાત કરી તેમ સુંદર મજાનો નારો આપ્યો એક દેશ એક ટેક્સ, પણ આજે ગુજરાતની પ્રજા ૬૪ કરતાં વધુ વિવિધ કેન્દ્ર સ્તરીય, રાજ્ય સ્તરીય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મારફત વસૂલતા ટેકસનો બોજ સહન કરી સામાન્ય માણસની કમર તૂટી ગઇ છે. મંદીના માહોલમાં ગુજરાત જે ઔદ્યોગિક પ્રગતિ કરી રહ્યું હતું તે પ્રગતિ રુંધાણી છે. આ જી.એસ.ટી. કાયદાની અંદર વારંવાર સુધારાના કારણે અનિશ્ચિતતાના માહોલમાં ટેક્સ જેમણે વસૂલવાનો છે તેવી સરકાર, જેમના વતી વસૂલવાનો છે તેવું આપણું તંત્ર, જેને લોકો પાસેથી ટેક્સ વસૂલી સરકાર સુધી પહોંચાડવાનું માધ્યમ બનવાનું છે તેવા લાખો વેપારીઓ, જેના ઉપર કરનું ભારણ આવવાનું છે તેવો ગુજરાતનો છેવાડાનો માણસ, ગરીબ વર્ગનો માણસ, મધ્ય વર્ગીય માણસ, ખેડૂત માણસ, મજૂર માણસને પરસેવો પાડવો પડે છે, તે દરદર ભટકે છે. આજે ભણેલ ગણેલ લાખો છોકરાઓ વેપાર-ધંધા, નોકરી માટે ભટકે છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

તેને નવી નોકરીઓ તો નથી મળતી, પણ આ સરકારની નિષ્ફળ નાણાં નીતિના કારણે ગુજરાતનો વિકાસ રુંધાયો અને તેના પરિણામ ગુજરાતના યુવાનોએ આજે ભોગવવા પડે છે. વીતેલા ૪૫ વર્ષના કાર્યકાળમાં સૌથી ખરાબ સ્થિતિમાં ગુજરાતનો અને દેશનો યુવાન ભણીગણી લાખો રૂપિયા ખર્ચ્યા પછી પણ તેને નોકરી નથી મળતી. નોકરી ન મળે તો વાંધો નહીં પણ કેટલાય યુવાનો વેપાર ધંધાની અંદર જે *(xxx) છે તેના કારણે વકરો ઘટયો છે, નફો ઘટયો છે. વ્યાજના ભારણ નીચે વેપારીઓ દેવાદાર બનતા ગયા છે. તેને એડવાન્સ ટેક્સના દબાણનો ભોગ બનવું પડયું. પૈસા ભર્યા પછી પણ તેને ટેક્સ રિફંડ માટે થઇને સરકારી કચેરીઓમાં લાઇનમાં ઉભા રહેવું પડયું. આ વ્યવસ્થાનો ભોગ છેલ્લે ખરીદનાર વ્યક્તિ બની રહ્યો છે. આ જી.એસ.ટી. કાયદાની અંદર ગુજરાતમાં જે જોગવાઇ કરવામાં આવી તેમાં ખરીદનાર વ્યક્તિ ઉપર તેની ખરીદી એ ટાઇટલ પરચેઝ છે કે કેમ? તેવી જવાબદારી નાખવાના કારણે અમુક લોકો સરકારની સાથે છેતરપિંડી કરે,એણે ભરવાપાત્ર ટેક્સ ન ભરે, ખોટા આધાર પુરાવા અને કાગળિયાઓ ઉભા કરે અને એની વસૂલાત એક ઇમાનદાર ગ્રાહક પાસેથી કરવાની જે વ્યવસ્થા ગુજરાતમાં ઉભી થઇ છે એનો હું સખત વિરોધ કરું છું. ચોરને જેલમાં પુરવા જોઇએ, જે લોકો સરકારને કર ચૂકવવામાં ક્યાંય વિલંબ કરતા હોય, ક્યાંય ક્ષતિ કરતા હોય એના ઉપર આપણે કાયદેસર પગલાં ભરીએ તો એ જરૂરી છે. માનનીય નાણામંત્રીશ્રી અમારે ત્યાં કાઠિયાવાડમાં કહેવત છે કે *(xxx)મારી આપને વિનંતી છે કે, કરચોરો ઉપર તમે કડકમાં કડક પગલાં ભરો, પણ કોઇ વ્યક્તિ ગુનો કરે એની સજા આ ગુજરાતનો સામાન્ય માનવી ઇમાનદારીપૂર્વક ટેક્સ ભરીને માલ ખરીદનાર માણસને જેલના સળિયા પાછળ ધકેલવાની સરકારી માનસિકતા છે એ યોગ્ય નથી. (અંતરાય)

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સુધારો આવ્યો છે એ સુધારો સર્વાનુમતે કેન્દ્રમાં પસાર થયેલો છે અને બીજા કોંગ્રેસી રાજ્યોએ પણ એનો અમલ કર્યો છે, એટલે ફકત સુધારા ઉપર જ ચર્ચા થાય તો સારું બાકી આમ જોઇએ તો ગુજરાતનો વિકાસ સૌથી વધારે છે. ગુજરાતનું પ્રોડકશન ૨૧ ટકા જેટલું છે કોઇને નુકસાન થવાની વાત જ નથી.

સભાપતિશ્રી: માનનીય પરેશભાઇ, સ્કોપમાં રહીને બોલો એટલે સામેથી પ્રશ્નો ઉભા ન થાય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીની લાગણી સાથે સંમત થઉં છું અને આ બિલની પ્રસ્તાવનામાં જે કેન્દ્રીય સુધારાઓને ગુજરાતમાં લાગુ કરવા ધાર્યું છે તેમાં ૪૩મી અને ૪૫મી મિટિંગમાં પાસ થયેલા સુધારાઓ સાથે ગુજરાત જી.એસ.ટી. એક્ટને નિયમિત કરવા માટે આ બિલ સભાગૃહ સમક્ષ આવ્યું છે. ૪૫મી મિટિંગ ગત ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ મળી હતી, ૪૩મી મિટિંગ ૨૮ મેં, ૨૦૨૧ના રોજ મળી અને ૪૭મી મિટિંગ તાજેતરમાં મળી આ ત્રણેય બાબતો આપના મારફત સરકારશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગુ છું કે, આને લાગુ કરવાથી સામાન્ય માણસ ઉપર શું અસરો ઉભી થશે એ રજૂ કરવાની અનુમતી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ જે જી.એસ.ટી. કાઉન્સિલની ૪૫મી મિટિંગ મળી, આ જે સુધારો છે એ ગુજરાતમાં આપણે આ બિલથી લાગુ કરવા જઇ રહ્યા છીએ એનાથી ગુજરાતમાં મેટલ એટલે કે લોખંડ, કોપર, એલ્યુમિનિયમ, ઝીંક અને બીજી અન્ય ધાતુઓ, ધાતુઓ કોઇ પણ રાજયના ઇન્ફ્રાસ્ટ્રકચરમાં જરૂરી છે. માણસે ઘર બનાવવું હોય તો લોખંડ વગર ન ચાલે. આ ધાતુઓ ખવાતી નથી, ધાતુઓનો વિવિધ ઉપયોગ થતો હોય અને એમાં એની સીધી કે આડકતરી અસર આ રાજયના છેવાડાના વ્યક્તિ ઉપર થતી હોય છે અને એનું ભારણ પડતું હોય છે. જે ધાતુઓ ઉપર ભૂતકાળમાં ૫ ટકા કર વસૂલવામાં આવી રહ્યો હતો પણ આ સુધારાથી એ ૫ ટકાનો કર વધારીને ૧૮ ટકા કરવાની દરખાસ્ત માનનીય નાણામંત્રીશ્રી આ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે એનું દુઃખ છે.

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ, માનનીય મંત્રીશ્રીએ પણ આપનું ધ્યાન દોર્યું કે આ બધું સર્વાનુમતે નક્કી થયેલું છે ઉપર એટલા પૂરતું આપનું ધ્યાન દોરું છે કે, એમાં આપ પણ હિસ્સેદાર છો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધયક્ષશ્રી, આ વિધાનસભા ગૃહ એ ગુજરાતની પ્રજાની ચિંતા કરનારું સર્વોચ્ચ મંદિર છે અને આ ગૃહ સમક્ષ જ્યારે આ સુધારો આવી રહ્યો છે ત્યારે આ બિલથી રાજયના છેવાડાના વ્યક્તિ ઉપર ઉભી થનારી અસરો આપના મારફત માનનીય મંત્રીશ્રી અને સરકારના ધ્યાન ઉપર લાવવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આનાથી ગુજરાતની પ્રજા આજે મંદી, મોઘવારી અને બેરોજગારીના માહોલમાંએ કર આતંકવાદનો ભોગ ના બને તેની ચિંતા સરકાર કરે એવી મારી વિનંતી છે. એક તરફ રીન્યુએબલ એનર્જી માટે થઇને આપણે સૌ સાથે મળીને ગુણગાન ગાઇએ છીએ અને બીજી બાજુ આ બિલ વિધાનસભામાં પસાર થશે એટલે રીન્યુએબલ એનર્જીના જે ડિવાઇઝ અને પાર્ટ છે, ભૂતકાળમાં તેની ઉપર માત્ર ૫ ટકા ટેક્સ લેવામાં આવતો હતો. આજે આ રીન્યુએબલ એનર્જીના ડિવાઇઝ ઉપર તેના પાર્ટ ઉપર તેનું રિપેરિંગ મોઘું થશે. ૫ ટકાનો ટેક્સ તેમાં ૧૨ ટકા વસૂલવાની દરખાસ્ત સરકાર આ ગૃહ સમક્ષ લઇને આવી છે આના ઉપર વિચારે. અત્યારે લોકો ઉપર નાણાકીય ભારણ વધારવાની કે વધેલું નાણાકીય ભારણ સહન કરવાની ગુજરાતની પ્રજામાં ક્ષમતા નથી, ત્યારે હવે આ વિધાનસભાનું છેલ્લું સત્ર છે. આપના મારફત નાણામંત્રીને વિનંતી કરું કે આ બિલ જો વિધાનસભામાં પસાર થશે તો આ જે કર વધારો લાગુ થવાનો અને તેની અસર ગુજરાતના છેવાડાના વ્યકિત ઉપર થવાની ત્યારે એ કર બોજો ના વધે તેની ચિંતા માનનીય નાણામંત્રીશ્રી કરે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## તા. ૨૧મી સપ્ટેમ્બર,૨૦૨૨

## ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયક,૨૦૨૨

માનનીય અધ્યક્ષશ્રી, મારે સમય નથી લેવો. ઘણી બધી વાતો થઇ શકે અને ઘણી બધી વાતો રેકર્ડ ઉપરની મૂકવી છે. ગુજરાતની અંદર કોઇ કાર્ટુન ખરીદશે, કોઇ બોક્સ ખરીદશે, કોઇ બેગ ખરીદશે, કોઇ પેકિંગ માટે કન્ટેનર ખરીદશે કે પેકિંગનું પેપર, કોઇ કરિયાણું લેવા ગયુ હશે કે કોઇ બકાલું લેવા ગયુ હશે પ્લાસ્ટિકની થેલીઓ ઉપર પણ આપણે કર વધાર્યો અને કાગળની થેલી લઇને એ કરિયાણું, બકાલું ઘરે લાવવું હશે તો ગૃહિણી જે કાગળની થેલી ખરીદશે તેના ઉપર પણ સરકારે ૧૨ ટકા જે ભૂતકાળમાં ટેક્સ લેવામાં આવતો હતો તેને વધારીને ૧૮ ટકા કરવાની દરખાસ્ત આ ગૃહ સમક્ષ શું કામ લાવ્યા? આજ ગુજરાતના લોકોની ચિંતા આપની સમક્ષ મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પોલિથીન અને અધર પ્લાસ્ટિક, હાનિકારક પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ થાય તેના માટે આ ગૃહ સર્વાનુમતે અવેર્નેસના કાર્યક્રમો ઘર ઘર સુધી લઇને આપણે ભૂતકાળમાં ગયા છીએ અને આવતા દિવસોમાં પણ પ્લાસ્ટિક મુકત ગુજરાત થાય જે પ્લાસ્ટિક ખાઇને મારી ગાવડીઓ, મારી માતાઓ તેના પેટમાં આફરા થાય છે તેને બચાવાય તેની ચિંતા આ ગૃહ કરશે પણ આજે કોઇને થેલી લેવાનો વેંત નથી અને વસ્તુ લઇને ઘરે જવા કોઇ આવી બેગો લઇને આવશે તો તેની ઉપર પણ ૫ ટકાનો ટેક્સ હતો તે ૧૮ ટકા થશે. એમ આ બિલથી ગુજરાતના લોકોને કરવેરાનું ભારણ વધવાનું છે.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઇ પણ વસ્તુના વેરાના જી.એસ.ટી.માં ફેરફાર કરવાની દરખાસ્ત નથી એટલે વેરા વધારવાની દરખાસ્ત જ નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી સમજણફેર થતી હશે. માનનીય મંત્રીશ્રી જે બિલ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેના શબ્દો પહેલાં રેકર્ડ ઉપર મૂકી અને પછી આપ આજ્ઞા આપશો તો પછી હું મારી વાતને આગળ ધપાવીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદેશો અને કારણો જે આપ્યાં છે તેમાં સરકારે સ્પષ્ટ કર્યું છે કે માલ અને સેવા કરવેરા કાઉન્સિલ દ્વારા તેની ૪૩મી અને ૪૫મી બેઠકમાં માલ અને સેવા વેરા કાયદામાં સુધારાની આવશ્યકતા દર્શાવતા જુદા જુદા નિર્ણયો લેવામાં આવ્યા છે. આ જુદા જુદા નિર્ણયો એ જ પ્રસ્તાવનાનો બીજો પેરા કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ-૨૦૧૭ અને ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ-૨૦૧૭ સન-૨૦૧૭ના ગુજરાતનો ૨૫મો સુધારો. સન ૨૦૧૭થી અત્યાર સુધીમાં આ ૨૫મો સુધારો છે અને ૨૫મા સુધારાની જોગવાઇઓ લાગુ પાડવામાં એકરૂપતા જળવાય એ માટે ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ-૨૦૧૭ સન-૨૦૧૭નો ગુજરાતનો ૨૫મો સુધારો..

સભાપતિશ્રી : શ્રી પરેશભાઇ, એકરૂપતા જળવાય એટલે સમગ્ર નેશનલ લેવલે એકરૂપતા જળવાય એ માટેનો આ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજાએ ગુજરાતના લોકોની વેદના, ગુજરાતના લોકોની સમસ્યા રજૂ કરવાની જવાબદારી મારા શિરે મૂકી છે અને આપ જો મને રક્ષણ આપશો તો એક જવાબદાર આગેવાન તરીકે મેં કોઇ રાજકીય ટીકા-ટિપ્પણી નથી કરી પણ સરકાર જે બિલથી જે સુધારાઓ વિનિયમિત કરવા માંગે છે એનાથી ગુજરાતની પ્રજા ઉપર શું અસર થશે એની આ ઓફિશિયલ મિનિટ્સ છે અને માનનીય મંત્રીશ્રી પણ કોમ્પ્યુટરમાંથી ડાઉનલોડ કરીને અત્યારે મંગાવી શકે છે. મને આનંદ થશે કે માનનીય નાણા મંત્રીશ્રી એમ કહે કે શ્રી પરેશભાઇએ જેટલા ટેક્સ વધારા કહ્યા છે એ એક પણ લાગુ થવાનો નથી તો અમે રાજી-ખુશીથી વાતને આગળ વધારીશું. મને ગમશે કે એમના ભાષણમાં આ વાતોને વણી અને એ એમ કહે કે આ બિલના સુધારાથી એનો ટેક્સ વધારો ગુજરાતની પ્રજાને લાગુ નહિ પડે તો મને વિશ્વાસ છે કે આખો વિપક્ષ પાટલી થપથપાવીને સરકારને શાબાશી આપશે. મારી વાતને આગળ ધપાવું. એક જમાનો હતો કે તોપ, તલવાર અને ભાલાથી શાસન બદલાતું હતું. આઝાદી પછી બાબાસાહેબે કહ્યું કે, ''શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરતાં શીખો.'' બાબાસાહેબે બંધારણમાં ૧૪ વર્ષ સુધીનાં બાળકને વિનામૂલ્યે શિક્ષણનો અધિકાર આપ્યો.

સભાપતિશ્રી : બિલના સ્કૉપમાં રહો. આમ તો આપ ઘણું લાંબું બોલી શકો એમ છો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનો જ પ્રશ્ન છે. સરકાર જે સુધારો લઇને આવી છે. એક બાજુ બાબાસાહેબ, સરદાર સાહેબ, ગાંધીજીએ એમ કહ્યું કે હિંસા છોડો. ભણો, ગણો અને કલમ ચલાવતા શીખો. કલમની ધારે વિશ્વને જીતવાનો મંત્ર આ દેશને ઘડનારા લોકોએ આપ્યો અને બીજી બાજુ ગુજરાતમાં કોઇ ગરીબનું બાળક ભણવા જાય, મા-બાપ પરસેવો પાડી એના છોકરાને ભણાવે છે. અમે નાના હતા, તમે પણ નાના હશો ત્યારે પેન્સિલને સંચાથી છોલીને ધાર કાઢી હશે. આ સરકાર જે સુધારો લાવવા જઇ રહી છે, એમાં બાળકો પેન લે, પેન્સિલ લે એની ઉપર ભૂતકાળમાં ૧૨ ટકા ટેક્સ વસૂલવામાં આવતો હતો. આ સુધારો લાગુ થશે તો ૧૮ ટકા જેટલો ટેક્સ વસૂલવામાં આવશે. એની ગુજરાતની ગરીબ, વંચિત, પછાત બાળકો જેની નોટબુક લેવાની ક્ષમતા નથી. નવી પેન લેવા માટે મા-બાપને છ-છ મહિના કરગરે ત્યારે નવી પેન લેવાનો મેળ પડે એની ઉપર ૧૨ ટકા થી ૧૮ ટકા ટેક્સ શું કામ વસૂલવાનો? એ ગુજરાતનો વિદ્યાર્થી સરકારને સવાલ પૂછે છે. હું હવે કોઇ વિવરણ નહિ કરું પણ વસ્તુઓને આ ગૃહના રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. કોઇ પેપર, લાઇફ કાર્ડ, કેટલૉગ, પ્રિન્ટેડ મટિરિયલ કોઇ ચોપડી છપાતી હોય તો એ ચોપડી ઉપર ટેક્સ વધવાનો છે. કોઇ માણસને નોકરી ના મળે. નોકરી પાછળ છોકરી ના મળે અને રખે ને એનું વેવિશાળ થઇ ગયું અને એને શુભેચ્છા સંદેશો આપવો હોય. જો આ કાયદો ગુજરાતમાં લાગુ પડશે તો કોઇએ કાર્ડ કે કંકોતરી લખવી હોય, કેટલોગ બનાવવું હોય તો પ્રિન્ટિંગ મટિરિયલ ઉપર ૧૨ ટકાના બદલે ૧૮ ટકા ટેક્સ વસૂલવાની દરખાસ્ત થવાની છે તેની ચિંતા સરકાર કરે તેવી આપના મારફત વિનંતી કરું છું. આ કાયદો લાગુ પડશે એટલે શું થવાનું તે હું જણાવવા માગું છું. એક વખત ''ખઇકે પાન બનારસવાલા'' અને ''કુછ દિન તો ગુજારો ગુજરાત મેં''

તેવા સુપ્રસિદ્ધ કલાકારને ગુજરાતના કચ્છમાં લાવ્યા. અમને ગમ્યું. ખૂબ સારા કલાકાર છે. અહીં કોઈ પાન ખાવા જાય તો મીઠી સોપારી, ફ્લેવર્ડ સોપારી અને કોટેડ ઈલાયચી ઉપર પણ ૧૮ ટકા ટેક્સ વસૂલવાની દરખાસ્ત કરી તેને હું વખોડી કાઢું છું. ઘણી વાત થઈ શકે પણ આપના મારફત G S T કાઉન્સિલ દ્વારા જે ૪૭મું રિઝોલ્યુશન પાસ થયું છે તેમાં પ્રિન્ટિંગ, રાઈટિંગ અને ડ્રોઈંગ ઈન્ક જેવી તમામ પ્રકારની શાહી ઉપરનો ૧૨ ટકાનો ટેક્સ ૧૮ ટકા વસૂલાવાનો છે. સામાન્ય માણસને સલૂનમાં જવાનો વેંત નથી. તેને ઘરે દાઢી કરવી હોય તો બ્લેડ લેવા જશે તો તે બ્લેડ અને પેન્સિલ શાર્પનર ઉપર ૧૨ ટકા ટેક્સ હતો તે ૧૮ ટકા થવાનો છે. સેન્ટ્રી ફ્યુગલ પંપ, ડીપ ટ્યૂબવેલ, ટર્બાઈન પંપ, સબમર્શિબલ પંપ, બાઈસિકલ પંપ ઉપર ૧૨ ટકા ટેક્સ હતો તેના બદલે ૧૮ ટકા ટેક્સ વસૂલાવાનો છે. આ કૃષિ અને ઋષિનું રાજ્ય છે. ગુજરાતમાં ૭૦ ટકા લોકો ખેતી ઉપર નિર્ભર છે અને ખેડૂતના દીકરાના માલની બજારમાં હરાજી થાય છે. કારણ કે તેને તેના માલની ગુણવત્તા અને ગ્રેડ શું છે તે ખબર નથી. આ સરકારે શોર્ટિંગ અને ગ્રેડિંગ માટે વિનામૂલ્યે ૨૪૮ તાલુકામાં વ્યવસ્થા કરવી જોઈએ. તેના બદલે તેના ઉપર પણ ૫ ટકા ટેક્સ હતો તે હવે ૧૮ ટકા થવાનો છે. એક તો સિંચાઈ માટે નર્મદાના નીર અમારા ખેતર સુધી ક્યારે તાણી લાવશે તેની સૌરાષ્ટ્રવાસીઓને ચિંતા છે. તળમાં પાણી કાઢવા માટેના મોટર પંપ ઉપર પણ ૫ ટકાનો ટેક્સ ૧૮ ટકા કરવાની દરખાસ્ત આ સરકાર આ સુધારાથી લાગુ કરવા જઈ રહી છે તેનું દુઃખ છે. મશીનરી ક્લિનિંગ, શોર્ટિંગ, ગ્રેડિંગ ઓફ એગ્સ, ફ્રૂટ્સ એન્ડ અધર હેલ્થ એગ્રીકલ્ચર પ્રોડક્ટમાં ઇંડાના શોર્ટિંગ કરવા માટે, ફળનું ગ્રેડેશન કરવા માટે, એગ્રીકલ્ચર પ્રોડક્ટના ગ્રેડેશન કરવા માટેના કોઈ પણ પાર્ટ, મશીનરી કે ડેરી મશીનરી ઉપર અત્યાર સુધી ૧૨ ટકા ટેક્સ હતો. આ બિલ આ વિધાનસભા ગૃહ પાસ કરશે તો આ ૧૨ ટકા ટેક્સના બદલે ૧૮ ટકાનું ભારણ રાજ્યના લાખો ખેડૂતો ઉપર પડવાનું છે. એક તરફ આપણે વીજળી બચાવવાનું અભિયાન ચલાવીએ. એલ.ઈ.ડી. પંપ, લાઇટ, ફિક્સચર. એલ.ઈ.ડી. આવશે તો ઘરમાં ઈલેક્ટ્રિક મિટરના ચકરડા રાત દિવસ ફર્યા રાખે તે થોડાંક ઓછા ફરે. બસો રૂપિયા લાઇટબિલ આવતું હતું અને હવે રૂપિયા ૧૫૦૦-૨૦૦૦ થયું છે. એટલે લોકોને એમ થયું કે એલ.ઇ.ડી. લાઇટ લઇ આવીએ અને પરસેવાની કમાણીમાંથી આપણે રોકાણ કરીએ તો આ વીજ બિલમાંથી મુક્તિ મળશે. વીજ બિલનું ભારણ ઘટશે. વીજ બિલનું ભારણ તો ન ઘટ્યું પણ આ એલ.ઇ.ડી. પંપ ચલાવીએ, લાઇટ લઇએ કે ફિક્સચર એના ઉપર ૧૨ ટકા ટેક્સ હતો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત એક પ્રજાસત્તાક લોકશાહી રાજ્ય છે અને બધા રાજ્યોમાં વેપારધંધો સરળ રીતે ચાલે એના માટે સમાન વેરો દરેક રાજ્યને લાગુ પડે અને દરેક રાજ્યોએ આ પસાર કર્યો છે. આ નવો વેરો લગાવવાનો કોઇ સવાલ આવતો નથી. બધા રાજ્યોના ફાઇનાન્સ મિનિસ્ટરોએ સર્વાનુમતે પસાર કર્યો છે. જે કાઉન્સિલમાં સર્વાનુમતે થયું છે.

સભાપતિશ્રી : એટલે એ ફક્ત ગુજરાતમાં જ નહીં, બધે જ લાગુ પડવાનો છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આ જી.એસ.ટી.નો કાયદો કાઉન્સિલને આધારિત છે, ત્યારે કોગ્રેસ પાર્ટીના તમામ આગેવાનોની સર્વાનુમતિથી જ બધા જ ટેક્સ પસાર થયેલ છે. એકતરફ આખા દેશમાં કોગ્રેસ પાર્ટીનું જે સ્ટાન્ડર્ડ છે એ જુદું છે અને ગુજરાતમાં કોગ્રેસ પાર્ટીનું સ્ટાન્ડર્ડ જુદી વાત કરે છે. આ બેવડા સ્ટાન્ડર્ડની વાત કોઇપણ કાળે પ્રજાને ગળે ઊતરે એમ નથી. જેને કારણે આ વાત બંધ થવી જોઇએ અથવા તો એમને વાંધો હોય તો એમના જી.એસ.ટી. કાઉન્સિલને ત્યાં વાંધો નોંધાવે. અહીંયા વાત કરવાનો કોઇ અર્થ રહેતો નથી એવું મારું સ્પષ્ટ માનવું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પૂર્ણેશભાઇ ખૂબ વિદ્વાન આગેવાન છે. ભારતની અંદર સમવાયી તંત્ર છે. હું નીતિના વિરોધમાં નથી. કાલે મારી સરકાર આવવાની અને આજે હું વિરોધ કરું છું. આ ગુજરાતના લોકોનું ભારણ ઘટાડવા અમારી સરકાર નિર્ણય કરશે.

સભાપતિશ્રી : આ ગુજરાતની સરકારનો નિર્ણય નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જો ગુજરાત વિધાનસભાએ નિર્ણય ન લેવાનો હોય તો આ બિલ જ વિધાનસભા સમક્ષ ન આવે.

સભાપતિશ્રી : સવાલ જી.એસ.ટી. કાઉન્સિલે લીધેલા નિર્ણયની અમલવારી કરવાનો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાતોમાં ક્યાંય પણ એરર હોય તો ખુલાસો કરે. ગુજરાતની પ્રજાને જે ભય છે એમાંથી મુક્ત કરવાનું કામ સરકારે કરવાનું છે. અપેક્ષા રાખું કે જ્યારે નાણામંત્રીશ્રી આ બિલ ઉપર પોતાની વાત મૂકે ત્યારે પરેશ ધાનાણીએ જે ભયસ્થાનો રજૂ કર્યા છે એવું કાંઇ નથી થવાનું. આ એક પણ વસ્તુ પર આ કાયદો લાગુ થયા પછી ટેક્સ નથી વધવાનો એની વિધાનસભા ગૃહમાં ખાતરી આપે. સોલાર વોટર પંપ ઉપર ૫ ટકા વેરો હતો, તે ૧૨ ટકા થશે. ચાર્મીસ લેધર હોય, કમ્પોઝિશન લેધર હોય એની ઉપર વેરો ૫ ટકાને બદલે ૧૨ ટકા થવાનો છે. સર્વિસ જોબ વર્ક ઓફ રિલેશન ટુ મેન્યુફેક્ચર લેધર ગુડ્ઝ એન્ડ ફૂટવેર જે ચર્મઉદ્યોગ સાથે જોડાયેલા લોકો છે એની ઉપર ૫ ટકા વેરો હતો એના હવે એને ૧૨ ટકા ભરવા પડશે. જે ક્લે બ્રીક બનાવનારા લોકો વેસ્ટેજમાંથી બ્રીક બને અને એ જ બ્રીકમાંથી પાયા ઉપર ઇમારત ઊભી થવાની.એ ૫ ટકાનો વેરો ૧૨ ટકા વસૂલવાની દરખાસ્ત છે. આ ગુજરાતમાં રોડ બનશે, બ્રિજ બનશે, રેલવે, મેટ્રો, ઇન્ફલુઅન્ટ ટ્રિટમેન્ટ પ્લાન્ટ આની ઉપર અત્યાર સુધી ૧૨ ટકા વેરો વસૂલવામાં આવતો હતો. આવા બધા કોન્ટ્રાકટરોએ હવે ૧૮ ટકા ભરવા પડશે તો સરકારની તિજોરી ઉપર પણ એનો બોજો વધવાનો છે. વર્ક કોન્ટ્રાકટ સપ્લાય ટુ કેનાલ્સ, ડેમ,

પાઇપલાઇન્સ, પ્લાન્ટસ ઓફ વોટર સપ્લાય, એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ, હોસ્પિટલ, કોઇ શિક્ષણનું સંસ્થાન બનશે, કોઇ આરોગ્યનું ધામ બનશે, કોઇ પીવાના પાણીની યોજના બનવાની હશે તો એના ઉપર ૧૨ ટકાનો વેરો હતો તે ૧૮ ટકા થવાનો છે. ભૂતકાળમાં ચેકબુકની વિનામૂલ્યે સેવા મળતી હતી. મારા પૈસા મારી સહીથી જ એ તબદિલ થાય એવો આ દેશના દરેક માણસને એના મનમાં સુરક્ષાનો ભાવ હોવો જોઇએ. અત્યારે જે બેંકિંગ સેવાઓ હતી એનું પણ વેપારીકરણ થયું છે. ચેકબુક ઉપર વેરો વસૂલવામાં આવતો ન હતો. હવે કોઇ નવી ચેકબુક લેવા જશે તો ૧૮ ટકા ટેક્સ ચૂકવવો પડશે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપરની વાત કરવી જોઇએ છતાં એકની વાત એક ચાલુ રહે છે. આ રીતે ના હોય. હવે પ્રવચન પૂરું થાય તો સારું. બિલના સ્કોપની બહાર વાત ન જવી જોઇએ.

સભાપતિશ્રી : શ્રી પરેશભાઇ, હવે આપનું પ્રવચન મર્યાદામાં પૂરું કરો તો સારુ. તમે ૨૦ મિનિટ રિસેસ પહેલા લીધી અને ૨૦ મિનિટ આ થઇ. મારે ઘડીયે ઘડીયે ટોકવું પડે તે ઠીક ના લાગે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી પરેશભાઇ જે બોલી રહ્યા છે એમાં માનનીય નાણામંત્રીશ્રીએ જે બિલ રજૂ કર્યું એના મુદ્દા એમણે રજૂ કર્યા છે. એ બિલને આધીન જ શ્રી પરેશભાઇ બોલી રહ્યા છે.

સભાપતિશ્રી : શ્રી જગદીશભાઇ તમને તક આપું છું. પ્લીઝ, સીટ-ડાઉન.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. કાઉન્સિલમાં જે સુધારો થયો તે સુધારો મંજૂર કરવા માટે હાઉસમાં લાવ્યા છે તે બરાબર છે. ભૂતકાળમાં પણ લાવેલા છો અને આ વખતે પણ લાવ્યા છો. તો જી.એસ.ટી. કાઉન્સિલમાં જે સુધારો થયો તે સુધારાના આધીન જે ટેક્સ હતો તે ટેક્સ ઉપર વધારો થયો છે. કંઇ રીતે એના ઉપર થોડોક વધારો થયો છે એનું વિવરણ શ્રી પરેશભાઇ કરે છે એમાં ખોટુ પણ નથી.

સભાપતિશ્રી : શ્રી શૈલેષભાઇ, ધેર આર સો મેની ગુડસ્ આઇટમ. આપણે આમાં જઇશું તો કયાં પહોંચશું? ઇચ એન્ડ એવરી આઇટમ ઉપર તમે એનાલીસીસ કરો છો. શ્રી પરેશભાઇ, એને જનરલાઇઝ કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. કાઉન્સિલમાં શ્રી કનુભાઇ દેસાઇ નાણામંત્રી તરીકે ગયા હતા. એગ્રી થયા એ બરાબર છે પણ એનાથી હાઉસ પરિચિત નથી, ધારાસભ્યશ્રીઓ પણ પરિચિત નથી અને માનનીય શ્રી પરેશભાઇ જે બોલી રહ્યા છે એમાં ખોટુ શું છે?

સભાપતિશ્રી : શ્રી શૈલેષભાઇ, હકીકતમાં તમે આખુ બિલ જુઓ તો બિલમાં રેટ ઓફ ટેક્સની વાત જ નથી. આ બિલમાનું એડમિનિસ્ટ્રેશન ટેક્સનું સરળીકરણ અને એકરૂપતા અંગેનું છે એમાં આપણે ચાલવું જોઇએ. સ્કોપની બહાર જઇએ તો સ્વાભાવિક છે કે સભ્યશ્રીઓ બોલે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં ટેક્સ વધારવાનો નિર્ણય જી.એસ.ટી. કાઉન્સિલ નોટિફિકેશનથી કરે છે. અહીંયા ચર્ચા કરવાથી આ રેટમાં કોઇ ફેરફાર થવાનો નથી અને એ નોટિફિકેશન થઇ ગયું છે. આ જે બિલ છે તે સરળીકરણ માટે છે. સિમ્પ્લિકેશન માટે છે.

સભાપતિશ્રી : શ્રી પરેશભાઇ, એમાં આપણે સ્કોપમાં રહીને પૂરું કરીએ. આ બધા સભ્યશ્રીઓ કલાકો સુધી બોલી શકે એમ છે એમાં મારી ના નથી પણ આપણે હવે એમાં ટુ ધી પોઇન્ટ આવીને એનું કન્કલુઝન કરો. પ્લીઝ. શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી....

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રીને પાવર્સ છે કે તેઓ બિલના સ્કોપમાં ન બોલે તો એમને અટકાવી શકે.

સભાપતિશ્રી : હા કહું છું. This is last. સ્કોપમાં બોલો. (સતત અંતરાય)

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો સ્પષ્ટ મત છે કે જી.એસ.ટી. કાઉન્સિલમાં જે નિર્ણય થાય. એમાં બધા જ પક્ષના બધા લોકો હોય છે. બધા મળીને નકકી કરે છે. એ નિર્ણયની કોઇ વાત જ ન હોઇ શકે. આનો મતલબ એ છે કે કોંગ્રેસ પાર્ટીના નેતાઓ ત્યાં કેન્દ્રમાં કાઉન્સિલમાં જુદી વાત કરે છે અને અહીં જુદી વાત કરે છે. એ કોઇ કાળે શક્ય નથી. એટલે આ નિર્ણય થઇ ગયો છે. કોંગ્રેસ પાર્ટીને કાઉન્સિલમાં વાંધો હોય તો ત્યાં રજૂ કરી શકે. અહીંયા ચર્ચા કરવાનો કોઇ મતલબ રહેતો નથી. અહીંયા સીધી વાત કરો.

સભાપતિશ્રી : માનનીય શૈલેષભાઇ પ્લીઝ. હવે જો સ્કોપની બહાર જશે તો હું અટકાવીશ.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પાર્ટીને જો કોઇ વાંધો હોય તો ત્યાં કાઉન્સિલમાં કહી શકે છે. અહીંયા ચર્ચા કરવાનો કોઇ મતલબ નથી.

શ્રી પરેશ ધાનાણી : બિલમાં તો લિમિટ નથી. ચર્ચાનો પૂરો સ્કોપ છે.

સભાપતિશ્રી : Not out of subject. ચર્ચાનો જે સ્કોપ છે એ સ્કોપમાં રહીને ચર્ચા કરો.

શ્રી પરેશ ધાનાણી : મારું ગુજરાત જેમાં સંમત નથી તો હાઉસમાં ફલોર પર મૂકવાનો મને અધિકાર છે અને એ દાયરામાં. હવે સમય લેવો નથી. તમે થોડી મિનિટો રક્ષણ આપજો.

સભાપતિશ્રી : બે મિનિટમાં. ભાઇ પ્લીઝ. જગદીશભાઇ, એમનું પૂરું થાય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ પ્રકારના નકશા. (અંતરાય) આના પછી બિલ ઉપર તમે જ બોલજો. અમે સાંભળશું ઠેઠ સુધી. મેદાન મૂકવાના નથી. હું ટૂંકમાં વાત કરી લઉં. (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને ખૂબ બહોળો અનુભવ છે. કોઇપણ પ્રકારના નકશા ઉપર ટેક્સ નહોતો. હવે ૧૮ ટકા લેવાશે. માનનીય અધ્યક્ષશ્રી પેટ્રોલિયમ અને કોલ બેઝ મીથેન ૫ ટકા ટેક્સ હતો. ૧૨ ટકા લેવાશે. ઇ-વેસ્ટ ઉપર ૫ ટકા ટેક્સ હતો. હવે ૧૨ ટકા લેવાશે.

સભાપતિશ્રી : શ્રી પરેશભાઇ પ્લીઝ. માનનીય જગદીશભાઇ.

શ્રી જગદીશ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી ગૃહને ગેરમાર્ગે દોરી રહ્યા છે. મારે એમને એ કહેવું છે કે ટેક્સેશનને સમજવાની જરૂર છે. જયારે જયારે કાઉન્સિલની બેઠકો હોય છે, ત્યારે મેન્યુફેકચરર્સનો ઇનપૂટ ટેક્સ અને ફિનિશ ગુડસનો આઉટપૂટ ટેક્સ છે તેની વચ્ચે જયારે અપસેટ હોય તો વધારો કે ઘટાડો કરવો પડે. તમે પંપની વાત કરી, તો પંપનો રો-મટિરિયલ છે તેનું સેલ જો ૧૨ ટકાએ કરો તો આ ૬ ટકા કયાં જશે? તમે જે વાત કરી રહ્યા છો ને, એનો આખેઆખો અભ્યાસ કરો. તમે ગૃહને ગેરમાર્ગે દોરી રહ્યા છો. આમાં કોઇપણ જગ્યાએ ઉપભોકતા પર બર્ડન આવતું જ નથી. વચ્ચે જે સેટઅપ થાય છે કે અપસેટ થાય છે એનો આ ગાળો છે અને જયારે જયારે વખતો વખત કાઉન્સિલની બેઠક હોય ત્યારે ઇનપૂટ અને આઉટપૂટ બન્ને ઝીરો ઝીરો હોવા જોઇએ. જો ન હોય તો અપસેટ થાય. તમે ગૃહને ગેરમાર્ગે દોરી રહ્યા છો.

સભાપતિશ્રી : Please, don't misguide the house.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ વિદ્વાન લોકોની સરકાર પોતે પસાર કરેલા કાયદા, નોટિફિકેશન વાંચીને નથી આવતા.

સભાપતિશ્રી : આપ બિલ પર બોલો ને પ્લીઝ. હવે હું આપને એલાઉ નહીં કરીશ. હા. તમે બિલ પર બોલી શકો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે વિનંતી કરું છુ કે માનનીય મંત્રીશ્રી માનનીય અધ્યક્ષશ્રી જયારે જવાબ આપે ત્યારે ગુજરાતની પ્રજાને ખાતરી આપે. અમને સંતોષ ન થાય તો વાત કરીએ.

સભાપતિશ્રી : હા, પણ તમે રિપીટ કરો છો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ઠરાવમાં જે સૂચવ્યું છે એ મુજબ 'It has been recommended to revise the scope of exemption to include from pre-packaged and pre-labeled retail pack in terms of legal metrology....

સભાપતિશ્રી : પ્લીઝ. આ બધી આઇટમો તમે બોલવાનું બંધ કરો. જે કહેવું હોય એ જનરલાઇઝ કરો?

શ્રી પરેશ ધાનાણી : including prepackaged pre-labeled Curd, Lassi and Butter milk... માનનીય અધ્યક્ષશ્રી,જો હવે આ સુધારો..

સભાપતિશ્રી : જો હવે તમે સ્કોપની બહાર જશો ને તો હું બેસાડી દઇશ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર છે. તો દૂધ દહીં અને છાશ કે લસ્સી પર પણ લાગશે.

સભાપતિશ્રી : ધીસ ઇઝ ટુ મચ. યુ આર નોટ ઇન સ્કોપ નાઉ.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : આપે પણ કહ્યા પછી એકની એક વાત ફરીથી કહ્યા કરે છે. અગાઉ અધ્યક્ષશ્રીના રૂલિંગમાં રૂલિંગ આપીને સભ્યને બેસાડેલા પણ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ પ્રકારના પેકેઝડ લોટ ઉપર પછી એ કોઇ બાજરાનો લોટ હોય, ઘંઉનો લોટ હોય, ચણાનો લોટ હોય, મગનો લોટ હોય, અડદનો લોટ હોય.

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ, તમે વાઇન્ડ અપ કરો છો કે પછી તમારે હજુ પણ આ રીતે સ્કોપની બહાર જવું છે? મારે પછી બેસાડવાનો નિર્ણય લેવો પડશે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા લાંબા સમયથી એમના વિચારો આપણે સાંભળ્યા છે અને માનનીય મંત્રીશ્રીએ પણ સાંભળ્યા હશે. એ બ્રોડલી નીતિની બાબતે વાત કરતા હોય તો એ સમજી શકાય તેમ છે. હવે એક એક વસ્તુ બોલશે એમાં ટાઇમ લિમિટમાં બાંધી દો.અત્યારે ૩.૪૦ થઇ છે હવે આપ એમને પાંચ મિનિટ આપો, દસ મિનિટ આપો જે આપને યોગ્ય લાગે. ઘણું બધું કહેવાય ગયું છે. એ બોલ બોલ જ કરવું એ પણ યોગ્ય નથી.

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ, બહું કિલયર વાત છે તમે સ્કોપની બહાર જાવો છો અને રિપીટિશન કરો છો. હમણાં તમે કહ્યું કે માનનીય મંત્રીશ્રી ખાતરી આપે એ બે મિનિટ પહેલા પણ બોલ્યા છો. ફરી વખતે એ વાકય બોલો છો. તમને સ્કોપમાં બોલવાનો સમય મળે છે એનો અર્થ એ નથી કે એ કાયદાનો ભંગ કરવો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ એટલે જ મેં નોટિફિકેશન મૂકી દીધું.

સભાપતિશ્રી : કંઇ મૂકયું નથી. તમે એકને એક વાત કરી રહ્યા છો. મારે પછી તમને બેસાડવા પડે એ ઠીક નહિ લાગે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી કરવા માગું છું.

સભાપતિશ્રી : આ તમારી ત્રીજીવાર વિનંતી છે.

તા. ૨૧મી સપ્ટેમ્બર,૨૦૨૨

ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયક,૨૦૨૨

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ એ માને તો ને? અમે વારંવાર વિનંતી કરીએ છીએ, પણ આ સરકાર અમારું સાંભળતી નથી અને લોકોનું સાંભળતી નથી. વર્ષ ૧૯૯૫માં ૭ હજાર કરોડ રૂપિયાનો ટોટલ વેરો હતો અત્યારે ૧ લાખ કરોડ વાર્ષિક વસૂલવામાં આવે છે તેમ છતાં પ્રજા ઉપર ભારણ વધતું જાય છે એની ચિંતા છે એટલે હું ટૂંકાવું છું. આ જે ૬૪ પ્રકારના કરવેરા છે એ ઘટાડવાની વિનંતી કરીએ છીએ. જી.એસ.ટી.ની કટાકૂટમાંથી મુકત થાય, કાયદાનું સરળીકરણ થાય. આ ૨૫મો સુધારો આવ્યો અને સરકાર નહિ બદલાય તો દર દિવસે એક નવો સુધારો આવવાનો છે, એટલે હવે આ કાયદો સુધારવા કરતાં આખી સરકાર બદલવી પડશે. જીએસટી કાયદાનું સરળીકરણ કરવું જોઇએ.

સભાપતિશ્રી : નેકસ્ટ. માનનીય વિરજીભાઇ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા નેતા બોલે છે હું કઇ રીતે બોલી શકું?

સભાપતિશ્રી : મેં એમને પ્રવચન ટૂંકાવાનું કહી દીધું એટલે તમને કહું છું. માનનીય વિરજીભાઇ, આપ ન બોલવાના હોય તો પછી હું નેકસ્ટ કહીશ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ મારે બોલવું છે, પણ મારા નેતા બોલતા હોય તો હું કેમ બોલી શકું?

સભાપતિશ્રી : એમણે ત્રણવાર કહ્યું કે હું ટૂંકાવું છું. માનનીય પરેશભાઇ, તમે અત્યાર સુધીમાં ચોથીવાર માનનીય નાણામંત્રીશ્રીને માગણી કરો છો. (શ્રી બળદેવજી ઠાકોર બેઠા બેઠા માઇક કેમ બંધ કરી દો છો એવું બોલતા)

સભાપતિશ્રી : તમારે જે રજૂઆત કરવી હોય એ અહીંયા કરો તમે સ્ટાફને ન કહી શકો. માનનીય વિરજીભાઇ, હવે આપ ઉભા થાવ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત રાજય માલ અને સેવા અધિનિયમ ૨૦૧૭ સુધારા વિધેયક લઇને આવ્યા છે તે બાબતમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે જિલ્લામાંથી પ્રતિનિધિત્વ આ વિધાનસભાનું કરું છું એ જિલ્લામાંથી પ્રતિનિધિત્વ અમારા શ્રી પરેશભાઇ કરી રહ્યા છે. ગુજરાત રાજયની સ્થાપના થઇ ત્યારે આ રાજયના પ્રથમ ગૃહમંત્રીશ્રી જો કોઇએ આપ્યા હોય તો એ અમરેલી જિલ્લાએ આપ્યા છે, ત્યારે જિલ્લાના ધારાસભ્ય તરીકે અમારી ફરજ બને છે કે સરકાર કોઇપણ વિધેયક લાવે, સુધારા વિધેયક લાવે એ બધું અમે સમજી શકતા હોય તેવું ન પણ બને. સરકારની પણ ફરજ બને છે. સિનિયર મંત્રીશ્રીઓની પણ ફરજ બને છે અને નાણામંત્રીશ્રીની પણ ફરજ બને છે કે અમે ધારાસભ્યશ્રીઓ લોકોના માટે ચૂંટાઇને આવીએ છીએ. લોકો અમને સતત કહેતા રહેતા હોય છે કે ધારાસભ્યશ્રી, તમે ગાંધીનગર જાવ છો ત્યારે સરકારને આ વિનંતી કરો એટલા માટે અમારે વિનંતી કરવા માટે ઉભા થવું પડતું હોય છે. માનનીય મંત્રીશ્રી આ સુધારા વિધેયક લઇને આવ્યા છે ત્યારે શ્રી પરેશભાઇ બોલતા હતા, હું સાંભળતો હતો. મારા ઘણા સભ્યશ્રીઓ સાંભળી શકતા નહીં હોય એટલે કદાચ શ્રી પરેશભાઇને ન બોલવા દેવા માટે, કન્કલુડ કરવા માટેની વિનંતી કરતા હતા. જ્યારે આ વિધાનસભામાં નાણા મંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે ત્યારે અમારો સભ્ય તરીકેનો બોલવાનો અધિકાર ઉભો થાય છે. અમે વિધાનસભામાં તેનો પ્રકાશ પાડીએ. પ્રકાશ પાડ્યા પછી બહુમતિએ નિર્ણય થાય. આજે કદાચ ૧૮ ટકા ટેકસ વધતો હશે. હવે ૨૮ ટકા ટેકસ વધારે તો ગૃહને અધિકાર છે.

સભાપતિશ્રી : શ્રી વિરજીભાઇ, બિલ પર બોલવાનું શરૂ કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : મને બોલવા તો દેવું પડશે. હજી હું શરૂ કરું છું.

સભાપતિશ્રી : બિલ પર શરૂ કરો. આ નરેશન બંધ કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રાથમિક ભૂમિકા નહીં બાંધી શકું તો..

સભાપતિશ્રી : પ્રાથમિક ભૂમિકા બંધાઇ ગઇ છે. બિલ પર ચાલો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આપ એક એક મિનિટમાં ટોકશો તો આ બિલ તો બહુ મોટું છે. આવડું મોટું બિલ છે કે જેના કારણે ગુજરાતની પ્રજાને ભારે મોટી મુશ્કેલી ઉભી થવાની છે.

સભાપતિશ્રી : આ નવું બિલ નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, નવું બિલ નથી. ગુજરાતની કાઉન્સિલમાં જે નિર્ણય થયો છે. અમારી સમજ બહાર હોઇ શકે છે.

સભાપતિશ્રી : સબ્જેક્ટ પર આવો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સમજ બહાર હોઇ શકે. હું ના નથી પાડતો. આટલા મોટા તજજ્ઞો બેઠા છે. વર્ષોથી આ સરકાર ચાલે છે તેના આગેવાન સભ્યો અને મંત્રીશ્રીઓ અહીં બેઠા છે ત્યારે અમને સમજાવે. અમે તો ગુજરાતની પ્રજાની ચિંતા કરીએ છીએ. હાલનું જે સુધારા વિધેયક આવ્યું છે તેમાં દિલ્હીમાં કાઉન્સિલ મળી હતી. કાઉન્સિલમાં જે ૨૫ સુધારા કર્યા છે તેમાં જુદા જુદા સન ૧૯૪૭નો ૪૬મો, વેરા ૫૪ રિફંડ, સ્પષ્ટીકરણ, પાછળ આપેલી જોગવાઇ એ તમામ બાબતો વાંચ્યા પછી અમને જે પ્રશ્નો ઉપસ્થિત થાય છે તે પ્રશ્નો અંગે માનનીય નાણા મંત્રીશ્રી આ ગૃહને એસ્યોરન્સ આપે તેવી વિનંતી કરવા માટે આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું. કાઉન્સિલમાં સુધારો થયો, માનનીય નાણામંત્રીશ્રી ઉપસ્થિત હતા. ગુજરાતના એક માત્ર નાણામંત્રી નહીં, દેશના તમામ રાજ્યોના નાણામંત્રીઓ

ઉપસ્થિત હતા અને ત્યારે સુધારો થયો ત્યારે દૂધ અને દહીં ઉપર પણ ટેક્સ વધારવામાં આવ્યો. ગુજરાત એવું રાજ્ય છે કે જેણે અમૂલની સ્થાપના કરી અને અમૂલની સ્થાપનાથી માત્ર ભારત દેશમાં નહીં, દુનિયામાં અમૂલ શું હોઇ શકે, દૂધ શું હોઇ શકે તેની ખબર પાડવા માટેનું કામ જો કોઇએ કર્યું હોય તો તે વખતના નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઇ પટેલનું સ્વપ્ન હતું. તેના કારણે અમૂલ એક મહત્વનું યુનિટ બન્યું છે. સરદાર પટેલનું સ્વપ્ન હતું. જે અમારા કોંગ્રેસના હતા. તેનો આજે વિરજી ઠુમ્મર તરીકે ગર્વ છે કે આવડું મોટું એકત્રીકરણ કરવા માટેનું જેણે કામ કર્યું છે એ સરદાર વલ્લભભાઇ પટેલ વર્ષો સુધી કોંગ્રેસના અધ્યક્ષ રહ્યા તેનો આજે પણ ગર્વ છે અને જિંદગીભર ગર્વ રહેશે. મારા વારસાને પણ કહેતો જવાનો છું કે આ સરદાર વલ્લભભાઇ પટેલનું ગર્વ રાખજો.

સભાપતિશ્રી : શ્રી વિરજીભાઇ, બિલ પર આવો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી અમને જ તમે કેમ ટોકો છો? કહો તો હું નીકળી જાઉં. તમે અમને રક્ષણ નહીં આપો તો અમને રક્ષણ કોણ આપશે?

સભાપતિશ્રી : તમે સરદાર પટેલ સાહેબને આમાં ન ખેંચો.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સાહેબ એટલા નાના નહોતા. સરદાર સાહેબ એટલા નાના નથી. સરદાર સાહેબ વિરાટ વ્યક્તિત્વ છે. તેને કોઇ પાર્ટી સાથે જોડીએ એ પણ ઠીક નથી. (અંતરાય) મને કહેવા દો. તેમનું તૈલચિત્ર મૂકવાનું હોય, ભારત રત્ન આપવાનો હોય, સ્ટેચ્યુ ઓફ યુનિટી સમગ્ર વિશ્વ જોવા આવે. તેનો વિરોધ કરનારા લોકો સરદાર સાહેબની વાત કરે છે. મને એવું લાગે છે કે આ વ્યાજબી નથી. આ ગુજરાતની ધરતી ઉપર એક વિરાટ વ્યક્તિત્વ(અંતરાય)

સભાપતિશ્રી : ચાલો, માનનીય મંત્રીશ્રી. પ્લીઝ. (અંતરાય) શ્રી પરેશભાઇ, તમારા નામનો ઉલ્લેખ નથી. આપ બેસી જાવ. પછી કોણ શું બોલ્યું હતું એ બધું નીકળશે. બિલ પર બોલજો. તમને કહી દઉં છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ એક એવું વ્યક્તિત્વ. બિલ પર બોલવા દેવું પડશે.

સભાપતિશ્રી : તમે બોલ્યા છો તેનો જવાબ આપ્યો છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જીતુભાઇએ જવાબ આપ્યો..

સભાપતિશ્રી : નો કાઉન્ટર રિપ્લાય, (અંતરાય) એ બોલ્યા છે એનો આ કાઉન્ટર આપશે પછી આ બાજુથી બોલશે એનો કાઉન્ટર રિપ્લાય આપશે તો મારે બધાને એલાઉ કરવાના?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું બોલવા ઉભો થયો છું. મારું નામ આપે એનાઉન્સ કર્યું છે. (અંતરાય) માનનીય મંત્રીશ્રી જીતુભાઇ બોલ્યા છે. સતત અંતરાય...

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ, બેસો. આપને એક કલાક જેટલો બોલવાનો સમય મળ્યો છે. માનનીય વિરજીભાઇને તક આપો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આપ હમણાંજ ઉપસ્થિત થયા છો. ચેર લીધી છે, મને સભ્ય તરીકે રક્ષણ આપશો તેવી વિનંતી સાથે હું મારી વાત આગળ વધારવા માગું છું.

અધ્યક્ષશ્રી : આપને પૂરેપૂરું રક્ષણ છે. આપ બોલો. આપ આ બિલ વિષે સ્કોપમાં બોલજો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ સિનિયર મંત્રીશ્રી મને જવાબ આપે તો મારે જવાબ તો આપવો પડેને?

અધ્યક્ષશ્રી : આપ વાત કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું જયારે મારી વાતમાં સરદાર વલ્લભભાઇ પટેલની વાત હું આ ફલોર ઉપર મૂકવા માગતો હતો કે સરદાર પટેલ એક વિરાટ વ્યકિતત્વ કે જે સરદાર પટેલના નામે ઇન્ટરનેશલ એરપોર્ટનું નામ આપ્યું કે દુનિયાના કોઇપણ દેશનો વ્યકિત આવે તો ખબર પડે કે હું ગુજરાતમાં આવ્યો છું *(xxx)

અધ્યક્ષશ્રી : આપ શાંતિથી વાત કરો. (અંતરાય)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, પાપ કરનાર કોણ છે?

અધ્યક્ષશ્રી : આપ સૌ બેસો. શ્રી પરેશભાઇ, આપ બેસો. આપને ઇનફ ટાઇમ આપેલો છે. (અંતરાય) સતત અંતરાય, આપ સૌ બેસો. આપ બધા પ્લીઝ બેસો... શ્રી પરેશભાઇ, આપ પ્લીઝ બેસો. આપ બધા બેસો. (અંતરાય) આપ પોઇન્ટ ઓફ ઓર્ડર બોલો. આપ બધા બેસો.

**પોઇન્ટ ઓફ કલેરીફિકેશન**

**બિલના સ્કોપમાં બોલવા અંગે**

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષસાહેબ, આપ હમણાં આવ્યા છો. આપને વિનંતી કે આ જે આખી જી.એસ.ટી. કાઉન્સિલની બાબત છે એમાં ભારતીય જનતા પાર્ટીના નાણામંત્રી પણ છે, કોંગ્રેસના પણ નાણા મંત્રી છે, આખા દેશની બધી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

જ પાર્ટીના નાણામંત્રી છે. આ બધાએ મળીને જયારે આ ટેકસનું સરળી કરણ કર્યું છે, એક આઇટમ હોય છાશ અથવા લસ્સી આની અંદર સરળીકરણ થયું છે. આ સમગ્ર જે બાબત છે એ બાબતને ભારતીય જનતા પાર્ટી હોય કે કોંગ્રેસની પાર્ટી હોય આ બાબતે આજે સંમતિ જ આપવાની હોય કારણ કે જી.એસ.ટી.માં બધા જ લોકોએ સંમતિથી નિર્ણય આપ્યો છે એટલે ત્યાં કોંગ્રેસ પાર્ટી આખા દેશની અંદર જયારે નિર્ણય કરે છે ત્યારે બધા જ પ્રાંત આવી જાય છે અને હવે અહીંયા કોઇ વાત આવે છે તો આ ડબલ સ્ટાન્ડર્ડની વાત છે. અહીંયા આ ટેકસેશનની કોઇ ચર્ચા હોઇ શકે જ નહીં.

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ક્લેરીફિકેશન છે. માનનીય વિરજીભાઇ, આપ સ્કોપમાં તમારા જે સૂચનો હોય તે કહો?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મારી આગ્રહભરી વિનંતી છે. હવે બે દિવસ જ બાકી છે. હવે ચૂંટણીઓ આવવાની છે. મને પ્લીઝ બોલવા દો. હું ખેડૂતો વતી બોલવાનો છું. ગામડાના ગરીબો વતી બોલવાનો છું. ગામડાના સામાન્ય માણસ વતી બોલવાનો છું. હું ગામડાના ખેડૂતનો દીકરો છું.

અધ્યક્ષશ્રી : આ બિલમાં એટલો સ્કોપ છે જ નહીં. આપણે અહીંયા ભેગા થઇને જે કંઇ સુધારા છે એ સિવાય બીજી કોઇ ચર્ચા કરવાની અહીંયા હોય જ નહીં.પૂર્ણેશભાઇ મોદી (અંતરાય) પ્રવાસન ખાતામાં આવી ગયા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સમય જાય છે. આપ બોલો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જીતુભાઇ જતા રહ્યા. મારે કહેવું પડે કે આ દેશને કોમી તત્વોથી પરેશાની હતી, ત્યારે આર.એસ.એસ. ઉપર પ્રતિબંધ મૂકવાનું કામ કર્યું હોય તો સરદાર વલ્લભભાઇ પટેલ હતા.

અધ્યક્ષશ્રી : આવી વાત નહીં (અંતરાય) આવી રીતે નહીં. આ વિષય ઉપર વાત કરવાનો કેવી રીતે સમય આપું? બિલ વિશે બોલો?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ આપું છું. વિરાટ વ્યક્તિત્વ, આ દેશને છીન્ન-ભીન્ન કરનારા લોકો ઉપર જો કોઇએ પ્રતિબંધ મૂકયો હોય તો સરદાર વલ્લભભાઇ પટેલે મૂક્યો છે અને એનું મને ગર્વ છે.

અધ્યક્ષશ્રી : એકની એક વાત કરો છો. આપને હું બેસાડી દઉં છું. (અંતરાય) મને મળેલ અધિકારની રૂએ હું એમને બેસાડું છું. (અંતરાય) બેસો, આ રીતે ન હોય. વારંવાર સૂચના આપવા છતાં બિલ ઉપર વાત નહીં કરવાની (અંતરાય) આપ બેસો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપ જ્યારે અધ્યક્ષ સીટ ઉપર બિરાજમાન ન હતા ત્યારે માનનીયશ્રી આત્મારામભાઇ હતા. શ્રી વિરજીભાઇ બિલની બાબતમાં ચર્ચા કરી રહ્યા હતા અને જગદીશભાઇ પટેલે બેઠા બેઠા સરદાર પટેલની વાત કરી અને વિરજીભાઇએ સરદાર પટેલનો ઇતિહાસ હતો એની વાત મૂકી. શ્રી જીતુભાઇ બહારથી આવ્યા અને શ્રી જીતુભાઇએ જે વાક્ય ઉચાર્યા એ અનુસંધાને કોંગ્રેસના સભ્યો એની સામે કાઉન્ટર જવાબ આપી રહ્યા છે. આમાં કોઇ ક્રિટીસાઇઝ નથી. સરકાર પક્ષમાંથી સિનિયર મંત્રીશ્રી ઉભા થઇને બોલ્યા એ વખતે ટોક્યા હોત તો આ વાતાવરણ ઉભું ન થયું હોત.

અધ્યક્ષશ્રી : જે કંઇ ચર્ચા થઇ હોય એને પડતી મૂકીને બિલ ઉપર આવી જાઓ. શ્રી વિરજીભાઇ, આપે બિલ ઉપર વાત કરવાની હોય તો એલાઉ કરીશ. બાકી નહીં કરું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ મને ટોકે નહીં એના માટે મને રક્ષણ આપો. બે દિવસ બાકી છે. આવતા વખતે સત્તામાં બેસવાનો છું.

અધ્યક્ષશ્રી : આપને બિલ ઉપર કાંઇ બોલવાનું જ નથી. આપે પોલિટિકલ વાતો કરવી છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ બહુ વિચારણાપૂર્વક વાત કરી હશે. પરંતુ એક કાઉન્સિલની મિટિંગ અને અમારે ત્યાં દૂધ અને દહીં ઉપર ટેક્સ નાખવાની વાત થઇ ત્યારે તમારે કહેવું પડે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બન્ને બાજુથી કોઇ કોમેન્ટ ન કરો. (અંતરાય) મારે બધાં કામો પૂરાં કરવાનાં છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, એટલું ન કહી શકાય? નાણામંત્રીશ્રીને વિનંતી કરીશ કે આટલી બાબત ધ્યાન ઉપર લેવી જોઇએ કે જ્યારે ટેક્સ નાખ્યો એના કારણે સામાન્ય લોકો મુશ્કેલીમાં મૂકાયા છે. આપના મારફત વિનંતી કરવી છે કે કમસે કમ જો આ વિધાનસભાને અધિકાર થતો હોય તો સુધારો લાવે કે દહીં અને દૂધમાંથી વેરો નાબૂદ કરે?

અધ્યક્ષશ્રી : આપ જાણો છો કે જે કાંઇ અહીંયા બિલ આવ્યું છે એ સુધારા બિલ છે અને જે નક્કી થયું છે એ જી.એસ.ટી. કાઉન્સિલમાં નક્કી થયું છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, તો મને ના પાડી દો. પણ મને વિનંતી તો કરવા દો કે દહીં અને દૂધમાં લાવ્યા છો ત્યારે સર્વાનુમતે ચર્ચા થઇ છે ત્યારે આપણું ગરવું ગુજરાત છે. કદાચ ત્યાં વિરોધ ન કરી શકયા હોય પરંતુ જો આ ગૃહને અધિકાર થતો હોય તો મારી વિનંતી છે. ગૃહના મંત્રીશ્રીઓને વિનંતી છે, માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે દહીં અને દૂધ સામાન્ય માણસોનો ખોરાક છે. બાળકોનો ખોરાક છે. નવો જન્મતો દીકરો કે દીકરી પણ દૂધ ઉપર નભે છે ત્યારે એની

ઉપર જે ટેક્સમાં વધારો કાઉન્સિલે કર્યો છે એમાં જો સુધારો થઇ શકતો હોય તો સુધારો કરવામાં આવે એવી મારી વિનંતી છે કારણકે તમે જોયું હશે કે *(xxx) આ પરિસ્થિતિ થઇ છે ત્યારે હું વિનંતી કરવા માંગું છું શકય હોય તો એમાં સુધારો કરે?

અધ્યક્ષશ્રી : આપ સીધી રીતે આપના મુદ્દા કહો. કટાક્ષો અને વ્યંગ કરવાનું બંધ કરો. પ્લીઝ. ના, આવા વ્યંગાત્મક શબ્દો ન હોય. હું રેકર્ડ ઉપરથી *(xxx) એ દૂર કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મારે બોલવું જ નથી પણ સામે પક્ષેથી કેટલું બધું બોલાય છે. એમને કહો કે હવે અમને બોલવા દે. ત્યારપછી કાઉન્સીલમાં બીજો પણ નિર્ણય કરવામાં આવ્યો હતો અને એ નિર્ણય ગુજરાતમાં પણ લાગુ કરવાનો છે. મમરાનું મોટું ઉત્પાદન કરતું કોઇ રાજય હોય તો ગુજરાત રાજય છે. મમરામાં પેકિંગ ઉપર ટેક્સ નાખ્યો છે. ૫૦૦ ગ્રામ મમરાનું પેકિંગ હોય તો એની ઉપર ટેક્સ અને કાઉન્સિલમાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે તમે જો મમરાનું પેકેટ ૨૫ કિલોથી મોટું કરશો તો ટેક્સ ફ્રી એ તો કેવી રીતે ચાલે? મમરાનું તો નાનું પેકિંગ માણસ ખાતો હોય છે એ કંઇ ૨૫ કિલો લેવા ન જાય તો આ બાબતની કાઉન્સિલમાં ચર્ચા થઇ હોય અને મમરા ઉપર જો ટેક્સ ફ્રી કરવાની વાત હોય. મેં પેપરમાં પણ વાંચ્યુ કે મમરા અને પૌંઆ ટેક્સ ફ્રી કરવા છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : જે રેટ વધારાની વાત છે એનું નોટિફિકેશન જી.એસ.ટી. કાઉન્સિલ કરે છે અને અહીંયા એની ચર્ચાનો અવસર જ નથી. ખાલી કાયદામાં સુધારાની વાત છે. આપણે બે સરળીકરણ કરીએ છીએ. એ સિવાય બીજી કોઇ વધારાની વાત નથી એટલે એ સ્કોપ ઉપર બોલવું જોઇએ.

અધ્યક્ષશ્રી : આપને હવે લાસ્ટ વોર્નિંગ છે. (અંતરાય)આપને કલાક આપ્યો હવે શેના હાથ ઉંચા કરો છો? આપ બેસો. શ્રી વિરજીભાઇ, આપનું ચાલુ રાખો.(અંતરાય)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : તમારા વ્યકતવ્યમાં હું નહોતો ઉભો થયો.

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇ, આપ સૂચન કરો અને જલદી પૂરું કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, એના કારણે આ પરિસ્થિતિ થયેલી છે. સુધારો ન થઇ શકતો હોય તો માનનીય મંત્રીશ્રીએ અત્યારે જેમ ઉભા થઇને વાત કરી એમ એમના જવાબમાં રજૂ કરશે તો અમે સંતોષ માનવાના છીએ, પણ જે બાબત અમે સમજી શકતા નથી તો બજેટમાં જો આવડો મોટો સરસ મજાનો નાણા વિભાગ સંભાળો છો, ત્યારે અમે સભ્યો તરીકે ગુજરાતની પ્રજા માટે વિનંતી કરીએ છીએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને બોલવા જ દેતા નથી.

અધ્યક્ષશ્રી : આપ બોલોને? એ બાજુ જુઓ છો શું કામ?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, પછી મારી ગાડી પાટા ઉપરથી ઉતરી જાય છે.

અધ્યક્ષશ્રી : આપ આપની વાત કરો. સમય જાય છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મારી ગાડી પાછી ઉતારી દે છે. જો જીતુભાઇ આવ્યા પાછા.

અધ્યક્ષશ્રી : આપને મેં એલાઉ કર્યા છે એટલે આપ બોલો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, જો પાછા જીતુભાઇ બોલવા માંડયા. કોઇ મને બોલવા જ નથી દેતું.

અધ્યક્ષશ્રી : પણ તમારે એમની સાથે વાત નથી કરવાની? તમારે મારી સાથે વાત કરવાની છે. આપે જે રજૂઆત કરવાની હોય એ આપ અધ્યક્ષશ્રીને કરો. એ બાજુ કયાંય તમારે રજૂઆત નથી કરવાની.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મારી દર્દભરી વિનંતી છે કે મને બોલવા દો. પાંચ મિનિટમાં હું પૂરું કરું છું. હું શ્રી પરેશભાઇની જેમ બે પિરિયડ નથી લેવાનો. આ મમરા જે નાના માણસોનો ખોરાક છે. મમરા આપણે પણ ગાડીમાં જતા હોઇએ ત્યારે લઇને જતા હોઇએ છીએ. મેં પેપરમાં વાંચ્યુ એના ઉપરથી સાચુ ખોટું તો બિલ આવે, ત્યારે વાંચવાનું કે ૨૫ કિલોના મમરાને ટેક્સ ફ્રી કરવામાં આવે છે. જી.એસ.ટી. નહીં લગાડવામાં આવે. ૫૦૦ ગ્રામને પણ ટેક્સ ફ્રી કરી નાખે તો ન થાય?

અધ્યક્ષશ્રી : આમાં કોઇ નવાં સૂચનને અવકાશ નથી. આપ સુધારા ઉપર વાત કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : આ સુધારો જ હું સૂચવું છું કે આવા સુધારા લઇને આવે. જંતુનાશક દવા ઉપર, ખાતર ઉપર, બિયારણ ઉપર મોટો ટેક્સ લાગ્યો છે એના કારણે ખેડૂતો પણ મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતો જે ઉત્પાદન કરે છે એ જી.ડી.પી. વધારવા માટે મહત્વનો છે. ખેડૂત જગતનો તાત છે. એ જગતના તાતને બચાવવા માટે આ ગૃહના છેલ્લા બે દિવસ છે. હવે તો પછી સીધી ચૂંટણી આવે ત્યારે માનનીય મંત્રીશ્રી કનુભાઇ બહુ મોટું મન રાખો. ગુજરાતના ખેડૂતો માટે મોટું મન રાખો, ગરીબ લોકો માટે મોટું મન રાખો. સામાન્ય જનતા માટે મોટું મન રાખો અને આ મારા સુધારા સ્વીકારો એવી લાગણી સાથે હું આ બિલની આ બે-ત્રણ બાબતોમાં મારી વાતને સ્વીકારો એવી વિનંતી કરી મારું વકતવ્ય પૂરું કરું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયક બિલ ઉપર માનનીય ધારાસભ્યશ્રી હર્ષદભાઇ, શ્રી કિરીટભાઇ પટેલ, શ્રી દુષ્યંતભાઇ, શ્રી પરેશભાઇ અને શ્રી વિરજીભાઇએ પોતાના વિચારો રજૂ કર્યા. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને હું બિલના સ્કોપની જ વાત કરીશ તો કાયદામાં સરળીકરણ કરવા માટે આ બિલ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

લાવવામાં આવ્યું છે. રેટનું નોટિફિકેશન જી.એસ.ટી. કાઉન્સિલમાં નક્કી થયા પ્રમાણે થાય છે. આ બિલ દ્વારા મૂળ કાયદાની કલમોમાં સુધારો કરી વહીવટી પ્રક્રિયામાં સરળીકરણ કરવાની બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે. જી.એસ.ટી. રેટ બદલવાની સત્તા જી.એસ.ટી.કાઉન્સિલના અધિકાર ક્ષેત્રમાં છે. જે નોટિફિકેશન દ્વારા કરવામાં આવે છે. નોટિફિકેશન કાઉન્સિલના નિર્ણય પછી તરત જ બહાર પાડવામાં આવે છે અને બિલ મારફત દરોમાં કોઇપણ ફેરફાર સૂચવવામાં આવતો નથી. ખાસ કરીને આ બિલમાં સૂચિત સુધારાઓ અને કોઇપણ વસ્તુના વેટના દરના ફેરફારની દરખાસ્ત નથી. જી.એસ.ટી. રેટ ફેરફારના નિર્ણયો અલાયદા રીતે કેન્દ્ર અને રાજ્યો દ્વારા કાઉન્સિલના નિર્ણયોથી થાય છે. માનનીય હર્ષદભાઇએ કહ્યું તેમાં કહું તો ખેતપેદાશ ઉપર કોઇપણ જાતનો ટેક્સ નથી. પરંતુ ટ્રેકટરથી થતા ઉત્પાદનો ઉપર જે રીતે ટેક્સ સમગ્ર દેશમાં લાગુ પડે છે તે રીતે જ અહીં લાગુ પડે છે. તેને સબસિડી સાથે કોઇ લેવાદેવા નથી. માનનીય કિરીટભાઇએ કહ્યું કે, પરંપરાગત ગરબા માટે પણ ટેક્સ છે. ગરબા પર કોઇ જી.એસ.ટી. નથી. શેરી ગરબા ઉપર કોઇ ટેક્સ નથી. ગુજરાતનો નવરાત્રિ ઉત્સવ વિશ્વ વિખ્યાત છે.

અધ્યક્ષશ્રી : આપ બેસો હવે જવાબ ચાલુ છે. વચ્ચે નહીં, વચ્ચે બિલકુલ નહીં. જયારે મંત્રીશ્રી જવાબ આપે છે ત્યારે વચ્ચે નથી બોલવાનું. મંત્રીશ્રી આપ આપનો જવાબ ચાલુ રાખો. પ્લીઝ બેસો. હવે આપ ડિસ્ટર્બ ના કરો. તમને હાઉસમાં ડિસ્ટર્બ કરવાની બહુ જ આદત છે. આપ બેસો, હું એલાઉ નથી કરતી. હું તમને એલાઉ નથી કરતી આપ બેસો. આપ પ્લીઝ બેસો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વેપારી જગતની રજૂઆતોને ધ્યાનમાં લઇ શેરી ગરબા તથા પરંપરાગત ગરબા માટે જે રૂપિયા ૫૦૦ થી નીચેના દરે સર્વિસ ચાર્જ સાથે રમાય છે તેના ઉપર કોઇ જી.એસ.ટી. લેવામાં આવતો નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ ટકા વસૂલવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપ બેસો. આપને જે કહેવું હોય તે પછી કહેજો. મંત્રીશ્રી જવાબ આપતા હોય ત્યારે કોઇએ વચ્ચે નથી બોલવાનું. અહીં વારંવાર તમને ના પાડું છું અને તમે મારી વાત માનતા નથી. હું તમને બહાર મોકલીશ. પ્લીઝ બેસો. નહીં, તમે મંત્રીશ્રીનો જવાબ સાંભળતા નથી. જવાબ બધાને સાંભળવો છે. તમે વચ્ચે ડિસ્ટર્બ ન કરી શકો. આપ બેસો. મંત્રીશ્રી આપ પ્રવચન ચાલુ રાખો. આપ બેસો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર કહું છું.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર ના હોય. મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય પછી. આપ જેમ કહો તેમ ગૃહ ન ચાલે. મંત્રીશ્રીનો જવાબ પછી હું તક આપીશ. મેં કહી દીધુ એટલે હું આપીશ. બિલકુલ નહીં. વચ્ચે પોઇન્ટ ઓફ ઓર્ડર નહીં. મંત્રીશ્રીના જવાબમાં પોઇન્ટ ઓફ ઓર્ડર વચ્ચે નહીં આપું. માનનીય મંત્રીશ્રી આપ ચાલુ રાખો. શ્રી સુખરામભાઇ આપના સભ્યને કહો નહીંતર હું બહાર મોકલીશ. માનનીય મંત્રીશ્રી.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વેપારી જગતની રજૂઆતને ધ્યાનમાં લઇ અને કાયદામાં સરળીકરણના હેતુથી જી.એસ.ટી. કાયદામાં સંશોધન સુધારો કરવામાં આવે છે. જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા સદર નિર્ણયો કરવામાં આવે છે. જે તમામ રાજ્યો માટે બંધનકર્તા હોય છે. સૂચવેલ સુધારા દ્વારા કાયદાનું સરળીકરણ થશે અને વેપારીઓને તેનો લાભ મળશે એટલે સુધારા જરૂરી છે. માનનીય પરેશભાઇએ કહ્યું કે, કોરોનાકાળ દરમ્યાન વેપાર ધંધાને નુકસાન થયું છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના અને નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીના નેતૃત્વમાં આજે દેશ કોરોના જેવી મહામારીમાંથી બહાર આવ્યો છે. અર્થ વ્યવસ્થા સારી રીતે પુનઃસ્થાપિત થઇ છે. વિશ્વની નામાંકિત સંસ્થાએ આપણને જણાવ્યું છે કે અર્થતંત્રમાં પુનઃ વિકાસની ગતિ પકડી છે. શ્રી નરેન્દ્રભાઇના દૂરંદેશી નેતૃત્વને કારણે આપણા દેશની અર્થવ્યવસ્થા ઇંગ્લેન્ડને પછાડીને વિશ્વમાં પાંચમા ક્રમની અર્થવ્યવસ્થા બની ચૂકી છે. હવે દેશની અર્થ વ્યવસ્થા પાંચ ટ્રિલિયન ડોલરની બનવા જઇ રહી છે. જેમાં ગુજરાતનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. ગુજરાત ભારતનું એકર્સપોર્ટ હબ બની ગયું છે. ૨૧ ટકા જેટલો એક્સપોર્ટ સમગ્ર ભારતમાં ગુજરાતમાંથી જાય છે. ગુજરાતના ઉદ્યોગો અને ગુજરાતના વેપારીઓ જે રીતે ગુજરાતના વિકાસ માટે કટિબદ્ધ છે તેના લીધે દેશને ગુજરાતનું ગ્રોથ એન્જિન કહેવામાં આવે છે. રોકાણકારો માટે ગુજરાત પ્રથમ પસંદગી છે. તાજેતરમાં વેદાંતા કંપનીએ દેશમાં ઇલેકટ્રોનિકસ માઇક્રો ચિપ્સ માટે ગુજરાતને પસંદ કરી ૧ લાખ ૫૬ હજાર કરોડના રોકાણ માટેના એમ.ઓ.યુ. કરેલ છે. જેનાથી એક લાખ કરતાં પણ વધારે રોજગારીનું સર્જન થશે, જે આપણા સૌના માટે ગૌરવની વાત છે. હું રિકવેસ્ટ કરું છું કે આ વિધેયક સર્વાનુંમતે મંજૂર કરવામાં આવે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરવા માગુ છું કે, ગુજરાતમાં કઠોળ, તેલીબિયાં, અનાજ અને રૂ ઉપર જી.એસ.ટી. વસૂલવામાં આવે છે કે કેમ? ન આવતો હોય તો માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી એની સાથે અમે સંમત છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પષ્ટપણે માનું છું અને આપના મારફત ગૃહને જણાવવા માગુ છું કે, ગુજરાતની તમામ કૃષિ ઉપજો એ અનાજ હોય, કઠોળ હોય, તેલીબિયાં હોય, રૂ હોય એના ઉપર ટેક્સ વસૂલવામાં આવી રહ્યો છે અને માનનીય મંત્રીશ્રી શરતચૂકથી રેકર્ડ ઉપર કહ્યું કે કૃષિ ઉપજો ઉપર ટેક્સ વસૂલવામાં આવતો નથી.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો દ્વારા ખેત ઉત્પાદન કરવામાં આવે છે ત્યારે પ્રાથમિક ઉત્પાદન ઉપર કોઇ જી.એસ.ટી. હોતો નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૨૨નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૧૯, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૨૨નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન-૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૨૨નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૧**

**ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા)વિધેયક, ૨૦૨૨**

**ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી હર્ષ સંઘવી**(**રા.ક. ગૃહમંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન-૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૧, સન-૨૦૨૨નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૨ના ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે ગુજસીટોક કાયદામાં સુધારો કરતું વિધેયક સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરું છું. ગુજસીટોક કાયદાની જોગવાઇઓમાં વિસંગતતા ના રહે તે માટે હાલના કાયદામાં કેટલાંક સુધારાઓનો ઉમેરો કરવાનુ આવશ્યક જણાતાં ૧૫-૭-૨૦૨૨ના રોજ એક વટહુકમ બહાર પાડેલ છે. આ સુધારાઓને મૂળ કાયદામાં આમેજ કરવા માટે હું આજે આ સુધારા વિધેયકને લઇને સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. સરળ ભાષામાં કહીએ તો નીચે કાયદાની કલમ-૨માં વ્યાખ્યા કરવામાં આવી છે, જેમાં 2(h) માં આતંકવાદી કૃત્યની વ્યાખ્યા કરવામાં આવી છે જે 2(e) માં ફરી એક વખત ડુપ્લીકેટ થાય છે એટલે 2(e) માંથી આતંકવાદી કૃત્ય શબ્દને રદ કરીએ છીએ કેમ કે આતંકવાદી પ્રવૃત્તિ અને સંગઠિત ગુના બન્ને અલગ બાબત છે જેની વ્યાખ્યા અલગ અલગ કરવામાં આવેલી છે. આનાથી આતંકવાદી કૃત્ય સામેની કોઇ પણ કાર્યવાહી રદ નથી કરતા પણ આતંકવાદ સામેની આ ઝૂંબેશ છે, આ લડાઇ છે તે યથાવત છે અને તે આ જ ઝડપથી ચાલશે. વધુમાં 2(e) માં જુગારની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ છે જે રદ કરીએ છીએ કેમ કે ગુજસીટોક કાયદા હેઠળ ત્રણ વર્ષથી વધુ સજા હોય તેવા ગુનાઓનો જ સમાવેશ કરાયો છે. જયારે જુગારધારા અન્વયે ત્રણ વર્ષ કરતા ઓછી સજા થાય છે, જેથી ગુજસીટોક કાયદા હેઠળ જુગારની પ્રવૃત્તિ આ કાયદામાંથી રદ કરીએ છીએ. અલબત્ત જુગારધારા હેઠળ જુગારની બદીને નાથવા પૂરતી સજાની જોગવાઇ છે એટલા માટે આ કાયદામાંથી જુગારની પ્રવૃત્તિ રદ કરવાથી જુગાર સામેની જે લડત અને ઝુંબેશ છે તેને કોઇ પણ પ્રકારની તેની અંદર તકલીફ નથી પડતી.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદાની કલમ-૪ ગેરકાયદેસર મિલકત સામે અસરકારક સજા કરવાનો છે. સંગઠિત ગુનાખોરીને ડામવા માટે, ગુનેગારો સામે કાયદાકીય કાર્યવાહી કરવા ઉપરાંત આરોપીની ગેરકાયદેસર મિલકત સામે કાર્યવાહી કરવાથી કાયદાની અસર બેવડાઇ જાય છે. આને વધુ અસરકારક બનાવવા માટે આ કાયદાના અમલમાં આવ્યા પછીની તારીખ શબ્દને ઉમેરીએ છીએ. આમ કરવાથી કાયદાના અમલ અંગેની વિસંગતતા દૂર થશે અને કાયદો વધારે અસરકારક થયો છે. ગુનાની તારીખ આ કાયદા અથવા કોઇ બીજા કાયદાની જોગવાઇ હેઠળ જામીન પર હોય તો તેને જામીન મંજૂર કરી શકાય નહીં તેવી જોગવાઇ હતી પરંતુ આ કાયદાને વધુ અસરકારક બનાવવા માટે આ કાયદા હેઠળના ગુનામાં આરોપીને જામીન મળ્યા હોય અને આ જ કાયદા હેઠળ બીજો ગુનો કરે તો તેને કોઇ પણ સંજોગોમાં જામીન મળે નહીં તેવી કડક જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા વિધાનસભાના તમામ સાથીઓને ખાસ કરીને વિનંતી કરવા માગું છું કે, ગુજરાતે જે પ્રકારે NCRB-૨૦૨૧ના ડેટામાં આપણે ગુજરાત ૩૬ રાજયોમાંથી ગંભીર ગુનાઓ હોય, ખૂનના ગુનાઓ હોય, મહિલા વિરૂદ્ધના ગુનાઓ હોય તે ૩૬ રાજયમાં દેશમાં આપણે એકદમ છેલ્લી શ્રેણીમાં આવ્યા છીએ તેનુ ખૂબ મોટું કારણ છે ગુજસીટોક

---

* વિધેયક તા.૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જેવો કડક કાયદો. હું સૌ સભ્યોને વિનંતી કરું છું કે આ જે સામાન્ય ચેન્જીસ આપણા કાયદાને વધુ મજબૂત બનાવે છે. આમાં કોઇ પણ પ્રકારની રાજકીય ટિપ્પણી વગર આ કાયદાને હજુ વધુ મજબૂત કરવા માટે તમે સૌ લોકો આમાં સાથે જોડાઓ એવી આપ સૌને વિનંતી છે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આજે ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૫માં આ કાયદો આ સભાગૃહમાં રજૂ કર્યો હતો. જ્યારે આ કાયદો વિધાનસભાગૃહમાં રજૂ થયો ત્યારે જે રીતે વિધાનસભાગૃહમાં આ કાયદા માટેની ચર્ચાઓ થઇ હતી અને તત્કાલીન ગૃહમંત્રીશ્રીએ જે પ્રવચન આપ્યું હતું એના તરફ આ સભાગૃહનું ધ્યાન દોરવું છે. વર્ષ ૨૦૦૩માં આ જ વિધાનસભા ગૃહમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી કાયદો લાવ્યા હતા અને એ કાયદો તે વખતની યુ.પી.એ. સરકારે નામંજૂર કર્યો હતો. આ સભાગૃહમાં આતંકવાદ સામે લડવા માટેનો આ કાયદો યુ.પી.એ.ની સરકારે રદ કર્યો છે અને પછી વર્ષ ૨૦૧૫માં આ કાયદો લાવવામાં આવ્યો. એ વખતે આ કાયદો રાજ્યમાં આતંકવાદી પ્રવૃત્તિ સદંતર બંધ થઇ જશે એવો હતો. બિલમાં જે રજૂઆતો કરવામાં આવી હતી, સભ્યો દ્વારા જે વાત કરવામાં આવી હતી, ગૃહમાં જે પ્રવચનો કરવામાં આવ્યા હતા ત્યારે આપણને એમ લાગે કે દેશ અને કેન્દ્ર સરકારમાં આવો કોઇ કાયદો નહિ હોય કે જે કાયદો ગુજરાત સરકાર લાવવા જઇ રહી છે. વિધાનસભા ગૃહમાં જે ચર્ચા થઇ હતી એની ઝેરોક્ષ મેં વિધાનસભાની લાઇબ્રેરીમાંથી લીધી છે. બિલ લાવ્યા ત્યારે એમ કહેવામાં આવ્યું હતું કે આર્થિક સમૃદ્ધિને કારણે રાજ્યમાં ઓર્ગેનાઇઝ ક્રાઇમ સક્રિય બને તે સંભાવના હરહંમેશ રહેતી હોય છે. આ ઉપરાંત ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિને કારણે ગુજરાત ૧૬૦૦ કિ.મી. જેટલો લાંબો દરિયા કિનારો ધરાવે છે. ૫૦૦ કિ.મી. જેટલો જમીન વિસ્તાર પડોશી દેશ પાકિસ્તાનની સરહદને સ્પર્શે છે. એ સિવાય cross boarder terrorism દ્વારા ભારતને ખોખલું કરવાનું ષડયંત્ર પાકિસ્તાન સતત કરતું રહ્યું છે. ભૂતકાળમાં આવા અનેક આતંકવાદી હુમલાઓ થયા છે. અક્ષરધામ હુમલો, ટ્રોમા સેન્ટરનો હુમલો, સંસદ પર હુમલો, મુંબઇના હુમલા, રઘુનાથ મંદિરના હુમલા આવા અનેક ઉલ્લેખો આ સભાગૃહમાં કરવામાં આવ્યા હતા. એ વખતના માનનીય પૂર્વ મંત્રીશ્રી પ્રદિપસિંહભાઇએ ઘણું બધું વિવરણ કર્યું છે. કાયદો લાવ્યા ત્યારે એમ કહેતા હતા કે આ ફક્ત અને ફક્ત આતંકવાદીઓ માટેનો કાયદો છે. સરકાર જ્યારે સુધારા-વધારા લઇને આવી છે ત્યારે મારે સરકારને પૂછવું છે કે તમે ગુજસીટોક કાયદો આ સભાગૃહ સમક્ષ લઇને આવ્યા ત્યારે આતંકવાદ માટેનો આ કાયદો છે, સંગઠિત ગુનાઓ માટેનો કાયદો છે. તે વખતે સરકારનું ધ્યાન કેમ ના પડ્યું. જે પ્રવૃત્તિ આતંકવાદ સાથે સંકળાયેલી નથી, જે પ્રવૃત્તિને આતંકવાદ સાથે કોઇ લેવા-દેવા નથી એવી પ્રવૃત્તિઓનો સમાવેશ આ કાયદામાં કેમ કરવામાં આવ્યો? જે પવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો એનો કાયદો છે, વિવિધ કલમો છે. કલમોને આધીન કોર્ટ સજા પણ કરતી હોય છે.
તે વખતે કેમ સરકારના ધ્યાનમાં ન આવ્યું? તે વખતે સરકાર જે રીતે કાયદો લાવી હતી ત્યારે આ ગૃહનું વાતાવરણ જોયું હતું. હું પણ તે વખતે ધારાસભ્ય હતો અને મેં પણ તે વખતે પ્રવચન આપ્યું હતું. આ આખો કાયદો આતંકવાદ માટેનો છે અને આ કાયદાથી રાજ્યમાં આતંકવાદીઓ નહિ આવે. આજે એ જ કાયદામાં માનનીય મંત્રીશ્રીએ ખૂબ સરળ અને સાદી ભાષામાં વાત કરી કે બહુ નાનો સુધારો લઈને અમે આવ્યા છીએ. સુધારો સો ટકા ખૂબ નાનો છે પણ ગંભીર પણ છે. સરકાર જ્યારે આટલો મોટો કાયદો બનાવતી હોય તો તેમના ધ્યાનમાં આ બધી પ્રવૃત્તિઓ કેમ ન આવી? વર્ષ ૨૦૧૫માં બનેલા કાયદાને આજે વર્ષ ૨૦૨૨માં સુધારવા માટે કેમ લાવવો પડ્યો? જે રીતની પ્રવૃત્તિઓ છે કે ખંડણી કરવી, જમીન પચાવી પાડવી તો શું આ ખંડણી કોણ કરે છે તે સરકારે શોધ્યું? કોઈ ગુનો નોંધાવે ત્યારે પોલીસને ગુનો નોંધવા જેવો લાગે તો નોંધે, નોંધવા જેવો ન લાગે તો ના નોંધે. માનનીય મંત્રીશ્રી પાસે હું ચોક્કસ અપેક્ષા રાખીશ અને જો જવાબ આપશે તો આનંદ થશે. ખંડણીમાં આજે પણ હું ચોક્કસ કહેવા માગું છું કે અમુક પ્રકારના કેસોમાં પોલીસ ફરિયાદ નોંધવામાં આવે છે પણ અમુક પ્રકારના કેસોમાં પોલીસ ફરિયાદ નોંધવામાં આવતી નથી તે આપણે સૌ બધી રીતે જાણીએ છીએ. હું રાજકીય અવલોકન કરતો નથી. આખા રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુધારવી જોઇએ. ભૂતકાળમાં આ જ વિધાનસભાગૃહમાં માનનીય મંત્રીશ્રી જ્યારે ગૃહ વિભાગની ચર્ચાઓ લઇને આવ્યા હતા ત્યારે આ જ કોંગ્રેસ પાર્ટીએ કાયદો અને વ્યવસ્થાની બાબતમાં સર્વાનુમતે માંગણીઓ મંજૂર કરી હતી. વિપક્ષ તરીકે અમારી પણ ચોક્કસ ચિંતા છે. અમારી ફરજના ભાગરૂપે હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. આમાં એક કાયદો પણ છે, એક લીટી છે કે જમીન પચાવી પાડવી. આ સભાગૃહમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ દાખલ કરેલો છે. *(xxx)

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**બિલના સ્કોપ ઉપર બોલવા બાબત**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય શૈલેષભાઈ ખૂબ અનુભવી છે અને ઘણી બધી વાત એમણે કરી પણ તે સાઈડ ટ્રેક થઈ ગયા. આ લેન્ડ ગ્રેબિંગના કાયદાની વિગત નથી. ગુજસીટોકની બાબત છે તેમાં લેન્ડ ગ્રેબિંગ ઉપર ચાલીને કંઈક બીજી વાત ઉપર જતા રહેલ છે એટલે તેમને પાછા લાવવાની મારી કોશિશ છે. આથી મારો પોઈન્ટ ઓફ ઓર્ડર ગ્રાહ્ય રાખી અને તે બાબતમાં પાછા આવે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ભાદ્રપદ ૩૦,૧૯૪૪ શાકે

## ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ(સુધારા)વિધેયક,૨૦૨૨

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપાડ્યો છે તે વ્યાજબી એટલા માટે છે કે અહીંયા જ્યારે સુધારાની વાત ચાલતી હોય અને તે વખતે આપણે લેન્ડ ગ્રેબિંગનો આક્ષેપ કરીએ તે યોગ્ય નથી. તેની પહેલેથી મંજૂરી લેવી પડે અને આની અંદર તે આવે નહિ. આપે જે કંઇ વાત કરી છે તે વાતને હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમની સ્પીચમાં ખંડણી, જમીન પચાવી પાડવી આ બધા શબ્દોનો ઉલ્લેખ કર્યો છે. આ સરકારનું ધ્યાન પણ મેં દોર્યુ છે કે લેન્ડ ગ્રેબિંગ એક્ટ જે બનાવ્યો છે. આજનો જે કાયદો છે એમાં પણ લેન્ડ ગ્રેબિંગની વાત આવે છે અને સરકારે નવો કાયદો પણ પાસ કરેલ છે. એક જ કેસ માટે બે કાયદા કેવી રીતે હોઇ શકે એ સરકારે સમજવાની જરૂર છે. હું ડબલ એન્જિનમાં માનતો નથી. હું સિંગલ એન્જિનવાળો માણસ છું. સિંગલ એન્જિન હંમેશા સ્કૂટર, રીક્ષા, બસ, ટ્રક અને કારમાં હોય છે. પ્લેન અને હેલિકોપ્ટર ડબલ એન્જિનવાળાં વાહનો હોય છે અને હવામાં ઉડતા હોય છે. જમીન પચાવી પાડવી એનો ઉલ્લેખ આની અંદર છે.

અધ્યક્ષશ્રી : આપ સીનિયર સભ્ય છો અને આવી વાત અહીંયા કરી શકાતી નથી. આ વ્યક્તિગત વિષય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બે-બે કાયદા હોવા છતાં સરકાર કેમ પગલાં ભરતી નથી. માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે લેન્ડ ગ્રેબિંગ એક્ટ પણ સરકારે નવો કાયદો બનાવેલો જ છે અને આની અંદર પણ એનો સમાવેશ કરવામાં આવેલો છે. માટે જ્યારે પણ પોલીસ વિભાગ કે કલેક્ટર વિભાગને કેસ કરવાની વાત આવશે ત્યારે આ કાયદો પણ લાગુ કરવો પડશે અને લેન્ડ ગ્રેબિંગ એક્ટનો કાયદો પણ લાગુ કરવો પડશે. આ જે જમીન પચાવી પાડવા માટેનું લખાણ કરવામાં આવ્યું છે એ સરકાર દૂર કરે તો એક જ કાયદા ઉપર એનો અમલ થઇ શકે. જુગારમાં ચાલતા અડ્ડા પર ત્રણ વર્ષથી વધારે હોય તો જ આ કાયદાને અમલમાં મૂકી શકાય એમ છે. આમાં ખાસ કરીને બહેનો માટે જે વેશ્યાવૃત્તિ અને માનવ તસ્કરીના કૌભાંડ માટે મે માનવતાની દ્રષ્ટિએ વિધાનસભા ગૃહમાં વાત મૂકી હતી. પોલીસ પાસે એની માહિતી હોય છે કે કઇ-કઇ જગ્યાએ આ રીતની પ્રવૃત્તિઓ ચાલતી હોય છે. જો સરકાર આમાં થોડીક જાગૃત થાય અને પોલીસને જાગૃત કરે તો આ વૃત્તિને આપણે બંધ કરી શકીએ એમ છીએ એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. સાયબર ગુનાઓમાં ગંભીર પ્રકારના ગુનાઓ હોય તો એની સામે સરકાર એક્શન લેતી હોય છે એમાં કોઇ વાંધો ન હોઇ શકે. પણ ઘણીવાર રાજકીય દબાણ માટે પણ આ કાયદાનો ખોટી રીતે ઉપયોગ થતો હોય છે. આ કાયદાનો ખોટી રીતે ઉપયોગ ન થાય એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. અત્યારે ગુજરાતની અંદર ડ્રગ્સનો સૌથી મોટો વેપલો ચાલી રહ્યો છે. રાજ્યની અંદર કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાય છે. આતંકવાદવાળો કાયદો હોય તો આ ડ્રગ્સથી મોટો કોઇ આતંક ન હોઇ શકે. આ રાજ્યની આવનારી પેઢીને નુકસાન કરનારું છે. આ જમીન પચાવી પાડવાની વાતને આમાંથી દૂર કરો અને ડ્રગ્સ માટેના માફિયાઓનો આની અંદર સમાવેશ કરો. મારી વાતને જો પોઝિટિવ રીતે લેવામાં આવશે તો જે સુધારો લઇને આવ્યા છે એમાં અમારો ટેકો આપવા માટે વિચારીશું.

વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આતંકવાદને સંગઠિત ગુના નિયંત્રણ સુધારા વિધેયક-૨૦૨૨ આ ગૃહના ગૃહ પ્રધાન માનનીય શ્રી હર્ષભાઇ જે લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય શાંતિપ્રિય રાજ્ય છે. આ રાજ્યને શાંતિપ્રિય રાખવા માટેના પ્રયત્નો અત્યાર સુધીની તમામ સરકારોએ કર્યા છે. હાઇટેક જમાનો શરૂ થયો છે અને પ્રાઇવેટાઇઝેશન વધ્યું છે. સોશિયલ મિડિયાનો વપરાશ વધ્યો છે અને પિકચરો જોઇને પણ લોકોમાં નાના-મોટા ગુના કરીને પૈસા વાળું થવાની એક હોડ વધી છે. ખોટા બિઝનેશ સાથે સંકળાઇ તાત્કાલિક માણસનો આર્થિક રીતે સદ્ધર થવા માટેનો પ્રયાસ વધતો જાય છે અને દેખા-દેખીમાં ગુનાનું પ્રમાણ વધતું જાય છે, તેને નિયંત્રિત કરવા માટે રાજ્યની સરકાર વર્ષ ૨૦૧૫માં જે અધિનિયમ લઇને આવેલ અને રાષ્ટ્રપતિશ્રીએ પણ જેને મંજૂરી આપી છે છતાં પણ ગુનાનું પ્રમાણ દિન-પ્રતિદિન કોઇ ને કોઇ રીતે વધતું જાય છે, ત્યારે માનનીય મંત્રીશ્રીએ વટહુકમ કરીને, વિધાનસભા ચાલુ નહીં હોય એટલે વટહુકમથી આતંકવાદ માટેનો જે વટહુકમ લાવ્યા હતા તેને આજે ગૃહમાં રજૂ કર્યો છે ત્યારે હું મારાં સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં ગુજરાત રાજ્યમાં સરકાર પોતાની જાગૃતિ કહે છે. જાગૃતિ કરતી હોય અને પોલીસ તંત્ર સારી કામગીરી કરતી હોય તો હું એમાં સંમત છું. દિન-પ્રતિદિન કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાઇ રહ્યું છે અને એ ડ્રગ્સ જયારે પકડાઇ રહ્યું છે ત્યારે આ આતંકવાદી પ્રવૃતિ સાથે જોડીને જો આવી પ્રવૃતિ કોઇ પણ કરતું હોય એમાં કોઇ અધિકારીઓ સામેલ હોય કે કોઇ બહારથી લાવવા માટે પણ સામેલ હોય તો એને તાત્કાલિક આતંકવાદ ધારા નીચે પકડી અને જેલ હવાલે કરી જિંદગીભર છૂટી ન શકે તે માટેના સરકારે પ્રયાસો કરવા જોઇએ તો હું એ પ્રયાસોને સમર્થન આપીશ. પરંતુ કોઇને કોઇ બહાના નીચે કરોડો રૂપિયાનું ડ્રગ્સ આવ્યું છે, ડ્રગ્સ લોકોમાં વેચાઇ રહ્યું છે, પકડાઇ રહ્યું છે અને પકડાઇ રહ્યું છે એના કરતાં લોકો સુધી કેટલુંયે પહોંચી ગયું છે. નીત નવી સિગારેટમાં પણ આજે ડ્રગ્સ પીવાઇ રહ્યું છે. યુવાનો આજે બીજા માર્ગે ચાલ્યા છે. એક વખત એમ કહી શકાય કે દુનિયાની બહારની કંપનીઓ પોતે કોમ્પ્યુટર ઉત્પાદન કરે છે અને કોમ્પ્યુટરના સોફ્ટવેર જો કોઇ પૂરા પાડતા હોય તો તે ગુજરાતના યુવાનો પૂરા પાડતા હતા અને એના કારણે કોમ્પ્યુટર યુગમાં દુનિયાને લઇ જવા માટે ગુજરાતનો એક મહત્વનો ફાળો છે. આજે કોલેજોના ચોગાનમાં, શ્રી હર્ષભાઇને હું વિનંતી કરવા માગુ છું અને તેઓ મારા નાના ભાઇ જેવા મિત્ર છે કે આજે યુવાનોની શું પરિસ્થિતિ છે? આપ તો એક યુવાન છો. હું પણ યુવાન વયે ધારાસભ્ય થઇને આવ્યો હતો અને આજે ૬૨ વર્ષે પહોંચ્યો છું, પણ ગુજરાતનું યુવાધન બીજા રવાડે ચડી રહ્યું છે અને એ રવાડે ન ચડે એના માટે આતંકવાદનો

કાયદો હજુ પણ કડક બનાવો. આ ડ્રગ્સ માફિયાઓ છે એને તાત્કાલિક અસરથી પકડી લેવામાં આવે. જયારે પોર્ટસ ઉપર ડ્રગ્સ ઉતરે ત્યારે એમની જવાબદારી થતી નથી. અફઘાનિસ્તાનમાંથી અમુક પ્રકારની જ્ઞાતિના લોકો આજે ગુજરાતમાં ડ્રગ્સ વેચી રહ્યા છે. એ ડ્રગ્સ વેચી રહ્યા છે ત્યારે હું કહેવા માગુ છું કે આ ડ્રગ્સ કોણ ખરીદી રહ્યા છે? રૂપિયા ૨૧ હજાર કરોડનું હેરોઇન આવી જાય એ પ્રાઇવેટ પોર્ટ ઉપર ઉતરી જાય, કોણ ખરીદીનારા છે? શા માટે આતંકવાદી પ્રવૃતિને રોકવામાં આવતી નથી? અને એક ડ્રગ્સ જયારે પકડાયું ત્યારે કહેવામાં આવ્યું કે ડ્રગ્સ આવતું હતું ત્યારે સરકારે પકડ્યું છે. શ્રી હર્ષભાઇ તમને અભિનંદન આપું છું. નાની વયે સારુ ખાતું મળ્યું છે. ગુહ ખાતું તો માણસને જિંદગીમાં જ મળતું હોય છે. મુખ્યમંત્રી બની શકે છે પણ ગૃહ ખાતું બહું અઘરું છે, ત્યારે આપ યુવાન છો અને સુરત જેવા શહેર સાથે જોડાયેલા છો અને જે સુરતના કારણે આજે હું જેનું પ્રતિનિધિત્વ કરું છું એ અમારો વિસ્તાર ઝગમગ થતો બન્યો હોય તો એ અમરેલી જિલ્લો પણ સુરત સાથે જોડાયેલો છે. આ પ્રવૃત્તિ જે ચાલી રહી છે એને રોકવા માટે તમે જે નવો સુધારો લઇને આવ્યા છો એમાં પકડવામાં આવશે કે કેમ? અમારા પીપાવાવ પોર્ટમાં પણ વેચાયુ. અમરેલી જિલ્લો ડો. જીવરાજ મહેતા સાથે જોડાયેલો જિલ્લો છે. અનેક વખત હું બોલ્યો છું. એ પીપાવાવ પોર્ટ પ્રાઇવેટ પોર્ટ છે. આજે મારા મંત્રીશ્રી કોઇ બોલતા હતા તે મેં સાંભળ્યું. મેં પણ અભ્યાસ કર્યો છે કે પોર્ટ પરથી જે નિકાસ થઇ રહી છે તેમાં પણ ગુજરાત રાજય પોર્ટ પરથી નિકાસ કરવામાં ૪૦મા ક્રમે છે. આજે નહીં માનનીય અધ્યક્ષશ્રી. ગુજરાતનો ઇતિહાસ તપાસવામાં આવે. વર્ષ ૧૯૬૦માં સ્થપાયેલું આ રાજય છે. સૌરાષ્ટ્ર રાજય હતું અને તેનું મુખ્ય મથક રાજકોટ હતું. રાજધાની ગણાતી હતી. ત્યારે પણ અમારા પ્રાઇવેટ પોર્ટના કારણે ગુજરાતની ગરિમા વધી છે. પીપાવાવ પોર્ટ માટે હું એટલા માટે કહેવા માગું છું કે પીપાવાવ પોર્ટ સાથે રેલવેએ પહેલ વહેલુ જોઇન્ટ વેન્ચર કર્યું. રેલવે કયારેય જોઇન્ટ વેન્ચર કરતી નથી. પ્રથમ વખતનું જોઇન્ટ વેન્ચર પીપાવાવ પોર્ટ સાથે કર્યું અને ડબલ ડેકરની ગુડઝ ટ્રેઇન ચાલે છે. એ ગુડઝ ટ્રેઇન આખા દેશમાં માલ સામાનનું પરિવહન કરે છે. એમાંયે ડ્રગ્સ આવી જાય છે. એ ડ્રગ્સને અટકાવવા માટે આ આતંકવાદ ધારા નીચે પોર્ટ ઉપર પગલાં લેવાશે કે કેમ? કચ્છના એક બંદરમાં પકડાયું. એ પણ પ્રાઇવેટ પોર્ટ છે. (અંતરાય) દરિયો છે, પણ દરિયામાં બહુ દરિયો આવી ગયો છે. દિવાનો દરિયો છે. પાકિસ્તાનવાળા હોય તો પાકિસ્તાનવાળાને પકડીને પૂરી દો. નવાઝ શરીફને ફાંસી આપો. લાવો. એની ફાંસીનું નાડું ખેંચવા હું જઇશ. (અંતરાય) અત્યારના જેને આપવું હોય એને આપો. એ એટલા માટે હું નવાઝ શરીફનું કહું છું કે તે દિ તમે લાવ્યા હતા. એને મટન તમે ખવરાવ્યા હતા. શું ખવરાવ્યું હતું? બિરીયાની. તમે ભૂલી ગયા છો. વાત કરવાની હોય ત્યારે જુદી વાત અને એ નહીં ચાલે.

અધ્યક્ષશ્રી : આપ બિલ ઉપર વાત કરો?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી,કોઇપણ આતંકવાદી પ્રવૃત્તિ કરતો હોય, એ કોઇપણ સમાજનો વ્યક્તિ હોય. ફલાણો સમાજ છે એટલે નહીં. કોઇપણ સમાજનો વ્યક્તિ હોય. એ જોડાયેલો હોય ત્યારે એ આતંકવાદી પ્રવૃત્તિ સાથે જોડાયેલો હોય તો એને ફાંસીની સજા તાત્કાલિક અસરથી કરવામાં આવે. એના માટે ફાસ્ટટ્રેક કોર્ટો પણ શરુ કરવામાં આવે અને આતંકવાદી પ્રવૃત્તિ બંધ કરવામાં આવે. આ ગાંધીનું ગુજરાત છે. ત્યારે તમે જે સુધારા લઇને આવ્યા છો, એ સુધારાની સાથે હું એટલું કહું છું કે આ ગુજરાતમાં ડ્રગ્સ વેચાતુ થયું છે. આવો સીંધુ ભવન રોડ ઉપર. રવિવારે એકવાર આંટો મારો. માનનીય અધ્યક્ષશ્રી, મારે શ્રી હર્ષભાઇને આપના મારફતે વિનંતી કરવી છે. કે રવિવારે આવો. આપણે સીંધુ ભવન રોડ ઉપર જઇએ. શું ચાલી રહ્યું છે? કોણ વેચી રહ્યું છે? કેવી રીતે વેચી રહ્યા છે? અને યુવાનો ત્યાં શું કરી રહ્યા છે? જૂઓ. તમને દયા આવશે. કે આ યુવાનો બગડી રહ્યા છે? કે જે અમદાવાદ તમે કર્ણાવતી, કર્ણાવતી કેદિના કરો છો. ક્યારે કર્ણાવતી કરશો એ મને ખબર નથી. એ કર્ણાવતીમાં આ પ્રવૃત્તિ ચાલી રહી છે. આ યુવાધનને બીજે જતું રોકવા માટે આતંકવાદી પ્રવૃત્તિ વિરોધી કાયદા હજુ પણ કડક બનાવવામાં આવે તેવી લાગણી સાથે તમે માત્ર ચૂંટણીલક્ષી તો નથી લાવ્યા ને? કારણ કે બે જ દિવસ છે. પછી તો ચૂંટણી થવાની જ છે. ચૂંટણી થયા પછી શ્રી હર્ષભાઇ, તમારે અહીં બેસવાનો વારો આવશે કે કેમ એ મને ખબર નથી. હું તો ત્યાં બેસવાનો જ છું. હું તો સામે જ બેસવાનો છું. તમારી બાજુમાં જ બેસવાનો છું. તમારો વારો આવશે કે કેમ એ મને ખબર નથી. પરંતુ ત્યારે. માત્ર આટલા જ દિવસ છે. ભગવાન રામને એક દિવસ મળ્યો હતો તો પણ એણે રાવણનું હનન કર્યું હતું ત્યારે ગૃહ ખાતાના પ્રધાન તરીકે આ યુવાનોને આપ આ બાબતથી છોડાવવા માટે આપ આગળ વધો અને આતંકવાદીના કાયદાનો કડક અમલ કરો તેવી લાગણી સાથે વિરમું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અહીંયા બેસવા માટે ભાજપમાં જોડાવું પડે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિરજીભાઇની વાત પરથી ટૂંક સમયમાં આવી જાય એવું લાગે છે. સાહેબ, આ લોકો કહે છે કે રિપીટ કરો. શ્રી વિરજીભાઇની વાત પરથી એવું લાગે છે કે ટૂંક સમયમાં આવી જશે.

અધ્યક્ષશ્રી : શ્રી પિયુષભાઇ, આપની ચર્ચા ચાલુ કરો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના યુવાન અને સંવેદનશીલ અને જેને એમ કહેવામાં આવે કે જેને પોતાને સંવેદના છે. એવા આદરણીય ગૃહમંત્રી ૨૦૨૨ ગુજરાત વિધેયક ક્રમાંક ૧૧ ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયકનો સુધારો લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.ફકત આદરણીય ગૃહમંત્રીશ્રીએ એકજ વાત કરી કે એનસીઆરટીમાં જે ગંભીર ગુનાઓ છે એમાં ગુજરાત રાજયનો ક્રમ ખૂબ પાછળ છે એટલે એના પૂરતા સુધારાની વાત

કરવાની હતી, પરંતુ જયારે મારા બંને વિદ્વાન મિત્રો કે જેની પાસે આપણે પણ શીખીએ છીએ એમણે ભૂતકાળમાં જવાની જયારે વાત કરી છે ત્યારે મારે પણ થોડુંક ભૂતકાળમાં જવું પડે અને એટલા માટે નહિ તો એ વખતે જો વાત હતી તો સન ૨૦૦૩માં એ ભારતીય જનતા પાર્ટીના તે વખતના ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ આજે તો દુનિયાની તેજ તમન્ના અને તાકાતના એ પ્રતિનિધિ છે અને એમણે એ વખતે એમની ફોર્સાઇટ જોઇએ એ વખતે આ કાયદો સન ૨૦૦૩માં લાવેલા તો એ પરિસ્થિતિની અંદર કોઇપણ સંજોગોમાં પછી ૨૦૧૫માં ભારતીય જનતા પાર્ટી આ કાયદો લાવી અને એ પછી સન ૨૦૨૧માં રાષ્ટ્રપતિએ મંજૂરી આપી અને સન ૨૦૨૨માં આનો સુધારો આવ્યો. મારે વિશેષ વાત નથી કરવી પરંતુ જરૂરથી એટલી વાત કરવાનું મન થાય કે સન ૨૦૦૩માં જે રીતની પરિસ્થિતિ હતી અને તે વખતે ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ આ સન્માનનીય સભાગૃહમાં એ વખતે મહારાષ્ટ્રમાં સેઇમ કાયદો મકોકાનો હતો. આ ગુજકોકનો કાયદો એ લાવ્યા નહિ તો આજે પરિસ્થિતિ જુદી હોત. એ વર્ષ ૨૦૧૫માં આપણે લાવવો નહિ પડત એ વખતે જો આ કાયદાને મંજૂરી આપી દીધી હોત તો આતંકવાદથી લઇને એ તમામથી આપણે રક્ષણ કરી શકત અને કાયદામાં જબરજસ્ત સજા અપાવી શકત. પરંતુ મારે દુઃખની સાથે કહેવું પડે કે તે વખતની સરકારે ગુજરાત વિધાનસભામાં બે બે વખત આ કાયદો પાસ કર્યા છતાં યુપીએની સરકારે એને મંજૂરી નહોતી આપી અને એનું આપણે આ ભોગવી રહ્યા છીએ. સન્માનનીય સભાગૃહની અંદર તે વખતે મહારાષ્ટ્રમાં કાયદો હોવા છતાં યુપીએની સરકારે ગુજરાતના કાયદાને મંજૂરી ન આપી અને પરિણામે આ વિધેયક કાયદો નહોતો બની શકયો. ઘણી વાતો થઇ મારે અત્યારે આદરણીય ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપવા છે. અહીંયા માનનીય સભ્યશ્રી પીરઝાદાજી નથી પરંતુ આ ખંડણી અને સોપારીની જે વાત કરવામાં આવી. આ કાયદાની જો હું વાત કરું તો મારે એટલું કહેવું છે કે આ કાયદો સામાન્ય ગુનાઓ માટે વપરાતો નથી. એ ખંડણી હોય, સોપારી હોય, ગંભીર સાઇબર ગુનાઓ હોય લેન્ડ ગ્રેબિંગ હોય કે ખૂન કે અપહરણ કેસ માટે વપરાય છે. હાલમાં એક અઠવાડિયા પહેલા મારા નવસારી વિધાનસભા વિસ્તારમાં માનનીય પીરઝાદાજી જાણે છે. હર્ષભાઇ એના સાક્ષી છે એમની સીધી દોરવણી હેઠળ જે ખંડણી અને સોપારીનો ગુનો બન્યો એ સમગ્ર ટીવી ઉપર આવ્યું, ઇન્ટરનેશનલ મિડિયા ઉપર આવ્યું અને જે દિવસે ગુનો બન્યો એ દિવસે માનનીય ગૃહમંત્રીશ્રીના નિર્દેશ હેઠળ જબરજસ્ત ઓલ ઇન્ડિયાનું ખંડણીનું રેકેટ હતું એના ગુનેગારો હતા એ પકડાઇ ગયા છે. વિરોધપક્ષના સભ્ય મારે નામ નહિ લેવું જોઇએ પણ પીરઝાદાજીએ પણ અભિનંદન આપ્યા છે. આ એકજ દિવસમાં આ કરી બતાવ્યું છે. આ જો કાયદો ન હોત તો કોઇ સંજોગોમાં આ બનત નહિ.

માનનીય અધ્યક્ષશ્રી,બીજી હું આપને વાત કરવા માગું છું કે જે રીતની ગુનાના પ્રમાણની વાત કરી એ વખતે જયારે કાયદો નહોતો ત્યારે સન ૨૦૧૫ પહેલા ક્રિકેટ બેટિંગના સટ્ટામાં એને જામીન પણ મળી ગયેલા અને છૂટી પણ ગયેલ હતા. પરંતુ આ કાયદાને લીધી અત્યારે એ પકડાયા છે ત્યારે એને જામીન પણ નથી મળ્યા અને છ વર્ષની સજા થઇ છે. એટલે આ સરકારની ફોર્સાઇટ છે, આ સરકારની એક કલેરિટી છે. માનનીય ગૃહમંત્રીશ્રીને બીજા એક અભિનંદન એટલા માટે આપવા માગું છું કે ખૂબ નાની ઉંમરે એમની સંવેદના આપ જૂઓ એનો હું નજીકથી સાક્ષી રહ્યો છું. જયારે પાલ ઉંમરા પુલ ઉપર એક છોકરી આપઘાત કરવાનું વિચારતી હતી ત્યારે એ પસાર થતા હતા એમને આઠ ઉદ્‌ઘાટન કરવાના હતા. એમને જોયું એટલે ગાડી રોકી અને એને ૧૫ મિનિટ સુધી સમજાવી અને પછી એ છોકરી આપઘાત કરવાની હતી, એની જગ્યાએ એ ફરી પાછી એના ઘેર ગઇ એનો હું નજીકથી સાક્ષી રહ્યો છું, એટલા માટે હું વાત કરું છું કે આ સંવેદનનાની સરકાર છે સન ૨૦૦૩માં માનનીય વિરજીભાઇ તમે લોકસભામાં સભ્ય હતા એ વખતે તમારી યુપીએની સરકારે આ કાયદાને નામંજૂર ન કર્યો હોત તો સન ૨૦૧૫માં આ કાયદો લાવવાની જરૂર ન પડત.

અને આજે ગુજરાતની જે રીતની વાત છે, અનઓર્ગેનાઇઝ ક્રાઇમ કોઇ દિવસ નહોતા થતા. (અંતરાય) આ સંવેદના. સારાં કામોના વખાણ તો કરો. શ્રી શૈલેષભાઇ. આપણે ચર્ચા નથી કરવી. સારાં કામોના વખાણ તો કરો?

માનનીય અધ્યક્ષશ્રી, મારી છેલ્લી વાત કરવા માગું છું કે ૨૫-૨૫ વર્ષ સુધી આપનું પણ શાસન હતું. આપ ઝુલ્મ નહીં રોકી શક્યા. તમે સિતમ ન રોક્યા. અમારું કામ ગુજરાતની પ્રજા પર થતાં ઝુલ્મ રોકવાનું છે, સીતમ રોકવાનું છે. નાપાક હરકત કરવાવાળા લોકોની સાન ઠેકાણે લાવવાનું છે. હાલમાં આપનો સમય બદલાયો છે, રસ્તા બદલાયા છે, એકસપ્રેસ હાઇવે આવ્યો છે પરંતુ હજુ તમે એમ્બેસેડર ઓ ફિયાટની જ વાત કરો છો. એટલે તમે આ બાજુ બેઠાં છો. તેમાં તમારો કસૂર નથી.

ન કસૂર ઇન લહેરોં કા થા, ન કસૂર ઇન તુફાનો કા થા.
હમ બૈઠે ઉસ કશ્તી મેં, નસીબમેં જીસકો ડૂબના થા.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારો સર્વાનુમતે મંજૂર થાય તેને માટે હું સભાગૃહને વિનંતી કરું છું.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ**(**દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી વિધાનસભા ગૃહ સમક્ષ ગુજસીટોક કાયદાની અંદર સુધારો લઇને આવ્યા છે એવા સમયે મારા ઉપનેતા શૈલેષભાઇ અને અમારા શ્રી વિરજીભાઇ ઠુમ્મરે જે ડ્રગ્સ બાબતે વાત કરી કે આતંકવાદ કરતાં મોટો ગુનો ડ્રગ્સનો છે કે તેનો સામાવેશ આમાં કરવો જોઇએ. આપ તમામ સાક્ષી છો કે વર્ષ ૨૦૧૪થી ડ્રગ્સ બાબતે આ વિધાનસભા ગૃહમાં હું આ મુદ્દો ઉપસ્થિત કરતો આવ્યો છું. જ્યારે લોકોને ખબર પણ નહોતી કે એમ.ડી. ડ્રગ્સ શું છે ત્યારે પણ આ વાત હું વિધાનસભામાં કરતો હતો. તેને એન.ડી.પી.એસ.માં નખાવવા માટે મેં વર્ષ ૨૦૧૫માં પી.આઇ.એલ. કરી હતી. તે પછી તેને એન.ડી.પી.એસ.માં સામેલ પણ કરવામાં આવ્યો. તે વખતે પણ મેં કહ્યું હતું

કે આને તમે હિન્દુ મુસ્લિમના ચશમાથી ન જુઓ. વેચવાવાળા કદાચ વધારે મુસ્લિમ હશે બાકી આનું સેવન કરનારા લોકો છે એ તમામ જ્ઞાતિ અને ધર્મના લોકો છે. પરંતુ એ વાતની એટલી ગંભીરતા ન લેવાઇ. એ વખતે મેં શબ્દ વાપર્યો હતો કે ઉડતા ગુજરાત બનવા જઇ રહ્યું છે. આજે એ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આનો વ્યાપ એટલો બધો વધ્યો છે કે હવે તો ભદ્ર પરિવારોમાં અને જે નામાંકિત કોલેજો છે તેના સ્ટુડન્ટ પણ આનું સેવન કરતા થયા છે. જો કે હું કહું કે છેલ્લા ઘણાં સમયથી પોલીસની કામગીરી આ બાબતે સારી રહી છે. ૧ લાખ ૭૫ હજાર કરોડનું ડ્રગ્સ પણ પકડાયું છે. ડ્રગ્સ એ રાજનીતિનો વિષય મારા માટે કદી પણ રહ્યો નથી. મેં હંમેશા આ બાબતે કહ્યું છે કે આ યુવાધનને બચાવવા માટેનો પ્રશ્ન છે. અત્યારે પોલીસના પ્રયત્નો ચાલુ છે પરંતુ જ્યાં સુધી પેડલરોને શોધવામાં નહીં આવે ત્યાં સુધી આ દૂષણ બંધ થવાનું નથી. આ દૂષણ બહુ ફેલાયું છે. પાનના ગલ્લે રજનીગંધાની પડીકીની અંદર પણ સીધેસીધું ડ્રગ્સ મળતું હોય છે. ડ્રગ્સ નાની માત્રામાં હોય તો પોલીસને પોલીસ કેસ કરવામાં, બીજી બધી આંટીઘૂંટીના પરિણામે એ લોકો તેનાથી બચતા હોય છે. માનનીય ગૃહ મંત્રીને મારે કહેવું છે કે પેડલરોને કૂચલી નાખો. પેડલરો ઉપર જ્યાં સુધી આપણે તરાપ નહીં મારીએ ત્યાં સુધી આ વસ્તુ ફેલાતી જવાની. આ તો આપણો જે દુશ્મન દેશ છે તેની નાપાક હરકતોથી વાજ નથી આવતો. પહેલાં તો એવું હતું કે ડ્રગ્સ ત્યાંથી આવતું હતું પરંતુ હવે તો મેન્યુફેક્ચર ગુજરાતમાં થવા માંડ્યું છે. કેટલી ફેક્ટરીઓ આપણે ત્યાં પકડાય છે એ આપણાં માટે બહુ ગંભીર બાબત છે. પહેલાં સરહદપારથી આવતું હતું હવે આપણી સરહદમાં બનવા માંડ્યું છે. જે પ્રયત્નો થઇ રહ્યા છે એ વધુ મજબૂતાઇથી થાય અને પેડલરો ઉપર સકંજો કસવામાં આવે અને જે લોકો પકડાય છે એ લોકોને સજા થાય તે માટેના પૂરતા પ્રયાસ આપણી તરફના રહેવા જોઇએ. જ્યાં સુધી એ લોકોને સજા નહીં થાય ત્યાં સુધી હું માનું છું કે આ બદી રોકાવાની નથી. બીજું, મારા સિનિયર નેતાઓએ ગુજસીટોકની વાત કરી. મારી પણ વિનંતી છે કે ડ્રગ્સ વેચનારા લોકો સામે પણ ગુજસીટોક કાયદાની અંદર આનો સમાવેશ કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી,સખતમાં સખત કાયદા આ ડ્રગ્સ માફિયા સામે હોવા જોઇએ. બીજું આમાં સાયબર ક્રાઇમનો આમાં સમાવેશ કર્યો છે. આ સન ૨૦૧૫માં બિલ સર્વસંમતિથી મંજૂર કર્યું હતું, પરંતુ આપને કહું કે ફરિયાદો કરવા છતાં પણ સાયબર ક્રાઇમમાં ગુના નોંધવામાં આવતા નથી. આપ જે મહાત્મા ગાંધીજીના ચિત્ર નીચેના આસન ઉપર આપ બેઠા છો એ મહાત્મા ગાંધીજીને પણ લોકો ગાળો બોલવામાં કે એમનું પણ અપમાન કરવામાં કંઇ બાકી રાખતા નથી, છતાં કોઇની સામે કેસ થતો નથી. કોઇપણ ધર્મ જાતિ હોય, ભગવાનશ્રી રામ હોય, શ્રી કૃષ્ણજી હોય, મહોમ્મદ પયગંબર સાહેબ હોય કે કોઇપણ ધર્મ જાતિના લોકો હોય એમની લાગણી દુભાય, એમની ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચે એવું કોઇ કૃત્ય કરતું હોય તો એની સામે ગુજસીટોક નીચે કેમ આપણે પગલાં નથી લેતાં? લોકો ફરિયાદ કરે, હાઇકોર્ટમાં જાય, હાઇકોર્ટ પણ કહે કે આની અંદર ફરિયાદ નોંધો છતાં ફરિયાદ નોંધવામાં આવતી નથી એના લીધે ધંધુકા જેવી બીજી કમનસીબ ઘટનાઓ બનતી હોય છે. નિર્દોષો એની અંદર ભૂલ કરીને બેઠા હોય તો એની અંદર એમના પણ જીવ જતા હોય છે. આ બહુ ગંભીર બાબત છે. આજે એક રમત થઇ ગઇ છે. એની અંદર કોઇનું અપમાન કરવું, કોઇની ધાર્મિક આસ્થાનું અપમાન કરવું એ કોઇ કાળે ચલાવી લેવાય નહીં. એની અંદર તો સરકારે સુવોમોટો ફરિયાદ દાખલ કરવી જોઇએ કે કોઇ રીતે આ વસ્તુ ચાલે નહીં. *(xxx) ગૃહમંત્રીશ્રીએ કહ્યું કે ગુજરાત જે છે એ ભારતના ક્રાઇમ રેટમાં મહિલાઓમાં સૌથી છેલ્લા ક્રમે આવે છે એ બહુ સારી બાબત છે. આમ પણ ગુજરાતમાં તો પહેલાથી ક્રાઇમની સ્થિતિ સારી રહી છે. આપણે જો કાયદાઓ લાવતા હોઇએ, અમલ કરાવતા હોય એની પાછળનું આપણું એક જ કારણ હોય છે કે ગુનાખોરી અટકે. લોકો ગુના કરતા રોકાય. એમને પ્રોત્સાહન ન મળે, *(xxx)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી સાતઆઠ મિનિટથી હું જોઇ રહ્યો છું કે માનનીય સભ્યશ્રી સ્કોપની બહાર બોલી રહ્યા છે. એ બધું રદ કરવું જોઇએ તો દાખલો બેસે કે આવી રીતે સ્કોપની બહાર ન બોલાય. તમારી વાત સાચી છે, કેટલીક વાત સાચી હશે, કેટલાક આક્ષેપો તમારા હોઇ શકે, તમને અધિકાર છે પણ અત્યારે આ બિલ ઉપર એનો સ્કોપ નથી. સાહેબ, આ રીતે ગમે ત્યારે ગમે તે બોલવાનું? એવું થોડું હોય? આ વિધાનસભા છે. એના નિયમોની અંદર બોલાય. માનનીય સભ્યશ્રી આપણે ડ્રગ્સ (અંતરાય) આમાં સાઇબર ક્રાઇમની વાત આવી? આમાં ક્યાં મહિલાની વાત આવી? (અંતરાય) દાખલો બેસાડવો જોઇએ.

અધ્યક્ષશ્રી : હું પણ જોતી હતી કે આ રીતની સિસ્ટમથી અહીંયા ધારાસભ્યો ઉપર આક્ષેપો કરવામાં આવે એ યોગ્ય નથી. કોઇપણ રીતે એમણે જે ચર્ચા કરી છે, શ્રી ગ્યાસુદ્દીનભાઇએ છેલ્લે જે ચર્ચાઓ કરી છે, આક્ષેપો કરીને એ યોગ્ય નથી. એમણે જે બિલમાં સુધારા કરવા હોય એ રજૂ કરી શકે છે, પણ આ રીતે ચર્ચા કરી અને ગૃહની અંદર આવી કોમ્યુનલ વાતો કરવી એ પણ યોગ્ય નથી. (અંતરાય)

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, કોમ્યુનલ વાત મેં કરી નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ધારાસભ્યનું નામ ટાંકીને ચર્ચા કરી છે એ બરાબર નથી.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, નામજોગ વાત કરી છે. હું એમને ચેલેન્જ આપું છું કે મારા ઉપર ફરિયાદ દાખલ કરો. આ રીતે ગૃહને ગેરમાર્ગે દોરવાનું બંધ કરો. (અંતરાય)

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ(સુધારા)વિધેયક,૨૦૨૨

અધ્યક્ષશ્રી : આપે જે કહેવાનું હોય એ કહો. આવી વાતો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. સ્કોપ બહારની જે ચર્ચા કરી છે એ રેકર્ડ ઉપરથી દૂર કરું છું. બિલના સુધારા ઉપર બોલો (અંતરાય)

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે મને ડરાવી નહીં શકે. ધમકાવી ન શકે. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમની વાત હતી એ સાઇબર ક્રાઇમની વાત કરી રહ્યા છે. એમાં આવેશમાં કે ઉગ્રતામાં આવવાની જરૂર નથી. સાઇબરનો ગુનો થાય એમાં આતંકવાદ સાથે સંકળાયેલ છે એની વાત મૂકેલ છે. આપે એમના શબ્દો દૂર કર્યા છે એમાં કોઇ વાંધો નથી (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી ડો.કિરીટકુમાર પટેલ...

ડો. કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના માનનીય ગૃહમંત્રીશ્રી ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમે પણ ગુજરાતની અંદરથી ક્રાઇમ ઓછો થાય, ગુજરાતના લોકો સુરક્ષિત બને એવા પ્રયાસો થતા હોય ત્યારે અમે ક્યારેય વિરોધ કર્યો નથી. પરંતુ અમારા સિનિયર સભ્ય શ્રી શૈલેષભાઇએ કહ્યું એ રીતે કે આ સુધારા વિધેયકના ઉદ્દેશો અને કારણોની અંદર માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગુજરાત સરકારને અમુક જોગવાઇઓ અર્થપૂર્ણ બનાવવા માટે અને એવું સરળ અર્થઘટન કરવા માટે સદર અધિનિયમ સુધારવાની જરૂર જણાય છે. જેથી કરીને સદર અધિનિયમના અમલ દરમિયાન કોઇપણ જોગવાઇની ગુજરાત રાજ્યમાંની કોઇ વ્યક્તિને બિનજરૂરી મુશ્કેલીમાં મૂકી તેનું ખોટું અર્થઘટન ન થાય. મને સમજાતું નથી કે આ ખોટું અર્થઘટન કરીને કાયદાનો દુરુપયોગ કરવા અને ગુજરાતના લોકોને હેરાન કરવા માટે આ કાયદો લાવ્યા છો કે એમને મદદરૂપ બને એના માટે લાવ્યા છો? *(xxx) આ કાયદાની કલમ-૨ ની પેટા કલમ-૧, કલમ-૪ અને કલમ-૨૦ ની અંદર જે સુધારા કરવામાં આવ્યા છે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આ કાયદાની જે કલમ-૨ અને ૨(ચ) આ બંને તમે વાંચશો તો બંનેની અંદર વિરોધાભાસ છે. એની અંદરથી તમે મોટા પ્રમાણમાં જુગારનું કૌભાંડ ચલાવતા હોય એ શબ્દો. (અંતરાય)

શ્રી આત્મારામ પરમાર : પ્રવચનમાં *(xxx)આ હકીકત રેકર્ડ ઉપરથી દૂર થવી જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇએ જે ઉલ્લેખો કર્યા છે એ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે આ બંને જોગવાઇઓ છે પહેલા એવું લખ્યું છે કે મોટા પ્રમાણમાં જુગારના કૌભાંડ ચલાવનાર એ શબ્દો તમે દૂર કર્યા છે.

અધ્યક્ષશ્રી : આપે જે કહ્યુંને કે *(xxx)એ રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે તમે જે કલમ-ચ જેની અંદર વાત કરી છે કે સ્પષ્ટ છે કે મોટા પ્રમાણમાં જુગારના કૌભાંડ ચલાવનાર એ બાબત બંને વિરોધાભાસી થાય છે, એટલે એકબાજુ તમે દૂર કરો છો અને બીજીબાજુ એની અંદર એનો સમાવેશ થયેલો છે, એટલે કદાચ કંઇ ભૂલ હોય કે પ્રિન્ટની ભૂલ હોય તો એ તમે જોઇ લેજો. બીજી બાબત કે સંગઠીત ગુના એટલે શું એની કોઇ સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી નથી દા.ત. કાયદાની અંદર ગેરકાયદેસર મંડળી તો એની અંદર પાંચ કે પાંચથી વધુ સભ્યો હોય તો એને ગેરકાયદેસર મંડળી કહેવામાં આવે છે. તો આ સંગઠીત ગુનાની અંદર કેટલા લોકોએ ૫ લોકોએ, ૧૦ લોકોએ કેટલા લોકોએ ભેગા મળીને આ ગુનો કર્યો છે, એની સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી નથી. બીજી બાબત કે તમે એવું લખ્યું છે કે ગંભીર પરિણામોવાળા સાયબર ગુના તો ગંભીર પરિણામોવાળા સાયબર ગુનાની વ્યાખ્યા શું? આ તો પોલીસને મનફાવે એટલે સાઇબર ક્રાઇમ હોય તો પણ ગુજકોકની અંદર નાખી દે. નામદાર સુપ્રીમ કોર્ટે પણ આની ટીકા કરી છે. ગુજરાત હાઇકોર્ટે પણ આ બાબતે ગુજકોક બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ અને નામદાર હાઇકોર્ટની અંદર પણ પિટિશનો થઇ છે અને સુપ્રીમ કોર્ટે અને હાઇકોર્ટે પણ આ બાબતે ગંભીરતાપૂર્વક વિચારવા માટે કહ્યું છે એટલે બીજી બાબત કે આ બાબતે સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવે અને તમે કલમ-૫ માં તો એવું લખ્યું છે કે અધિનિયમમાં ગમે તે મજકુર હોય તેમ છતાં વિશેષ કોર્ટે એવી નોંધ લીધી હોય કે પ્રસ્તુત ગુનાની તારીખથી આરોપી આ અધિનિયમ અથવા બીજા કોઇ અધિનિયમ નીચે ગુનામાં જામીન ઉપર હતો તો એ જામીન નામંજૂર કરવા. તમે આ ગુના નીચે જામીન આપ્યા હોય તો આપણે નક્કી કરી શકીએ, પણ બીજા કોઇ ગુનાની અંદર એને જામીન મળ્યા હોય તો આપણે આ કાયદા નીચે એના જામીન કઇ રીતે રદ કરી શકીએ એ બાબત મારા માન્યામાં આવતી નથી, એટલે તમે આ બાબતે સ્પષ્ટતા કરજો અને ત્રીજી બાબત જે વાત કરી સાઇબર ક્રાઇમની. બહુ ગંભીરતાપૂર્વક વિચારવાની જરૂર છે. હમણા છેલ્લા ૨૦ દિવસની અંદર માનનીય મંત્રીશ્રી, મારા પાટણની અંદર મારી પાસે ૧૫ થી ૨૦ એવા લોકો આવ્યા કે એમના ઉપર વિડિયો કોલ આવે એ વિડિયો કોલ પછી એનું બ્લેક મેઇલિંગ કરવામાં આવે. આવા ૨૫ થી વસુ કેસો આવ્યા. મેં એસ.પી.ને પણ વાત કરી. માનનીય મંત્રીશ્રી ગંભીરતાપૂર્વક વિચારજો. એક ૨૧ વર્ષના યુવાન ઉપર આવો સાઇબર ક્રાઇમનો ફોન આવ્યો અને એ ગભરાઇ ગયો. એણે દવા પી લીધી અને આજથી ચાર દિવસ પહેલા એનું મૃત્યુ થયું. આ ગંભીરતાપૂર્વક વિચારવાની જરૂર છે. આજ સુધી એવા સાઇબર ક્રાઇમની વિરુદ્ધમાં આવી ફરિયાદ નોંધાઇ નથી એટલે લોકોને ચીંટિંગ કરવા માટે એમના વિડિયો કોલથી એવા નેકેટ ફોટા લઇ લેવામાં આવે છે અને પછી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

એમને બ્લેક મેઇલિંગ કરવામાં આવે છે. એમની પાસેથી પૈસા પડાવી લેવામાં આવે છે એટલે આ બાબતે સરકારે ગંભીરતાપૂર્વક વિચારવાની જરૂર છે. પોલીસે પણ વિચારવાની જરૂર છે કે આવા જો ગુના બને તો એને આઇ.ટી. એકટ નીચે ગુના નોંધવામાં આવે છે. અને પછી તે છૂટી જાય છે. તો આવા લોકોને પણ ગુજસીટોકની નીચે સમાવવામાં આવે તો લોકોને ફાયદો થશે. તમે આની અંદર લખ્યું છે કે, વધુ પડતી પ્રોપર્ટી, મોટા પ્રમાણની અંદર કોઇએ પ્રોપર્ટી ખરીદી હોય આ બધી બાબતોનો એ.સી.બી. એકટની અંદર સમાવેશ થયેલો જ છે. આવી બાબતોમાં મારા પાટણની વાત કરું તો હાલના જે ચીફ સેક્રેટરી છે પંકજકુમાર તેમણે અમારી યુનિવર્સિટીની અંદર ભ્રષ્ટાચારનો કેસ બનેલો તેની તપાસ કરી તે બાબતની ફરિયાદ એ.સી.બી.માં કરી હતી. છેલ્લા ત્રણ વર્ષથી આ બાબતે તપાસ ચાલી રહી છે. જે તપાસ અધિકારી છે તેમને હું ૨૦ વાર મળ્યો, એ.સી.બી. ડાયરેકટરને બે વાર મળ્યો. હજી સુધી આ તપાસ આગળ વધતી નથી એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, તમે જયારે કાયદો અને વ્યવસ્થા સુધારવાની વાત કરતા હોય અને ભ્રષ્ટાચાર દૂર કરવાની વાત કરતા હોય ત્યારે આ બાબત ગંભીરતાથી લેવી જોઇએ. આમાં તમે જે સુધારો લઇને આવ્યા છો તેને અમે સમર્થન કરીએ છીએ.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ સુધારા વિધેયક ૨૦૨૨ લઇને રાજ્યના ગૃહમંત્રીશ્રી આવ્યા છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી,કોઇ અધિકારીનું નામ ન લઇ શકે.

અધ્યક્ષશ્રી : શ્રી પિયુષભાઇ આપનો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર છે? તો પછી વચ્ચે ડિસ્ટર્બ ના કરો.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજના આ સુધારા વિધેયકમાં કલમ-૨ માં સુધારો સૂચવ્યો છે. તેમાં અગાઉ જે કાયદાની અંદર સંગઠિત ગુનાઓમાં સમાવેશ થયેલા હતા તેમાં ખંડણીથી માંડીને બાનમાં લેવાતી રકમ ત્યાં સુધીના ગુનાઓનો સમાવેશ થયેલો હતો. તેમાંથી મોટા પ્રકારના જુગારના કૌભાંડ ચલાવવા બાબતનો ગુનો છે તેને આ કાયદામાંથી બાકાત રાખ્યો છે. તેના જે ઉદ્દેશ બતાવ્યા છે તેમાં કલમ-૨ અને કલમ-૫ માં જે સુધારો સૂચવ્યો છે તેમાં ગુનાની તારીખે આરોપી આ અધિનિયમ અથવા બીજા કોઇ અધિનિયમ હેઠળના શબ્દો છે. તેના બદલે ગુનાની તારીખે આરોપી અધિનિયમ હેઠળના બીજા કોઇ કાયદા એ શબ્દ કાઢી નાખ્યો છે. ખાલી શબ્દોની હેરાફેરી કરી છે. સામાન્ય રીતે સમજી શકાય તેવું નથી. આ મોટી બાબત નથી. નાની બાબત છે એટલે તેનો ફેરફાર કરી દેવો જોઇએ, પરંતુ આ નાની બાબત નથી. જુગારને શું કામ કાઢી નાખ્યો અથવા તો પહેલાં સમાવેશ શું કામ કર્યો હતો. જુગાર એ જો નાની બાબત હતી તો જુગાર માટેના કાયદા આઇ.પી.સી. અને સી.આર.પી.સી.માં છે. તેના માટે જન્માષ્ટમી ઉપર ફેમિલીવાળા ભેગા થઇ જુગાર રમતા હોય તો પણ પોલીસ પકડી લઇ જાય છે અને જેલમાં મોકલે છે. આ ગૃહ ખાતુ અને આપણી સરકાર આને નાનો ગુનો ગણતા હતા તો તેને આ કાયદામાં શું કામ સમાવેશ કર્યો હતો? આજે તેને કેમ નાનો ગણી દીધો? આમાં કંઇક ન સમજી શકાય તેવી બાબત છે. માનનીય ગૃહમંત્રીશ્રી જયારે જવાબ આપે ત્યારે વિગતવાર સ્પષ્ટતા કરવી જોઇએ. જુગાર એટલે તીનપત્તી એવું અમે નથી માનતા. જન્માષ્ટમી ઉપર તીનપત્તી રમાતી હોય, એક કલબની અંદર તીનપત્તી રમાતી હોય તે જુગાર એવું નથી. જુગાર કેટલાય પ્રકારના છે. તેમાં ક્રિકેટના સટ્ટાનો જુગાર રમાય છે. જેમાં આખા ગુજરાતમાં જયારે આઇપીએલ રમાય છે, ત્યારે ઓછામાં ઓછા ૧૦ હજાર કરોડના જુગાર રમાતા હોય છે. આ જુગાર રમનારાઓ તે કોઇ નબીરા નથી હોતા કે જેમની પાસે હજારો રૂપિયા હોય અને તેમાં ૧૦૦ રૂપિયાનો જુગાર રમતા હોય. હું જીતવાનો જ છું એમ માનીને કરોડો રૂપિયાના જુગાર રમતા હોય છે એમાં એ હારવાના કારણે અને દેવું થઇ જવાના કારણે બાકીના જેટલા પણ ગુનાઓ છે એ બધા જ ગુનાઓ આચરે છે. એ પછી કોઇની જમીન પચાવી પાડવા જાય છે, કોઇની ખંડણીમાં જોડાય જાય છે કારણ કે એને રાતો-રાત ૧૦ લાખ કે ૨૦ લાખ ૨૪ કલાકમાં ભરવાના આવે એટલે કોઇનું કિડનેપ પણ કરતા અચકાતા નથી. આપણે નવનીત પ્રકાશકનું કિડનેપિંગ જોયું છે. એટલે આવા જે સંગઠિત ગુનાઓ છે એની સાથે આ જુગારનો ગુનો સંડોવાયેલો છે. હા, એની વ્યાખ્યા બદલો. જુગારની વ્યાખ્યા છે એ વ્યાખ્યા એવી બદલો કે આ જુગાર એટલે સંગઠિત ગુનામાં જે જુગારની વ્યાખ્યા કરવામાં આવી છે એ જુગાર એટલે જે ક્રિકેટના સટ્ટાઓ રમાતા હોય કે બીજા પ્રકારના મોટા મોટા ક્રિમિનલ ગુનાઓ સાથે સંકળાયેલ જુગાર હોય એવી કંઇક વ્યાખ્યા બદલવી જોઇએ અને એને પણ સંગઠિત ગુનામાં રાખવું જોઇએ. આને બાકાત કરવાનું કારણ અહીંયા ઉપસ્થિત ૧૮૨ ધારાસભ્યશ્રીઓ છે એમાંથી કોઇને પણ સમજાયું નથી. શા માટે બાકાત કરવામાં આવ્યું? એવી શું જરૂરિયાત પડી હતી કે એનો વટહુકમ લાવી દેવો પડ્યો? તમે જમીન પચાવી પાડવાના ગુના માટે વટહુકમ લાવો તો સમજી શકાય કે જમીનનો બીજો પણ કાયદો બહુ કડક સરકારે બનાવ્યો છે એનો અમલ થઇ રહ્યો છે અને ડુપ્લીકેશન થાય છે એટલે પોલીસ બધી રીતે હેરાન કરે છે એટલે દૂર કરીએ. પણ આ જે ૮ થી ૯ પ્રકારના ગુનાઓનો સમાવેશ થયો હતો એમાંથી આજે ચર્ચા કરીને દૂર કર્યો હોત તો બરાબર છે. પણ એવી શું પરિસ્થિતિ ઉભી થઇ? અથવા તો કોને બચાવવા માટે કે કોના માટે, કોઇ વ્યક્તિ કે કોઇ સંદર્ભ શેના માટે આ દૂર કરવાનો વટહુકમ લાવવો પડ્યો? કોઇ હાઇકોર્ટનો આદેશ હતો, કોઇ સુપ્રીમ કોર્ટનો આદેશ હતો? અથવા કોઇ રાજકીય માણસ આની સાથે આ કેસમાં આવી જાય એવું હતું? અથવા પોલીસે આ કાયદાનો કોઇ મોટા વ્યક્તિ સામે અથવા મોટા ઉદ્યોગપતિ સામે ગેરકાયદેસર ઉપયોગ કર્યો હતો? જે કાંઇ હોય એની સ્પષ્ટતા માનનીય ગૃહમંત્રીશ્રીએ કરવી જોઇએ. બધી જ ચર્ચાઓ થઇ ગઇ છે એટલે હું સ્કોપમાં આટલી જ વાત મારી મૂકું છું.

## ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ(સુધારા)વિધેયક,૨૦૨૨

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક ૨૦૨૨ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે ખૂબ નાની ઉંમરમાં સરકારની કૃપા એમના પર થઇ છે. ગૃહ ખાતુ અધૂરામાં પૂરું પાછું મહેસૂલ ખાતુ...(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બિલની વાત કરો એમના ખાતાની ચર્ચા ક્યાં કરો છો? આ બિલમાં નથી આવતું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, બે મહત્વના ખાતા અને એની જવાબદારી એમને મળી છે ત્યારે મારે બે ત્રણ વાત સરકારને કહેવી છે. જો સરકાર ધારે તો જમીન પચાવી પાડવાની વાત હોય કે બીજા જે સુધારા આ બિલમાં લાવ્યા છે એ તમામે તમામ બાબત જો સરકાર ધારે તો કોઇ ચમરબંધી હોય કે ચમરબંધી ન હોય એ સરકારના સાણસામાંથી કે પોલીસના સાણસામાંથી છૂટે ખરા? જમીન પચાવવાની વાત આવે તો મારે કહેવું છે આપને કે મારા વિસ્તારમાં અમદાવાદની સૌથી મોંઘામાં મોંઘી જમીનો આવેલી છે. પચાસ હજારથી લઇને એક લાખ કે દોઢ લાખ રૂપિયે વાર જમીનો ત્યાં વેચાય છે. જમીન પચાવી કોણ પાડે છે એ માનનીય મંત્રીશ્રીએ શોધવાની જરૂર છે. કોણ અધિકારીઓ કોને ટેકો આપે છે, કાયદામાં સુધારા લાવવા છતાં કોના ટેકાથી આ જમીન પચાવી પાડવાના કેસ બને છે એનું ખરેખર તપાસ કરીને ધ્યાન રાખવું જોઇએ. હું અભિનંદન આપુ છું માનનીય ગોવિંદભાઇને કે, સરકારને ખંડણી બાબતનો પત્ર લખ્યો હતો. કમિશનર કક્ષાના માણસ આવી કામગીરી કરતા હોય તો આપણે કોને કહેવાનું? આ હકીકત છે અને હકીકત એટલા માટે છે કે, ગરીબ માણસોની જમીન.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ, આપનું શું કહેવું છે?

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જમીનનો ધંધો કરું છું એમાં કોઇ સવાલ નથી પણ અત્યાર સુધીના રેકર્ડમાં કોઇ જણાવો (અંતરાય) મારી વાત થઇ છે, તમે નથી સાંભળી એવી વાત થઇ છે.

અધ્યક્ષશ્રી : શ્રી બાબુભાઇ, આપની કયાં વાત થઇ ? કોને કહ્યું ?

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વાત થઇ તમે નથી સાંભળી.

અધ્યક્ષશ્રી : એ તમારી ઇન્ટરનલ વાતને અહીંયા નહીં લેવાય. આપ પ્રવચન ચાલુ રાખો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : સોરી, શ્રી બાબુકાકા મેં તમારું નામ દીધુ નથી અને દેવા માગતો પણ નથી.

અધ્યક્ષશ્રી : રેકર્ડ ઉપર આવુ કશું નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું ગૃહમંત્રીને વિનંતી કરવા માગું છું કે, રાંચેડા ગામની અંદર રણછોડપુરા ગામની અંદર ખોટા દસ્તાવેજો ઉભા કરીને ૫૦૦ કરોડની મિલકત જેને પહેરવા કપડાં નથી એવા ખેડૂતોની લખાઇ ગઇ. તેની પાછળ કોનો હાથ છે? જો સરકાર તપાસ કરશે તો સાચી હકીકત તે સરકારને જાણવા મળશે કે આમાં કોણ અધિકારી છે ?

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનુ ધ્યાન એટલા માટે દોરવું છે અને સરકારનું ધ્યાન એટલા માટે દોરવું છે કે બિલકુલ ખોટી પાવર ઓફ એટર્ની દ્વારા આ જમીન લખાઇ ગઇ હોવા છતાંય તેની એન્ટ્રીઓ મંજૂર થઇ જાય, તેના પર લેન્ડ ગ્રેબિંગ લાગે, એફ.એસ.એલ.માંથી આ સહી ખેડૂતની નથી.

અધ્યક્ષશ્રી : આપ વ્યકિતગત કેસની ચર્ચા નથી કરી શકતા ખાલી બિલ ઉપર જ વાત કરો, ના, ના થઇ શકે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે સરકારનું ધ્યાન દોરવું છે કે,

અધ્યક્ષશ્રી : એ તમે દોરી શકો છો અહીંયા બિલ ઉપર આ ચર્ચા ના થઇ શકે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

અધ્યક્ષશ્રી : આપે કરેલી આ ચર્ચાને હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. આપ બિલ ઉપર વાત કરો આ રીતે આપ ના કરી શકો. ના પાડવા છતાંય તમે એની એ વાત રિપીટ કરો છો, કોઇ વ્યકિતગત આક્ષેપ ના થઇ શકે. એમને જે વાત કરવી હોય તે મંત્રીશ્રી પાસે જઇને કરી આવે. વ્યકિતગત વાત કરવી હોય તો એ મંત્રીશ્રી પાસે જઇને કરી શકે છે. અહીંયા બિલ ઉપર આક્ષેપ ના કરી શકે. તમારો અધિકાર છે તમે જાવ, મંત્રીશ્રીને આપો તમે પહેલેથી પરમિશન નથી લીધી. તમો વ્યકિતગત આક્ષેપ કરતા હો તો તમારે પરમિશન લેવી પડે આ ના ચાલે. શ્રી પરેશભાઇ, આપ બેસો. આપ બિલ ઉપર વાત કરો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું કોઇ વ્યકિતગત મંત્રી ઉપર કે સરકાર ઉપર..

અધ્યક્ષશ્રી : વ્યકિતગત કેસની વાત કરી છે તે ના થઇ શકે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું વ્યકિતગત સરકાર ઉપર કે કોઇ મંત્રી ઉપર આક્ષેપ કરતો નથી. પહેલાં મારી વાતને સમજવાનો પ્રયત્ન કરે. હું અભિનંદન આપીશ અમારા માજી મહેસૂલ મંત્રી શ્રી ત્રિવેદી સાહેબને કે તેમણે મારી વાત સાંભળીને આ કેસમાં કેટલી મદદ કરી છે. સમગ્ર ગુજરાત રાજયમાં ખોટા પાવર ઓફ એટર્નીથી દસ્તાવેજ ના થાય. તેના માટેનો પરિપત્ર કરી અને સમગ્ર ગુજરાત રાજયના ખેડૂતોની જમીન લખાતી જો કોઇએ બંધ કરી હોય તો એ શ્રી રાજેન્દ્રભાઇ અને તેમની ટીમે કરી છે. સાચી વાત કરું છું આ કોઇ હું વ્યકિતગત આક્ષેપ કરવા માગતો નથી પણ સારી બાબત

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

છે એટલે અમે વખાણીએ છીએ. શ્રી ચાવડા સાહેબ જુગારની વાત કરતા હતા મારે ગૃહ મંત્રીનું ધ્યાન દોરવું છે જુગાર કોણ રમે અને કોણ ના રમી શકે તે નક્કી કોણ કરતું હોય છે તે તમારા અધિકારીઓને પૂછજો? જેને મંજૂરી મળે તે રમી શકે અને મંજૂરી ના મળે તે નથી રમી શકતા. આ બાબતની થોડી તમે અધિકારીઓને સૂચના આપો.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ મંત્રી મારી વાતને બરાબર સમજે છે. બધીજ બાબતની તકલીફ અને બિલની અંદર તમામે તમામ જે સુધારા તમે લાવ્યા છો તેમાં એક સૌથી ખરાબ બાબત દા.ત. વેશ્યાવૃત્તિ. મેં ઉલ્લેખ કરેલો છે શું સાચી હકીકત છે તે મારે ગૃહને કહેવું છે. આ બધુ કયાં બને છે ? સાહેબ ગુજરાત રાજયની અંદર ચાલતા તમામે તમામ સ્પામાં શું ચાલે છે. ખાલી તમારા અધીકારીઓ પાસે ખાતરી કરાવડાવજો. ૧૫ દિવસ પહેલાં હું વાત કરીશ તો માનનીય અધ્યક્ષશ્રી એમ કહેશે કે તમે વ્યકિતગત વાત કરો છો પણ હું વ્યકિતગત વાત કરવા માગતો નથી. જે સાચા સ્પા હોય તેને ચાલવા દો, તેની સામે કોઇને વાંધો હોઇ શકે નહીં પણ તે સ્પાની આડમાં શું ચાલી રહ્યું છે તે ખાલી તમારા અધિકારીઓને પૂછજો. પણ એ સ્પાની આડમાં શું ચાલે છે એ તમારા અધિકારીઓને પૂછજો. બધા જ અધિકારીઓ જાણે છે. એ આપણા માટે, આ રાજ્ય માટે શરમજનક બાબત છે. તમામ જે જગ્યાએ સ્પા ચાલે છે, બ્યુટી પાર્લર હોય એવી તમામ જગ્યાએ તપાસ કરી અને ગુજરાતના દીકરા-દીકરીઓ ક્યાંય છેતરાય નહિ એની કાળજી રાખજો. જુગારની બાબતમાં, ડ્રગ્સની બાબતમાં ઘણી બધી ચર્ચા થઇ. એમાં આક્ષેપ, પ્રતિઆક્ષેપમાં પડવું નથી. આપણા જે વિદ્યાર્થીઓ ડ્રગ્સ લે છે એ નાકથી લે એટલે નાકમાંથી લોહી આવે એવી આખી પદ્ધતિ હોય છે. એનાથી આપણે બધાએ ભેગા મળીને શું કરવાથી એના ઉપર કંટ્રોલ આવે એ જોવું જોઇએ. ગત વિધાનસભામાં ડ્રગ્સની વાત કરી એટલે પોલીસ દ્વારા સામાન્ય માણસોના ગલ્લાઓ બંધ કરી દેવામાં આવ્યા. કોઇને પાનનો ગલ્લો હોય, કોઇને શાક-રોટલીની દુકાન હોય એની ઉપર રેડ કરીને બંધ કરી દીધી પણ ડ્રગ્સ ક્યાંથી આવે છે, કોણ લાવે છે અને કોણ વેચે છે એની કોઇએ ખાતરી ના કરી. મારે દુ:ખ સાથે કહેવું પડે કે પોલીસને એમની નોકરીમાં જેટલો રસ નથી એટલો જમીનોમાં રસ છે. તમે ખાતરી કરાવજો. અમે તમને માહિતી આપીશું. એમાંથી ખેડૂતોને બચાવો એટલી જ વિનંતી કરવી છે.

સુખરામભાઇ હ. રાઠવા(વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના ગૃહમંત્રીશ્રી ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક લઇને આવ્યા છે. મારા પક્ષના ઘણા બધા સિનિયર ધારાસભ્યોએ પોતપોતાની વાત રજૂ કરી છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે. ગુજરાતમાં ગુનાહિત પ્રવૃત્તિઓ વધતી અટકે એમાં આપણે બધા સાથે હોઇએ. આપણે બધા આખરે તો એવું કહીએ છીએ કે મારું ગુજરાત વિકાસશીલ ગુજરાત પણ અત્યારે એક-બે બાબતો ઉપર જવા માગું છું. આ જે ગુનાઓ વધે છે અને આ કાયદાની જે છટકબારીઓ છે એના કારણે ગુનો કરનાર માણસને પ્રોત્સાહન મળે છે. આ બિલ હું વાંચતો હતો ત્યારે એમાં જે શબ્દો દૂર કર્યા છે તે 'ખંડણી, જમીન પચાવી પાડવી, સોપારી આપવી, કોન્ટ્રાક્ટ કિલિંગ, આર્થિક ગુના, ગંભીર પરિણામોવાળા સાયબર ગુના અને મોટા પ્રમાણમાં જુગારના કૌભાંડ ચલાવવા.' આ શબ્દો દૂર કરવાની તમને શું જરૂર પડી? આ શહેરમાં જે ગુનાઓ થાય છે, ઝઘડાઓ થાય છે, ગૃહિણીઓને ખર્ચા કરવામાં માર પડે છે એ આ જુગારના ધંધા ચાલે છે એના કારણે થાય છે. છોકરાઓ ચોરી કરતા શીખી જાય છે. જુગાર રમવામાં એ હારી જાય એટલે ચોરી કરતા હોય છે. ત્યારે 'મોટા પ્રમાણમાં જુગારના કૌભાંડ ચલાવવા' એ શબ્દો કાઢવાની જરૂર કેમ પડી? એ સમજાવજો. બાકી તો ગુજરાતમાં ડ્રગ્સ વિશે છાપામાં આવે છે, મિડિયામાં આવે છે અને હાઉસમાં પણ ચર્ચા થાય છે.

આપણો દરિયા કિનારો સુરક્ષિત છે તેવી આપણે વાતો કરીએ છીએ પણ દરિયા કિનારો સુરક્ષિત નથી. મોટા પ્રમાણમાં ગુજરાતમાં ડ્રગ્સ ઠલવાઈ રહ્યું છે. આ ડ્રગ્સ ક્યા બંદરે ઉતર્યું? કોણ લાવ્યું? તેની સામે સરકાર શું પગલાં લે છે? તેના લાઇસન્સ રદ કરો છો? તેના લાઇસન્સ રદ કરો તો ખબર પડે કે ત્યાં માલ ઠલવાતો બંધ થાય. તમે બધા કહો છો કે કોંગ્રેસ મુક્ત ગુજરાત ત્યારે અમે કહીએ છીએ કે ડ્રગ્સ યુક્ત ગુજરાત. આખરે તો આપણે સૌ ગુજરાતના યુવાનોનું ભલું ઈચ્છીએ છીએ. આપણે બધા ભલું ઈચ્છતા હોઈએ ત્યારે આ જુગારના અડ્ડા ચલાવવાનું કૌભાંડ શબ્દો તમે દૂર કર્યા છે તેમાં અમને તો એવું લાગે છે કે શહેરમાં જે અડ્ડાઓ ચાલે છે તેમાં *(xxx) કે જેના કારણે તમે છૂટ આપો તો તમને ચૂંટણીમાં ફાયદો થાય.

અધ્યક્ષશ્રી : *(xxx) તે શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : અમને જે દેખાયું તે વાત કરું છું. અમારા ગામડાની ભાષાની લઢણ આવી હોય છે એટલે આ લઢણના કારણે આવું થયું તો માફ કરજો પણ અમને તો આવું દેખાય છે. તમે જે આ શબ્દો દૂર કર્યા છે તે દૂર કરવાના બદલે કોઈ શબ્દોની મારામારીમાં જે સુધારો કરવો હોય તે સુધારો કરીને તમે જુગારવાળાને પણ સામેલ રાખો. આપણે બધા ગુજરાતમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધે તે માટેની વાતો કરતા હોય ત્યારે ઘણા બધા મિત્રોએ તમને સારાં સૂચનો કર્યાં છે. મારું આ એક સૂચન છે કે આ જે જુગારના અડ્ડા ચલાવવાનું કૌભાંડ શબ્દ કાઢી નાંખ્યો છે તેને તમે પુનઃ આમેજ કરો.

શ્રી હર્ષ સંઘવી ( રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજસીટોકના કાયદાના સુધારા અંગે મારા સાથી ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી વીરજીભાઈ, શ્રી સી. જે. ચાવડાજી, શ્રી બળદેવજી, શ્રી કિરીટભાઈ અને

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

જેમના નામમાં અમારું કામ હોય તેવા શ્રી સુખરામજી અને શ્રી પિયુષભાઈ આ તમામ સાથી ધારાસભ્યોએ પોતપોતાના મંતવ્યો રજૂ કરેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જુલાઈ-૨૦૨૨ આ સભાગૃહ માટે એક ઐતિહાસિક દિવસ હતો. ગૃહની ચર્ચામાં ગુજરાતના યુવાનોના ભવિષ્ય માટે ડ્રગ્સ સામેની લડાઈમાં ગૃહ વિભાગની ચર્ચામાં પક્ષ-વિપક્ષ તમામ ધારાસભ્યોએ ગુજરાતના આ વિધાનસભાગૃહની અસ્મિતા દેશભરના લોકો તે જુએ તો તેમને એક નવી દિશા મળે તે પ્રકારનો એ મહિનામાં એક ઐતિહાસિક દિવસ નીકળ્યો. તમામ લોકોએ એક સૂરથી ડ્રગ્સ સામેની લડાઈમાં પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા. માનનીય ભૂપેન્દ્રભાઈએ મુખ્યમંત્રી તરીકે ચાર્જ લીધો. ગૃહમંત્રી તરીકે જવાબદારી મળી. હું કહેવા માગું છું કે શનિવારની રાત્રે જ્યારે મારી ઉંમરના નવયુવાનો પોતાના પરિવાર સાથે બહાર ફરતા હોય તે શનિવારની રાત્રે ગુજરાતના ગૃહ વિભાગના સિનિયર અધિકારીઓ, પોલીસ વિભાગના સિનિયર અધિકારીઓ, ૭ થી ૮ કલાક ચાલેલી એ બેઠકમાં ગુજરાતે એક નવી દિશા પકડવાનું નક્કી કર્યું. ડ્રગ્સ સામે આ લડાઈ લડવા માટે આપણે એક હથિયાર જોઈએ. હથિયાર હતું ડ્રગ્સ રિવોર્ડ પોલિસી. ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે ડ્રગ્સ રિવોર્ડ પોલિસી બહાર પાડી. આ પોલિસીએ ડ્રગ્સ સામેની આ લડાઈ એ દેશભરની એક રિવોલ્યુશનરી લડાઈ પૂરવાર કરી છે. ગુજરાતની ધરતી પરથી ડ્રગ્સ પકડાયું નથી. ડ્રગ્સ જેવા વિષય પર આટલી મોટી સર્જિકલ સ્ટ્રાઇક ચાલુ કરવાની હોય ત્યારે અનેક પ્રકારના વિચાર-વિમર્શ થયા. આપણું જે નેટવર્ક છે કે જે ઇન્ફર્મેશનનું સોર્સ છે. એનાથી અલગ-અલગ રાજ્યોને મદદ તો જરૂરથી કરી શકીશું. પરંતુ, આ ચૂંટણીના વર્ષે સમાજ માટે કરેલા કાર્યને લોકો રાજકીય મુદ્દો તો નહીં બનાવી લે ને? હું કોઇ રાજકીય વ્યક્તિ નથી. અહીંયા ગૃહના સૌ સાથીઓ પર વિશ્વાસ રાખીને આ લડાઈની એક મજબૂત શરૂઆત કરી ત્યારે મે એવું કહ્યું હતું કે ગુજરાતના સૌ ધારાસભ્યો અને ગુજરાતના નાગરિકો આવી લડાઇ પર રાજનીતિ ક્યારેય ના કરી શકે. વેસ્ટર્ન કન્ટ્રિઝની અંદર ડ્રગ્સ એક ફેશન થઇ ગયું છે. આપણા દેશની અંદર ડ્રગ્સનું પ્રમાણ દુનિયાના વેસ્ટર્ન કન્ટ્રિઝ જેટલું વધ્યું નથી. હું એમ નથી કહેતો કે ગુજરાતમાં કોઇપણ નવયુવાન ડ્રગ્સ નહીં લેતો હોય. આપણી પાસે હજી સમય છે અને આ સમયે જુલાઇ ૨૦૨૨માં ગુજરાતના સૌ લોકોએ જે રીતે સાથ આપેલો એવો સાથ ગુજરાત પોલીસનો આપતા જ રહેશો એવો મને વિશ્વાસ છે. શ્રી વિરજીભાઈ જતા રહ્યા લાગે છે.

અધ્યક્ષશ્રી : આ બેઠા છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મારે શ્રી વિરજીભાઇને જગાડવાના હતા. શ્રી વિરજીભાઈ, ડ્રગ્સ પકડાયું નથી, ડ્રગ્સ પકડેલું છે અને એ ડ્રગ્સ પકડવા માટે ગુજરાત પોલીસના એક-એક નવયુવાનોએ ભારત-પાકિસ્તાનની બોર્ડર પર જઇને લડાઇ લડવી પડી છે. વિરજીભાઇ, હું આપને કહેવા માંગુ છું કે તમારા દીકરા-દીકરી પણ નવયુવાન હશે અને મારા દીકરા-દીકરી પણ નાના છે અને નવયુવાન થવાના છે. આ રાજ્યમાં ડ્રગ્સ જેવા વિષય પર રાજનીતિ ક્યારેય ના થઇ શકે. આ બિલની ચર્ચા પર દિલ પર ના લો.

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇ, બેસી જાવ.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રીવિરજીભાઇ, તમે મને નાનો ભાઇ કહ્યો અને સાંભળતા નથી કેમ? આ ડ્રગ્સ પકડાય તો તમને દુ:ખાવો થાય છે? પાકિસ્તાનને દુ:ખાવો થવો જોઇએ. જેટલા લોકોએ આ બિલ પર ચર્ચા કરી છે એ તમામ લોકો આ વિષયને ખૂબ સારી રીતે જાણે છે. આવતા સમયની અંદર ચૂંટણી જરૂરથી આવે છે. પરંતુ, આખા સિંધુભવન રોડ પર જે કોઇ યુવાનો હતા એ બધાને તમે ડ્રગિસ્ટ શા માટે બનાવી રહ્યા છો? શું તમને આ યોગ્ય લાગી રહ્યું છે? હું એમ નથી કહેતો ગુજરાતનો કોઇપણ યુવાન ડ્રગ્સના નશામાં નહીં હોય. પરંતુ આપણી જવાબદારી છે.

પરેશ ધાનાણી : માનનીય ગૃહ મંત્રીશ્રી, ગૃહ મંત્રી તરીકે આપની જવાબદારી છે કે આ ગુજરાતી ડ્રગ્સનું ગેટ વે ઓફ ઇન્ડિયા ન થાય.

અધ્યક્ષશ્રી : આપનો મુદ્દો કહો?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી એજન્સી એન.આઇ.એ નો જે રિપોર્ટ છે એ મુજબ ૪૯૦૦ કિલો ડ્રગ્સ ગુજરાતના કાંઠે ઉતરી અને દેશમાં વેચાયું અને તમે શ્રી વિરજીભાઇને એમ કહો છો કે તમે ડ્રગ્સ વેચવા દો. વેચનારા કોણ છે?

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ, આપ બેસો. આપનો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. શ્રી વિરજીભાઇની વાત કરે છે એટલે શ્રી વિરજીભાઇ કહેશે. શ્રી પરેશભાઇ, મેં ના પાડી છે કે કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. માનનીય શ્રી હર્ષભાઇ આપ આપની વાત કરો.

શ્રી હર્ષ ર. સંઘવી : શ્રી પરેશભાઇ, આ વિષય ઉપર રાજનીતિ ન કરવી જોઇએ. તમારો જેવો વ્યકિત આવા વિષય ઉપર રાજનીતિ કરે આ યોગ્ય નથી. ડ્રગ્સ જેવા વિષય ઉપર રાજનીતિ ન કરવી જોઇએ. આપ ડ્રગ્સ જોડે રાજનીતિ કરી રહ્યા છો.

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ, આપને હું વારંવાર ટોકું છું છતાં તમે આવા વિષયો ઉભા કરો છો. કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. તમે શું કામ શ્રી વિરજીભાઇ માટે વાત કરો છો? એ તો શ્રી વિરજીભાઇને જે કહેવું હશે તે તેઓ કહેશે. તમે આવી રીતે વચ્ચે બોલી શકતા નથી. પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી એટલે રેકર્ડ ઉપર કંઇ નથી. શ્રી હર્ષભાઇ આપની વાત કરો.

## તા. ૨૧મી સપ્ટેમ્બર,૨૦૨૨

## ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ(સુધારા)વિધેયક,૨૦૨૨

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇએ ગુજરાતમાં જે ડ્રગ્સ પકડાય છે એની વાત કરી છે. વર્ષ ૨૦૨૦માં મહારાષ્ટ્રમાં કોની સરકાર હતી? મહારાષ્ટ્રના મુંબઇના થાનેમાં સલીમ નામનો યુવક શાકભાજીની લારીની આડમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ વેચતો હતો. પાકિસ્તાનના કરાંચીથી ડ્રગ્સ મંગાવતો હતો અને એને પકડવાનું કામ ગુજરાતની પોલીસે કર્યું છે. કારણ કે, મહારાષ્ટ્રની પોલીસે એને વર્ષો સુધી પકડ્યો નહીં. શ્રી પરેશભાઇ, શ્રી શૈલેષભાઇ અને શ્રી વિરજીભાઇ તમે સૌએ ડ્રગ્સની વાત કરી છે. તમે ટીકા જરૂરથી કરી છે એનો વાંધો નથી. શ્રી પરેશભાઇ, હવે શાંતિથી સાંભળજો. જાગતો ગૃહ મંત્રી છે એટલે પકડ્યું છે. આ ઉડતા ગુજરાત, ઉડતા ગુજરાત કરીને રાજકીય સ્ટેટમેન્ટ આપવા કરતા ડ્રગ્સ પકડતું ગુજરાત કહેશોને તો પોલીસનું મનોબળ વધશે. આ પકડતું ગુજરાત છે અને શ્રી પરેશભાઇ, હું વટથી કહું છું કે ગુજરાત નહીં, પણ દેશમાં ડ્રગ્સના જે કેપિટલ રાજ્યો ગણાતાં હોય એના આંકડાની ગુજરાતના આંકડા સાથે સરખામણી કરી લો ગુજરાત પોલીસે શું કામગીરી કરી છે એનો જવાબ આપને મળી જશે. ગુજરાત પોલીસે આનો તાર પંજાબની જેલ સુધી શોધ્યો છે. શ્રી ગ્યાસુદ્દીનભાઇએ કીધેલું કે એના તાર શોધાવા જોઇએ એટલે હું કહું છું કે એના તાર પંજાબની જેલ સુધી શોધ્યા છે અને તમામ ગુનેગારોને આમાં પકડવામાં આવ્યા છે. છેલ્લા એક વર્ષમાં રૂપિયા ૬૫૦૦ કરોડનું ડ્રગ્સ પકડીને ૭૪૦ થી વધારે ગુનેગારોને પકડ્યા છે. ડ્રગ્સનું ગુજસીટોકમાં હોવું જોઇએ, નહીં હોવું જોઇએ એના તમારા સજેશન સો ટકા માનીએ છીએ. એ બાબતે સો ટકા ચર્ચા - વિચારણા કરવી જોઇએ. પરંતુ આ એક વર્ષમાં ડ્રગ્સ વેચનાર ૭૪૦ ઉપરના એક પણ વ્યકિત હજી સુધી છૂટી શક્યા નથી. ગુજરાત પોલીસ ડ્રગ્સ સામેની જે લડાઇ લડી રહી છે તે કોઇ હર્ષ સંઘવી કે ભારતીય જનતા પાર્ટીની નથી પણ આખુ ગુજરાત એક થઇને લડાઇ લડી રહ્યું છે. હું આપને કહેવા માગુ છું કે ગુજરાત પોલીસ અને ગુજરાત એ.ટી.એસ. ને એટલા માટે અભિનંદન આપવા પડે કે કે ગુજરાત પોલીસે માત્ર ગુજરાતમાંથી જ ડ્રગ્સ નથી પકડ્યું. ગુજરાત પોલીસે ક્રાઇમ બ્રાન્ચ દિલ્હી સાથે, એ જ રીતે હરિયાણા, મુઝફ્ફરનગર યુ.પી.માંથી, એ જ રીતે કલકત્તાથી આ બધી જ જગ્યાએથી ડ્રગ્સ પકડવાનું કામ સેન્ટ્રલ એજન્સી સાથે જરૂરથી કર્યું છે. આ બધી જ જગ્યાએથી ડ્રગ્સ પકડીને કરે છે. મેં કહ્યું તેમ ચૂંટણી આવે ત્યારે રાજકીય ટીકા ટિપ્પણ થતી હોય છે. આપણે સૌ લોકો એકબીજા ઉપર ટીકા ટિપ્પણ કરતા હોઇએ છીએ. પરંતુ ડ્રગ્સ જેવા વિષયમાં જયારે આપણે સૌ લોકોએ જુલાઇ મહિનાના આ જ ગૃહમાં તમે સૌ લોકોએ જે વિશ્વાસ રાખીને જે સર્વાનુમતીથી પસાર કરેલ હતું. એ ડ્રગ્સ સામેની લડાઇ ગુજરાત પોલીસે એટલી જ મજબૂતાઇથી જે વિશ્વાસ ગૃહે રાખેલો હતો એ લડી રહી છે. હું આપને વિનંતી કરવા માગું છું કે (અંતરાય) માર્ચ. તમને યાદ છે એટલું સારું છે. માર્ચ મહિનામાં. તમે સૌ લોકોએ (અંતરાય) ટેન્શન તો લાગતું જ નથી. એમાં જેને લાગતું હોય એને લાગે. આ વિષય, આ લડાઇ એ આપણી આવનારી જનરેશન માટેની લડાઇ છે. એ લડાઇમાં માનનીય શૈલેષભાઇ, એટલી વિનંતી તો જરૂરથી કરીશ કે આપના કોઇ કેન્દ્રીય નેતાઓ જે ગુજરાતની ધરતી પર આવે તો એમને આંકડા જરૂરથી સાચા આપજો. અને એમને એટલું પણ કહેજો કે મહારાષ્ટ્ર, ઝારખંડ, છત્તીસગઢ કયાંક તમારી ડાયરેકટ કે કયાંક તમારી સહયોગી સરકાર હોય ત્યાં દરેક મહિનાના આંકડા આપણે આમને સામને કમ્પેર કરવા માટે તૈયાર છીએ. પંજાબના કેપિટલમાંથી એક રાજકીય વ્યક્તિએ ગુજરાતના ડ્રગ્સ માટેના વિષયની ચર્ચા કરી. હું ગૃહના સૌ સભ્યોની વચ્ચે કહેવા માગું છું કે આપણા રાજય માટે, આપણી ધરતી માટે કોઇ ખોટા સ્ટેટમેન્ટ આપે, કોઇ ખોટી રીતે ગુજરાતના યુવાનોને બદનામ કરવાનો પ્રયત્ન કરે તો એવા વિષયમાં રાજકીય ટીકા - ટિપ્પણ ન હોવી જોઇએ. એક થઇને જયારે ધરતીની વાત હોય, રાજયના નાગરિકોની વાત હોય તો તમામ લોકોએ એક થઇને એક સૂરે જવાબ જરૂરથી આપવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજસીટોકમાં લેન્ડ બાબતની વાત આવી. કોન્ટ્રેકટ કીલિંગની વાત આવી. ઇકોનોમીક ઓફેન્સની વાત આવી. સાયબર ક્રાઇમની વાત આવી. માનનીય અધ્યક્ષશ્રી ટેરેરીઝમ વર્ડ કેમ નીકાળ્યો છે. કારણ કે એક જ વર્ડ બે જગ્યા પર ઉપયોગ થવાથી કયાકને કયાંક કાયદાની અંદર આપણને અસર પડતી હતી. આ કાયદો બે પાસાને આવરી લે છે. એક ઓર્ગેનાઇઝ ક્રાઇમ અને બીજું છે ટેરેરીઝમ. હું આ કાયદામાં અલગ અલગ વિષયની જયારે ચર્ચા નીકળી. જયારે ગેમ્બલિંગની વાત આવી ત્યારે હું ખાસ કરીને કહેવા માગું છું કે જુગાર ધારા હેઠળના કોઇપણ ગુના આજ સુધી ગુજસીટોકમાં ધ્યાને લેવામાં આવેલા નથી. સાથે સાથે જુગારધારા હેઠળના ગુનામાં ૩ વર્ષથી ઓછી સજાની ઓલરેડી જોગવાઇ છે. જયારે ગુજસીટોક હેઠળ ગુનો નોંધવાનો હોય ત્યારે ૩ વર્ષથી વધારે સજાની જોગવાઇ હોય તેવા જ ગુનાઓ આપણે ગુજસીટોકમાં દાખલ કરી શકીએ છીએ. એટલા માટે ગેમ્બલીંગ શબ્દ આમાંથી નીકાળવામાં આવ્યો છે. લેન્ડ ગેમ્બલીંગ નથી. આમાં વિષયનું થોડું વધારે અધ્યયન કરવાનું જરૂરી છે. કન્ટીન્યુઅસ ઇલ્લીગલ એક્ટિવિટી. એટલે એક ઓર્ગેનાઇઝ તંત્ર ચાલતું હોય. અને કન્ટીન્યુઅસ ઇલ્લીગલ એક્ટિવિટીમાં જે આ લેન્ડ ગ્રેબિંગ લાગે છે. એમાં આપણે ગુજસીટોકનો કાયદો ઉપયોગ કરતા હોઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજસીટોકનો દુરૂપયોગ કે સાચો ઉપયોગ એ હું અમુક નામો આ ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. હું આજે અમારા ગૃહના સભ્ય અને પૂર્વ ગૃહ મંત્રી આદરણીય પ્રદિપસિંહજી જાડેજાને પણ હું અભિનંદન આપવા માગું છું. જે પ્રકારે આ કાયદાને કડક રીતે અમલમાં લીધો. એનાથી આજે ગુજરાતમાં અનેક ગુનાઓમાં છેલ્લાં વર્ષોમાં કટોતી આવી છે. હું પાટણી જિલ્લાની વાત કરું છું હું એટલા માટે કહેવા માગું છું હું ત્યાંના નાગરિકોને પૂછવા માગું છું. પાટણની જીલીયા ગેંગ માનનીય સભ્યશ્રી આપ પાટણના છો એટલે જાણતા હશો. હું એટલા માટે કહેવા માગું છું કે તમારે પાટણના નાગરિકોને પૂછવા જેવું છે કે આ ગુજસીટોક કાયદામાં કેદ કરેલી આ જીલીયા ગેંગના લોકો છે એ કાયદેસર છે કે ગેરકાયદેસર છે. એનો કયા

પ્રકારનો ત્રાસ હતો. એ વિસ્તારમાં અનેક લોકો કયા પ્રકારના ભોગ બનેલા હતા. માનનીય સભ્યશ્રી જે વિસ્તારમાંથી ચૂંટાય છે એ વિસ્તારની વાત કરી રહ્યો છું. માનનીય વિરજીભાઇના વિસ્તારમાં પણ અનેક ગુનાઓ નોંધાયા છે. એમના વિસ્તારના નાગરિકોને સો ટકા પૂછશે આ પ્રકારના ગંભીર ગુનેગારોને પકડયા પછી એ કાયદો સાચો ખોટો ગેરઉપયોગ કે ઉપયોગ આ પ્રકારની રાજનીતિ? જીલીયા ગેંગની કયા પ્રકારની કામગીરી હતી. ધાકધમકી, અપહરણ ખૂન કરવાની કોશિશો જયારે એને પકડયા ત્યારે પિસ્તોલ, જીવતા કારતુસ બે મોટા બોકસ ૭/૧૨ની નકલોના નીકળ્યા હતા એટલે કઇ ટાઇપના લેન્ડ ગ્રેબ્રિંગ લાગે તો એ સતત જે એક્ટિવિટીમાં હતા એના માટે આની ઉપર લેન્ડ ગ્રેબ્રિંગનો કાયદો અમલમાં આવેલો છે.

માનનીય વિરજીભાઇ અમરેલીની વિછિયા ગેંગ એનો આપને ખ્યાલ હશે જ. અમરેલીના નાગરિકો કેટલા હેરાન થયેલા હતા એ પણ આપણા ધ્યાન ઉપર હશે. આજે જેલમાંથી નથી છૂટી શકતાને એનું કોઇ એક માત્ર કારણ હોય તો આ ગુજસીટોકનો કડક કાયદો છે. વિછિયા ગેંગથી અમરેલીના લોકોને રાહત થઇ કે કોઇ તકલીફ પડી. (અંતરાય) તો મારી ભૂલ છે હું પાછી તપાસ કરી લઇશ. પરંતુ વિછીયા ગેંગ ઉપર કડકમાં કડક કાયદાનો અમલ કર્યો ત્યારે એને પકડી શકયા. સુરતનો આસીફ ટામેટા ગેંગ હું સુરતથી આવું છું એનો કયા પ્રકારનો ત્રાસ હતો એ મને ખબર છે. અમદાવાદનો નજીર વોરા, વડોદરાનો અસ્લમ બોડીયા, સુરતનો સાજીદ કોઠારી સરકારી જગ્યા ઉપર મકાનો બનાવવામાં આવેલા હતા એ મકાનો પણ આપણે ડિમોલીશેન કરી લેવામાં આવ્યા છે. એ જ રીતે પેડલરની વાત કરી એમાં ખાસ કરીને અમદાવાદની અમીના કરીને વર્ષોથી ડ્રગ્સનું ખૂબ મોટા પાયે નેટવર્ક ચલાવતી હતી. પોલીસના ખૂબ પ્રયાસો પછી એને પકડી લેવામાં આવી અને એનું ઇ લીગલ ઘર હતું એ પણ તોડી પાડવામાં આવેલ છે. આ ડ્રગ્સ સાથેની લડાઇ ખૂબ મજબૂતાઇથી લડાઇ લડવાનું ચાલુ છે અને સાઇબર ક્રાઇમનો વિષય હતો ખાસ કરીને આ વોટસઅપ વિડિયોકોલ. આ ટેકનોલોજીનો સૌથી મોટો દુરપયોગ છે. આ વિષય ઉપર અમે લોકો સો ટકા ખૂબ ગંભીરતાપૂર્વક જે કોઇ ફરિયાદો અમને મળે છે એના ઉપર અમે કામગીરી કરી રહ્યા છીએ, પરંતુ અનેક વિડિયોકોલ આવે છે એ વિદેશની ધરતી ઉપરથી પણ આવતા હોય છે, એટલી ઘણી જગ્યા ઉપર આપણી મર્યાદા લાગતી હોય છે, પરંતુ આ વિષય ઉપર ખૂબ જ ગંભીરતાપૂર્વક ચિંતન મનન ચાલુ છે. સાઇબર ક્રાઇમની વાત થઇ. ગુજરાતમાં સાઇબર ક્રાઇમની હેલ્પલાઇન માટે ૧૯૩૦ નંબર એક્ટિવ કરવામાં આવ્યો છે. સન ૨૦૨૨માં આની ઉપર ૩૮,૬૩૦ કોલ અમને મળેલા હતા, જેમાં ૩૪ કરોડ ૫૦ લાખ રૂપિયા બ્લોક કરવામાં આવ્યા છે. ગુજરાત પહેલું એવું રાજ્ય છે કે જે રાજયએ બ્લોક કરેલા રૂપિયા ખાસ કરીને કોર્ટમાં સીઆઇડી ક્રાઇમ દ્વારા લોકોને પરત અપાવવાની અદભૂત કામગીરી થઇ છે. મારી સૌ સાથી સભ્યોને વિનંતી છે કે ગુજસીટોકનો કાયદો આપણાં સૌના વિસ્તારમાં અનેક ગુનેગારોને ડામવા માટે, અનેક ગુનેગારોને જેલ મોકલવા માટે ખૂબ જ મહત્વનો સાબિત થયો છે. આમાં કોઇ પણ પ્રકારના વિરોધ વગર આ સુધારાને આપ સૌ પાસ કરો એવી આપ સૌને વિનંતી છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજની યાદી પ્રમાણે ચાર બિલો આજે પૂર્ણ કરવાના છે અને ચોથું બિલ મંજૂર થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) આના પછી એક બિલ બાકી રહે છે. તેના માટે સમય લંબાવવાની વાત છે. આજના કામકાજમાં જેટલા બિલ લીધા છે એ આજે પૂરા કરીએ. તેના માટે સમય લંબાવવામાં આવે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે પ્રેમ કરવો એ સૌનો હક્ક છે. પ્રેમ કોઇ પણ વ્યક્તિ કોઇની પણ સાથે કરે. એ પણ તમામ લોકોને હક્ક છે પરંતુ અનેક એવા કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા કે અનેક વ્યક્તિ પોતાનું નામ બદલીને ભોળીભાળી દીકરીઓને ફસાવતા હોય છે. કોઇ સલીમ સંજય બનીને કોઇની સાથે પ્રેમ કરે તો એ આવકાર્ય નથી અને કોઇ સંજય સલીમ બનીને કોઇની સાથે પ્રેમ કરે તો એ પણ આવકાર્ય નથી. આ પ્રકારના વિષયોમાં સમાજમાં અનેક દીકરીઓ જ્યારે સમય નીકળે છે, જ્યારે દીકરીઓને ધ્યાનમાં આવે છે ત્યારે તેનું આખું જીવન બરબાદ થઇ જતું હોય છે. આ પ્રકારના કિસ્સામાં સરકાર કડકમાં કડક પગલાં ભરે છે અને ભરશે.

અધ્યક્ષશ્રી : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં માનનીય મંત્રીશ્રીને વિનંતી કરી. ડ્રગ્સની લંબાણપૂર્વક રાજકીય ચર્ચા નથી કરવી. બાકી તો ઘણી બધી થઇ શકે તેમ છે કારણ કે પકડાયું તેનો મતલબ આવે છે. જે ન પકડાયું હોય અને જતું રહ્યું હોય તેની ચર્ચા આપણે નથી કરતાં. મેં આપને કહ્યું હતું કે જે રીતનું આ બિલ છે. બિલમાં નાના નાના પેજ છે ખંડણી વગેરે. તેને તમે ગુજસીટોકમાં લીધેલ છે, તો મેં આપને એક વિનંતી કરી હતી કે સૌથી ડેન્જર ડ્રગ્સની બાબત છે જેની ચિંતા આ સભાગૃહ કરી રહ્યું છે અને આપ પણ કરી રહ્યા છો. વિભાગ પણ કરી રહ્યો છે. એનો સમાવેશ આમાં જો આપ કરી લો તો ચોક્કસપણે હું માનું છું કે જે એક્ટ કરવામાં આવેલ છે તેમાં તમને પણ થોડી સરળતા રહેશે અને લોકો ડરશે. અમારો હેતુ એટલો છે તો અમને કોઇ વાંધો નથી.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ડ્રગ્સ બાબતે ખૂબ જ અસરકારક કાયદા ઓલરેડી ઉપલબ્ધ છે. એન.ડી.પી.એસ. એક્ટ અને પીટ એન.ડી.પી.એસ. એક્ટ. આ બન્ને કાયદાઓ ખૂબ જ કડક છે. શ્રી શૈલેષભાઇ, હું આપને એક દાખલો આપવા માગું છું કે પીટ એન.ડી.પી.એસ. એક્ટના હેઠળ ગુજરાત એવું પહેલું રાજ્ય છે કે જેને બીજા રાજ્યમાં એટલે

ઓરિસ્સાની એક ગેંગ હતી જે ગુજરાતમાં ડ્રગ્સ મોકલવાનું કામ કરતી હતી. એ વ્યક્તિની તમામ પોપર્ટીઓ સીઝ કરવામાં આપણને સફળતા મળી છે અને હું આપને વિશ્વાસ અપાવું છું કે આ બાબતની જો વધારે જરૂર લાગતી હશે તો ૧૦૦ ટકા આ બાબતે અમે વિભાગમાં બેસીને જરૂરથી વિચારણા કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી,કાયદા તો બધા છે. કલમો બધી છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી,હું આપની વાતને નકારતો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ડેન્જર બાબત છે. આ કાયદો જે રીતે તમે પ્રચાર કરો છો તો લોકોમાં ડર પણ છે. જો આનો તમે અંદર સમાવેશ કરી લેશો તો તેનાથી વધારે અસર થશે. અમારી તો વિનંતી છે.

શ્રી હર્ષ સંઘવી : હું આપની વાત નકારતો નથી. ડ્રગ બાબત આપણી પાસે એન.ડી.પી.એસ. અને પીટ એન.ડી.પી.એસ. બેઉ ખૂબ કડક કાયદા હાલમાં આપણી પાસે ઉપલબ્ધ છે. આપનું જે સજેશન છે એની સો ટકા અમે વિચારણા કરીશું.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, ધાર્મિક લાગણી દુભાવવાના કિસ્સા બને છે એની ફરિયાદ આપવા છતાં એ રજિસ્ટર્ડ કરવામાં આવતી નથી તો એમાં થોડી ક ગંભીરતાથી સૂચના આપો કે જે ફરિયાદ થતી હોય અને એમાં તથ્ય હોય, પૂરાવા આધારીત હોય તો ફરિયાદની નોંધ કરવી જોઇએ અને ગુનો રજિસ્ટર્ડ કરવો જોઇએ.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી,આ પ્રકારના કોઇપણ કિસ્સા આપના ધ્યાનમાં આવ્યા હોય અને કોઇ પર્ટીક્યુલર કિસ્સા હોય તો આપ મને આપજો. હું સો ટકા એની ઉપર કડક પગલાં ભરાવડાવીશ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસમંતિથી મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૨નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા ) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૫, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૨નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક -૧૧- સન ૨૦૨૨નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયકનું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સને ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૨**

ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન ) (સુધારા ) વિધેયક, ૨૦૨૨

**ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન ) અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૨નું ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૨નું ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) સુધારા વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિદ્યુત ઉદ્યોગ પુનર્ગઠન અને નિયમન ૨૦૦૩નો કાયદો રાજયમાં માનનીય રાષ્ટ્રપતિશ્રીની મંજૂરીથી તારીખઃ ૧૨-૫-૨૦૦૩થી અમલમાં આવ્યો. કેન્દ્ર સરકાર દ્વારા વીજ નિયમન ૨૦૦૩ જાહેર કરવામાં આવેલ જે તા.૧૦-૬-૨૦૦૩થી અમલમાં છે. વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ ૧૮૫ અંતર્ગત આપણા રાજયનો ઉપરોકત કાયદો પણ અમલમાં રહે છે તેથી તેની જોગવાઇઓ પણ અમલમાં રહે છે. ગુજરાત વિદ્યુત ઉદ્યોગ પુનર્ગઠન અને નિયમન ૨૦૦૩ના કાયદા અંતર્ગત કલમ-૧૭ અને ૬૫ હેઠળ નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના કાર્યો નિર્ધારીત કરવામાં આવ્યા છે અને નામદાર આયોગ દ્વારા આ કાયદા અને વીજ અધિનિયમ ૨૦૦૩ અંતર્ગત વિનિયમિત કરી શકે છે અને ઘડી શકે છે.ગુજરાત વિદ્યુત ઉદ્યોગ પુનર્ગઠન અને નિયમન એક્ટ ૨૦૦૩ની કલમ ૫જ માં વીજ લાઇસન્સી અને

---

* વિધેયક તા.૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અન્ય વ્યક્તિ દ્વારા ઉક્ત કાયદાની જોગવાઈ અથવા તે અંતર્ગત બનાવેલા નિયમો તથા સૂચનાઓની જરૂરી પૂર્તતા કે ભંગ બદલ કોઈપણ જાતના વાજબી કારણો વિના જોગવાઇનું પાલન કરવામાં નિષ્ફળ જતા અને દોષિત ઠરતા ૩ માસ સુધીની જેલની સજા અથવા મહત્તમ ૨ લાખ રૂપિયા સુધી દંડ અથવા બન્ને સજાની જોગવાઇ કરવામાં આવેલ છે અને આવી જોગવાઇનો ભંગ ચાલુ રહે તો નિયમની અમલવારીના દોષિત થયાના પહેલા દિવસથી જ રોજના ૧૦ હજાર રૂપિયા લેખે દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. ઉક્ત કાયદાની જોગવાઇ કાયદો અને એની નીચે ઘડાયેલા નિયમોનું પાલન કરવા માટે કરવામાં આવેલ છે. વિનિયમન સંચાલકીય પ્રકારમાં અથવા કાર્યપદ્ધતિ સંબંધિત છે. સમય સાથે અમલવારી દરમિયાન એવી લાગણી વ્યક્ત કરવામાં આવી છે કે જે નિયમો સંચાલકીય અથવા કાર્યપદ્ધતિ સંબંધિત છે તે જાણ્યે અજાણ્યે સુચારું રીતે પાલન કરી શકતા નથી. ભારત સરકાર દ્વારા ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના પ્રોગ્રામ અન્વયે વીજ કંપનીઓ તથા વીજ ઉદ્યોગોનો પણ નવા આયામના સમાવેશના ભાગરૂપે ગુજરાત વિદ્યુત ઉદ્યોગ પુનર્ગઠન અને નિયમન એક્ટ ૨૦૦૩ની જોગવાઇ અને નિયમોના ભંગ બદલ જેલની સજાનું પ્રાવધાન ન સૂચવતા માત્ર ગંભીર પ્રકારના કૃત્યો માટે જેલની સજાનું પ્રાવધાન કરવાની બાબત વિચારણામાં લેવા સૂચન કરવામાં આવેલ. તદનુસાર ગુજરાત વિદ્યુત ઉદ્યોગ પુનર્ગઠન અને નિયમન એક્ટ ૨૦૦૩ની કલમ-૫૪ની જોગવાઇમાં જરૂરી સુધારો કરવા સરકાર દ્વારા વિચારણા કરવામાં આવેલ. કાયદેસર રીતે કરવામાં આવેલ અથવા આપવામાં આવેલ કોઈપણ આદેશ, નિર્દેશ અથવા માંગપત્ર, અધિનિયમનું પાલન ન કરવાના કૃત્યને કમિશન દ્વારા ત્રણ હિસ્સામાં વહેંચવામાં આવેલ છે. નીચી, મધ્યમ અને ઉચ્ચ એમ ત્રણ શ્રેણીમાં વર્ગીકૃત કરી આવા નીચી અથવા મધ્યમ શ્રેણીમાં કરાયેલા કૃત્યને જેલની સજા લાગુ પડશે નહીં એ મુજબનો જરૂરી સુધારો કરી, માત્ર ઉચ્ચ શ્રેણીમાં વર્ગીકૃત કરેલા કૃત્યોના ઉલંઘન માટે જ જેલની સજાની જોગવાઇ આખરી કરવા માટે જરૂરી સુધારો કરવા આ બિલ રજૂ કરવામાં આવેલ છે. આમ, રાજ્ય સરકાર દ્વારા કાયદાના પાલનમાં સરળીકરણના આશયથી ગંભીર પ્રકારના જોગવાઇના ભંગ બદલ જેલની સજાની જોગવાઇ આખરી કરવાનો નિર્ણય લેવામાં આવેલ. તે અંતર્ગત ગુજરાત વિદ્યુત ઉદ્યોગ પુનર્ગઠન સુધારા બિલ-૨૦૨૨ ઘડવામાં આવેલ છે. સૂચિત બિલની જોગવાઇઓ બંધારણના ૭મા શિડ્યુલની યાદી નં. ૨ અને ૩ માં આવે છે. બિલની જોગવાઇઓ કેન્દ્રીય કાયદાઓને સ્પર્શતી હોઇ, બંધારણની કલમ ૨૫૪/૨ હેઠળ માનનીય રાષ્ટ્રપતિ મહોદયની મંજૂરી મેળવવાની રહે છે. આ બાબતોને ધ્યાનમાં લઇ ગહન ચર્ચા અને પુખ્ત વિચારણાને અંતે ઉક્ત કાયદો સુધારવાની જરૂરી જણાતા આ સાથે ગુજરાત વિદ્યુત ઉદ્યોગ પુનર્ગઠન સુધારા બિલ-૨૦૨૨ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે જે સર્વાનુમતે મંજૂર કરવા અનુરોધ કરું છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) વિધેયક ૨૦૨૨ લઇને માનનીય મંત્રીશ્રી વિધાનસભા સમક્ષ આવ્યા છે. નાના ઉદ્યોગો, મોટા ઉદ્યોગો, ઉદ્યોગપતિઓ વીજળીનો વપરાશ કરતા હોય છે. એ જ રીતે વીજળીનો વપરાશ ખેડૂતો પણ કરતા હોય છે. એ જ રીતે વીજળીનો વપરાશ ઘર વપરાશમાં પણ થતો હોય છે. મોટાભાગે આ ત્રણ જગ્યાએ વીજળીનો ઉપયોગ થતો હોય છે. આપણુ રાજ્ય ઔદ્યોગિક વિકાસ કરતું રાજ્ય છે અને દિવસે દિવસે વેપારીકરણના કારણે આપણા ઉદ્યોગો વધતા જાય છે. એના કારણે આ વીજળીના વપરાશમાં જે કાયદાઓ આવતા ગયા એ કાયદાઓમાં જે મુશ્કેલીઓ ઉભી થઇ છે અને અગાઉ જે કાયદામાં એવી જોગવાઇ કરી હતી કે દંડ ભરે અને દૈનિક વપરાશ એનો ચાલુ રહે તો ૧૦ હજાર પ્રમાણે દંડ ભરે અને એના ઉપર પોલીસ કેસ થાય, એફ.આઇ.આર. થાય અને જેલની સજા પણ થાય. એટલે વેપારીને આપણે ચોર છે એ દિશામાં માનતા થયા હતા. પરંતુ ધીમેધીમે જેમ ખબર પડી કે કેટલીક ટેકનિકલ ખામીઓ હોય કે કેટલાક કારણોસર કયાંક એપ્લિકેશન આપવાને કારણે, કયાંક અધિકારીઓ ધ્યાનમાં ન લેતા હોય એના કારણે જે તે પ્રશ્નો ઉપસ્થિત થતા હતા એમાં સરકાર જે દિશામાં વિચારણા કરી અને એમાં રાહત આપવાનું કામ છે એમાં વાંધા સરખું નથી પણ આવી જ રાહતો અને આવી જ ચોરીઓ ઘરવપરાશની વીજળીમાં પકડાય તો આ જ કાયદો કામ કરે છે ત્યાં પણ આવી જ ઓવરલોડ કે વધારાના લોડનો પ્રશ્ન જયારે ખેડૂતને આવે છે ત્યારે પણ જે અધિકારીઓ ચેકિંગમાં જાય છે એ સીધા ત્યાં દંડ આપીને આવે છે અને દંડ ન ભરે તો એના ઉપર પણ ગુના દાખલ થાય છે તો આ બધામાં વિચારણા કરીશું કે કેમ એ ગૃહને જણાવો અને જે ઇન્ડસ્ટ્રીયલમાં કર્યુ છે સારી વસ્તુ છે, ખોટી નથી એમ ખેડૂતની પણ કરવામાં આવે અને ઘર વપરાશમાં પણ યુનિટ વપરાતા હોય તો વધારાનો લોડ લે અથવા તો આકસ્મિક ચેકિંગમાં સો યુનિટના બદલે હજાર યુનિટ વપરાયા હશે એમ માનીને ત્યાં આ જ પ્રકારનો દંડ ફટકારવામાં આવે છે કે દરરોજના આટલા રૂપિયા ભરવા પડશે. એફ.આઇ.આર. નોંધવામાં આવશે તો તલસ્પર્શી અભ્યાસ કરી અને તમામ વીજળી વાપરતા વપરાશકારો એ ગુજરાતના છે બહારના તો નથી અને એ કાંતો ઘરમાં વપરાય છે, ખેડૂતની વપરાય છે અથવા ઉદ્યોગની વપરાય છે તો તમામ ક્ષેત્રમાં કેન્દ્રનો કાયદો નડતરરૂપ ન હોય અથવા તો કેન્દ્રના કોઇ કાયદા એમાં બાધારૂપ ન થતા હોય અથવા હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટનું કોઇ જજમેન્ટ બાધારૂપ ન થતું હોય તો સરકાર પોઝિટિવ રહી આ બધાનો વિચાર કરે એટલી જ આમાં વિનંતી છે. આ જે સુધારા છે એમાં અમારો ટેકો છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિદ્યુત મંત્રી સુધારા બિલ લઇને આવ્યા છે એના સમર્થનમાં કેટલીક હકીકતો સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

## તા. ૨૧મી સપ્ટેમ્બર,૨૦૨૨

## ગુજરાત વિદ્યુત ઉદ્યોગ(પુનર્ગઠન અને નિયમન)(સુધારા) વિધેયક,૨૦૨૨

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે ખૂબ જ મોટા પ્રમાણમાં કોલસાની અછત હતી અને અછત હોવા છતાં સમગ્ર દેશની અંદર પણ વીજળીનો કાપ હતો, પણ ગુજરાતની અંદર સુપેરે સારી વ્યવસ્થા સોલાર, વીન્ડ પાવર હોવાને કારણે આપણે એમાંથી બચ્યા છીએ. અમારા સાથી મિત્રો દર વખતે ખેડૂત અને વીજળીની વાતો કરે છે ત્યારે કેટલીક કમ્પેરીટિવ બાબતો હું સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. વર્ષ ૧૯૯૪-૯૫માં વર્ષ ૧૯૬૦ થી ૨૦૦૨ સુધીમાં જે ખેતીવાડીનાં કનેકશનો અપાયાં હતાં, એ કુલ ૭,૩૩,૦૦૦ જેટલા હતા. ૪૨ વર્ષમાં ૨૦૦૨થી ૨૦૨૨ એટલે ૨૦ વર્ષના ગાળામાં ૧૩,૪૨,૦૦૦ ખેડૂતોને વીજળીનાં કનેકશન આપવામાં આવ્યાં. પહેલાના સમયમાં દીકરો જન્મે અને ખેડૂત લખાવે. દીકરો ખેતી કરતો થાય ત્યારે કનેકશન મળતું એટલે ૧૫-૧૭ વર્ષ જતા રહેતા હતા આજે લગભગ એ જ વર્ષની અંદર એ કનેકશનો અપાતાં થયાં છે અને ખેડૂતની સાચા અર્થમાં સ્વપ્ન બતાવવું એ એક વાત છે પણ સ્વપ્નને ધરતી ઉપર લાવવું અને લાવીને એનો અમલ કરવો એ બીજી વાત છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતના હિતની ચિંતા કરીને ખેડૂતના આ સ્વપ્નને સાકાર કરવા માટે ધરતી ઉપર ઉતારવાનું મહત્વનું કામ કર્યું છે. છેલ્લાં ૮ વર્ષમાં ૧૦,૨૨,૧૫૬ ખેતીવાડીનાં વીજ કનેકશનો આપવામાં આવ્યાં છે. કોંગ્રેસના શાસનમાં ૧૫૦૦૦ થી ૧૭૦૦૦ એવરેજ હતા. એના બદલે અત્યારે એક લાખથી વધારે વીજળીનાં કનેકશનો દર વર્ષે ખેડૂતોને આપવામાં આવે છે. ખેડૂતોને જે રાહત દરે વીજ જોડાણ ૧,૬૦,૦૦૦ નો એક કનેકશનદીઠ ખર્ચ થાય છે. એમાં ખેડૂતના ભાગે માત્ર ૫ હોર્સપાવરનું કનેકશન લઇએ તો ૭૮૯૫ રૂપિયા ભરે એટલે ૫ હોર્સપાવરનું કનેકશન એને મળે છે. શિડયુલ કાસ્ટ કે શિડયુલ ટ્રાઇબના કોઇ વ્યક્તિ ખેડૂત કનેકશન મેળવે તો એને માત્ર ૧૩૯૫ રૂપિયા પર કનેકશનના ભરવા પડે. ૧૦ હોર્સપાવરનું કનેકશન કોઇ વ્યક્તિ લે તો ૧૪૧૯૦ રૂપિયા અને શિડયુલ કાસ્ટ કે શિડયુલ ટ્રાઇબના કોઇ વ્યક્તિ કનેકશન લે તો એને ૨૧૯૦ રૂપિયા ભરે તો કનેકશન મળે આ રીતે ખેડૂતોને દરેક રીતે શિડયુલ કાસ્ટ, શિડયુલ ટ્રાઇબ અને ખેડૂતોને ૧,૬૦,૦૦૦માંથી માત્ર આટલી રકમ ભરવાથી કનેકશન મળતાં થયાં છે. ખેડૂતોને વીજ બિલમાં પણ રાહત આપવામાં આવે છે. જર્ક દ્વારા પર હોર્સ પાવર ૨૪૦૦ રૂપિયા નક્કી કરેલા છે પણ છેલ્લા સોળ વર્ષની અંદર એકપણ પૈસાનો વધારો કર્યા વગર રાજ્ય સરકાર દ્વારા આજે પર હોર્સ પાવર ૬૬૫ રૂપિયા વસૂલ કરવામાં આવે છે. ૨૦૦૦ ની સાલમાં ૧૬૮૦ રૂપિયા જર્ક દ્વારા પર હોર્સ પાવર નકકી કરેલા હતા. વર્ષ ૨૦૧૦માં જર્ક દ્વારા પર હોર્સ પાવર ૧૯૨૦ રૂપિયા, વર્ષ ૨૦૧૧ માં જર્ક દ્વારા પર હોર્સ પાવર ૨૧૦૦ રૂપિયા અને વર્ષ ૨૦૧૩ ની સાલમાં જર્ક દ્વારા પર હોર્સ પાવર ૨૪૦૦ રૂપિયા નક્કી કર્યા છે, છતાં આજે ૬૬૫ રૂપિયા પર હોર્સ પાવર વસૂલવામાં આવે છે. આમ જે રીતે ખેડૂતને જગતનો તાત કહીએ છીએ તે સાચા અર્થમાં સાકાર કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર આજે કરી રહી છે. પર હોર્સ પાવર ૧૭૭૫ રૂપિયા આ સરકાર ખર્ચ ભોગવે છે. વર્ષે લગભગ ૬૬૬૫ કરોડ રૂપિયા ખેડૂતોને વીજળીની રાહત આપવામાં આવે છે. વર્ષ ૧૯૯૨ થી ૧૯૯૫ માં જે તે વખતના કનેકશનની સામે આ રકમ ૬૬૫ કરોડ હતી, આજે ૬૬૬૫ કરોડ રૂપિયા ખેડૂતોના વીજ બિલમાં રાહત માટે સરકાર આપે છે. વર્ષ ૨૦૦૧ ની સાલમાં ૧૭૬૨ કરોડ, ત્યારબાદ વર્ષ ૨૦૨૧ ની સાલમાં ૬૬૬૫ કરોડ અને છેલ્લા પાંચ વર્ષમાં લગભગ ૩૦ હજાર કરોડ રૂપિયા ખેડૂતોને વીજ બિલની રાહતમાં અપાય છે. આ રીતે ખેડૂતની ચિંતા કરી છે. ખેડૂત ખરેખર જગતનો તાત છે અને તે ખેતીમાં સમૃદ્ધિ લાવે એટલા માટેની રાજ્ય સરકારની યોજના છે. તેમાં માનનીય કનુભાઇ અને તેમનું તંત્ર જે રીતે કામ કરે છે એટલે તેમને હું સમર્થન આપું છું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા**(**વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જામંત્રીશ્રી સને ૨૦૨૨ નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૨ ગુજરાત વિદ્યુત ઉદ્યોગ પુનર્ગઠન અને નિયમન સુધારા વિધેયક ૨૦૨૨ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિલ બહુ સારું છે કે આવા કાયદાઓ પણ હોવા જોઇએ. સાથે સાથે ખેડૂતોને થોડુંક નુકસાન જાય છે. આપણે અનેક કાયદા કર્યા છે. દા.ત. ખેડૂતની વાડીએ કોઇ પાવર ચોરીનું ચેકિંગ કરવા જાય ત્યારે તેને કલમ-૧૨૬ મુજબ આપણે બિલ આપીએ છીએ. કલમ-૧૨૬ માં પી.જી.વી.સી.એલ. એટલે કે ગુજરાત વિદ્યુત બોર્ડે એવું નક્કી કરેલ છે કે, કલમ-૧૨૬ એટલે શંકા. શંકાના આધારે આપણે બિલ આપીએ છીએ. પછી તેમાં ખેડૂતને સબ ડિવિઝનના અધિકારી ૨૦ ટકા બાદ કરી દે છે અને ડિવિઝનના અધિકારી ૧૫ ટકા બાદ કરી દે છે. એટલે ૭૦ ટકા રકમ તે ભરી દે એટલે આ બિલ રદ થઇ જાય છે. આ સુધારા માટે કહેવા માગું છું કે, શંકાના આધારે ખેડૂત ૭૦ ટકા રકમ ભરે છે તે પછી તે રકમ તેને પાછી નથી મળતી. કોઇ ખેડૂતને લાખ રૂપિયા શંકાના આધારે પાવર ચોરીનું બિલ આપો છો. તેમાં હું કોઇ ખેડૂતે ડાયરેકટ કર્યું હોય તેવી કલમ-૧૩૫ની વાત કરતો નથી. તે નોન કન્ઝ્યુમર હોય અથવા ડાયરેકટ આંકડી મારતો હોય તે નહીં. ફકત શંકાના આધારે બિલ આપવામાં આવે છે તેમાં સુધારો થાય તેની વાત કરું છું. હવે ૧૩૫ ની કલમની વાત કરું તો તેમાં ડાયરેકટ આંકડી મારી હોય તે આવશે. કલમ-૧૩૭ એવી છે કે, એકનો એક ખેડૂત બીજીવાર પકડાયો તો પહેલાં તેની ઉપર કલમ-૧૩૫ લાગે અને બીજીવાર પકડાય તો કલમ-૧૩૭ લાગે. એમાં આપણે કંપાઉન્ડિંગ ચાર્જ વસૂલતા નથી અને તેને સીધા જામીન લેવા પડે છે. આમાં ખેડૂતના કાયદામાં સુધારો આવે તે કહેવું છે. મિટર પ્રથામાં પણ સરકારે થોડું ક જોવું જોઇએ. અમે બે ભાઇઓ છીએ તેમાં મારે હોર્સ પાવર આધારિત છે અને બીજા ભાઇને મિટર છે. બંનેને દસ-દસ વીઘા જમીન છે. બંને ભાઇઓ ૧૫ હોર્સ પાવરની મોટર ચલાવીએ છીએ તો પેલાને ત્રણ ગણું બિલ આવે છે અને મારે છ હજાર રૂપિયા બિલ આવે છે, તો પેલાને અઢાર હજાર આવે છે. આમાં બંનેને સરખા રાખવા જોઇએ આવું મારું સૂચન છે તે ધ્યાને લેજો. પાવર ચોરી ઉપર બિલ છે એટલે કહું છું કે, તેમાં થોડો ક

સુધારો લાવવો જોઇએ. બધા ધારાસભ્યને આ પ્રશ્ન આવતો હશે. એક હોર્સ પાવરનું કનેક્શન હોય તો જી.ઇ.બી. ૧.૫ એમ્પિયર ગણે છે. પછી અમે જે માહિતી ઈન્ડિયન સ્ટાન્ડર્ડની લાવ્યા છીએ તેમાં આઇ.એસ.આઇ. ઇલેક્ટ્રિક મોટર બનાવતી કંપનીને એવું કહે છે કે, ૧.૯ એમ્પિયર લેવા જોઇએ. એટલે ૧૦ ની મોટર હોય તો ૧૯ એમ્પિયર લેવા જોઇએ.તો આમાં ખેડૂતોને જો ૨ એમ્પિયર ૧૦ની મોટરમાં વધારે હોય તો એની ઉપર ખોટી રીતે પાવર ચોરીના બિલ ફટકારવામાં આવે છે. તો મારુ એમ કહેવાનું છે કે આમાં સુધારો લાવી ઈન્ડિયન સ્ટાન્ડર્ડ જે કહે છે એ સાચું છે અને ખેડૂતોને ૧ હોર્સપાવરે ૧.૯ એમ્પિયર લેવા જોઇએ અને આ રીતે બિલ બને તો ખેડૂતને અન્યાય નહીં થાય અને ખોટી રીતે ખોટા કેસમાં કોઇ સંડોવાશે નહીં આટલું મારું સૂચન છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(વિરોધ પક્ષના નેતાશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાણામંત્રીશ્રી અને વીજળી મંત્રીશ્રી ગુજરાત વિદ્યુત (પુનર્ગઠન અને નિયમન) વિધેયક જે લઇને આવ્યા છે. સારી બાબત છે કે, ગુજરાતમાં ઉદ્યોગો સ્થપાય અને ઉદ્યોગો સ્થાપ્યા પછી કોઇ કારણસર એના કનેકશનનો લોડ વધારવો પડે અથવા તો બંધ થઇ જાય તો એને આપણે જે ચાર્જીસ જે આકારીએ છીએ વીજળી બિલના એમાં રાહત મળી રહે અને સાથે સાથે માનનીય હર્ષદભાઇએ કહ્યું તેમ ગુજરાતનાં ગામડાના ખેડૂતને વીજળી નિયમિત મળી રહે. આપણે ૮ કલાકની જાહેરાત કરી છે પણ ૮ કલાક વીજળી કોઇ જગ્યાએ મળતી નથી. એના માટે તમારું જે આયોજન હોય તે પણ ગામડામાં અત્યારે ૪ કલાક કે ૬ કલાક જ વીજળી મળે છે ત્યારે એનું પ્લાનિંગ થવું ખૂબ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગામડામાં અનાજ દળવાની ઘંટીઓ હોય છે એમાં આપણે ૨૪ કલાકની વીજળીમાંથી કનેકશન આપીએ છીએ. ગામડામાં દળણું હોય કેટલું? ૪ કલાક ૮ કલાક અને કોઇ સંજોગોવસાત આ ઘંટી ચોરીના પ્રકરણમાં પકડાઇ ત્યારે એને સતત ત્રણ મહિના કે એક મહિનો ૨૪ કલાક તમે વીજળી વાપરી છે એવી આકારણી કરીને એને જે બિલ આપવામાં આવે છે એ અયોગ્ય બિલ છે અને એમાં સરકારે વિચાર કરવો ખૂબ જ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જ્યારે વીજળીના થાંભલાની અગાઉ ગૃહમાં પણ વાત થઇ હતી કે આ વીજળીના થાંભલા ખેડૂતોના ખેતરમાંથી જાય છે. મોટા મોટા ટાવરો ૧૦ બાય ૧૦ના નાંખવામાં આવે છે અને એને કારણે એની નીચેની જમીનમાં એ ખેતી કરી શકતા નથી. આપણે વળતર એને આપીએ છીએ પણ જે તે વર્ષે નુકસાન થાય છે એ પૂરતું આપીએ છીએ. પછીનાં વર્ષોમાં એની નીચે ખેતી થઇ શકતી નથી અથવા વીજળી વિભાગવાળા કાંટાળી વાડ કરીને નીચે ખેતી કરતા અટકાવે છે. શા માટે સરકાર એવું ન કરે કે આ ૧૦ બાય ૧૦નો જે વિસ્તાર છે એ વિસ્તારમાં ખેતીની ઉપજ જે થાય છે એની કોસ્ટ ગણીને, હવે તો ગુજરાત વિદ્યુત બોર્ડ ધંધો કરતું થયું છે, સેવા આપતું બોર્ડ છે એવું નહીં માનવાનું એ નફો કરતું બોર્ડ છે ત્યારે એ ખેડૂતને જે જગ્યા એની બિનખેતીની થઇ જાય છે એમાં ઉપજ લઇ શકાતી નથી ત્યારે એને આપણે એડહોક પૈસા આપીએ છીએ એને બદલે એની વાર્ષિક ઉપજ કેટલી થાય છે એને ધ્યાનમાં રાખીને એને વળતર ચૂકવાવું જોઇએ અને ખેડૂતોને ઘણી બધી જગ્યાએ જે કેસ થાય છે એમાં માંડવાળની જે પદ્ધતિ છે એમાં ખેડૂતને આપણે ચોર નહીં ગણતા, ખેડૂત ચોરી ક્યારે કરે? ખેતીનો પાક બચાવવો હોય ત્યારે. એવા સંજોગોમાં સંજોગોને ધ્યાનમાં રાખીને ખેડૂત ઉપર આકરાં પગલાં ના લેવાય એની સરકારે કાળજી રાખવી જોઇએ અને સાથે સાથે મેં જે વળતરની વાત કરી એમાં સરકાર પોતાનું વલણ સ્પષ્ટ કરે અને ખેડૂતલક્ષી રાખે એટલી વાત સાથે આ બિલને અમે સમર્થન આપીએ છીએ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(** ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સુધારા બિલ રજૂ કર્યું છે તે સામાન્ય ગ્રાહકથી લઇ, ખેડૂતોથી લઇ અને ઉદ્યોગો સૌને લાગુ પડે છે અને તેનો લાભ બધાને મળશે. સાથો સાથ આ જે બિલ છે તે કોઇ પણ નિયમોમાં ભૂલ થઇ હોય અથવા તો ઓપરેશનલ કે કોઇ હોર્સ પાવર વધી ગયા હોય કે કોઇના વપરાશમાં અજાણતામાં ભૂલ થઇ હોય તે બધી ભૂલો માફ કરવા માટે ત્રણ શ્રેણી બનાવવામાં આવશે. તેમાં નીચી શ્રેણી, મધ્યમ શ્રેણી અને ઉચ્ચ શ્રેણી. જે જાણી જોઇને જેમણે ગુનો કર્યો હશે તેના માટે જેલની જોગવાઇ અને એટલુ જ છે સામાન્ય માણસોને રાહત આપવા માટેનું આ બિલ છે એટલે આપ સૌ સર્વાનુમતે આ પાસ કરો એવી નમ્ર વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૨નું ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વ સંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૨નું ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વ સંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૨નું ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૨૮ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું**

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

ટૂંકી મુદતનો પ્રશ્ન

**ગુજરાત વિધાનસભા**

**ગુરુવાર, તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૨**

**ભાદ્રપદ ૩૧, ૧૯૪૪ શાકે**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રીની જાહેરાત

શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ અંગે

અધ્યક્ષશ્રી: સંસદીય લોકશાહીમાં વિધાન મંડળોને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. પ્રજાનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા તરીકે વિધાનસભા, લોકસભા વગેરે વિધાનમંડળોએ લોકોની અપેક્ષા અને જરૂરિયાત મુજબ સરકાર તથા તેના તાબા હેઠળ કામ કરતા વહીવટી તંત્ર ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવાની અને તેમની લોકો પ્રત્યેની જવાબદારી હાંસલ કરવાની ફરજો બજાવવાની છે. વિધાનમંડળના સભ્યોને સંસદીય લોકશાહી કાર્ય પદ્ધતિના નિયમો, પ્રણાલીઓની ઉંડી સમજ અને જાણકારી હોય ત્યારે તેઓ તેમની ફરજો સારી રીતે અદા કરી શકે. ભારતીય સંસદના બંને ગૃહો અર્થાત રાજ્યસભા અને લોકસભાના વર્તમાન સભ્યોને તેમની સંસદસભ્ય તરીકેની ઉત્કૃષ્ટ કામગીરીની કદરરૂપે આઉટસ્ટેન્ડિંગ પાર્લામેન્ટ્રિયન એવોર્ડ આપવામાં આવે છે. દહેરાદૂન ખાતેની પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સમાં લોકસભાના અધ્યક્ષશ્રી ઓમ બિરલાજીએ કરેલાં સૂચન બાદ ગુજરાત રાજ્યમાં પણ ઉત્કૃષ્ટ અને આદર્શ ધારાસભ્યની વિધાનસભા ગૃહની કામગીરીની કદર થાય તથા સભ્યો તેઓના કામ પ્રત્યે વધારે સજાગ બને તે માટે વિધાનસભામાં પણ ''શ્રેષ્ઠ ધારાસભ્ય'' એવોર્ડથી નવાજવાની ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા પહેલ કરવામાં આવી છે.

ગુજરાત વિધાનસભા શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ માટેના નિયમો જૂન-૨૦૨૦માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ નિયમોમાં ઠરાવેલ માપદંડોને આધારે ધારાસભ્યશ્રીની એવોર્ડ માટે પસંદગી કરવામાં આવે છે. આ નિયમો હેઠળ એવોર્ડ આપવા માટે પસંદગી સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં મારા ઉપરાંત માનનીય ઉપાધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી (રાજ્ય કક્ષા), સરકારના મુખ્ય દંડકશ્રી, વિરોધપક્ષના દંડકશ્રી, વિરોધ પક્ષના ઉપનેતા સભ્યો છે. સને ૨૦૨૧-૨૨ના શ્રેષ્ઠ ધારાસભ્યો એવોર્ડ માટે તા.૨૮-૩-૨૦૨૨ના રોજ મળેલ એવોર્ડ પસંદગી સમિતિની બેઠકમાં સમિતિના તમામ સભ્યશ્રીઓની સઘન ચર્ચા વિચારણાને અંતે એવોર્ડ માટે નામ નક્કી કરવાની સત્તા અધ્યક્ષશ્રીને આપવામાં આવી હતી. આ શ્રેષ્ઠ ધારાસભ્યશ્રીઓને એવોર્ડ રૂપે ગુજરાત વિધાનસભા ભવનની પ્રતિકૃતિ દર્શાવતી ૯૨.૫ શુદ્ધતાની ૧.૫ કિ.ગ્રા. વજન ધરાવતી ચાંદીની ટ્રોફી એનાયત કરવામાં આવે છે. તે મારા અને આપણા સૌના માટે આનંદ અને ગૌરવની ક્ષણ છે. આજે હું સન ૨૦૨૧ અને સન ૨૦૨૨ના વર્ષ માટેના શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ માટે પસંદ કરવામાં આવેલા ધારાસભ્યશ્રીઓનાં નામની જાહેરાત કરું છું. સન ૨૦૨૧ માટે માનનીય ધારાસભ્યશ્રી જીતેન્દ્રભાઇ સુખડિયાની પસંદગી કરવામાં આવે છે તેમજ સન ૨૦૨૨ માટે માનનીય ધારાસભ્યશ્રી શૈલેષભાઇ પરમારની પસંદગી કરવામાં આવી છે.

હવે પસંદ કરવામાં આવેલ ધારાસભ્યશ્રીઓને ટ્રોફી વિતરણ કરવા માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય વિપક્ષના નેતા શ્રી સુખરામભાઇ રાઠવા, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી, મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇ, વિરોધપક્ષના દંડકશ્રી ડો. સી.જે.ચાવડાને આમંત્રિત કરું છું.

(આ તબક્કે માનનીય અધ્યક્ષશ્રી અને ઉપર્યુક્ત આમંત્રિતો દ્વારા બન્ને માનનીય ધારાસભ્યશ્રીઓને ટ્રોફી એનાયત કરવામાં આવી. સભાગૃહના સર્વે સભ્યશ્રીઓએ બન્ને માનનીય સભ્યશ્રીઓને તાળીઓના ગડગડાટ વચ્ચે અભિનંદન પાઠવ્યા.)

**ટૂંકી મુદતનો પ્રશ્ન**

ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંકઃ ૮૭

ખાદ્યતેલના ભાવો અંકુશમાં રાખવા બાબત

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા બાબત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્યમાં ખાદ્યતેલના ભાવો દિન-પ્રતિદિન વધી રહ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે?

(૨) જો હા, તો તા.૧૦-૯-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં વિવિધ ખાદ્યતેલોમાં માસવાર કેટલા ભાવ વધ્યા, અને

(૩) ખાદ્યતેલના ભાવોને અંકુશમાં લેવા સરકારે શાં પગલાં લીધાં?

શ્રી નરેશભાઇ મ. પટેલ અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.) :

(૧) હા,

(૨) તા.૧૦-૦૯-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં વિવિધ ખાદ્યતેલોમાં માસવાર ભાવ વધારાની વિગતો દર્શાવતું પરિશિષ્ટ-૧ આ સાથે સામેલ છે.

ભાદ્રપદ ૩૧,૧૯૪૪ શાકે

ટૂંકી મુદતનો પ્રશ્ન

(૨) ખાદ્યતેલના ભાવોને અંકુશમાં લેવા સરકાર દ્વારા લીધેલા પગલાંની વિગતવાર માહિતી દર્શાવતું પરિશિષ્ટ-૨ આ સાથે સામેલ છે.

**પરિશિષ્ટ-૧**

ભાગ - ૧

| માર્ચ -૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ (૧૦-સપ્ટેમ્બર-૨૦૨૨ અંતિત) સુધીના ખાદ્ય તેલના છુટક ભાવો (યુનિટ: પ્રતિ ૧ કિલો ગ્રામનો ભાવ રૂપિયામાં) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| નં. | માસનુ નામ | સિંગતેલ | અગાઉના માસના સંદર્ભમાં વધારો / ઘટાડો | કપાસિયા તેલ | અગાઉના માસના સંદર્ભમાં વધારો / ઘટાડો | સરસવનું તેલ |
| ૧ | માર્ચ ૨૦૨૨ | ૧૬૫ | ૦ | ૧૫૪ | ૦ | ૧૭૨ |
| ૨ | એપ્રિલ -૨૦૨૨ | ૧૭૦ | ૫ | ૧૫૮ | ૪ | ૧૭૧ |
| ૩ | મે- ૨૦૨૨ | ૧૭૪ | ૪ | ૧૬૯ | ૧૧ | ૧૭૦ |
| ૪ | જુન-૨૦૨૨ | ૧૭૫ | ૧ | ૧૭૨ | ૩ | ૧૭૦ |
| ૫ | જુલાઈ-૨૦૨૨ | ૧૭૯ | ૪ | ૧૭૨ | ૦ | ૧૭૫ |
| ૬ | ઓગસ્ટ -૨૦૨૨ | ૧૮૨ | ૩ | ૧૭૧ | -૧ | ૧૭૫ |
| ૭ | ૧૦-સપ્ટેમ્બર-૨૦૨૨ | ૧૮૪ | ૨ | ૧૭૦ | -૧ | ૧૭૪ |

ભાગ - ૨

| માર્ચ -૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ (૧૦-સપ્ટેમ્બર-૨૦૨૨ અંતિત) સુધીના ખાદ્ય તેલના છુટક ભાવો (યુનિટ: પ્રતિ ૧ કિલો ગ્રામનો ભાવ રૂપિયામાં) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અગાઉના માસના સંદર્ભમાં વધારો / ઘટાડો | સોયાબીન તેલ | અગાઉના માસના સંદર્ભમાં વધારો / ઘટાડો | સુરજમુખીનું તેલ | અગાઉના માસના સંદર્ભમાં વધારો / ઘટાડો | પામોલીન તેલ | અગાઉના માસના સંદર્ભમાં વધારો / ઘટાડો |
| ૦ | ૧૫૦ | ૦ | ૧૬૪ | ૦ | ૧૩૩ | ૦ |
| -૧ | ૧૫૦ | ૦ | ૧૬૫ | ૧ | ૧૪૨ | ૯ |
| -૧ | ૧૫૪ | ૪ | ૧૭૦ | ૫ | ૧૫૦ | ૮ |
| ૦ | ૧૫૪ | ૦ | ૧૭૨ | ૨ | ૧૪૮ | -૨ |
| ૫ | ૧૬૫ | ૧૧ | ૧૭૭ | ૫ | ૧૫૧ | ૩ |
| ૦ | ૧૬૬ | ૧ | ૧૭૮ | ૧ | ૧૫૦ | -૧ |
| -૧ | ૧૬૪ | -૨ | ૧૭૬ | -૨ | ૧૩૯ | -૧૧ |

ભાગ - ૧

| માર્ચ -૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ (૧૦-સપ્ટેમ્બર-૨૦૨૨ અંતિત) સુધીના ખાદ્ય તેલના જથ્થાબંધ ભાવો (યુનિટ: પ્રતિ ૧૫ કિલો ગ્રામનો ભાવ રૂપિયામાં) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| નં. | માસનુ નામ | સિંગતેલ (પેકડ) | અગાઉના માસના સંદર્ભમાં વધારો / ઘટાડો | કપાસિયા તેલ (પેકડ) | અગાઉના માસના સંદર્ભમાં વધારો / ઘટાડો | સરસવનું તેલ (પેકડ) |
| ૧ | માર્ચ ૨૦૨૨ | ૨૩૫૩ | ૦ | ૨૨૬૬ | ૦ | ૨૪૫૨ |
| ૨ | એપ્રિલ -૨૦૨૨ | ૨૪૨૩ | ૭૦ | ૨૩૩૩ | ૬૭ | ૨૪૭૭ |
| ૩ | મે- ૨૦૨૨ | ૨૪૯૯ | ૭૬ | ૨૫૦૪ | ૧૭૧ | ૨૪૫૭ |
| ૪ | જુન-૨૦૨૨ | ૨૫૪૫ | ૪૬ | ૨૫૩૨ | ૨૮ | ૨૪૯૯ |
| ૫ | જુલાઈ-૨૦૨૨ | ૨૫૩૮ | -૭ | ૨૫૨૯ | -૩ | ૨૪૭૧ |
| ૬ | ઓગસ્ટ -૨૦૨૨ | ૨૫૮૨ | ૪૪ | ૨૫૧૯ | -૧૦ | ૨૪૫૬ |
| ૭ | ૧૦-સપ્ટેમ્બર-૨૦૨૨ | ૨૬૩૧ | ૪૯ | ૨૫૦૨ | -૧૭ | ૨૩૯૧ |

ભાગ - ૨

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

ટૂંકી મુદતનો પ્રશ્ન

**માર્ચ -૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ (૧૦-સપ્ટેમ્બર-૨૦૨૨ અંતિત) સુધીના ખાદ્ય તેલના જથ્થાબંધ ભાવો (યુનિટ: પ્રતિ ૧૫ કિલો ગ્રામનો ભાવ રૂપિયામાં)**

| અગાઉના માસના સંદર્ભમાં વધારો / ઘટાડો | સોયાબીન તેલ (પેકડ) | અગાઉના માસના સંદર્ભમાં વધારો / ઘટાડો | સુરજમુખીનું તેલ(પેકડ) | અગાઉના માસના સંદર્ભમાં વધારો / ઘટાડો | પામોલીન તેલ (પેકડ) | અગાઉના માસના સંદર્ભમાં વધારો / ઘટાડો |
|---|---|---|---|---|---|---|
| ૦ | ૨૨૨૦ | ૦ | ૨૨૯૯ | ૦ | ૧૮૪૭ | ૦ |
| ૨૫ | ૨૨૧૬ | -૪ | ૨૩૩૨ | ૩૩ | ૧૯૭૧ | ૧૨૪ |
| -૨૦ | ૨૨૮૭ | ૭૧ | ૨૪૦૮ | ૭૬ | ૨૧૪૭ | ૧૭૬ |
| ૪૨ | ૨૩૨૯ | ૪૨ | ૨૪૨૪ | ૧૬ | ૨૧૩૮ | -૯ |
| -૨૮ | ૨૩૦૦ | -૨૯ | ૨૩૯૯ | -૨૫ | ૨૦૬૦ | -૭૮ |
| -૧૫ | ૨૨૪૦ | -૬૦ | ૨૩૮૮ | -૧૧ | ૨૦૫૦ | -૧૦ |
| -૬૫ | ૨૧૮૨ | -૫૮ | ૨૩૯૪ | ૬ | ૧૯૦૨ | -૧૪૮ |

**પરિશિષ્ટ-૨**

**રાજ્યમાં ખાદ્યતેલોના ભાવ વધારો અંકુશમાં લેવા માટે લેવાયેલ પગલાં**

૧. ગ્રાહકોની બાબતોનો વિભાગ, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા તા.૦૩/૦૨/૨૦૨૨ના ઓર્ડરથી ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંના વધતા જતાં ભાવોને અંકુશમાં રાખવા માટે સ્ટોક લિમિટ દાખલ કરેલ. જે અન્વયે રાજ્ય સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ દ્વારા તા.૨૪/૦૨/૨૦૨૨ના ઓર્ડરથી "ગુજરાત ખાદ્યતેલ અને તેલિબિયાં (સંગ્રહ નિયંત્રણ) હુકમ, ૨૦૨૨" થી રાજ્યમાં ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંમાં સ્ટોક લિમિટ દાખલ કરાયેલ છે. આ સ્ટોક લિમિટની મુદત ભારત સરકાર દ્વારા તા.૩૦/૩/૨૦૨૨ના ઓર્ડરથી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા આ સ્ટોક લિમિટને તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી રાજ્યમાં અમલમાં મુકેલ છે. ખેડૂતોને તથા આયાત-નિકાસકર્તાઓને શરતોને આધિન સ્ટોક લિમિટની જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

**સ્ટોક લિમિટની મર્યાદા દર્શાવતું ટેબલ**

| નં. | આવશ્યક ચીજવસ્તુનું નામ | છુટક | જથ્થાબંધ | જથ્થાબંધ ઉપભોક્તા (છૂટક દુકાનોની મોટી શ્રૃંખલા) | | પ્રોસેસર |
|---|---|---|---|---|---|---|
| | | | | છુટક | જથ્થાબંધ | |
| ૧. | ખાદ્યતેલ | ૩૦ ક્વિંટલ {અંદાજે ૨0૦ ડબ્બા (૧૫ કિ.ગ્રા ટીન)} | ૫૦૦ ક્વિંટલ {અંદાજે ૩૩૩૩ ડબ્બા (૧૫ કિ.ગ્રા ટીન)} | ૩૦ ક્વિંટલ {અંદાજે ૨૦૦ ડબ્બા (૧૫ કિ.ગ્રા ટીન)} | ૧૦૦૦ ક્વિંટલ {અંદાજે ૬૬૬૬ ડબ્બા (૧૫ કિ.ગ્રા ટીન)} | ૯0 દિવસની સંગ્રહ ક્ષમતા |
| ૨. | ખાદ્ય-તેલીબિયાં | ૧૦૦ ક્વિંટલ | ૨૦૦૦ ક્વિંટલ | - - - | | ૯૦ દિવસની ઉત્પાદનની સ્થાપિત ક્ષમતા |

ટૂંકી મુદતનો પ્રશ્ન

૨. ખાદ્યતેલોની ગેરકાયદેસરની સંગ્રહખોરી રોકવા, ખાદ્યતેલના ઉત્પાદકો અને વેપારીઓ પાસેના ખાદ્યતેલના સાપ્તાહિક જથ્થાની વિગતો માટે ભારત સરકારનું પોર્ટલ https://evegoils.nic.in(ઈવીઈજીઓઆઈએલએસ પોર્ટલ) કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં જિલ્લા સ્તરેથી વેપારીઓ પાસેના જથ્થાની વિગતો દર્શાવવા માટેની જરૂરી સૂચના આપવામાં આવેલ છે. તેમજ હાલ સદર પોર્ટલ પર રાજ્યના ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંના કુલ ૧,૩૨૨ વેપારીઓ, ઉત્પાદકો વગેરે દ્વારા રજિસ્ટ્રેશન કરાયેલ છે.

૩. ભારત સરકાર દ્વારા માહે એપ્રિલ-૨૦૨૨ અને મે-૨૦૨૨ માસમાં ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંમાં સ્ટોક લિમિટની તપાસ સંદર્ભે રાજયમાં તપાસ હાથ ધરેલ હતી. તથા જિલ્લા કક્ષાની ટીમ દ્વારા પણ સ્ટોકલિમિટની અમલવારી સંદર્ભે જાન્યુઆરી-૨૦૨૨ થી જુલાઈ-૨૦૨૨ સુધી કુલ ૩૨૮ તપાસ હાથ ધરાયેલ છે. જેમાં નિયમાનુસાર દંડાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

૪. વિદેશ વ્યાપાર મહાનિર્દેશાલય (ડીજીએફટી), ભારત સરકારના તા.૩૦/૬/૨૦૨૧ના નોટિફિકેશનથી આયાતી રીફાઇન્ડ પામોલીન તેલને તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી "પ્રતિબંધિત" કેટેગરીમાંથી "મુક્ત" કેટેગરીમાં મુકવામાં આવેલ. જેની મુદ્દત વધારી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી લંબાવેલ છે.

૫. નાણાં વિભાગ, ભારત સરકાર દ્વારાતા.૧૦/૦૯/૨૦૨૧ના નોટિફિકેશનથી ક્રુડ સોયાબીન તેલ, ક્રુડ પામોલીન તેલ અને ક્રુડ સનફ્લાવર તેલ પરનો આયાત માટેનો વેરો ઘટાડીને ૨.૫ ટકા કરેલ અને ત્યારબાદ તા.૧૩/૧૦/૨૦૨૧ના નોટિફિકેશનથી આ વેરો ઘટાડીને "શૂન્ય" કરવામાં આવેલ છે. જે તા.૩૧/૦૩/૨૦૨૩ સુધી અમલમાં રહેશે.

૬. રાજ્ય સરકાર દ્વારા જન્માષ્ટમી અને દિવાળીના તહેવાર નિમિત્તે અંત્યોદય અને બી.પી.એલ. કાર્ડ ધરાવતા આશરે ૩૫ લાખ કુટુંબોને કુટુંબદીઠ એક લીટર કપાસીયા તેલ રાહતદરે આપવામાં આવતું હતું. તેના બદલે હવે "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા (એનએફએસએ)" હેઠળ સમાવેલ તમામ ૭૧ લાખ રેશન કાર્ડ ધારકોને કુટુંબદીઠ ૧ લીટર સિંગતેલના પાઉચ રૂ.૧૦૦/-ના રાહતદરે વિતરણ કરવામાં આવે છે. જેમાં રાજય સરકાર દ્વારા પ્રતિ પાઉચ રૂ.૯૭/- સબસિડી નો ખર્ચ વહન કરવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહનો આભાર માનું છું. ખૂબ નાના એવા સત્રમાં પણ ટૂંકી મુદતનો પ્રશ્ન રજૂ કરવાનો મને અવસર પ્રાપ્ત થયો. રાજયની અંદર ખાદ્યાન્ન તેલ છે એના વધતા ભાવના કારણે રાજયની ગરીબ, મધ્યમ વર્ગીય લાખો ગૃહિણીઓના ઘરે બે સમય ચૂલો નથી સળગતો. એના છોકરાને બીજા ટાણે શાકની અંદર વઘાર તેલથી કરવો કે પાણીમાં પકવીને ખવડાવવું એ ચિંતા છે ત્યારે એક કહેવત મને યાદ આવે છે "ગરીબોના ઘરે છે તેલનું ટીપું દોહ્યલું અને અમીરોની કબર ઉપર શુંકામ ઘીના દિવા થાય છે" માનનીય મંત્રીશ્રીએ વિધાનસભા ગૃહ ઉપર જે જવાબ મૂકયો છે એ આપની મારફત સન્માનનીય ગૃહ સમક્ષ મૂકું છું. આ ભારતીય જનતા પાર્ટીના મિત્રો પણ કયારેક વિપક્ષમાં હતા. તેલના ડબા ગળે બાંધીને આવતા હતા. ખાલી ડબ્બા ખખડાવતા હતા અત્યારે આ તેલનો ડબ્બો ૩૦૦૦ને પાર થયો. હું ખેડૂતનો દીકરો છું. આજે પણ ખેતી કરું છું. અમારા બાપદાદા ઢેફા તોડીને મરી ગયા. મગફળીના હજાર રૂપિયા મણનો ભાવ આજે પણ બજારમાં છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સીધા પ્રશ્ન ઉપર આવે. આ ભાષણનો વિષય નથી. ટૂંકમાં પ્રશ્નો પૂછે એવી મારી વિનંતી છે.

શ્રી પરેશ ધાનાણી : શ્રી જીતેન્દ્રભાઇ, નીચે બેસો.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપ જે કહેવા માંગો છો એ રાજનીતિ કર્યા વગર સીધી વાત ઉપર આવો અને લોકોના પ્રશ્નો કહો?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે તેલીબિયાં અમારા બાપદાદાઓ પકવે છે એ મગફળી હોય, આજે માર્કેટ યાર્ડની અંદર ૮૦૦, ૯૦૦ કે ૧૦૦૦ રૂપિયામાં મણ પીટાય છે. ખેડૂતોને એની કૃષિ ઉપજના પોષણક્ષમ ભાવ મળતા નથી. ગ્રાહકોને કાંઇ સસ્તુ મળતું નથી.

અધ્યક્ષશ્રી : આવા સરસ વાતાવરણમાં આપણે મળ્યા છીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે વિધાનસભાની અંદર જે જવાબ આપ્યો ૧૦ મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ (અંતરાય)...

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધયક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગેરમાર્ગે દોરે છે. આજે મગફળી ખુલ્લી બજારમાં ૧૩૦૦ રૂપિયાથી ૧૨૦૦ રૂપિયાની વચ્ચે ભાવ બોલાય છે.

અધ્યક્ષશ્રી : આપણે કરેકટ કરીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું રેકર્ડ ઉપરનું નિવેદન અને ગુજરાતની માર્કેટ યાર્ડમાં ખુલ્લી બજારમાં વેચાતા ભાવ સાથે સરખાવશો તો સત્ય સામે આવશે. હું તો માર્કેટ યાર્ડના ભાવો લઇને આવ્યો છું.

અધ્યક્ષશ્રી : આપ ટૂંકી મુદતનો જે પ્રશ્ન છે એના વિશે ચર્ચા કરો?

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

## ટૂંકી મુદતનો પ્રશ્ન

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એવી વાત સ્વીકારી કે આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૧૦ મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સિંગતેલનો ડબ્બો ૨૬૩૧ રૂપિયાએ પહોંચ્યો. કપાસિયા તેલનો ડબ્બો ૨૫૦૨ રૂપિયે પહોંચ્યો. સરસવનું તેલ ૨૩૯૧ રૂપિયાએ પહોંચ્યો, સોયાબીનનું તેલ ૨૧૮૨ રૂપિયાનો ડબ્બો.

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ, આપણે સીધા પ્રશ્ન ઉપર આવો અને જે જવાબ આપ્યો છે તે વિશે વાત કરો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હા એના ઉપર જ વાત કરું છું.

અધ્યક્ષશ્રી : તમે સીધા પ્રશ્ન ઉપર આવો. આપ પ્રશ્ન પૂછો.

શ્રી પરેશ ધાનાણી : સોયાબીનનું તેલ ૨૮૮૩ નો ડબ્બો, સુરજમુખીનું તેલ ૨૩૯૪ રૂપિયાનો ડબ્બો.

અધ્યક્ષશ્રી : માનનીયશ્રી રાજેન્દ્રભાઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પામોલીન તેલના ૧૯૦૨ રૂપિયાનો ડબ્બો (અંતરાય)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નોત્તરીનો સમય છે. આ પ્રશ્નોત્તરીનો સમય છે. જે આપવામાં આવ્યું છે તે વાંચે. માનનીય મંત્રીશ્રી જવાબ આપશે. તેમનો પ્રશ્ન પૂછે. પ્રશ્ન પૂછે.

અધ્યક્ષશ્રી : બધા બેસો. શ્રી પરેશભાઇ બેસો. માનનીય શૈલેષભાઇ, આપ બધા બેસો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : હા, પણ પ્રશ્ન પૂછો ને? પ્રશ્ન પૂછો? (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, આપ બોલો. તમે બધા બેસો. શ્રી શૈલેષભાઇ વાત કરે છે. આપના ઉપનેતા વાત કરે છે. આપના ઉપનેતા વાત કરે છે. અહીંયા શ્રી રાજેન્દ્રભાઇએ વાત કરી તો અહીંયા આપના ઉપનેતા વાત કરે છે. (અંતરાય) શ્રી પરેશભાઇ આપને પ્રશ્ન પૂછવો છે કે નહીં? આપને પ્રશ્ન પૂછવો છે તો પૂછો? આપ બધા બેસો. આપ બધા બેસો. પરેશભાઇને પ્રશ્ન તો પૂછવા દો. બળદેવભાઇ આપ બેસો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મને એ સમજાતું નથી કે, આખું કેબિનેટ કેમ ઉભું થઇ ગયું?

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ આપે જે કહેવાનું હોય તે કહો. શ્રી રાજેન્દ્રભાઇએ કહ્યું કે પ્રશ્નોત્તરીનો સમય છે તો પ્રશ્નની જ વાત કરીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પરેશભાઇ જે પ્રશ્ન પૂછી રહ્યા છે. તે પ્રશ્નની બહાર જતા નથી.

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ પ્રશ્ન નથી પૂછતા. શ્રી પરેશભાઇ ભાષણ કરે છે એટલે મેં તેમને રોકયા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય રાઘવજીભાઇ, સાંભળો તો ખરા. શ્રી રાઘવજીભાઇ, મને સાંભળો તો ખરા. શ્રી પરેશભાઇ, સરકારશ્રી દ્વારા રજૂ કરેલા આંકડા વિધાનસભાગૃહમાં રજૂ કરે છે. તેમાં ખોટું શું છે? તેના આધારે... માનનીય જીતુભાઇ, માનનીય રાજુભાઇ તેના આધારે સરકારશ્રી જવાબ આપે તેમાં ખોટું કયાં છે?

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, સીધા પ્રશ્ન ઉપર આવો. જવાબ તમને મળી ગયો છે તેમાંથી જે પૂરક પ્રશ્ન ઉદભવતા હોય તે પ્રશ્નની વાત કરો?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, સરકારે એ વાત સ્વીકારી છે કે, વિવિધ ખાદ્યતેલના ભાવો આસમાને પહોંચ્યા છે. તેનાથી લાખો ગૃહિણીના રસોડા ઉપર અસર પડી છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો તો બહુ સારું થશે. ના, ના.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જ પૂછવું છે. તેલ મોંઘુ થયું.

અધ્યક્ષશ્રી : તમારો જે પૂરક પ્રશ્ન હોય તે પૂછો?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શાકભાજી મોંઘી થઇ, ચોળાફળી મોંઘી થઇ, ભજિયા મોંઘા થયા, ગાંઠિયા મોંઘા થયા.

અધ્યક્ષશ્રી : આપને મેં વારંવાર સૂચના આપી છે કે આપ પ્રશ્ન પર આવો. ટૂંકી મુદતમાં આવું દાખલ થઇ શકતું નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી અને તેમ છતાં સામાન્ય ગ્રાહકે મોંઘવારીનો માર શું કામ સહન કરવો પડે?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પર આવો. પ્રશ્ન પૂછવો છે કે નહીં? પૂછવો હોય તો પૂછો? આપની પાસે પૂરક પ્રશ્ન ન હોય તો આપણે આગળ વધીએ. આપ પ્રશ્ન પૂછો. આપ ભાષણ જ કરો છો, આપ પ્રશ્ન નથી પૂછતા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભાષણ નથી કરતો.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો. ટૂંકી મુદતમાં માત્ર પૂરક પ્રશ્ન જ હોય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની લાખો ગૃહિણીઓની ચિંતા છે કે, તેના ઘરે બે ટાઇમ ચૂલો સળગાવવા તેલના બદલે પાણીમાં વઘાર કરવા આ ખાદ્યતેલ કયારે સસ્તા મળશે. લોકો કહી રહ્યા છે કે, ભાજપના રાજમાં પ્રભુ તારું નામ સોંઘુ બાકી બધુ જ થઇ રહ્યું છે મોંઘુ. તો આ મોંઘવારીમાંથી ગૃહિણીઓને બચાવવા સરકાર શું કદમ ઉઠાવશે?

અધ્યક્ષશ્રી : એમનું માઇક બંધ કરો. શ્રી પરેશભાઇનું માઇક બંધ કરો. પ્રશ્ન નથી પૂછવો ને તમારે? તો તમારે જે પ્રશ્ન પૂછવો હોય તે પૂછો? માનનીય મંત્રીશ્રી.

અતારાંકિત પ્રશ્નોની યાદી

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો પ્રશ્ન છે કે, આ ગુજરાતની ગૃહિણીઓની ચિંતા છે કે ભાજપના રાજમાં પ્રભુ તારું નામ માત્ર સોંઘુ બાકી બધું બહુ છે મોંઘુ મોંઘુ.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આજે છેલ્લા દિવસનો મોંઘવારી માટેનો પ્રસ્તાવ વિપક્ષના સભ્યશ્રી લાવ્યા છે. એક કલાક પૂરતો આપ્યો છે અને ખાદ્ય તેલનો તેમાં ઉલ્લેખ થયેલો છે એટલે આ ટૂંકી મુદતનો પ્રશ્ન જ એ લોકોએ આજે ઉપસ્થિત નહીં કરવો જોઇએ, કેમ કે એક કલાક ચર્ચા એમણે છેલ્લા દિવસના પ્રસ્તાવમાં માગી છે અને તે સમયે હું મંત્રી તરીકે અથવા મારા સભ્યશ્રીઓ પણ જવાબ આપવાના છે તેમ છતાં હું વિપક્ષના મિત્રોને જણાવવા માગુ છું કે, આજે પત્રકમાં બધા ભાવ આપણે આપ્યા છે, એમાં અત્યારે છેલ્લા મહિનાની વાત કરીએ તો પામોલીન તેલની વાત કરીએ તો પામોલીન તેલ માટે આપણો દેશ ૬૦ થી ૭૦ ટકા બીજા દેશ પર નિર્ભર છે. જે રીતે આપણે ત્યાં પૂરા દેશમાં વ્યક્તિદીઠ તેલનો વપરાશ છે તેની સરખામણીમાં ગુજરાતમાં વ્યક્તિદીઠ તેલનો વાપરાશ સૌથી વધારે છે, તેમ છતાં આપણી સરકાર અને ખાસ કરીને અમારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળ સરકારે ગરીબોની ચિંતા કરી છે. તમે ગરીબોની વાત કરતા હતા. અંત્યોદયની ચિંતા કરનારા અમારા પૂર્વજોએ અમને સંસ્કાર આપ્યા છે. છેવાડાનો વ્યક્તિ ભૂખે ન મરે, ભૂખે સૂવું ન પડે એ રીતની વ્યવસ્થા અમારા પૂરવઠા વિભાગ દ્વારા અને અમારા વિભાગ દ્વારા થઇ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે એક કલાકનો પ્રસ્તાવ છે એટલે હું તેલના વિષયથી અત્યારે બહાર જવાનો નથી, હું બધા જ જવાબ એમાં આપીશ. એ લોકો પણ સવાલો પૂછવાના છે ત્યારે હું ચોક્કસ કહું છું કે અત્યાર સુધી ૩૫ લાખ કાર્ડ ધારકોને તેલ આપવામાં આવતું હતું, પરંતુ માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇની સરકારે શરુઆત કરેલી અને ૭૧ લાખ કાર્ડ ધારકોને આપણે તેલ આપવાનો નિર્ણય લીધેલો છે. છેલ્લે જે સબસિડી હતી તેલ ઉપર એ ૭૦ રૂપિયા હતી. મેં માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને વિનંતી કરી અને યુક્રેન અને રશિયાની લડાઇના કારણે આપણા દેશ ઉપર પણ એની અસર થઇ છે તો આપણે એવા સમયે ગરીબોને કેવી રીતે મદદ કરવી? તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપણે ત્યાં પહેલીવાર સિંગતેલ આપવા માટે સૂચના આપી અને ડબલ ફિલ્ટર સિંગતેલ આપ્યું અને આપણે ૧૦૦ રૂપિયા અને ૯૭ રૂપિયા સબસિડી આપીને ગરીબ લોકોને રાહત આપવાનો પ્રયત્ન કર્યો છે. દિવાળી ઉપર પણ ૭૧ લાખ કાર્ડ ધારકો એટલે કે લગભગ ૩.૫૦ કરોડની જનતાને એનો લાભ મળે એ પ્રકારની વ્યવસ્થા આપણે કરી રહ્યા છીએ. ગુજરાતમાં મગફળીની વાત આવી ત્યારે અમારા કૃષિમંત્રીશ્રી ઉભા થઇને એનો જવાબ આપતા હતા, અમારા નિગમને જ્યારે જવાબદારી આપવામાં આવી એમાં ટેકાના ભાવને આપણે બે રીતે જોતા હોઇએ છીએ. ખાનારો પણ બાપડો છે અને આપણો ખેડૂત પણ બાપડો છે ત્યારે આ બંનેની ચિંતા કરીને આપણે સંતુલન જળવાય એ પ્રકારની સ્થિતિ વિચારતા હોઇએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, જયારે ગયા વખતે મગફળીનો ટેકાનો ભાવ ૫૫૫૦ રૂપિયા હતો, એ આ વખતે ટેકાનો ભાવ ૫૮૫૦ કર્યો છે. એટલે સીધી રીતે નાની મોટી અસર આવી શકે. આજે પણ પામોલીનમાં આપણે નીચે આવી રહ્યા છીએ. બધા લોકો જાણે છે વિપક્ષના લોકો અને શાસક પક્ષના લોકો પણ જાણે છે કે યુક્રેન અને રશિયાની લડાઇના કારણે આપણને મળતા તેલ પર એની અસર થઇ છે છતાં મારે માનનીય વડાપ્રધાનશ્રીને ધન્યવાદ આપવા પડે કે ભારતના તેલના ગ્રાહકોની પૂરેપૂરી ચિંતા કરીને નિકાસ માટેની પણ ચિંતા કરી છે અને અન્ય લોકોની ચિંતા કરીને ગરીબમાં ગરીબ માણસને પણ

અધ્યક્ષશ્રી : આપ બેસો વચ્ચે બોલવાનું નહીં, જવાબ સાંભળો. આપનો જવાબ પૂરો થાય તો મને કહો પરેશભાઇ આપે વચ્ચે બોલવાનું નથી. મેં કોઇને પણ એલાઉ નથી કર્યા. પ્લીઝ બેસો. (અંતરાય) તેની તમે ચિંતા ના કરો. હું કરું છું આપ બેસો. પ્રશ્ન પૂછો છો તો જવાબ પણ સાંભળવો પડેને?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે જો તેલ ઉપર અસર પહોંચે, ભાવ થોડા વધે તો તમે ખેડૂતોની ચિંતા કરતા હો તો ખેડૂતોની કરવી પણ પડે, શેના માટે ખેડૂતોની ચિંતા નથી કરવી? ખાનારાઓની પણ ચિંતા કરીએ છીએ અને ખેડૂતોની પણ ચિંતા કરીએ છીએ. આ બન્નેનું સંતુલન જળવાય તે પ્રકારની વ્યવસ્થા અમે પણ કરીએ છીએ. ગયા વખતે ૯૫,૨૨૮ મે.ટન મગફળી આપણે ટેકના ભાવે લીધી છે અને ૫૨૯ કરોડ રૂપિયા ખેડૂતોને ચૂકવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે દરેક રીતે તેલની ચિંતા કરી રહ્યા છીએ. જે રીતે શ્રી પરેશભાઇને લોકોની ચિંતા છે તે પ્રમાણે અમે છેલ્લાં ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતની જનતાની ચિંતા કરી રહી છે અને છેવાડાનો અમારો વ્યકિત તે ભૂખ્યો સૂઇ ન જાય તેની ચિંતા છે. અત્યારે મારે વાત કરવી હોય તો અન્ય વિભાગની મારી વાત કરી શકું, પણ જયારે એક કલાકનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ લાવ્યા છે, ત્યારે મેં તેલથી બહાર જવાની કોશિશ કરી નથી, એટલે હું ચોક્કસ તમને વિશ્વાસ આપું છું કે અમે ગરીબોની ચિંતા કરી રહ્યાં છીએ. તેલ ઉપર જેટલી પણ રાહત અપાય અમે દરેક રીતે (અંતરાય) અમે સ્ટોક ઉપર પણ નિયંત્રણ લાવવાની કોશિશ કરી છે. દરેક રીતે અમે ચિંતા કરીને અત્યાર સુધીમાં સંતુલન જળવાય તે પ્રકારના મારા વિભાગે અને અમારા મુખ્યમંત્રીશ્રીએ જે રીતે ચિંતા કરી છે તે પ્રકારની ચિંતા એક મંત્રી તરીકે હું પણ કરી રહ્યો છું.

**અતારાંકિત પ્રશ્નોની યાદી**

**અધ્યક્ષશ્રી :** પહેલી, બીજી, ત્રીજી અને ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

**પહેલી અતારાંકિત યાદી**

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

અતારાંકિત પ્રશ્નોની યાદી

**ઉંઝા એપીએમસીમાં સેસની રકમ સગેવગે કરવાનું કૌભાંડ**

અતારાંકિતઃ ૭૩૭૭ (૧૭-૧૦-૨૦૨૦) **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા): **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ઉંઝા એપીએમસીમાં વેપારીઓ દ્વારા ભરવામાં આવતી સેસની રકમ પેટે લેવામાં આવતા નાણાની ઓછી રકમની પાવતી બનાવી મોટા ભાગની રકમ બારોબાર પદાધિકારીઓ દ્વારા સગેવગે કરી દેવામાં આવે છે તે હકીકતથી સરકાર તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ વાકેફ છે,

(૨) જો હા, તો તે અન્વયે ક્યારે તપાસ કરવામાં આવી,

(૩) તપાસ દરમ્યાન કેટલી સેસની રકમ બારોબાર સગેવગે કરવાનું કૌભાંડ સામે આવ્યું, અને

(૪) સેસની રકમ બારોબાર સગેવગે કરવા બદલ જવાબદારો સામે શાં પગલા લેવામાં આવ્યા ?

**સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૩-૦૪-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) આ અંગે નિયામક, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી દ્વારા તા.૧૫-૯-૨૦૨૦ના પત્રથી નાયબ નિયામક, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણાને તપાસ સુપ્રત કરવામાં આવેલ.

(૩) સદરહુ બાબતે બજાર સમિતિ-ઉંઝાના કર્મચારી શ્રી સૌમિલ મફતલાલ પટેલ દ્વારા નામદાર જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટક્લાસ સાહેબશ્રી, ઉંઝાની કોર્ટમાં ક્રિમિનલ તપાસ નં.૨/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ. જેમાં નામદાર કોર્ટ દ્વારા તા:૧૯/૦૫/૨૦૨૧ના રોજ હુકમ કરવામાં આવેલ. સદરહુ હુકમ સામે સંબંધિત પ્રતિવાદીઓ દ્વારા નામદાર હાઇકોર્ટ સમક્ષ સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લીકેશન નં.૫૦૭૭/૨૦૨૧, ૫૦૭૯/૨૦૨૧ તથા ૫૦૯૭/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ. સદરહુ કેસોમાં નામદાર હાઇકોર્ટ દ્વારા બે કેસમાં Rule ઇશ્યુ કરવામાં આવેલ છે, તેમજ વચગાળાની રાહત આપતા હુકમ પણ કરવામાં આવેલ છે.

સ્પેશ્યલ ક્રિમિનલ એપ્લીકેશન નં.૫૦૭૯/૨૦૨૧માં નામદાર હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલ તા.૨-૬-૨૦૨૧ના હુકમ સામે પીટીશનર દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષ એસ.એલ.પી.(ક્રિમિનલ) નં.૬૬૭૯/૨૦૨૧ દાખલ કરવામાં આવેલ. જેમાં

તા.૧-૧૦-૨૦૨૧ના ઓર્ડર મુજબ પીટીશનર દ્વારા એસ.એલ.પી. પરત ખેંચતા એસ.એલ.પી. રદ કરેલ છે.

(૪) અનુક્રમ નં.(૩)ની વિગતો ધ્યાને લેતાં હાલમાં સમગ્ર બાબત Subjudice છે.

\- - - - - - - -

**રાજ્યમાં ખેડૂતોની આત્મહત્યા**

અતારાંકિતઃ ૯૧૫૭ (૧૫-૦૩-૨૦૨૧) **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કયા-કયા જિલ્લામાં કેટલા ખેડૂતોએ આત્મહત્યાઓ કરી, અને

(૨) આવા ખેડૂતોનાં કુટુંબીજનોને શી સહાય આપવામાં આવે છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૨૯-૦૪-૨૦૨૨)

(૧) પત્રક-૧ મુજબ.

(૨) ખેડૂત આત્મહત્યાના કિસ્સામાં સહાયની જોગવાઇ નથી.

**પત્રક-૧**

**તા.૧૫-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ખેડૂત આત્મહત્યાની જિલ્લાવાર વિગતો**

| અ.નં. | શહેર / જિલ્લો | આપઘાત કરેલ ખેડૂતની સંખ્યા |
|---|---|---|
| ૧ | દ્વારકા | ૦૪ |
| ૨ | સુરેન્દ્રનગર | ૦૨ |
| ૩ | અમરેલી | ૦૨ |

| | | |
|---|---|---|
| ૪ | જૂનાગઢ | ૦૫ |
| ૫ | ગીર-સોમનાથ | ૦૨ |
| ૬ | પોરબંદર | ૦૧ |
| | **કુલ** | **૧૬** |

- - - - - - - -

**અમદાવાદ શહેરમાં ફી નિર્ધારણ સમિતિને મળેલ અરજીઓ**

અતારાંકિતઃ ૧૧૫૫૪ (૨૮-૦૨-૨૦૨૨) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં અમદાવાદ શહેરમાં ફી નિર્ધારણ સમિતિ સમક્ષ ફી નક્કી કરવા કેટલી ખાનગી શાળાઓએ અરજી કરી,

(૨) તે પૈકી કઇ શાળાની કેટલી ફી કેટલા વધારા સાથે મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેરની ફી મંજૂર કર્યા સિવાય વધુ ફી વસૂલતી કઇ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૬-૦૪-૨૦૨૨)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં અમદાવાદ શહેરમાં ફી નિર્ધારણ સમિતિ સમક્ષ ફી નક્કી કરવા ૧૭૬૫ ખાનગી શાળાઓએ અરજી કરી.

(૨) *પત્રક ‘અ’ મુજબ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - -

**અમદાવાદ શહેર/જિલ્લામાં ખાનગી સ્કૂલોમાં ફી વધારો**

અતારાંકિતઃ ૧૧૫૫૫ (૦૩-૦૩-૨૦૨૨) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડિયા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ફી નિર્ધારણ સમિતિએ કઇ-કઇ ખાનગી સ્કૂલોને કેટલી ફી વધારવાની પરવાનગી આપી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૯-૦૪-૨૦૨૨)

*પત્રક ‘અ’ મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - -

**ગીર અભ્યારણ્યમાં ગેરકાયદેસર દબાણો**

અતારાંકિતઃ ૧૧૧૦૫ (૧૩-૦૧-૨૦૨૨) **શ્રી રઘુભાઇ દેસાઇ** (રાધનપુર): ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં તા.૦૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ બીજી અતારાંકિત યાદીના અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૫૮૨૪ના અનુસંધાને **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ ગીર અભ્યારણ્યમાં ૨૮.૫૯૦૧ હેક્ટર દબાણો થયા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ દબાણો કોના કોના દ્વારા કરવામાં આવ્યા છે અને તે કયા પ્રકારના છે, અને

(૩) તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ આ દબાણોની શી સ્થિતિ છે ?

**વન મંત્રીશ્રી :** (૨૦-૦૪-૨૦૨૨)

(૧) ના, જી. તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ ૫૪.૬૭૧૦ હેક્ટર વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો હતા. જે પૈકી હાલમાં ૨૮.૫૯૦૧ હેક્ટર વિસ્તારમાં દબાણો છે.

(૨) પત્રક સામેલ છે.

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૩) તા.૩૦-૧૧-૨૦૨૧ની સ્થિતિએ ૨૮.૫૯૦૧ હેક્ટર પૈકી ૨૦.૭૬ હેક્ટરના દબાણકર્તાઓએ નામ. વડી અદાલતમાં સી.એ. દાખલ કરેલ હોય, નામ. વડી અદાલતમાં નિર્ણાયાધિન છે. જ્યારે ૬.૪૭ હેક્ટરના ખેતીના દબાણો ખુલ્લા કરવાની કાર્યવાહી ગતિમાં છે અને ૧.૩૬૦૧ હેક્ટર દબાણો ધાર્મિક જગ્યાઓના છે.

**પત્રક**

| અ.નં. | દબાણકર્તાનું નામ | વિસ્તાર (હે.) | દબાણનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | શ્રી દાદા સેલાર વિગેરે-૧૨ અરજદારશ્રીઓ | ૨૦.૨૮ | ખેડાણ |
| ૨ | શ્રી જીણા વરજાંગ | ૩.૨૪ | ખેડાણ |
| ૩ | શ્રી વાલા વરજાંગ | ૩.૨૩ | ખેડાણ |
| ૪ | સાત મહાદેવ ધાર્મિક સ્થાન | ૦.૯૧ | મંદિર |
| ૫ | કાદવાળી ધાર્મિક સ્થાન | ૦.૩૯૦૧ | મંદિર |
| ૬ | શ્રી રાજપુત લખમણ માધુભાઈ | ૦.૪૮ | ખેડાણ |
| ૭ | હનુમાન ગાળા ધાર્મિક સ્થાન | ૦.૦૬ | મંદિર |
| | **કુલ** | **૨૮.૫૯૦૧** | |

--------

**તાપી અને ડાંગ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડિકલ સાધનો**

અતારાંકિતઃ ૧૧૩૬૬ (૧૯-૦૧-૨૦૨૨) **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ક્યા મેડિકલ સાધનોની ઘટ છે, અને

(૨) ઉક્ત ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવાનું આયોજન છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૮-૦૪-૨૦૨૨)

(૧) કોઇ મેડિકલ સાધનોની ઘટ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડિકલ સાધનો**

અતારાંકિતઃ ૧૧૩૪૨ (૧૯-૦૧-૨૦૨૨) **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ક્યા મેડિકલ સાધનોની ઘટ છે, અને

(૨) ઉક્ત ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવાનું આયોજન છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૮-૦૪-૨૦૨૨)

(૧) કોઇ મેડિકલ સાધનોની ઘટ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં એ.ટી.એમ. તોડવાની ઘટનાઓ**

અતારાંકિતઃ ૧૦૭૦૪ (૨૦-૧૨-૨૦૨૧) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર એ.ટી.એમ. તોડવાની કેટલી ગુનાહિત ઘટનામાં કેટલા રૂપિયાની લૂંટ/ચોરી કરવામાં આવી,

(૨) આ ગુનાહિત કામના આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) કેટલી રકમ પરત મેળવીને બેંકોને પરત સોંપવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૨૮-૦૪-૨૦૨૨)

(૧) પત્રક મુજબ.

(૨) આરોપીઓ વિરુદ્ધ ઈ.પી.કો કલમ ૩૭૯, ૩૮૦, ૪૫૭, ૪૫૪, ૪૨૭, ૪૬૧, ૫૧૧, તથા ૧૧૪ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરી આરોપીઓને નામદાર કોર્ટના હવાલે કરેલ છે.

(૩) રૂ. ૨૬,૯૦,૬૦૫ પરત મેળવીને રૂ. ૨૬,૫૪,૨૦૫ બેંકોને પરત સોંપવામાં આવ્યા.

**પત્રક**

| અ.નં. | શહેર / જિલ્લો | એ.ટી.એમ. તોડવાની બનેલ ઘટનાઓની સંખ્યા | | | લૂંટની રકમ | | | ચોરીની રકમ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | તા.૦૧-૦૭-૧૮ થી તા. ૩૦-૦૬-૧૯ | તા.૦૧-૦૭-૧૯ થી તા. ૩૦-૦૬-૨૦ | તા.૦૧-૦૭-૨૦ થી તા. ૩૦-૦૬-૨૧ | તા.૦૧-૦૭-૧૮ થી તા. ૩૦-૦૬-૧૯ | તા.૦૧-૦૭-૧૯ થી તા. ૩૦-૦૬-૨૦ | તા.૦૧-૦૭-૨૦ થી તા. ૩૦-૦૬-૨૧ | તા.૦૧-૦૭-૧૮ થી તા. ૩૦-૦૬-૧૯ | તા.૦૧-૦૭-૧૯ થી તા. ૩૦-૦૬-૨૦ | તા.૦૧-૦૭-૨૦ થી તા. ૩૦-૦૬-૨૧ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૧૦ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૮૫૪૨૦૦ | ૯૩૯૨૦૦ | ૧૪૭૮૦૦૦ |
| ૨ | રાજકોટ શહેર | ૬ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૫૫૧૦૦ | ૦ | ૦ |
| ૩ | સુરત શહેર | ૭ | ૮ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪૫૧૫૦૦ | ૨૪૨૦૫૦૦ |
| ૪ | વડોદરા શહેર | ૧ | ૨ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૧ | ૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૨૭૭૯૦૦ | ૧૩૦૩૨૧૫ | ૦ |
| ૬ | ખેડા | ૨ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૮૦૪૬૦૦ | ૦ | ૦ |
| ૭ | આણંદ | ૧ | ૫ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૨૪૯૦૦ | ૧૭૩૯૫૦૦ |
| ૮ | ગાંધીનગર | ૫ | ૩ | ૪ | ૦ | ૦ | ૦ | ૨૧૯૯૭૦૦ | ૩૭૦૦૦ | ૨૨૩૩૪૦૦ |
| ૯ | સાબરકાંઠા | ૦ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૨૨૯૦૦ | ૦ |
| ૧૦ | અરવલ્લી | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૮૧૩૦૦ | ૦ |
| ૧૧ | મહેસાણા | ૫ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૦૯૯૪૦૦ | ૯૧૦૫૦૦ |
| ૧૨ | જામનગર | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૧૦૧૧૫ | ૦ | ૦ |
| ૧૩ | દેવભૂમી દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૧ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | મોરબી | ૦ | ૨ | ૦ | ૦ | ૧૬૦૯૫૨૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૪૧૫૦૦ |
| ૧૭ | બનાસકાંઠા | ૪ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૩૩૩૦૦ | ૧૯૬૧૦૦૦ | ૦ |
| ૧૮ | કચ્છ પૂર્વ | ૨ | ૧ | ૦ | ૩૪૦૦૦૦૦ | ૨૮૧૮૮૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | કચ્છ પશ્ચિમ | ૦ | ૩ | ૨ | ૦ | ૫૦૦૦ | ૦ | ૦ | ૦ | ૫૦૦૦ |
| ૨૦ | પાટણ | ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | ભાવનગર | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | જૂનાગઢ | ૦ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૩૦૦૦ | ૦ |
| ૨૫ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | ગોધરા | ૦ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૪ | સુરત રૂરલ | ૪ | ૭ | ૮ | ૦ | ૦ | ૦ | ૧૪૯૧૭૦૦ | ૦ | ૨૨૭૭૦૦૦ |
| ૩૫ | તાપી | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭૦૦૦ | ૦ |
| ૩૬ | વલસાડ | ૧ | ૨ | ૫ | ૦ | ૦ | ૦ | ૭૬૦૯૦૦ | ૦ | ૨૫૦૦ |
| ૩૭ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૮ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૯ | પ.રે.વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૦ | પ.રે.અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

- - - - - - - -

## અમદાવાદ જિલ્લામાં પોલીસ કંપલેઇન્ટ ઓથોરિટીમાં મળેલ ફરિયાદો

અતારાંકિતઃ ૧૦૮૨૯ (૨૯-૧૨-૨૦૨૧) **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ જિલ્લા પોલીસ કંપલેઇન્ટ ઓથોરિટીમાં વર્ષ ૨૦૧૯ અને વર્ષ ૨૦૨૦માં કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી તા.૩૧-૦૯-૨૦૨૦ સુધીમાં કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) બાકી રહેલ ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૯-૦૪-૨૦૨૨)

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**રાજ્યમાં ટ્રાફિક પોલીસ તરફથી વાહનની ચાવી લેવા બાબત**

અતારાંકિતઃ ૧૦૮૩૦ (૦૩-૦૧-૨૦૨૨) **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ ટ્રાફિકના નિયમોના ભંગ કરનાર વાહન ચાલકના વાહનની ચાવી પોલીસ/ટ્રાફિક પોલીસ તરફથી લઇ લેવાની કોઇ જોગવાઇ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આમ જનતાને થઇ રહેલી આવી કનડગતથી બચાવવા સરકારે શા આદેશો આપવામાં આવ્યા છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૧૯-૦૪-૨૦૨૨)

(૧) ના, જી. મોટર વ્હીકલ એક્ટની કલમ-૨૦૭ મુજબ વાહન ડીટેઇન કરવાની જોગવાઇ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**રાજ્યમાં ઇ-ફ્રોડ કરનાર આરોપીઓને આઇડેન્ટીફાય કરવા બાબત**

અતારાંકિતઃ ૧૦૮૩૩ (૦૩-૦૧-૨૦૨૨) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) વર્ષ ૨૦૧૮માં રાજ્યમાં બેંકના ખાતામાંથી ઓનલાઇન પૈસા ઉપાડી લેતા કેટલા ગુનાહિતોને જિલ્લાવાર આઇડેન્ટીફાય કરવામાં આવ્યા,

(૨) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ આઇડેન્ટીફાય થયેલ આરોપીઓએ કેટલા રૂપિયા ઓનલાઇન ઉપાડી લીધા અને તે પૈકી પાછા મેળવી મૂળ માલિકોને પાછા સોંપાયા, અને

(૩) ઉકત સ્થિતિએ આઇડેન્ટીફાય થયેલ આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૨૭-૦૪-૨૦૨૨)

(૧) વર્ષ ૨૦૧૮માં રાજ્યમાં બેંકના ખાતામાંથી ઓનલાઇન પૈસા ઉપાડી લેતા નીચે મુજબના ગુનાહિતોને આઇડેન્ટીફાય કરવામાં આવેલ છે.

| ક્રમ | શહેર/જિલ્લાનું નામ | ઓળખી શકાયેલ આરોપીની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૫૯ |
| ૨ | સુરત શહેર | ૫૬ |
| ૩ | વડોદરા શહેર | ૦૧ |
| ૪ | મહેસાણા | ૦૩ |
| ૫ | જામનગર | ૦૨ |
| ૬ | સુરેન્દ્રનગર | ૦૨ |
| ૭ | બનાસકાંઠા | ૦૨ |
| ૮ | કચ્છ-પૂર્વ | ૦૪ |
| ૯ | જૂનાગઢ | ૦૩ |
| ૧૦ | ગીર સોમનાથ | ૦૨ |
| ૧૧ | ભરૂચ | ૦૯ |
| ૧૨ | દાહોદ | ૦૧ |
| | **કુલ** | **૧૪૪** |

(૨) તા. ૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ આઇડેન્ટીફાઇલ થયેલ આરોપીઓએ કુલ રૂ. ૭,૨૫,૪૨,૨૮૬/- ની રકમ ઓનલાઇન ઉપાડી લીધેલ તે પૈકી,

(૧) રૂ. ૮૮,૮૧,૬૩૮/- પરત મેળવેલ છે, અને

(૨) રૂ ૮૫,૭૯,૮૯૧/- મૂળ માલિકોને પરત આપવામાં આવેલ છે.

(૩)

| ક્રમ | શહેર/જિલ્લાનું નામ | ઓળખી શકાયેલ આરોપીની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | આરોપીઓની અટક કરી તેઓ વિરૂદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. |
| ૨ | સુરત શહેર | |
| ૩ | વડોદરા શહેર | |
| ૪ | મહેસાણા | |
| ૫ | જામનગર | |
| ૬ | સુરેન્દ્રનગર | ચાર્જશીટ કરેલ છે. |
| ૭ | બનાસકાંઠા | આરોપીઓ નાસતા ફરતા હોઇ, ધરપકડ કરવાના બાકી છે. |
| ૮ | કચ્છ-પૂર્વ | ચાર્જશીટ કરેલ છે. |
| ૯ | જૂનાગઢ | ચાર્જશીટ કરેલ છે. |
| ૧૦ | ગીર સોમનાથ | ચાર્જશીટ કરેલ છે. |
| ૧૧ | ભરૂચ | ચાર્જશીટ કરેલ છે. |
| ૧૨ | દાહોદ | ચાર્જશીટ કરેલ છે. |

--------

**ગીર સોમનાથ જિલ્લામાં પોલીસ કંપલેઇન્ટ ઓથોરિટીમાં મળેલ ફરિયાદો**

અતારાંકિતઃ ૧૦૮૭૩ (૨૯-૧૨-૨૦૨૧) **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગીર સોમનાથ જિલ્લા પોલીસ કંપલેઇન્ટ ઓથોરિટીમાં વર્ષ ૨૦૧૯ અને વર્ષ ૨૦૨૦માં કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી તા.૩૧-૦૯-૨૦૨૦ સુધીમાં કેટલી ફરિયાદોનો નિકાલ થયો, અને

(૩) બાકી રહેલ ફરિયાદોનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૦૮-૦૩-૨૦૨૨)

(૧) અને (૨)

| વર્ષ | કુલ ફરિયાદો | તા. ૩૧-૦૯-૨૦૨૦ની સ્થિતિએ નિકાલ |
|---|---|---|
| ૨૦૧૯ | ૦ | ૦ |
| ૨૦૨૦ | ૪ | ૦ |

(૩) બાકી રહેલ ૪ ફરિયાદો તા. ૩૦-૦૯-૨૦૨૦ પછી મળેલ હતી, જે તમામનો નિકાલ થયેલ છે.

--------

**રાજ્યમાં પરવાનગી વગર ભેંસ વર્ગના પ્રાણીઓની કુરબાની આપવા બાબત**

અતારાંકિતઃ ૧૦૮૮૧ (૦૩-૦૧-૨૦૨૨) **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ તથા નિયમો-૧૯૬૭માં કોમ્પીટન્ટ અધિકારીની પરવાનગી વગર ભેંસ-પાડા-પાડીની કુરબાની આપવા પર પ્રતિબંધ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યમાં ૨૦૨૧માં બકરી ઇદ નિમિત્તે જિલ્લાવાર કેટલા કિસ્સામાં પરવાનગી વગર કુરબાની અપાઇ, અને

(૩) પરવાનગી વગર કુરબાની આપનારા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૯-૦૪-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) એક પણ નહી.

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**રાજ્યમાં ઇ-ફ્રોડ કરનાર આરોપીઓને આઇડેન્ટીફાય કરવા બાબત**

અતારાંકિતઃ ૧૦૯૨૪ (૦૩-૦૧-૨૦૨૨) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) વર્ષ ૨૦૧૮માં રાજ્યમાં બેંકના ખાતામાંથી ઓનલાઇન પૈસા ઉપાડી લેતા કેટલા ગુનાહિતોને જિલ્લાવાર આઇડેન્ટીફાય કરવામાં આવ્યા,

(૨) તા.૩૧/૧૦/૨૦૨૧ની સ્થિતિએ આઇડેન્ટીફાય થયેલ આરોપીઓએ કેટલા રૂપિયા ઓનલાઇન ઉપાડી લીધા અને તે પૈકી પાછા મેળવી મૂળ માલિકોને પાછા સોંપાયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આઇડેન્ટીફાય થયેલ આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭-૦૪-૨૦૨૨)

(૧) વર્ષ ૨૦૧૮માં રાજ્યમાં બેંકના ખાતામાંથી ઓનલાઇન પૈસા ઉપાડી લેતા નીચે મુજબના ગુનાહિતોને આઇડેન્ટીફાય કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **શહેર / જિલ્લાનું નામ** | **ઓળખી શકાયેલ આરોપીની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૫૯ |
| ૨ | સુરત શહેર | ૫૬ |
| ૩ | વડોદરા શહેર | ૦૧ |
| ૪ | મહેસાણા | ૦૩ |
| ૫ | જામનગર | ૦૨ |
| ૬ | સુરેન્દ્રનગર | ૦૨ |
| ૭ | બનાસકાંઠા | ૦૨ |
| ૮ | કચ્છ-પૂર્વ | ૦૪ |
| ૯ | જૂનાગઢ | ૦૩ |
| ૧૦ | ગીર સોમનાથ | ૦૨ |
| ૧૧ | ભરૂચ | ૦૯ |
| ૧૨ | દાહોદ | ૦૧ |
| | **કુલ** | **૧૪૪** |

(૨) તા.૩૧/૧૦/૨૦૨૧ની સ્થિતિએ આઇડેન્ટીફાઇ થયેલ આરોપીઓએ કુલ રૂ.૭,૨૫,૪૨,૨૮૬/-ની રકમ ઓનલાઇન ઉપાડી લીધેલ તે પૈકી,

(૧) રૂ .૮૮,૮૧,૬૩૮/- પરત મેળવેલ છે, અને

(૨) રૂ.૮૫,૭૯,૮૯૧/- મૂળ માલિકોને પરત આપવામાં આવેલ છે.

(૩)

| **ક્રમ** | **શહેર / જિલ્લાનું નામ** | **ઓળખી શકાયેલ આરોપીની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | આરોપીઓની અટક કરી તેઓ વિરૂદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. |
| ૨ | સુરત શહેર | |
| ૩ | વડોદરા શહેર | |
| ૪ | મહેસાણા | |
| ૫ | જામનગર | |
| ૬ | સુરેન્દ્રનગર | ચાર્જશીટ કરેલ છે. |
| ૭ | બનાસકાંઠા | આરોપીઓ નાસતા ફરતા હોઇ, ધરપકડ કરવાના બાકી છે. |
| ૮ | કચ્છ-પૂર્વ | ચાર્જશીટ કરેલ છે. |
| ૯ | જૂનાગઢ | ચાર્જશીટ કરેલ છે. |

| ક્રમ | શહેર / જિલ્લાનું નામ | ઓળખી શકાયેલ આરોપીની સંખ્યા |
|---|---|---|
| ૧૦ | ગીર સોમનાથ | ચાર્જશીટ કરેલ છે. |
| ૧૧ | ભરૂચ | ચાર્જશીટ કરેલ છે. |
| ૧૨ | દાહોદ | ચાર્જશીટ કરેલ છે. |

- - - - - - - -

**રાજ્યમાં પોલીસ દ્વારા એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરવા બાબત**

અતારાંકિતઃ ૧૧૨૨૬ (૧૮-૦૧-૨૦૨૨) **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૧૧/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ દ્વારા એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરવામાં આવે ત્યારે આવી ઘટનાઓનો રેકર્ડ નોંધ કઈ રીતે રાખવામાં આવે છે,

(૨) આ કામગીરી કઈ કક્ષાના અધિકારી દ્વારા હાથ ધરવામાં આવે છે, અને

(૩) એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરનાર જવાબદાર અધિકારી સામે શા પગલાં લેવામાં આવે છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૮-૦૪-૨૦૨૨)

(૧)

- રાજ્યમાં પોલીસ દ્વારા એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરવાની ઘટના ન બને તે માટે સિનિયર અધિકારી દ્વારા વ્યક્તિને બોગસ ફરિયાદ કરવાની સમજ આપી, આવી ફરિયાદ કરવા જે તે પોલીસ સ્ટેશન ખાતે મોકલવામાં આવે છે અને આ બોગસ ફરિયાદ અંગેનો રેકર્ડ/નોંધ જે તે પોલીસ સ્ટેશન દ્વારા નિભાવવામાં આવે છે.
- જ્યારે કોઈપણ વ્યક્તિ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા આવે અને આ ફરિયાદ કોગ્નીઝેબલ ઑફેન્સને લગતી હોય તો તરત જ એફ.આઈ.આર. નોંધવામાં આવે છે અને જો કોગ્નીઝેબલ ઑફેન્સ બને છે કે કેમ? તે સ્પષ્ટ થતું ન હોય ત્યારે તેને અરજીના સ્વરૂપમાં લઈને પ્રાથમિક તપાસ કર્યા બાદ કોગ્નીઝેબલ ઑફેન્સને બનતો હોય તો એફ.આઈ.આર. નોંધવામાં આવે છે.

(૨) આ કામગીરી પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર, મદદનીશ પોલીસ કમિશનર, પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષક તથા સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર કક્ષાના અધિકારી દ્વારા હાથ ધરવામાં આવે છે.

(૩) એફ.આઈ.આર. નોંધવાનો ઈન્કાર કરનાર જવાબદાર અધિકારી સામે શિસ્ત-વિષયક પગલા લેવામાં આવે છે.

- - - - - - - -

**રાજ્યમાં ગેરકાયદેસર બાયોડીઝલના વેચાણ અટકાવવા લીધેલ પગલાં**

અતારાંકિતઃ ૧૧૨૬૭ (૦૮-૦૧-૨૦૨૨) **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલા જથ્થામાં ગેરકાયદેસર બાયોડીઝલ પકડાયું,

(૨) તે અન્વયે પકાડાયેલા ઈસમો સામે શા પગલાં લેવાયા, અને

(૩) ગેરકાયદેસર રીતે બાયોડીઝલના વેચાણ અટકાવવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫-૦૪-૨૦૨૨)

(૧) પત્રક મુજબ.

(૨) તે અન્વયે પકડાયેલ ઈસમોની અટક કરી જરૂરી કાર્યવાહી કરી કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવા તજવીજ કરેલ છે.

(૨) શોધી કાઢવામાં આવેલ ગેરકાનૂની કતલખાનાં તથા તેના સંચાલકો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (શેહરી વિકાસ) **:** (૦૩-૦૬-૨૦૨૨)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ભાદ્રપદ ૩૧,૧૯૪૪ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૧૨૦૩, ૧૧૨૦૪, ૧૧૬૩૦ | ૦૩ |
| ૨ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૧૫૭૨ | ૦૧ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૯૭૩૭, ૧૦૭૨૮, ૧૧૨૩૧, ૧૧૪૭૦ | ૦૪ |
| ૪ | ગૃહ વિભાગ | ૧૦૭૪૧, ૧૧૩૦૭, ૧૧૩૧૩, ૧૧૩૨૪, ૧૧૪૯૮, ૧૧૬૩૧ | ૦૬ |
| ૫ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૯૦૨૩, ૯૫૨૪, ૯૫૨૫, ૯૫૨૬, ૯૫૨૭, ૯૫૨૮, ૯૫૨૯, ૯૫૩૦, ૯૫૩૧, ૯૫૩૨, ૯૫૩૩, ૯૫૩૪, ૯૫૩૫, ૯૫૩૬, ૯૫૩૭, ૯૫૩૮, ૯૫૪૦, ૧૦૬૧૫, ૧૦૬૨૮, ૧૦૭૯૩, ૧૦૮૦૬, ૧૧૬૨૫, ૧૧૬૨૬ | ૨૩ |
| ૬ | મહેસૂલ વિભાગ | ૯૫૬૭, ૧૦૪૭૨, ૧૦૭૨૨ | ૦૩ |
| ૭ | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | ૧૧૫૯૬ | ૦૧ |
| ૮ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૭૮૭૮, ૮૧૭૮, ૯૦૪૯, ૯૨૧૫, ૯૨૫૩, ૯૪૦૮, ૧૧૨૫૨, ૧૧૩૯૯, ૧૧૪૯૦ | ૦૯ |
| | | **કુલ** | **૫૦** |

- - - - - - - - -

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો ઓડિટ અહેવાલ

**શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો ગુજરાત સરકાર દ્વારા હવા પ્રદૂષણ નિયંત્રણ અંગેની કામગીરીનો ઓડિટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૨૦૨૦-૨૧ નો ગુજરાત ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ , સમીક્ષા તેમજ નિવેદન

**શ્રી પૂર્ણેશ મોદી ( પ્રવાસન મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૦-૨૧ નો ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, સમીક્ષા તેમજ નિવેદન

**શ્રી વિનોદભાઇ અ. મોરડીયા (શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

અધ્યક્ષશ્રી : બધા બેસો, માનનીય પુંજાભાઇ, હવે જે કહેવું હોય તે કહો તમને તક આપી. બોલો શું કહેવું છે ?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનની અધ્યક્ષશ્રી, લમ્પી વાયરસ..

અધ્યક્ષશ્રી : આમાં લમ્પી વાયરસ કયાં આવ્યો? આમાં લમ્પી વાયરસ ના આવે. શ્રી પુંજાભાઇ, નિયમ મુજબની ચર્ચા થતી હોય તે જ થાય નેક્સ્ટ, તમે બીજી-બીજી વાતો ન કરો. તમારે કાંઇ ખાસ કહેવાનું હોય તો કહો? તમને તક આપી એમાં લમ્પી વાઇરસ વિશે વાત કરો છો. આમાં લમ્પી વાઇરસ આવતો જ નથી. આ મોંઘવારીનો પ્રશ્ન છે. ખાદ્ય તેલનો પ્રશ્ન છે. (સતત અંતરાય)

(આ તબક્કે કોંગ્રેસના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

સન ૨૦૨૧-૨૨ નો ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, સમીક્ષા તેમજ નિવેદન

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (પશુપાલન મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૦-૨૧ ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના વાર્ષિક હિસાબો, તપાસણી અહેવાલ તથા નાણાંકીય પત્રક.........

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨
વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

**શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૨૦-૨૧ ના વાર્ષિક હિસાબો અને તપાસણી અહેવાલ તથા સન ૨૦૨૨-૨૩ નું વાર્ષિક નાણાંકીય પત્રક (અંદાજપત્ર) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, તપાસણી અહેવાલ, નાણાંકીય પત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**(આ તબક્કે કૉંગ્રેસના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર ચાલુ રાખવામાં આવ્યા.)**

સન ૨૦૧૯-૨૦ નો ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો વાર્ષિક વહીવટી અહેવાલ, તથા નિવેદન

**શ્રી પૂર્ણેશ મોદી ( વાહન વ્યવહાર મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો સન ૨૦૧૯-૨૦૨૦ નો વાર્ષિક વહીવટી અહેવાલ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વહીવટી અહેવાલ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૦-૨૧નો કામધેનુ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ તથા નિવેદન

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (પશુપાલન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**(સતત અંતરાય)**

અધ્યક્ષશ્રી : હવે પ્રશ્ન પૂરો થઇ ગયો છે.

સન ૨૦૧૫-૧૬ થી ૨૦૧૭-૧૮ ના સરદાર કૃષિનગર દાંતીવાડા યુનિવર્સિટીના ઓડિટ અહેવાલ તથા નિવેદન

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( પશુપાલન મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૧૫-૧૬ થી ૨૦૧૭-૧૮ સુધીના ઓડિટ અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૨ ના ગુજરાત જાહેર સલામતી(પગલાં) અમલીકરણ અધિનિયમ અન્વયેના ગૃહ વિભાગના જાહેરનામાં

**શ્રી હર્ષ સંઘવી ( રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૨ ના ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ અધિનિયમ અન્વયેના ગૃહ વિભાગના, તા. ૧૬/૦૭/૨૦૨૨ ના જાહેરનામા ક્રમાંકઃ

(૧) જીએચજી/૯૬/૨૦૨૨/એસબીપ/પીએસએમ/૧૦૨૦૨૨/૩૦૮,
(૨) જીએચજી/૯૭/૨૦૨૨/એસબીપ/પીએસએમ/૧૦૨૦૨૨/૩૦૮,
(૧) જીએચજી/૯૮/૨૦૨૨/એસબીપ/પીએસએમ/૧૦૨૦૨૨/૩૦૮,
(૧) જીએચજી/૯૯/૨૦૨૨/એસબીપ/પીએસએમ/૧૦૨૦૨૨/૩૦૮,

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામાં સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

(કૉંગ્રેસના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર ચાલુ રાખવામાં આવ્યા.)

અધ્યક્ષશ્રી : સૌ સભ્યો પોતાની જગ્યા ઉપર બેસો. વારંવાર વિનંતી કરી છે. વિધાનસભાની કામગીરી ચાલુ છે. આપ સૌ પોતાની જગ્યા પર બેસો.

સન ૧૯૬૦ ના ગુજરાતના મંત્રીશ્રીઓના પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું જાહેરનામું

**શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૦ના ગુજરાતના મંત્રીશ્રીઓના પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩૦/૦૫/૨૦૨૨ નું જાહેરનામા ક્રમાંકઃ ગસ/૨૦૨૨/૦૫/એમટીઆર-૨૦૨૨(૧)કેયુ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

**અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના આઠમા, નવમા અને દસમા અહેવાલની રજૂઆત**

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો આઠમો, નવમો અને દસમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યા.**

**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના બીજા અને ત્રીજા અહેવાલની રજૂઆત**

**શ્રી હિતુ કનોડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના બીજો અને ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

ભાદ્રપદ ૩૧,૧૯૪૪ શાકે
ગુજરાત નગરપાલિકા(સુધારા)વિધેયક,૨૦૨૨
**અહેવાલ રજૂ કરવામાં આવ્યા.**

**સભાત્યાગ**

માનનીય સભ્યશ્રી મોહનસિંહ રાઠવા, શ્રી અંબરીશભાઈ ડેર અને શ્રી પ્રતાપભાઈ દૂધાત સિવાયના વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલ તમામ સભ્યોએ સભાત્યાગ કર્યો.

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો નવમો અહેવાલ

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી(સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો નવમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી(સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૫**

ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક, ૨૦૨૨

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા (રાજ્ય કક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૨ના ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૨ના ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નગરપાલિકા અધિનિયમ કલમ-૪૭ અને ૪૭ (ક) થી રાજ્ય સરકારને નગરપાલિકાની વિવિધ જગ્યાઓ જેવી કે, નગરપાલિકાના ચીફ ઓફિસર, મ્યુનિસિપલ એકાઉન્ટન્ટ ઓફિસર, એકાઉન્ટન્ટ, ડેપ્યુટી એકાઉન્ટન્ટ, મ્યુનિસિપલ એન્જિનિયર, સેનિટરી ઈન્સપેક્ટર વગેરે માટેની સેવા વિષયક બાબતોના નિયમો જેવા કે, ભરતી નિયમો, સેવાની શરતો માટેના નિયમો, ખાતાકીય પરીક્ષાના નિયમો વગેરે નિયમો ઘડવાની સત્તા પ્રાપ્ત થયેલ છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમની જોગવાઇઓ મુજબ રાજ્ય સરકાર આ સંવર્ગોના સેવા વિષયક બાબતોના નિયમો ઘડવા માંગતી હોય તો આ અધિનિયમની કલમ-૨૭૭ની પેટા કલમ-૩ની જોગવાઈ મુજબ જાહેર જનતા પાસેથી વાંધા-સૂચનો મંગાવવા પડે છે. નગરપાલિકાના અધિનિયમની સામાન્ય નાગરિકોને સ્પર્શતી બાબતો અંગે વાંધા-સૂચનો મંગાવવાની બાબતો યોગ્ય છે, પરંતુ નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓની સેવા વિષયક બાબતોના નિયમો માટે જાહેર જનતા પાસેથી વાંધા-સૂચનો મંગાવવાથી આ નિયમો ઘડવાની પ્રક્રિયામાં ખૂબ વિલંબ થાય છે. સેવાવિષયક બાબતોના નિયમો ઘડતી વખતે સામાન્ય વહીવટ વિભાગની અદ્યતન સૂચનાઓને ધ્યાને લઇને સામાન્ય વહીવટ વિભાગ તેમજ વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગનો પરામર્શ કર્યા બાદ જ નિયમોને આખરી કરવામાં આવે છે. તેથી નગરપાલિકાના અધિકારીઓ અને કમર્ચારીઓના સેવા વિષયક નિયમો બનાવવાની પ્રક્રિયા ઝડપી બને અને બિનજરૂરી વિલંબ નિવારી શકાય તે હેતુથી આવા નિયમો માટે જાહેર જનતા પાસેથી વાંધા-સૂચનો મંગાવવાનો તબક્કો દૂર કરવો જરૂરી જણાય છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૪૭ અને કલમ ૪૭(ક) કે જે નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓના સેવા વિષયક બાબતોના નિયમો ઘડવાની સત્તા રાજ્ય સરકારને આપે છે તેવા નિયમોની પૂર્વપ્રસિદ્ધિ કરીને જાહેર જનતાના વાંધા-સૂચનો મેળવવા સંબંધી કલમ ૨૭૭ની પેટા કલમ (૩)ના કાર્યક્ષેત્રમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જરૂરી જણાયું છે. આથી, આ કલમો હેઠળની જગ્યાઓના સેવા વિષયક નિયમોને અધિનિયમની કલમ ૨૭૭ની પેટા કલમ(૩)ના કાર્યક્ષેત્રમાંથી મુક્તિ આપવા માટેના સન ૨૦૨૨ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩માં સુધારા માટેના વિધેયકને સર્વાનુમતે મંજૂર કરવા આપસર્વે સભ્યોને વિનંતી સહ આ વિધેયક ગૃહ સમક્ષ રજૂ કરું છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(વિપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં આવેલી વિવિધ નગરપાલિકાઓની અંદર સ્ટાફ ભરવાના નિયમોને કારણે વિવિધ નગરપાલિકાઓ જગ્યાઓ ઊભી કરીને ભરી શકતી નહોતી અને એ જગ્યાઓ ભરાય, એનો વહીવટ સુચારું રીતે થાય એના માટે આ બિલ લઇને આવ્યા હોય એમ માની લઇશું. લાંબા

* વિધેયક તા.૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સમયથી કેટલીક જગ્યાએ નગર પંચાયત હતી અને નગર પંચાયતમાંથી નગરપાલિકા પરિવર્તન થઇ. નગર પંચાયતના જે કર્મચારીઓ હતા એમને કાયમી કરવાની રજૂઆતો માટે સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને મળ્યા હતા અને ત્યારપછી ઘણી બધી મીટિંગો થયા પછી આમાં કંઇક સુધારા કરીને આ બિલ લાવ્યા હોય એમ હું માનું છું. વહીવટ કરવા માટે સ્ટાફની જરૂર પડે એ વાત સાચી છે પણ કેટલીક નગરપાલિકાઓમાં આવકનો સોર્સ ઓછો હોય અને જગ્યાઓ ઊભી કરવામાં આવે તો એના કર્મચારીઓના પગાર કેવી રીતે થાય એની પણ વિચારણા કરવામાં આવે. આ નગર પંચાયતમાં જે ભરતીઓ થવાની છે એનું ભારણ નગરપાલિકા પર નહીં આવે, પણ સરકાર એને અનુદાન આપીને એના પગારનું ભારણ દૂર કરે એવી અપેક્ષા રાખું છું. ગયા વર્ષે અમારી છોટાઉદેપુર નગરપાલિકાની વાત નગર ગૃહમાં થઇ હતી. ત્યાં જે લોકો રહે છે એમાં બ- ૩ સત્તા પ્રકારની જમીનોનો નિકાલ લાવવા માટે મહેસૂલ વિભાગે હા પાડેલી પણ હજી સુધી નિકાલ આવ્યો નથી. આ જમીન રાજા-રજવાડાંઓએ ત્યાંના લોકોના વસવાટ માટે આપેલી અને આ જમીન પર સરકારનો હક્ક રહેશે એવું કહી શકાય ત્યારે આ બ- ૩ સત્તા પ્રકારની જે જમીનો છે એ જમીનો માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, નગરપાલિકા નિયામક વિભાગ આ બધા થઇને માત્ર છોટા ઉદેપુરમાં જ નહીં, રાજ્યમાં ઘણી બધી જગ્યાઓએ આવી નગરપાલિકાઓ આવેલી છે. એ નગરપાલિકાઓમાં આ જે બ- ૩ સત્તા પ્રકારની જમીનો છે એ જમીનનો નિકાલ ત્યાં વસતા કુટુંબો માટે લાવે એવી અપેક્ષા લઇને આવ્યો છું. જ્યારે આ બિલ ગૃહમાં પ્રસ્તુત થયું છે ત્યારે મેં જે કર્મચારીઓના પગારની વાત કરી છે અને નગરપાલિકાને એનું ભારણ ન પડે એના માટે સરકાર શું લાવી છે એની ચોખવટ કરે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, જે ગુજરાત નગરપાલિકા સુધારા વિધેયક-૨૦૨૨ જે વર્ષ ૧૯૬૩માં આ વિધાનસભાગૃહમાં પાસ થયું હતું અને એને થોડા સુધારા વધારા સાથે જયારે માનનીય મંત્રીશ્રી લાવ્યા છે, ત્યારે જે રીતે વર્ષ ૧૯૬૫માં ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ જેની કલમ ૪૭(ક) મુજબ દરેક નગરપાલિકા માટે રાજ્ય સરકારે નિમેલા એક અધિકારી રહેશે અને તે પછીની એની આખી વ્યાખ્યા આપેલી છે. તે વખતની કલમ ૪૭(૨) મુજબ નગરપાલિકાના ઇજનેર, વોટર વર્કશોપ ઇજનેર, નગરપાલિકા આરોગ્ય અધિકારી, નગરપાલિકા ઓડિટર, નગરપાલિકા શિક્ષણ અધિકારી તથા અન્ય બાબતો ૬ નંબરમાં દર્શાવેલ છે. જે રીતે ભૂતકાળમાં વર્ષ ૧૯૬૩નો આ કાયદો વર્ષ ૧૯૬૫માં પાસ થયો અને જે સત્તા નિમણૂકો માટેની છે, એમાં વર્ષ ૧૯૬૫ની પરિસ્થિતિમાં વર્ષ ૨૦૨૨ની પરિસ્થિતિ થોડી જુદી છે. કારણ કે, લોકોની રહેણીકરણી બદલાઇ છે. મોટા મકાનો બન્યા છે. એટલે ફાયરની સેફ્ટીની પણ અત્યારે દરેક નગરપાલિકાઓને ખૂબ જરૂરિયાત ઉભી થયેલી છે. ફાયર સેફ્ટીના હેતુસર નગરપાલિકાઓની અંદર પણ અને ખાસ કરીને જે મોટી નગરપાલિકાઓ છે, આપણે ઘણી વખત જોઇએ છીએ કે કોઇ જગ્યાએ આગ લાગે છે ત્યારે બહુ દૂરથી આપણે ફાયર બ્રિગેડને બોલાવવી પડતી હોય છે. તો નગરપાલિકાના પ્રોવિઝનમાં ફાયર બ્રિગેડનું પણ એક પ્રોવિઝન કરીને એનો પણ એની અંદર સમાવેશ કરીને આ બિલને થોડુ મજબૂત કરીને આપવું જોઇએ. નગરપાલિકાઓમાં ખાસ કરીને પગાર વાળા પ્રશ્નો છે. ઘણી નગરપાલિકાઓ એવી હોય છે કે જયારે લાઇટબિલ ભરવાની વાત આવે છે ત્યારે લાઇટબિલ પણ ભરતી નથી અને લાઇટ કનેકશન કાપવાની વાત આવે છે. નગરપાલિકામાં કોનું શાસન છે એ જરૂરી નથી પણ શાસનકર્તાઓ સાથે જયારે લાઇટબિલ ભરવાની વાત આવે, તેના લોકલ ટેક્ષ બિલની વાત આવે છે ત્યારે નગરપાલિકા ખૂબ મૂંઝાઇ જતી હોય છે, તો એના નિરાકરણ માટે પણ સરકારે ખૂબ ગંભીરતાપૂર્વક એની વિચારણા કરવી જોઇએ. ભરતીની બાબતમાં માનનીય મંત્રીશ્રી હું એક નાનું ઉદાહરણ આપીને મારી વાત પૂરી કરીશ. તાજેતરમાં જ ડભોઇ નગરપાલિકાની અંદર ચોથા વર્ગના સફાઇ કામદારોની ભરતી થઇ અને ભરતીની અંદર આપ જોશો તો એવાં વ્યકિતઓનાં નામ છે અને હું હાઉસમાં એ આખું રેકોર્ડ આપવા પણ તૈયાર છું. આને તમે રાજકીય રીતે ન લેતા. સફાઇ કામદાર તરીકે કોણ કામ કરે? કે જે સફાઇ સાથે જોડાયેલી વ્યકિત હોય એ જ સફાઇ કામદાર તરીકે કામ કરે. ડભોઇની અંદર બનેલી ઘટના કે જેને સફાઇ સાથે કંઇ લેવા દેવા નથી અને એવા લોકોની ભરતી ડભોઇ નગરપાલિકાની અંદર કરી દેવામાં આવી છે. આને ગંભીર ગણવી હોય તો ગંભીર ગણી શકાય. આમાં પોતાના ચાહકોને નોકરીનું એક સાધન ઉભું કરવા માટે નોકરી આપી દીધી હોય એવી ઘટના બની છે અને આ ખૂબ દુઃખદ ઘટના છે. બીજી એક સિસ્ટમ જે સમગ્ર નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં ચાલી રહી છે. માનનીય દેશના વડાપ્રધાનશ્રી સફાઇ ઝુંબેશને પ્રાધાન્ય આપે છે અને અમારો એમાં ટેકો પણ છે પણ નગરપાલિકાઓ કે મહાનગરપાલિકાઓમાં સફાઇના કોન્ટ્રાકટ આપવામાં આવે છે. આ નોકરીની વાત છે એટલે હું મારી વાત આપની સમક્ષ વાત મૂકું છું. જે મંડળીઓ દ્વારા જેને કોન્ટ્રાકટ આપવામાં આવે છે, મંડળી રજિસ્ટ્રેશન થાય એટલે મંડળી દ્વારા એને કોન્ટ્રાકટ મળે છે. આ પરિસ્થિતિ સમગ્ર રાજયની નગરપાલિકામાં છે. અમારા અમદાવાદ શહેરની મહાનગરપાલિકામાં પણ છે કે મંડળીઓનો નિયમ ફિક્સ છે કે આ કક્ષાના, આ વર્ગના લોકો પોતાની મંડળીઓ રજિસ્ટ્રેશન કરાવીને પછી એ લોકોને કામ મળતું હોય છે. પણ આપ જો તપાસ કરશો. મેં તો અનેક વખત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સંકલન કે બીજી મીટિંગોમાં અધિકારીઓને મળવાનું થાય ત્યારે વાત કરી છે કે આખે આખો સફાઇનો કોન્ટ્રાકટ જે છે, જેનાથી લોકોને રોજીરોટી મળે છે, તેને ચલાવનાર બીજા અને કામ કરનાર ત્રીજા જ લોકો હોય છે. આવી પણ ઘટના નગરપાલિકાઓમાં બનતી હોય છે, ત્યારે હું વધારે વાત કરતો નથી, પણ આપ જે બિલ લાવ્યા છો, એમાં નગરપાલિકાઓમાં કામ કરતાં કર્મચારીઓની ચિંતા છે. શ્રી જીતુભાઇ જાગે છે, શ્રી ઋષિકેશભાઇ જાગે છે, શ્રી પૂર્ણેશભાઇ પણ જાગે છે, શ્રી

જગદીશભાઇ પણ જાગે છે. કર્મચારીઓ માટે જાગવું પડે છે. નગરપાલિકાઓમાં નાના મોટા પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે, એટલે એનું પણ સરકારશ્રી ધ્યાન રાખે એવી હું આજે આ બિલના પ્રસંગે વિનંતી કરું છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ (સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રી વિનોદભાઇ મોરડીયા સાહેબ, શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ, સને ૨૦૨૨ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩માં સુધારા માટેનું વિધેયક લઇને આવ્યા છે, તેમાં હું મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર આજે આખા દેશની અંદર ગુજરાત રાજય વિકાસના રોલ મૉડેલ તરીકે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં પ્રસ્થાપિત થયું છે. આજે ગુજરાતની કુલ વસતિના ૪૫ ટકાથી પણ વધારે લોકો શહેરી વિસ્તારમાં એટલે કે નગરપાલિકા અને મહા નગરપાલિકામાં આજે વસવાટ કરે છે. આજે જે પ્રમાણે ગુજરાતમાં નગરપાલિકાઓમાં છેલ્લાં ૨૦ વર્ષથી આ પ્રજાએ ભારતીય જનતા પાર્ટીને લગભગ ૯૫ ટકા જેટલી નગરપાલિકાઓની અંદર ભગવો લહેરાવ્યો છે, એમાં અમારી જવાબદારી છે કે નગરપાલિકાઓમાં ઝડપથી વહીવટ થાય, સારો વહીવટ થાય, કર્મચારીઓની ભરતી થાય, એમાં ચીફ ઓફિસર હોય કે એન્જિનિયર હોય અને અલગ કક્ષાનું જે કાંઇ મહેકમ હોય, તે મહેકમમાં ઝડપથી સુધારો થાય અને એની ભરતી થાય તો પ્રજાનાં વિકાસનાં કામો આપણે ઝડપથી કરી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ નગરપાલિકામાં વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૦ સુધી સભ્ય હતો અને એ વખતના પ્રમુખ તરીકેની જવાબદારી પણ સંભાળી છે. એ વખતે નગરપાલિકામાં પીવાના પાણીની સગવડ કરવી હોય, ટયૂબવેલ ફેઇલ ગયા હોય તો પણ ગ્રાન્ટ લેવા માટે એક એક કે બે-બે વર્ષ સુધી મુશ્કેલીઓ પડતી હતી, પરંતુ સમય પ્રમાણે ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું. દેશના લોકપ્રિય વડાપ્રધાન અને ગુજરાતના એ વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે શહેરી વિસ્તારો અને નગરપાલિકા વિસ્તારોનો ઝડપથી વિકાસ થાય. એ વખતે ગુજરાતને ૫૦ વર્ષ એટલે કે મહારાષ્ટ્ર રાજયમાંથી અલગ થયાને ૫૦ વર્ષ પૂર્ણ થયા અને તેના ભવ્ય આયોજનમાં શહેરી વિસ્તારોની પ્રજા માટે વિકાસનાં કામો કેવી રીતે ઝડપથી થાય એના માટેની ખૂબ સુધારા યોજના અમલમાં મૂકી હતી. આજે અમે પણ નગરપાલિકા વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે પ્રજાના સેવક તરીકેની જવાબદારી આજે સંભાળીએ છીએ. આજે મધ્યમ વર્ગની સોસાયટીઓ હોય કે જેને નર્મદાનું શુદ્ધ પીવાનું પાણી હોય, ડ્રેનેજ હોય, રોડ રસ્તા હોય કે સ્ટ્રીટ લાઇટનાં કામો કે કોમન પ્લોટના ડેવલપમેન્ટ રાજય સરકારના ૭૦ ટકા અને કોર્પોરેશનના ૧૦ ટકા અને ધારાસભ્યના ૨૦ ટકા એટલે કે ૧૦૦ ટકા પૈસા આપીને સમસ્ત ગુજરાતની તમામ નગરપાલિકાનું અલગ પ્રકારનું નમૂનારૂપ ડેવલપમેન્ટ કરી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સાહેબ જે સુધારા બિલ લઇને આવ્યા છે, એમાં બહુ સીધુ અને સિમ્પલ ઝડપથી વહીવટી પ્રક્રિયા પૂર્ણ થાય, કર્મચારીઓની ભરતી થાય અને સમય પ્રમાણે કામ આગળ વધે એ માટે જે સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં મારી સંમતિ આપીને મારી વાત પૂર્ણ કરું છું.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી ગુજરાત નગરપાલિકા સુધારા વિધેયક ૨૦૨૨ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ કલમ ૪૭ અને ૪૭(ક)માં જે સુધારો લાવવામાં આવ્યો છે એની વિવિધ જોગવાઇઓ ભરતીની શરતો માટેની કલમ ૨૭૭ પેટા કલમ-૩ની જોગવાઇ હેઠળ એની અસર થવાની છે. ભરતી નિયમો,પરીક્ષાના નિયમો અને સેવાની શરતોમાં આ સુધારા લાવવા માટેનું બિલ છે. પરંતુ હાલની વાસ્તવિક પરિસ્થિતિ છે એનો સરકારે ખ્યાલ રાખવો જોઇએ. રાધનપુરની મારી નગરપાલિકાની વાત કરું તો એમાં સાત મહિનાથી ચીફ ઓફિસર નથી, સેનેટરી ઇન્સ્પેકટર નથી અને ઇજનેર પણ નથી. હું આ અંગે માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી તથા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇને મળ્યો હતો. આપણે આખા ગુજરાતની નગરપાલિકાઓની પરિસ્થિતિ જોઇએ તો કલાસ-૨ની ૭૦ ટકા જગ્યાઓ ખાલી છે, જયારે કલાસ-૩ અને ૪ માં ૬૦ ટકા જગ્યાઓ ખાલી છે. મારા વિસ્તારની વાત કરું તો ગટર, પાણી અને લાઇટની પરિસ્થિતિ બગડી છે. ગટરના પાણી રોડ ઉપર ફરી રહ્યા છે અધિકારી નહિ હોવાને કારણે વારંવાર આવી તકલીફો રાધનપુર નગરપાલિકામાં થઇ રહી છે. મારે સરકારને કહેવું છે કે જે સુધારા લાવ્યા છે એનાથી સો ટકા ફાયદો થવાનો છે એમાં આગળ વધવું જોઇએ, પરંતુ હાલમાં અમારી રાધનપુર નગરપાલિકાની પરિસ્થિતિ છે એનો હું એક ધારાસભ્ય તરીકે સાક્ષી છું નગરપાલિકા કોંગ્રેસની છે *(xxx) રહી છે.

અધ્યક્ષશ્રી : *(xxx) રહી છે એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : હવે તમારી પાસે બે ત્રણ મહિના રહ્યા છે ત્યારે અમારા વિસ્તારમાં લાઇટ, પાણી અને ગટરની સવલતો પ્રજાને મળે અને અત્યારે જે હાલાકી પડી રહી છે, એ દૂર થાય એના માટે તાત્કાલિક સેનેટરી ઇન્સ્પેકટર, ચીફ ઓફિસર અને એન્જિનિરની નિમણૂક થાય, કારણ કે અમારે ત્યાં ગ્રાન્ટ આવેલી પડી છે ટેન્ડર વગર કામો અટકી પડ્યાં છે. રોડ ઉપર ખાડા પડ્યા છે આ બધાને ધ્યાને રાખીને આ સુધારા લાવ્યા છે એ સારા છે આટલું કહીને વિરમું છું.

પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રીશ્રી સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૨નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

## ગુજરાત નગરપાલિકા(સુધારા)વિધેયક,૨૦૨૨

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારાના કારણે છેલ્લી સત્તા રાજય સરકાર પાસે રહે છે, તેમાં નગરપાલિકામાં કલમ ૪૭ અને ૪૭-કમાં સુધારા કર્યા અને એમાં 'ખ' અને ત્યાર પછી ૨ માં નગરપાલિકા ઇજનેર, વોટર વર્કસ ઇજનેર, આરોગ્ય અધિકારી, નગરપાલિકા શિક્ષણ અધિકારી, નગરપાલિકા ઓડિટર, આ અર્થે રાજય સરકાર મુકરર કરે તેવા કોઇપણ અધિકારી એને યથાવત રાખ્યા છે, એ ઉપરાંત આ સિવાય અન્ય વ્યવસ્થા કરવાની આવે તો નગરપાલિકાને સત્તા મળે અન્યથા રાજય સરકાર પાસે આવવું પડે એ પ્રકારના બે સુધારા લઇને તમે અહીંયા આવ્યા છો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે શહેરી વિકાસ વિભાગ દ્વારા નગરપાલિકાઓમાં મહેકમ મંજૂર કરવામાં આવે છે એ એમની જરૂરિયાતને ધ્યાને રાખીને કરવામાં આવે છે. વિભાગ દ્વારા મહેકમ મંજૂર થયા મુજબ નગરપાલિકાઓને ભરતી કરવાની રહે છે. આજે પણ રાજયની મોટા ભાગની નગરપાલિકાઓમાં મંજૂર થયેલું જે મહેકમ છે એના કરતાં વધારે પોતાની અનુકૂળતા મુજબ ભરતીઓ કરી છે. આ ભરતીના કેસો પણ ચાલે છે. નગરપાલિકાના પ્રમુખને કોઇ પણ પ્રકારની સત્તા કે જે લોકોની જરૂરિયાત મુજબ કાયમી રોજમદાર હોય છે તેમના મારફત કામ લેવામાં આવે અને લાંબા સમય પછી એ રોજમદારને પ્રમુખની સત્તાનો ઉપયોગ કરીને કાયમી કરવામાં આવે છે. કાયમી કર્યા પછી અલગ અલગ પ્રકારના હક્કો અને અધિકારો માગે છે. સ્વભાવિક છે કે કાયમી થાય એ હક્ક અને અધિકાર માગવા પડે. આજે પણ નીચલી કોર્ટોમાં કેસ ચાલે છે. ક્યાંક સ્થાનિક જિલ્લા કોર્ટોમાં કેસો ચાલે છે. ક્યાંક હાઇકોર્ટ સુધી પણ ચાલે છે. તાજેતરમાં હાઇકોર્ટમાં એક ચુકાદો આપ્યો છે. અમુક કર્મચારીઓ કોર્ટમાં ગયા છે તો રાજ્ય સરકારે અપીલ કરેલી. અપીલમાં કર્મચારીઓની તરફેણમાં ચુકાદો આવ્યો છે. આવા ચુકાદાઓ છે તેના સંદર્ભે જે રકમ ચૂકવવાની થતી હોય એ ચૂકવી દેશે. મારો મૂળ મુદ્દો એ છે કે પ્રમુખશ્રીને સત્તા ન હોવા છતાં કાયમી કરવા માટે કે જેનું શહેરી વિકાસ વિભાગે મહેકમ મંજૂર કર્યું નથી છતાં પણ તેને કાયમી કરી દીધા છે તો જવાબદારી કોની? તો તેમાં જે તે પ્રમુખની કાયદામાં નગરપાલિકા અધિનિયમની જોગવાઇ છે એ જોગવાઇ મુજબ જેમણે સત્તાનો દુરુપયોગ કર્યો હોય અને કાયમી કર્યા હોય તો તેની પોતાની જવાબદારી નક્કી કરીને જે રકમ ચૂકવાઇ હોય છે એ તેમની પાસેથી વસૂલાત કરવાપાત્ર થાય છે. આવું આપણો અધિનિયમ કહે છે. તેના કેસો પણ અત્યારે પ્રાદેશિક નગરપાલિકા કમિશનર કક્ષાએ પેન્ડિંગ પડ્યા છે. વર્ષોથી ચાલે છે. પંચાયત દ્વારા જે ઓડિટ થતું હોય, આંતરિક ઓડિટ થતું હોય તેમાં પણ ઓડિટ પેરા વર્ષોથી ચાલ્યા આવે છે, તેનું કોઇ પણ પ્રકારનું નિરાકરણ થતું નથી, ત્યારે માનનીય મંત્રીશ્રીને હું આ બિલના માધ્યમથી વિનંતિ કરવા માગું છું કે બધી નગરપાલિકાઓમાં ચકાસણી કરવામાં આવે. ચકાસણી કરીને જેમની ગેરકાયદેસર રીતે મહેકમ મંજૂર થયા વિના ભરતી કરવામાં આવી છે કે કાયમી કરવામાં આવ્યા છે તો તેમાં જેની જે જવાબદારી થતી હોય એ જવાબદારી નક્કી કરીને તેમની સામે પગલાં લેવાં જોઇએ અને સ્થાનિક કક્ષાએ કોઇ પણ સંજોગોમાં ગેરકાયદેસર રીતે ભરતી થવી જોઇએ નહીં. તેમાં પણ જે ભરતી કરવામાં આવે છે તેમાં લાયકાત ધરાવનાર ઉમેદવારો હોય એવા લોકોને કાયમી કરવા જોઇએ અથવા તેમની ભરતી કરવી જોઇએ. તો માનનીય મંત્રીશ્રીને આ બે સુધારા લઇને આવ્યા છે તેના સંદર્ભે ભરતી બાબતનું છે તેમાં ચકાસણી કરવામાં આવે. માનનીય મંત્રીશ્રીનું એ પણ ધ્યાન દોરવા માગું છું કે વર્ષ ૨૦૦૪માં હાઇકોર્ટની ફુલ બેન્ચે એક જજમેન્ટ આપેલું કે આવી સત્તા કોઇ પણ કોર્ટોને કે નીચલી કોર્ટોને પણ નથી, ત્યાર પછી નગરપાલિકા નિયામક ગુજરાત રાજ્યએ તમામ નગરપાલિકાઓના ચીફ ઓફિસરને પણ તેનો એક પરિપત્ર કરેલો એ પછી પણ આજની તારીખે તેમાં કોઇ સુધારા કે કોઇ તપાસ કે કોઇ ગેરકાયદેસરતા રેકર્ડ ઉપર આવી નથી તો વિભાગ કક્ષાએ જે નગરપાલિકામાં આ પ્રકારના કેસો પેન્ડિંગ છે તેની ચકાસણી કરાવીને નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવે. ગુજરાત નગરપાલિકા અધિનિયમની જોગવાઇ પ્રમાણે તમામ નગરપાલિકાઓ ચુસ્તપણે તેનું અમલીકરણ કરે એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી નૌશાદ ભ. સોલંકી**(**દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ સન્માનનીય ગૃહ સમક્ષ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક લાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકની ખાસ બાબત એ છે કે નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૨૭૭ છે તેની પેટા કલમ-૩માંથી કોઇ પણ ભરતી કે સેવાના નિયમો કરવાના હોય તો એ સેવાના નિયમો કરતા પૂર્વે તેની પ્રસિદ્ધિ થવી જોઇએ અને લોકોના વાંધા જે કંઇ હોય એ મંગાવવા જોઇએ. આથી આ ૨૭૭ની પેટા કલમ-૩માંથી કલમ-૪૭ અને કલમ-૪૭ (ક)ની જોગવાઇને મુક્તિ આપવા માટેનું સુધારા વિધેયક લાવ્યા છે. આ સુધારા વિધેયકથી એક બાબત સ્પષ્ટ છે કે જે ભરતીના સેવાના નિયમો છે એ નિયમો બનાવવામાં રાજ્ય સરકારને સરળત રહેશે. ઝડપથી સેવાના નિયમો આ રાજય સરકાર બનાવી શકશે અને જે જરૂરીયાત પ્રમાણેનો સ્ટાફ છે એની નિમણૂક પણ રાજય સરકાર ઝડપથી કરી શકશે અને જેના કારણે ગુજરાતની જે નગરપાલિકાઓ છે ખાસ કરીને નાની નગરપાલિકાઓ છે એ નાની નગરપાલિકાઓ વધુ કાર્યક્ષમ રીતે કામ કરી શકે એવો આ સુધારા વિધેયકનો જે ઉદ્દેશ છે એ સ્પષ્ટ જણાય છે. આ સુધારો કરવામાં કશું જ ખોટું નથી. આ સુધારો આપ કરી રહ્યા છો એને હું આવકારું છું, પણ ગુજરાતની નરગપલિકાઓનો જે આ મ્યુનિસિપલ એક્ટ છે એ ગુજરાત મ્યુનિસિપલ એક્ટ ૧૯૬૩ એની અંદર ઘણા બધા સુધારાઓની જરૂર છે. હવે આ એક્ટ ૧૯૬૩ની જરૂરીયાત પ્રમાણે બનેલો હશે. ઘણી બધી એવી જોગવાઇઓ છે કે જે જોગવાઇઓના કારણે નગરપાલિકાની અંદર નિર્ણયો કરવાની એમને ખૂબ વિસંગતતાઓ ઉભી થતી હોય છે. એમાં સન ૨૦૧૮માં એક આ એક્ટની અંદર એમેન્ડમેન્ટ આવ્યો. એનો જે સેક્શન ૨૫૭ છે, સબસેક્શન ઓફ ૨૫૭ અને ૨૫૮ એની અંદર નગરપાલિકા જો નિયમો પ્રમાણે કામ ન કરતી હોય તો એના ઉપર કંટ્રોલિંગ ઓથોરિટી તરીકે પહેલા કલેક્ટર હતા અને જિલ્લા કલેક્ટર કક્ષાએ કોઇપણ

નગરપાલિકાની કારોબારી હોય કે સામાન્ય સભા હોય એ પોતાની સત્તા બહારનું કોઇ કૃત્ય કરે, નિયમો વિરુદ્ધનું કૃત્ય કરે તો કલેકટર એની ઉપર એકશન લઇ શકતા હતા, પરંતુ આ સન ૨૦૧૮માં જે એમેન્ડમેન્ટ થયું એની અંદર આ સત્તા એ ક્ષેત્રિય કમિશનરને આપી દેવામાં આવી. જયાં જયાં કલેકટર શબ્દ હતો એ કલેકટરને હવે રિજ્યોનલ કમિશનર તરીકે સબસ્ટિટયૂટ કરવામાં આવ્યો છે. આનો ઉદ્દેશ પણ સારો જ હતો. કોઇ ખરાબ આનો ઉદ્દેશ ન હતો કારણ કે કલેકટર પાસે અનેક વિભાગોની જવાબદારી હોય છે. કલેકટરશ્રીઓ ઉપર આખા જિલ્લાની કાયદો અને ન્યાય વ્યવસ્થાથી લઇને તમામ પ્રશ્નોની જવાબદારી હોય છે એટલે કલેકટરશ્રીને આ પાર્ટ પૂરતા મુકત કરીને એક નવું કમિશનરેટ ફોર્મેટ ઉભું કરવામાં આવ્યું, એમાં કમિશનર ઓફ મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેટર અને રિજ્યોનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટી એટલે કે ક્ષેત્રીય કમિશનરોની નિમણૂક કરવામાં આવી. પરંતુ આમાં તકલીફ એ થઇ કે જે આર.સી.એમ. એટલે કે રિજ્યોનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીની અંદર જે સનદી અધિકારીઓની એપોઇન્ટમેન્ટ કરવામાં આવે છે એ ખૂબ જુનીયર કક્ષાના હોય છે. લગભગ ડી.ડી.ઓ.માંથી ત્યાં નિમણૂક થઇ હોય છે અથવા બહુ જ સીધી તાત્કાલિક એમની નિમણૂકો ત્યાં થઇ હોય છે અને અનુભવે મને પોતાને પણ ઘણી વખત ત્યાં જતાં એવું લાગ્યું. બે-ત્રણ આર.સી.ઓ. સાથે કામ કરવાનો મને પણ મોકો મળ્યો. એ લોકોને અહીંયાથી બે વર્ષ કામગીરી કરી અને પછી એમને કલેકટરેટમાં જવાનું હોય, એમને કલેકટર થવાનું હોય છે અને કલેકટરમાં જવાનું હોય એ એમનો સૌથી એક આઇ.એ.એસ. કેડરની અંદર એનો ગોલ્ડન પિરિયડ હોય છે એ જયાં સુધી ૫-૭-૧૦ વર્ષ કલેકટરમાં રહે, ત્યાં જવા માટે શું કરે છે કે બે વર્ષ સુધી પોતે લગભગ કોઇ નિર્ણયો કરતા જ નથી કે કયાંય વિવાદમાં આવવાનું થાય, એનાથી કોઇ સાચો કે ખોટો નિર્ણય થઇ જાય એના કારણે એનું જે હાયર પ્રમોશન થવાનું હોય એ કયાંય અટકી જવાની એને બીક હોય અને એક સાથે ૧૫-૨૦ નગરપાલિકાઓનું એમને સંચાલન કરવાનું હોય અને એ કોઇ જ નિર્ણયો નથી કરતા અને ખાલી બે વર્ષ એનો સમય પસાર કરતા હોય છે. ખરેખર હું તો રાજય સરકારને વિનંતી કરીશ કે જયારે કલેકટરશ્રીઓ પાસે આ સત્તા હતી ત્યારે ખરેખર કલેકટર એનું નિયમન કરાવતા હતા, પાલન કરાવતા હતા, કોઇ જયારે કેસ સાબિત થતો કે સત્તા બહારનું કૃત્ય થયું છે અથવા કોઇ નિયમોની અવહેલના થઇ છે તો કલેકટરો એનું તરત પાલન કરાવતા હતા અને જે સંકલન સમિતિ બેસતી એ સંકલન સમિતિની અંદર ચીફ ઓફિસરો એ સંકલન સમિતિને જવાબદાર રહેતા. આજે પરિસ્થિતિ એ થઇ છે કે ચીફ ઓફિસરો બિલકુલ એટલે બિલકુલ કલેકટર અથવા સંકલન સમિતિને કોઇ જ રીતે જવાબદાર નથી.રીતસર સંકલન સમિતિમાં કલેકટર નિઃસહાય કહે કે મારી સત્તા મર્યાદામાં આવતું નથી, હું કશુ કરી શકતો નથી. કલેકટરશ્રી ચીફ ઓફિસરને કોઇપણ આદેશ કરે તો એ બિલકૂલ માનતા નથી. મારા સુરેન્દ્રનગર જિલ્લાની સંકલન સમિતિની વાત કરું છું. રીતસર કલેકટરશ્રી આર.સી.એમ.ને પત્ર લખે કે તમારી મ્યુનિસિપાલિટીને લગતો પ્રશ્ન છે. આપ સંકલન સમિતિમાં આવો અને એનો જવાબ આપો. પણ આર.સી.એમ. એને ગણકારતા નથી અને એમાં પણ જવાનું ઉચિત માનતા નથી અને એનો જવાબ સુદ્ધા પણ આપતા નથી. ક્યારેક એક સાવ જુનિયર કર્મચારીને મોકલી દે. એ આવીને એવી વાત કરે કે સાહેબ અમને તો આની કશી ખબર નથી. આ તો અમે પ્રતિનિધિ તરીકે આવ્યા છીએ. બાકી આમાં અમે કશુ કરી શકીએ નહીં. મારી રાજ્ય સરકારને વિનંતી છે કે આપણે કદાચ આના ઉપર સુધારા વિધેયક ન લાવી શકીએ. આના ઉપર તાત્કાલિક વિચારણા ન પણ કરી શકીએ. પણ ગુજરાતની નગરપાલિકાના ચીફ ઓફિસરોને સંકલન સમિતિમાં એને કલેકટરશ્રી દ્વારા આપેલી સૂચનાઓ એણે ગંભીરતાથી લેવી જોઇએ. જો એ આ સૂચનાઓનો અનાદર કરે તો તાત્કાલિક એના ઉપર સ્ટ્રિક્ટ એક્શન લેવા જોઇએ. આનું હું એક ક્લાસિક ઉદાહરણ આપવા માગું છું. આપણા બધા માટે ગંભીર વિષય છે. કઇ રીતે એક સામાન્ય વર્ગ-૩નો કર્મચારી આખી સંકલન સમિતિને એવોઇડ કરી શકે, રાજ્ય સરકારનો એક આખો શહેરી વિકાસ વિભાગ છે. એ શહેરી વિકાસ વિભાગ તરફથી ચીફ ઓફિસરને સૂચના આપવામાં આવી હોય, કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ, એડમિનિસ્ટ્રેશન, જે હેડ ઓફ ધી કમિશનર છે આખી મ્યુનિસિપાલિટીઝમાં એ એને સૂચના આપે અને તેમ છતાં એ ચીફ ઓફિસર એના ઉપર કોઇ એકશન ન લે અને એની મજાક ઉડાવે અને તેમ છતાં એ ચીફ ઓફિસર ઉપર કોઇ જ એકશન ન લેવાય. મારા મત વિસ્તારની પાટડી નગરપાલિકા છે. ત્યાં મેઇન ચાર રસ્તા છે એના ઉપર અભયમ કોમ્પ્લેક્ષ નામનું એક બિલ્ડિંગ ઉભું કરવામાં આવ્યું છે. અમારા પાટડીના જાગૃત નાગરિક હતા શ્રી દેવાભાઇ રબારીએ આર.ટી.આઇ. કરી. એમણે સી.જી.ડી.સી.આર. જે વર્ષ ૨૦૧૭માં બન્યો એની વિવિધ જોગવાઇઓ પ્રમાણે આ બિલ્ડિંગ બનેલ છે કે નહીં એની માહિતી માગી. આ વિધેયક ખૂબ જરૂરી છે. આ વહેલું લાવવાની જરૂર હતી.

અધ્યક્ષશ્રી : બિલનો સુધારો છે એના સ્કોપમાં જ વાત કરો.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, સ્કોપમાં બોલું છું. મારા સાથી ધારાસભ્યશ્રી અરવિંદભાઇ હમણાં બોલતા હતા ત્યારે એમણે બજેટ વિશે પણ વાત કરી. બધાએ નગરપાલિકાના સ્કોપમાં વાત કરી છે.

અધ્યક્ષશ્રી : વ્યક્તિગત કિસ્સા ન કહો.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, વ્યક્તિગત કિસ્સો નહીં પણ મારી વાત આપને જો યોગ્ય ન લાગે તો મને કહેજો. પણ એ આર.ટી.આઇ.ના સંદર્ભમાં જાણવા મળ્યું કે સી.જી.ડી.સી.આર.ની તમામ જોગવાઇઓનું ઉલંઘન કરીને આખું એક કોમર્શિયલ કોમ્પ્લેક્ષ ઉભું થઇ જાય. ત્યાર પછી એ બાબતે મને રજૂઆત થાય. એના ઉપર હું તકેદારી આયોગને લખું. હું આર.સી.એમ.ને અનેક પત્રો લખું. કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝને લખું. છ-આઠ મહિના સુધી કોઇ કાર્યવાહી ન

થાય. ગત વિધાનસભાના સત્રમાં પણ મેં વાત કરેલી. ત્યાર પછી આખરે અગ્ર સચિવશ્રીની ઓફિસ તરફથી આખા કેસ ઉપર કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝને તપાસ કરવાનું કહેવામાં આવે. કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ ગાંધીનગરથી એક ટાસ્ક ફોર્સ બનાવે. આ ટાસ્ક ફોર્સમાં ચાર સિનિયર તજજ્ઞોની નિમણૂક કરવામાં આવી. એ સ્થળ ઉપર જાય. સ્થળ ઉપર જઇને એક વિગતવાર અહેવાલ તૈયાર કરે છે અને વિગતવાર અહેવાલની અંદર એ નિર્ણય ઉપર આવે છે કે આખું બિલ્ડિંગ ટોટલી ગેરકાયદેસર છે. એ ટાસ્ક ફોર્સ ઉપર હું રજૂઆત કરું પણ કોઇ કાર્યવાહી ન થાય. ફરી શહેરી વિકાસ વિભાગ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ, એડમિનિસ્ટ્રેશનને અને આર.સી.એમ.ને ચીફ ટાઉન પ્લાનિંગ ઓફિસરના નિવેદનો નોંધી બધાના જવાબો લઇ, ફાઇલ ઉપર બધાની નોંધો લઇ અને આખરે એમને આજ્ઞા અને સૂચના કરવી પડે છે કે તમે નગરપાલિકા અધિનિયમની કલમ-૨૫૮ હેઠળ તમે તાત્કાલિક કાર્યવાહી કરો. ચીફ ઓફિસર દ્વારા જે બાંધકામની પરવાનગી આપવામાં આવી છે એ તદ્દન નિયમોની વિરુદ્ધ આપવામાં આવી છે એવો સ્પષ્ટ અભિપ્રાય ગુજરાત રાજ્યના શહેરી વિકાસ વિભાગ તરફથી અગ્ર સચિવશ્રીની નોંધ ઉપરની એપ્રુવલથી આપવામાં આવે છે. ત્યાર પછી આર.સી.એમ. દ્વારા ખૂબ લંબાણપૂર્વક રિજ્યોનલ કમિશનર દ્વારા કેસ ચલાવવામાં આવે. મીનવાઇલ એને સ્ટે કરી દેવામાં આવે કે હવે આ બિલ્ડિંગ ઉપર સ્ટેટસ્કો કરી દેવામાં આવે કે આમાં કોઇ વેચાણ ન થવું જોઇએ, આમાં કોઇ કન્સ્ટ્રક્શન ન થવું જોઇએ અને એ સ્ટે હોવા છતાં હું ઓફિશિયલ લેટર લખું વોટસએપ ઉપર એમને વિડિયોકલીપ મોકલાવું કે તમારો સ્ટે હોવા છતાં બિલ્ડિંગમાં કામ ચાલુ છે. નવી નવી દુકાનોના ઉદઘાટનો થઇ રહ્યા છે. ત્યાં તમારા સ્ટે હુકમનું કોઇ પાલન થતું નથી. આ દરમિયાન રેરા દ્વારા સુઓમોટો કેસ લેવામાં આવે અને સુઓમોટો કેસ લઇને એને ફાઇન કરવામાં આવે. બે લાખ રૂપિયાનો દંડ કરવામાં આવે. દંડ પછી એને રેરાની અંદર રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવે કે તમે એપ્લિકેશન કરો. એ લોકો ત્યાં એપ્લિકેશન કરે છે અને જયારે રેરા ઇન્વેસ્ટિગેશન કરે છે ત્યારે રેરાએ લંબાણાપૂર્વક હુકમ કરીને કે સ્વીજ ડી.સી.આર.ની તમામ જોગવાઇનું ઉલ્લંઘન કરેલ હોવાથી રેરા એના પ્રોજેકટને રદ કરી દેવાનો હુકમ કરે છે. રેરાએ આખી બિલ્ડિંગનો હુકમ રદ કરી દીધો, એની માન્યતા રદ કરી દીધી. આર.સી.એમ. દ્વારા ૨૫૮ હેઠળ કેસ ચલાવીને જે સામાન્ય સભા અને કારોબારી સભાએ જે બાંધકામની મંજૂરી આપી હતી એ બાંધકામની મંજૂરીના ઠરાવને પણ એ સસ્પેન્ડ કરી દે છે આર.સી.આઇ. આખરે કે તમે જે આ મંજૂરી આપી હતી એ તદ્દન કાયદાની વિરુદ્ધ આપી હતી અને સામાન્ય સભા એમાં સ્પષ્ટ નોંધે છે કે સામાન્ય સભા અને કારોબારી સભાએ સત્તામર્યાદા બહાર જઇને પોતાનું કૃત્ય કરેલ છે. આવું એ હુકમમાં સ્પષ્ટ નોંધે છે.

અધ્યક્ષશ્રી : આપના સુધારા કહો?

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું એના માટે જ વાત કરું છું.

અધ્યક્ષશ્રી : વ્યકતિગત કેસમાં આટલી લાંબી ચર્ચા કરવી એ યોગ્ય નથી. માત્ર નાનો સુધારો છે અને તમે કહો છો કે માત્ર એક જ કેસ પણ તમે લંબાણપૂર્વક આખી પ્રોસેસ કહો એ બરાબર નથી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આ કર્મચારીઓની વાત છે. ભરતી અને સેવા નિયમો યોગ્ય નથી બનેલા એના કારણે આ બધું બની રહ્યું છે હું એની વાત કરું છું અને ત્યારપછી વારંવાર રજૂઆત કરવા છતાં કે હવે તો રેરાએ કેસ રિજેકટ કરી દીધો. તમે ૨૫૮ હેઠળ કન્સ્ટ્રકશન પરમિશન આપી છે એ ગેરકાયદેસર લીધી હતી તેમછતાં એના દસ્તાવેજો થાય. રેરા રજિસ્ટ્રેશન ન હોય તો પણ એના દસ્તાવેજો થાય, ત્યાં દુકાનોના ઉદઘાટનો થાય. આખરે ફરીથી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા ફરીથી પત્ર લખવામાં આવે છે અને કડક શબ્દોમાં પત્ર લખવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય નૌશાદભાઇ, આપને મેં વારંવાર સૂચના આપી છે કોઇ એક કેસને તમે અહીંયા બધાની પાસે પ્રેઝન્ટ કરો છો.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મને તો સમજમાં નથી આવતું. આપણે શેનો બચાવ કરીએ છીએ?

અધ્યક્ષશ્રી : તમે સિનિયર સભ્ય છો. તમે બધું સમજો છો. હોંશિયાર છો અને આવી વાત કરો છો?

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી એક જ મિનિટમાં વાત પૂરી કરીશ કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ૧૯ એપ્રિલ, ૨૦૨૨ના દિવસે કડક પત્ર લખે છે અને કહે છે કે અમે નગરપાલિકાના ચીફ ઓફિસરને બાંધકામની પરવાનગી રદ કરવાની સૂચના આપેલ હતી. તેમ છતાં નગરપાલિકાના ચીફ ઓફિસરે કાર્યવાહી કરેલ નથી. આથી તાત્કાલીક કાર્યવાહી કરવા માટે કમિશનર ઓફ મ્યુનિસિપાલ્ટીઝ એડમિનિસ્ટ્રેશનને લખે છે. કમિશનર ઓફ મ્યુનિસિપાલિટી એ ચીફ ઓફિસરને કહે છે કે ૭ દિવસની અંદર તમે કન્સ્ટ્રકશન પરવાનગી રદ કરો. આર.સી.એમ. લખે છે આને પણ ૬ મહિના થઇ ગયા.

અધ્યક્ષશ્રી : તમે સુધારો રજૂ કરો અને વિષય પૂરો કરો.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટમાં હું પૂરું કરીશ.

અધ્યક્ષશ્રી : આ યોગ્ય નથી. આપણે નિયમોને આધીન કામ કરીએ છીએ.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) હમણા બજેટની વાત થતી હતી. એ સુધારા વિધેયકમાં હતું તો આપે એને એલાઉ કર્યું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : બજેટની વાત અલગ વિષય છે. આટલી લાંબી વાત ન હોય. તમે ૧૫ મિનિટથી એક કેસની વાત કરો છો. એક એક કેસની થોડી કમ્પ્લેઇન કરાય?

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આટલા ગંભીર કેસની ચર્ચા વિચારણા કરું છું. ખરેખર આપે મને મોટીવેટ કરવો જોઇએ કે તમે આટલો ગંભીર કેસ ઉજાગર કરો છો. સેવા ભરતીના નિયમો ન બનેલ હોવાને કારણે. આની ઉપર આપે એપ્રીસીએટ કરીને મને શાબાશી આપવી જોઇએ.

અધ્યક્ષશ્રી : હવે પૂરું કરો. તમને આટલા ટોકવા પડે એ મને યોગ્ય નથી લાગતું.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું એક મિનિટમાં મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, સાત દિવસની સૂચના આપ્યા પછી પણ આજની તારીખમાં એ કન્સ્ટ્રકશન પરવાનગી રદ કરવામાં આવતી નથી. ત્યાં આજની તારીખમાં રોજ નવી દુકાનો ખોલવામાં આવે અને એની ઉપર કોઇ એકશન ન લેવામાં આવે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે *(xxx)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય વિરજીભાઇ, વારંવાર સૂચના પછી એકના એક વાત કરીએ તે યોગ્ય નથી. આ કોઇ સ્કોપ નથી. બધા જ કહે છે આ કોઇ સ્કોપ નથી. તમે આટલા સિનિયર છો તમને આટલીવાર કહેવા છતાં અને તમે તમારો સુધારો આપી દો એટલે વિષય પૂરો થઇ જાય. એ કેસ વિશે તો હવે બિલકુલ નહીં. આખો કેસ આવી ગયો છે. તમે મંત્રીશ્રીને કહ્યું પણ ખરું કે એકશન લો. તે પછી તમે એકની એક વાત કરો છો. સુધારા સાથે પૂરું કરો.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ સન્માનનીય ગૃહમાં હું આપની પાસે અપેક્ષા રાખું છું અને આપ જે આ સુધારા વિધેયક લાવ્યા છો તેને હું આવકારું છું. હું તો કહું છું કે, આ બિલને સર્વાનુમતે મંજૂર કરવું જોઇએ. સાથે સાથે મેં ગંભીર કેસની ચર્ચા કરી છે તે બાબતે આપે આ સન્માનનીય ગૃહને આશ્વસ્ત કરવું જોઇએ. તમારી સરકાર, આપની સરકાર છે અને આપની સરકાર સૂચના આપતી હોય અને તેનું પાલન ન થતું હોય તો આપે આશ્વસ્ત કરવું જોઇએ કે, તાત્કાલિક પાલન થશે અને જે કોઇ ગુનેગારો હોય તેની સામે આપ એકશન લેશો. આપની પાસે તે જ અપેક્ષા છે. આપનો ખૂબ ખૂબ આભાર. જય જય ગરવી ગુજરાત.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નગરપાલિકાના ૧૯૬૩ ના સુધારા બાબતનું ૨૦૨૨ નું જે વિધેયક લઇને આવ્યા છે, તેમાં મારાં સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું તે વિસ્તારમાં ત્રણ નગરપાલિકાઓ આવે છે. મારી પહેલાંના વક્તા નગરપાલિકાના સભ્ય રહી ચૂક્યા છે તેવા માનનીય અરવિંદભાઇએ પણ કહ્યું કે, લોકોનો વસવાટ ગામડામાંથી શહેરો તરફ વધ્યો છે. રોજગારીની તકો શહેરી વિસ્તારમાં વધતી જાય છે તેના કારણે ગામડાનો સામાન્ય માણસ શહેર સુધી પહોંચી શકતો ન હોય તો તે નગરપાલિકા વિસ્તારમાં જઇને સ્થાયી થાય છે અને પોતાની રોજગારી મેળવે છે. માનનીય મંત્રીશ્રી પેટા ''કલમ-૩ કલમો-૪૭ અને અને ૪૭(ક)માં નિર્દિષ્ટ કરેલ કોઇપણ બાબતો માટેની જોગવાઇ કરતા નિયમો સિવાય'' તે પ્રકારનો જે સુધારો લઇને આવ્યા છે ત્યારે તેમાં મારાં સૂચનો અનુભવના આધારે રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મોટાભાગની નગરપાલિકાઓમાં સ્ટાફની ભારે અછત પ્રવર્તી રહી છે. રોજમદારોથી કાર્યવાહી ચાલે છે. છેલ્લે અર્બન વિભાગને જુદો પાડ્યા પછી કર્મયોગી ભવન તથા બીજા જુદાં જુદાં ડિવિઝનો પાડયા, તેમાં સૌરાષ્ટ્રમાં ભાવનગર અને રાજકોટ છે. ત્યાં આઇ.એ.એસ. અધિકારીઓને મૂકીને સત્તાઓ આપી છે તે સારી બાબત છે. તેના કારણે પ્રક્રિયા લાંબી થઇ છે તેની વાત મારી પહેલાંના વક્તાઓ પણ કરી છે. નગરપાલિકાનો વિકાસ કરવો અતિ જરૂરી બની છે. સરકારે ભૂગર્ભ ગટર યોજનાઓ દાખલ કરી અને તેના કારણે ગંદકી નિવારણ માટે સ્વચ્છતા અભિયાન તરફ એક કદમ આપણે આગળ વધ્યા. પરંતુ આ જે યોજનાઓ સરકારે દાખલ કરી છે ત્યારે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ યોજનાની અમલવારી થાય છે કે કેમ? આજે કચરો ઉપાડવા માટે નગરપાલિકાના કોઇ કર્મચારી ન હોય એટલે તે કામગીરી એજન્સીઓ મારફત કરવામાં આવે છે. એજન્સીઓ તે કામગીરી કરે છે કે કેમ, સફાઇ કામદારો આવીને રોજ શેરીઓ વાળતા હતા, કાયમી કર્મચારી હતો તેના લીધે તેને ડર લાગતો હતો.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ કર્મચારીઓની ભરતીના નિયમોમાં સુધારો કરવા માટેનું છે. તેમાં આ કોઇ મુદ્દા આવે નહીં. તેને રોકવા જોઇએ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું તેની બહાર જતો જ નથી.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર બોલતા જ નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : તમે કેમ ઉશ્કેરાઇ જાઓ છો?

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારીઓની ભરતી માટેનું બિલ છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, તમારા કોઇ મંત્રી બોલવા ના દે, અમારે બોલવાનું જ નહીં?

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : આપ બેસો. આપ બેસો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હું કયાં સ્કોપ બહાર ગયો છું, આપ મને કહો કે હું સ્કોપ બહાર ગયો છું?

અધ્યક્ષશ્રી : શ્રી પંકજભાઇ આપ બેસો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેવાનો કોઇ અધિકાર પંકજભાઇને નથી.

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇ, આપ ક્રોસટોક ન કરો. સાંભળો. સ્કોપમાં વાત કરીએ, વ્યક્તિગત ના કરીએ. જનરલ વાત કરીએ. એક-એક નગરપાલિકાની વાત કરીએ એ તો વિષય આમાં આવતો નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મને જે અનુભવ થયો છે અને અમે જે નગરપાલિકાનું પ્રતિનિધિત્વ કરીએ છીએ ત્યાં આવી ફરિયાદો આવી રહી છે ત્યાં અમે સરકારને ન કહીએ તો કોને કહીએ?

અધ્યક્ષશ્રી : એ ના આવે. શ્રી નૌશાદભાઇએ આટલું લાંબું કર્યુ એવું ને એવું તમે રિપીટ કરો છો?

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઇ બાબત આ બિલમાં હોઇ નહીં, આ ફક્ત કર્મચારીઓની ભરતીમાં વિલંબ ન થાય એના માટેનું જ બિલ છે એટલે એ બિલ ઉપર જે બોલવું હોય એ બોલે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, આપણે લિમિટમાં વાત કરીએ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : આટલા બધા ટોકે છે કેમ મને? *(xxx)

અધ્યક્ષશ્રી : એ આપને ટોકતા નથી એ મારું ધ્યાન દોરે છે અને મેં વારંવાર આપને કહ્યું છે આપ મુદ્દા પર આવો. માનનીય રાજેન્દ્રભાઇ,

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય વિરજીભાઇએ જે પર્સનલ કોમેન્ટ કરી છે એને રેકર્ડ પરથી ઠપકો આપીને દૂર કરવામાં આવે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, ઠપકો આપે, પણ મને બોલવા જ ન દેવો એ કેવી રીતે ચાલે?

અધ્યક્ષશ્રી : માનનીય રાજેન્દ્રભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો છે એ યોગ્ય છે અને જે રીતે સભ્યશ્રી વિરજીભાઇએ વ્યક્તિગત રીતે આક્ષેપ કરી દંડકશ્રી પંકજભાઇ પર જે કોમેન્ટ કરી છે એ યોગ્ય નથી અને હું એમને કહું છું કે જ્યારે પણ આપ પ્રવચન કરો ત્યારે આવી બધી વસ્તુમાં બિલકૂલ ધ્યાન રાખો આવેશમાં આવીને આપ ઘણું બધું એવું અયોગ્ય બોલતા હોવ છો એટલા માટે મેં આપને ટકોર કરી છે અને માનનીય વિરજીભાઇ જે આ શબ્દો બોલ્યા છે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં ભરતી પ્રક્રિયા બાબતનો વિષય છે એટલે ભરતી પ્રક્રિયામાં કલમ બાબતમાં કંઇ કહેવાનું હોય અથવા ભરતી પ્રક્રિયામાં કોઇ કર્મચારીઓને/અધિકારીઓને તકલીફ પડે તેમ હોય અથવા અન્ય કોઇ સુધારા કરવા જેવું લાગતું હોય અને તેઓ રજૂઆત કરે તો એ બિલના સ્કોપમાં ગણાય. હવે નગરપાલિકાની જે સુવિધાઓ છે એ વિષય આમાં આવે નહીં અને છતાં પણ કોઇ એકાદ નાની મોટી બાબત લઇ લો તો ઠીક છે પણ વિષયની બહાર જાય છે એ યોગ્ય નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું બે દિવસથી જોઉં છું કે, છેલ્લું સત્ર છે ત્યારે મારા સામેના પક્ષના સભ્યશ્રીઓને હું બોલું છું એ ન ગમતું હોય એવું બની શકે. આપનો ઠપકો માથે હાથ રાખીને સ્વીકારું છું. માનનીય અધ્યક્ષશ્રી, મને બોલવા જ ન દેવામાં આવે એ કેવું કહેવાય? હું પ્રજાનો પ્રતિનિધિ છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આપના મારફત જણાવ્યું હું સ્કોપની બહાર ક્યાંય જતો નથી. હું એ કહેવા માગુ છું કે, આપણા દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ સ્વચ્છતા અભિયાન આખા દેશમાં શરૂ કર્યું તમે સ્વીકારો છો ત્યારે આઉટસોર્સથી જે કામગીરી કરે છે અને એ સ્વચ્છતા અભિયાન માટે કામ કરતા કર્મચારીઓની ભરતી થતી નથી એ બાબત હું સરકારના ધ્યાન ઉપર મૂકું છું. અગાઉના સમયમાં મેં વાત કરી કર્મયોગી ભવનમાં અર્બન જુદું પાડ્યું અને નગરપાલિકાઓ ઉપર અંકૂશ લાવવા માટેનો પ્રયાસ કર્યો. ૨૫૮ની કલમ એવી હતી અને મારી પહેલાના વક્તાએ પણ એની વાત કરી. અમે ચૂંટાયેલા પ્રતિનિધિઓ કલેકટરશ્રી પાસે જતા, પ્રશ્નો સંકલનમાં પૂછતા અને અમારા વિસ્તારમાં સુવિધાઓમાં કર્મચારીઓના અભાવે જે મુશ્કેલીઓ ઉભી થતી હતી એને કન્ટ્રોલ લાવી શકતા હતા હવે આ બધી રાજય સરકાર પાસે સત્તા જાય છે. સ્વાયત સંસ્થાઓ છે અને સ્વાયત સંસ્થાઓ આગળ વધે એ સરકારનો પણ અભિગમ છે અને હાલની સરકારનો પણ અભિગમ છે અને એના કારણે પહેલા નગરપતિ હતા એને બદલે નગરપાલિકાઓ બની બરો બનાવી બહુ સારી બાબત છે અને હું એની ટીકા પણ કરવા માગતો નથી, પરંતુ અર્બન તરફ લોકોનું રહેવા આવવા માટેનું ચલણ વધ્યું છે ત્યારે જુદા જુદા વિસ્તારોમાં દબાણો વધતા જાય છે અને દબાણો અટકાવવા માટેના આપણે પ્રયાસો કરીએ છીએ, પણ કર્મચારીઓના અભાવે તમે ભરતીના નિયમો સરકાર પાસે લાવશો તો ત્યાંના નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો, મોટા ભાગની નગરપાલિકાઓ તો ભારતીય જનતા પાર્ટી પાસે છે એમના પ્રમુખને સત્તા ન હોવાના કારણે એમનો કન્ટ્રોલ થોડો ઓછો થાય છે. અમે પણ સાચી વાત કરીએ છીએ ત્યારે નગરપાલિકાના પ્રમુખો સ્વીકારે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે કે વિરજીભાઇ સાચી વાત છે કે આ પ્રક્રિયાના કારણે મુશ્કેલી ઉભી થાય છે ત્યારે સરકારે થોડી વધારે છૂટછાટ આપીને સફાઇ માટેની જે મુશ્કેલીઓ છે એમાં ૨૫૮ની કલમ થોડી નાની બની છે એ કલમને ફરી વખત થોડી સ્ટ્રોંગ બનાવવામાં આવે એવી મારી લાગણી છે અને ભરતીના નિયમો સરકાર બનાવશે એમાં આપ જુઓ છો કે જુદા જુદા વિભાગોની ભરતીમાં કેટલી બધી લંબાણ થાય છે એના કારણે કર્મચારીઓની જગ્યાઓ ખાલી રહેવાના કારણે ઘણા બધા વિભાગોમાં મુશ્કેલી પડે છે એવી મુશ્કેલી આમાં તો પડશે નહીંને? એની અમને ચિંતા છે ત્યારે સરકાર આ બાબતમાં સુધારો જે લઇને આવી છે એ સુધારાનો હું વિરોધ પણ નથી કરતો. માનનીય પંકજભાઇને દુઃખ લાગ્યું હોય તો છેલ્લા દિવસે માફ કરવાનું કહું છું. હું અને પંકજભાઇ દિનશાના કાર્યકર્તા હતા વળી તમે લઇ ગયા એટલે ત્યાં આવી ગયા પણ દંડકના દંડક રહ્યા એટલે એને ખોટું લાગ્યું હોય તો માફી ચાહુ છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નગરપાલિકાના નિયમોની અંદર ફેરફાર કરવા માટેનું જે બિલ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નિયમોમાં સુધારા કરવા, નવા બિલ લઇ આવવા તે નગરપાલિકા અને કોર્પોરેશન કે કોઇ પણ સંસ્થાઓની અંદર વસતિના ધોરણ પ્રમાણે, વિસ્તાર વધતો હોય તેમના કારણે તે આવશ્યક પણ હોય છે. આપના મારફત માનનીય મંત્રીશ્રીનું અને સરકારશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે, અત્યારે હાલની નગરપાલિકાઓ જે છે અને જે નગરપાલિકાઓની અંદર હાલ મહેકમ છે અલગ અલગ વિભાગોના મહેકમ હોય છે જેમ કે સફાઇ માટેનું મહેકમ હોય છે, નગરપાલિકાના વિસ્તારના ડેવલપ માટેનું એક મહેકમ હોય છે, પ્લાનિંગ માટેનું એક મહેકમ હોય છે એ રીતે નગરપાલિકાઓની અંદર અલગ અલગ વિભાગોના જે મહેકમો હોય છે તે મહેકમોની અંદર આજે પણ કાયમી કર્મચારી અને કરાર આધારિત કર્મચારીઓ કામ કરતાં હોય છે.

**( ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે, આવા જે મહેકમો છે તે મહેકમોની પહેલાં તો નગરપાલિકાઓમાં તેની સંખ્યા કેટલી છે? અને સંખ્યાના આધારે અને નગરપાલિકાની વસતિના આધારે જે મહેકમ જે શાખાની અંદર છે તે મહેકમ બરાબર છે કે નહીં, એમાં ઓછું છે કે વધારે છે તેની એક સરકાર લેવલે સમીક્ષા જો કરવામાં આવે તો આપણને અંદાજ પણ ખબર પડે કે વધારાનું મહેકમ જે નગરપાલિકાની અંદર જે પ્રમુખ તરીકે કે જે કોઇ ચૂંટાયેલી પાર્ટીની બોડી હોય છે જે લોકોએ ચૂંટી હોય છે તેના પ્રતિનિધિઓ જયારે યોગ્ય લાગ્યું ત્યારે કોઇને કોઇ ભરતીઓ કાયમી કરી જેમ શ્રી પુંજાભાઇએ વાત કરી તે વાતને હું સમર્થન આપું છું, કારણ કે મારા વિસ્તારની અંદર પણ જે નગરપાલિકાઓ આવેલી છે તે નગરપાલિકાની અંદર હયાત મહેકમ જરૂરિયાત કરતા કદાચ વધારે હોય એવુ મને પણ મારા ખ્યાલમાં છે, એટલે હું સરકારશ્રીને વિનંતી કરું કે આવી સમીક્ષાઓ પણ કરવામાં આવે. ભરતીની પ્રક્રિયાઓ માટેની જરૂરિયાત છે. મારા વિસ્તારનો વેરાવળનો એક દાખલો આપું. તો વેરાવળની અંદર માનનીય મંત્રીશ્રી જે નગરપાલિકાનું હયાત મહેકમ છે તેની થોડીક સમીક્ષા કરીને તેની કામગીરી બરાબર થાય છે કે નહીં, જે વિભાગો છે તેની અંદર ભરતી પ્રક્રિયાની અંદર કાયમી નિમણૂક પામીને કામ કરનારા કર્મચારી છે તે તેમની ફરજ નિભાવે છે કે નહીં અને પછી જરૂરિયાત મુજબનું ઘટતું મહેકમ જો ભરવામાં આવે તો જ આ કાયદાની અંદર સુધારો કરીને જે સત્તાઓ આપવામાં આવે છે તેનો પ્રજાજનો માટે કદાચ ઉપયોગી કાયદો બની શકશે. માનનીય મંત્રીશ્રીને હું મારા વિસ્તારની નગરપાલિકા સૂત્રાપાડા, વેરાવળ અને તાલાળા. વેરાવળ નગરપાલિકા પણ અમારું મોટું જિલ્લા મથક છે અને એટલો મોટો વિસ્તાર વધતો જાય છે. ગ્રામ્ય વિસ્તાર સુધી મોટી મોટી સોસાયટીઓના બાંધકામ થતા જાય છે. મને ખ્યાલ છે ત્યાં સુધી ટીપી સ્કીમ-૧ અને ૨ છે તે વેરાવળની અંદર ડિક્લેર કરી છે ત્રીજી નથી એ મને ખ્યાલ છે ત્યાં સુધી કરવામાં આવી નથી અને બાંધકામો છેક ૧૦-૧૦,૧૨-૧૨ કિલોમીટર સુધી શહેરી વિસ્તારની બહાર પણ બાંધકામો અને સોસાયટીઓ થતી જતી હોય છે, ત્યારે ભવિષ્યની અંદર જયારે ફરી પાછું નગરપાલિકા તેની અંદર ગટરની વ્યવસ્થા, રોડ રસ્તાની વ્યવસ્થા, સાર્વજનિક પ્લોટો માટેની કોઇ સુવિધા ઉભી કરવાની આવે તો તેની વ્યવસ્થા કરવા નીકળશે ત્યારે તે રોડ, રસ્તાઓ અને ગટર માટેની સુવિધાઓના રોડ પણ ત્યાં નહીં મળે એટલે તેના માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે એક તો વેરાવળ નગરપાલિકા છે તેની ટી.પી.ની સ્કીમ અહીંયા જો દરખાસ્ત આવી ગઇ હોય તો વહેલી તકે તે ડિક્લેર કરે જેનાથી ત્યાંની પ્રજાજનોને પણ સુવિધા મળે. જેનાથી ત્યાંના પ્રજાજનોને પણ સુવિધા મળે. એવી જ રીતે મારી સૂત્રાપાડા અને તલાલા નગરપાલિકામાં પણ ગ્રામ્ય વિસ્તારો ધીરે-ધીરે ભરાતા જાય છે. ગ્રામ્ય વિસ્તારો સુધી એમની સોસાયટીઓ અને નવા બાંધકામ થતા જાય છે ત્યારે એની પણ સમીક્ષા કરીને ત્યાંના લોકોને આવનારા સમયમાં નવી ભરતી પ્રક્રિયા થવાની છે, એના મારફત લોકોપયોગી સુવિધા પૂરેપૂરી મળી રહે અને આવનારા સમયમાં નગરપાલિકાઓને કાયમી કરવામાં કોઇ અગવડતા ના ઊભી થાય એ રીતની ભરતી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવે તો મને લાગે છે કે આપણને એનો ઉકેલ મળી જશે. મેં જે મુદ્દો રજૂ કર્યો છે એમાં માનનીય મંત્રીશ્રી વિચારણા કરીને એનો ઉકેલ લાવવાના પ્રયત્નો કરે એવી મારી વિનંતી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૫ ગુજરાત નગરપાલિકા સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

## તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

## ગુજરાત નગરપાલિકા(સુધારા)વિધેયક,૨૦૨૨

માનનીય અધ્યક્ષશ્રી, જે નગરપાલિકામાં જે જગ્યાઓ હોય એના સિવાય નવી કોઇ ભરતી કરવાની હોય એના માટેનો આ જે સુધારો લઇને આવ્યા છે એ સારી બાબત છે. નગરપાલિકામાં તમામ પ્રકારના નિયમોથી તમામ ભરતીઓ થાય છે કે કેમ? એની ખાતરી કરાવો તો તમને પૂરતી માહિતી મળી જાય. દા.ત. હું કલોલ તાલુકાની નગરપાલિકાનો દાખલો આપું કે ૨૦-૨૦ વર્ષથી ત્યાં કર્મચારીઓ નોકરી કરતા હોય છે. એમને ૬૦ વર્ષ પૂરા થવા આવ્યા હોય એવા કિસ્સાઓમાં પણ આજ દિન સુધી એમને કાયમી કર્યા નથી. સમગ્ર રાજ્યમાં કે કલોલ નગરપાલિકામાં કર્મચારીઓની રિટાયર્ડ થવાની ઉંમર થવા આવી છે, ત્યારે આવા કિસ્સાઓમાં એમને કાયમી કરવાની જોગવાઇ લઇને આવ્યા હોત તો તમામ કર્મચારીઓને ન્યાય મળ્યો હોત. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે પૂરે પૂરી ઉંમર નગરપાલિકામાં નોકરી કરી હોય એવા કર્મચારીઓને કાયમી કરવા માટે કાયદામાં સુધારો કરીને પણ એમને કાયમી કરો. મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે નગરપાલિકામાં મહેકમ હોય એ પ્રમાણે ભરતી કેમ નથી કરતા? દા.ત.૫૦ જગ્યાઓનું મહેકમ હોય અને ૨૦ જગ્યાઓ પર ભરતી થઇ હોય અને ૩૦ જગ્યાઓ શાના માટે ખાલી રાખો છો? આ ખાલી જગ્યાઓ ઝડપથી ભરાય એની વ્યવસ્થા નગરપાલિકા દ્વારા અને સરકાર દ્વારા કરવી પડે, પણ તમામ જગ્યાઓ આઉટ-સોર્સિંગથી ભરી એને પૂરતો પગાર ન મળે અને પૂરતું મહેકમ ન હોય એના કારણે તમામ કર્મચારીઓને અન્યાય થતો હોય છે. કાયદામાં સુધારો કરીને પણ ૧૦૦ ટકા મહેકમ કેવી રીતે ભરવું એની ચિંતા કરવી પડે. મારે દુ:ખ સાથે એક વાત કહેવી પડે કે સમગ્ર નગરપાલિકામાં ડોર ટુ ડોર કચરો ઉપડવા માટેનો કોન્ટ્રાક્ટ છે એ કોનો છે? કોન્ટ્રાક્ટ પદ્ધતિમાં કોન્ટ્રાક્ટ બીજાનો હોય અને બીજા લોકો કામ કરતાં હોય છે. કોન્ટ્રાક્ટરનો માલિક અમદાવાદમાં બેઠો હોય, નગરપાલિકાઓનું કામ કરવાવાળો માણસ નગરપાલિકામાં હોય અને જ્યારે તેનું ટેન્ડર બહાર પાડવામાં આવે ત્યારે તેમાં એક એવી શરત મૂકે કે સામાન્ય માણસ, સ્થાનિક માણસ કે વાલ્મિકી સમાજનો કોઇ પણ માણસ આવી જ ન શકે તે પ્રકારનું ટેન્ડર બહાર પાડી અને આવા નાના સમાજોને શા માટે અન્યાય કરવામાં આવે છે? હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સફાઈ કામદારનું જે કામ છે તે સફાઈ કામદારોને જ મળે તેવો ખરેખર કાયદામાં સુધારો કરીને જોગવાઈ કરવી પડે. અહીં બેઠેલા તમામ ધારાસભ્યશ્રીઓના નગરપાલિકામાં પણ મતદારો રહેલા છે. નગરપાલિકા હોય કે મહાનગરપાલિકા હોય તમામ જગ્યાએ ધારાસભ્ય તરીકે તેમને મત મળ્યા હોય, ધારાસભ્ય તરીકે ત્યાંથી ચૂંટાતા હોય તો જ્યારે નગરપાલિકાઓની મિટિંગ થાય છે ત્યારે તેની સાધારણ સભામાં શા માટે ધારાસભ્યને આમંત્રિત મહેમાન તરીકે બોલાવવામાં આવતા નથી. હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે કાયદામાં સુધારો કરીને પણ મતદારોનું પ્રતિનિધિત્વ કરતાં ધારાસભ્યોને એ મિટિંગમાં આમંત્રિત મહેમાન અથવા આમંત્રિત સભ્ય તરીકે બોલાવો. નગરપાલિકાઓમાં ઘણી જગ્યાએ ગંદા પાણીના કારણે રોગચાળો ફાટી નીકળે છે તેને કંટ્રોલ કરવા માટે પણ આપના તરફથી વિભાગ તરફથી સૂચનાઓ આપવી જોઈએ. નગરપાલિકાઓમાં નાના માણસોને પૂરતો પગાર મળે તેવો કાયદામાં સુધારો કરી વ્યવસ્થા કરવી જોઈએ તેવી આ તબક્કેથી હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું.

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા(રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ૯ જેટલા સભ્યશ્રીઓએ આ બિલ ઉપર ચર્ચા કરીને પોતાના મંતવ્યો અને સૂચનો રજૂ કર્યાં. તેમાં મોટાભાગનાં સૂચનો સ્થાનિક સત્તામંડળના કરવામાં આવ્યા, પરંતુ બિલને જે લાગુ પડે છે અને મોટાભાગના ધારાસભ્યશ્રીઓના પ્રશ્ન અને પીડા છે કે ઝડપી ભરતી થાય તે માટે થઈને જ જે પ્રશ્ન જાહેર જનતાને સ્પર્શ કરતો નથી એટલે આ કલમને આમાંથી હટાવવાની છે. કારણ કે નોકરીની ભરતી કરવા માટે તેની પૂર્વ પ્રસિદ્ધિ તો કરવી પડે પણ સામાન્ય જન માનસને આની અસર થતી નથી એટલે આ કલમ હટાવવાથી પૂર્વ પ્રસિદ્ધિમાં સમય ન જાય ફક્ત આટલો સુધારો લાવવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા પ્રશ્નોની અહીંયા વાત થઈ. નગરપાલિકાની પણ વાત થઈ. ભલે તે બિલની વાત નથી છતાં તેમના ઘણા પ્રશ્નો સાચા પણ છે અને તે પ્રશ્નોમાં શ્રી શૈલેષભાઈ પરમારે અને શ્રી સુખરામભાઇએ ફાયર સેફ્ટીની વાત કરી. આ મુદ્દો સ્કોપમાં ન હતો પરંતુ તેમનો પ્રશ્ન સાચો છે અને એટલા માટે જ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સૂચનાઓ આપી છે અને દરેક નગરપાલિકામાં કોઈ પણ જગ્યાએ ફાયર સેફ્ટી માટેની સુવિધા ઊભી કરવાની દિશામાં સરકાર અત્યારે આગળ કામ કરી રહી છે. જેથી કરીને રિજ્યોનલ કમિશનર મારફત આખું મોનીટરિંગ કરવામાં આવે તે પ્રકારનું આખું માળખું બની રહ્યું છે. મને લાગે છે કે દેશભરમાં ગુજરાત રાજ્ય પ્રથમ હશે કે જ્યાં તાલુકા લેવલ સુધી ટેન્કરથી માંડી એર જેટર જેવા મશીનો વસાવવામાં આવનાર છે. તેના માટે પ્રોસેસ પણ ચાલુ છે. આ પ્રશ્ન હવે આવનારા દિવસોમાં રહેશે નહિ. બીજી તેમણે જે સફાઈ કર્મચારીની વાત કરી તે પણ સાચી છે. એના માટે અમારા કેબિનેટ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ માર્ગદર્શન અને સૂચનો આપ્યા છે. કર્મચારીઓની જે ભરતી કરવામાં આવે છે એ રોસ્ટર પ્રમાણે કરવામાં આવતી હોય છે અને એમાં જે લોકો બીજા પાસે કામ કરાવે છે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી એક પરિપત્ર કરવામાં આવ્યો હતો કે જે નામથી નોકરી લીધેલ હોય એ લોકો જ આની અંદર કામ કરવા જોઇએ.અન્યથા અન્ય કોઇ વ્યક્તિ માલુમ પડશે તો એની સામે કાર્યવાહી કરવામાં આવશે. હમણાં વાત થઇ કે નગરપાલિકામાં ચીફ ઓફિસર નથી કે ગ્રાન્ટ નથી. એમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કહ્યું છે કે હવે નગરપાલિકાઓ ડેવલપ કરવાનો સમય આવી ગયો છે. મહાનગરો તો બહુ ડેવલપ થયા પરંતુ, નગરપાલિકાઓ ડેવલપ થાય એના માટે જે ગ્રાન્ટ ઘટતી હોય તો એ ગ્રાન્ટ આ બધાને આપવામાં આવે છે. છતાં પણ હું એમ કહું છું કે દેશનું એવું કોઇ રાજ્ય નથી કે જ્યાં સો ટકા ભરતી હોય. કારણ કે, ગુડ

ગવર્નન્સનું માધ્યમ જ એ છે કે ઓછા ખર્ચે લોકોને સારી સુવિધા મળી રહે. આવનારા દિવસોમાં જે મહેકમ ઘટે છે એના માટે આપણે આ કાયદો લાવ્યા છીએ કે તમામ નગરપાલિકાઓની અંદર ચીફ ઓફિસરોની નિમણૂક થાય. માનનીય મુખ્યમંત્રીશ્રી પણ એવું ઇચ્છે છે કે નગરપાલિકા ચીફ ઓફિસર વગર ચાલવી ન જોઇએ. કારણ કે, ચીફ ઓફિસર એ નગરપાલિકાનો હેડ છે અને એ દિશામાં આવનારા દિવસોમાં ભરતી પ્રક્રિયા પણ થવાની છે. અન્ય સભ્યશ્રીઓએ અલગ અલગ વાત કરી. શ્રી ભગાભાઇએ ટી.પી.ની વાત કરી. મને આનંદ થાય છે કે ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે કે જ્યાં ટાઉન પ્લાનિંગ સ્કીમનો અમલ થતો હોય અને આ દિશામાં હજુ પણ વધારે પ્રયત્ન કરી નગરપાલિકાઓને માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે કે દરેક નગરની અંદર ડી.પી. બને અને એના પછી ટી.પી. બને. જેથી કરીને, આવનારા સો-બસો વર્ષની અંદર એનું ભવિષ્ય સારું રીતે લખાય અને એનો વિકાસ સારો થાય. આવનારા દિવસોમાં ટ્રાફિકની સમસ્યા ન ઉદભવે, જો ટી.પી. બની હશે તો જ આ શક્ય બને અને એના માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે અને આવનારા દિવસોમાં દરેક નગરપાલિકાઓની અંદર સૂચનાઓ આપવામાં આવી છે. તમારી જ્યાં નગરપાલિકા આવે છે ત્યાં પણ તમે વાત કરી શકો છો કે ટી.પી. બનાવવામાં આવે અને અમે વહેલી તકે અહીંથી મંજૂરી આપીશું. ઘણી નગરપાલિકાઓના ડેવલપમેન્ટ પ્લાન પણ મંજૂરી માટે અહીંયા આવ્યા છે અને એને પણ અમે મંજૂરી આપવાના છીએ. હું એવું માનું છું કે ૭૦ વર્ષથી આઝાદી મળી ત્યારપછી અત્યાર સુધીમાં અનેક પ્રકારના નવા સુધારા આવ્યા છે. એક્ટની અંદર જ્યાં જરૂર લાગે ત્યાં સુધારો કરવામાં આવશે. અન્ય સભ્યોએ પણ વાત કરી કે હજી પણ આના માટે વધારે સુધારા કરવામાં આવે તો સારું. વિધાનસભાનો આપણો આ છેલ્લો દિવસ છે એટલે આજની તારીખમાં જે કોઇ સભ્યોએ વાત કરી છે એમણે કદાચ સ્કોપની બહાર જઇને વાત કરી છે. પણ નગરજનોના જે પ્રશ્નો હતા એ પ્રશ્નોને વાચા આપવાનું કામ એમણે કર્યુ છે. આ કલમ હટાવવી એટલા માટે જરૂરી છે કે વૈધાનિક બાબતોની અંદર આ ફાઇલ અટવાયા કરતી હતી. દા.ત. ચીફ ઓફિસરોની ભરતી કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે પરંતુ એમાં સમય લાગે છે. હમણાં જે ચીફ ઓફિસરોની ભરતી કરી એમાં ૨૦ જણા આવ્યા, એમાં ૧૦ એલાઉ થયા અને ૩ નોકરી કરવા માંગતા નથી. ફરીથી જો આ પ્રક્રિયા કરવામાં આવે તો વધારે વિલંબ થાય. એટલા માટે શુભ આશયથી આ બિલ લાવવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, અન્ય તમામ સભ્યશ્રીઓના જે પ્રશ્નો અને સૂચનો છે એને હું આવકારું છું અને આ સન્માનનીય સભાગૃહને વિનંતી કરૂ છું કે, આ બિલને સર્વસંમતિથી મંજૂર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક ૧૫-સન ૨૦૨૨ નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ ના વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૨ નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૨૨ ના વિધેયક ક્રમાંક -૧૫- સન ૨૦૨૨ નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે સર્વસંમતિથી પસાર કરવામાં આવે છે.

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૪**

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૨

**ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૨ ના વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૨ નું ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ ના વિધેયક ક્રમાંક -૧૪ સન ૨૦૨૨ નું ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયક ૨૦૨૨, તોત્તેરમા વર્ષમાં નીચેના અધિનિયમ મુજબ કરવામાં આવે છે. (૧) આ અધિનિયમ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયક ૨૦૨૨ કહેવાશે. (૨) તે રાજ્ય સરકાર રાજપત્ર અને જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૩માં કલમ ૩માં પેટા કલમ-(૧)માં નીચેનો પરંતુક દાખલ કરવો. પરંતુ જનરલ કાઉન્સિલ

---

* વિધેયક તા.૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વખતોવખત ઠરાવ મારફત ગુજરાત રાજ્યની અંદર અથવા બહાર આવેલા સ્થળે યુનિવર્સિટીના નિયંત્રણ હેઠળનું વધારાનું કેમ્પસ સ્થાપી શકશે. જનરલ કાઉન્સિલને આ અધિનિયમની જોગવાઇઓ મુજબ સ્થાપવામાં આવેલ આવા વધારાના કેમ્પસનું નિયમન, વહીવટ અને સંચાલન કરવાની તમામ સત્તા રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, ધારાકીય સત્તાની સોંપવાની જે યાદી છે. જે આપને બધાને આપવામાં આવેલી છે, એ મુજબ કલમ-૧ મુજબ કલમ પેટા કલમ-૨ થી રાજય સરકારે રાજપત્ર જાહેરનામાથી સદરહુ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખે તે તારીખ નક્કી કરવાની સત્તા મળશે. ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી એ ગુજરાતનું એક અણમોલ ઘરેણું છે. જયાં સુધી કાયદાની બાબતને લાગે વળગે છે અને તે ઉપરાંત તેના સંશોધન, એના અભ્યાસ, એના શિક્ષણ માટે કાયદાની વિવિધ પ્રવૃત્તિઓથી આ નેશનલ લો સ્કૂલ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીજીએ નેશનલ લો યુનિવર્સિટીનો સ્થાપનાનો જે વિચાર કર્યો, જેને કારણે આજે સમગ્ર ભારતમાં ૨૩ આવી યુનિવર્સિટીઓ છે. જેમાં આપણે ૮માં ક્રમે પંહોચ્યા છીએ અને આ અગ્રતાક્રમની અંદર ગુજરાતની અંદર રેંકિંગની અંદર આપણે પાંચમા ક્રમે છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એમાં વિદ્યાર્થી, વિદ્યા શાખા, ફેકલ્ટી અને સંશોધન કાર્ય સંબંધિત ભારતની સૌથી મોટી આ નેશનલ લો યુનિવર્સિટી છે. વકીલાતના કૌશલ્ય માટે, એના પ્રોત્સાહન માટે તથા વ્યક્તિઓ પોતાના હક્કો અને ફરજો માટે માહિતગાર થાય એવો સમાજ ઉભો કરવાના હેતુથી આની સ્થાપના થયેલ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૩માં ગુજરાત રાજયની બહાર કેમ્પસ કરવાની સત્તા આપતી કોઇ જોગવાઇ નહોતી. તેને કારણે ગુજરાત રાજયની અંદર અથવા બહાર આવેલા સ્થળોએ વધારાના કેમ્પસ સ્થાપી શકાય એટલા માટે વિધેયકની કલમ-૨થી આ અંગેની જોગવાઇ કરી છે. ખૂબ જ ટૂંકી વાત છે. સત્તા આપતી વાત છે. આ જી.એન.એલ.યુ. ટૂંકમાં જેને આપણે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી કહીએ છીએ. એ યુનિવર્સિટીને બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા, બી.સી.આઇ. અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા માન્યતા પ્રાપ્ત છે. મૂળભૂત વાત માનનીય કીરીટભાઇ, આપ તો ખૂબ એમાં અભ્યાસ કરો છો. હું જાણું છું એ વિષયને. કાયદાના વિદ્યાર્થી છો. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે અને આ પ્રાઇવેટ યુનિવર્સિટી નથી. આ યુનિવર્સિટી જેમ મેં કહ્યું એમ બી. એ. એલ.એલ. બી. ઓનર્સ, બી. કોમ. એલ. એલ. બી. ઓનર્સ, બી.એ.એલ.એલ.બી. ઓનર્સ, બી.એસ.ડબલ્યુ. એલ.એલ.બી. ઓનર્સ, બી.એસ. સી. એલ. એલ. બી. ઓનર્સ અને નેશનલ લો યુનિવર્સિટીમાં હાયર સેકન્ડરી પછી, ૧૨માં પછી ૫ વર્ષનો ઇન્ટીગ્રેટેડ કોર્સ પણ આમાં લેવામાં આવ્યો છે. અનુસ્નાતકની પદવી અને ઉચ્ચ કક્ષાનું કાયદાનું શિક્ષણ પણ ત્યાં આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ પાંચ પ્રવાહમાં સ્નાતકની પદવી આપતી આ આપણી નેશનલ લો યુનિવર્સિટી ખૂબ જ ઉચ્ચ કક્ષાના પુસ્તકો પણ ધરાવે છે. જેમાં ૪૦ હજારથી પણ વધુ ગ્રંથોનો સમાવેશ થાય છે. એની પાસે ૭૬ સબસ્ક્રાઇબ જર્નલ છે. ૫૭૭૬ જર્નલ તથા ૨૭ ડિજિટલ ડેટા બેઇઝની માહિતી આપણે ત્યાં સંગ્રહવામાં આવેલી છે. જેથી વિદ્યાર્થીઓ એનો અભ્યાસ કરી શકે.

**સભાગૃહનો વિરામનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, વિરામનો સમય થવા આવ્યો છે, પણ માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આભાર. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી દ્વારા સરેરાશ વાર્ષિક ૧૪૫ ટ્રેનિંગ પ્રોગ્રામ્સ કરવામાં આવે છે. હાલમાં જ ૧૧૦૦ વિદ્યાર્થીઓ એમાં અભ્યાસ કરી રહ્યા છે અને કુલે ૨ હજાર વિદ્યાર્થીઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હોવાનું ગૌરવ ધરાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારને કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી અને દમણ અને દિવ જે યુ.ટી. એડમિનિસ્ટ્રેશન છે. એમના તરફથી આ દમણના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત કાનૂની શિક્ષણની તકો મળે, પૂરી થાય એ કારણથી એક વિનંતી આપણા સમક્ષ આવેલી છે. જેમાં એ વિનંતીને જે જનરલ કાઉન્સિલની અંદર કે જેના અધ્યક્ષ તરીકે ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડિયા હોય છે અને એની આ કાઉન્સિલની અંદર આ વિનંતીને ગ્રાહ્ય રાખી અને આપણા સમક્ષ આ બિલમાં સુધારો મૂકવામાં આવેલો છે, મોકલવામાં આવેલો છે. આ જી.એન.એલ.યુ.ની અંદર તાજેતરમાં જ ગુજરાતના લગભગ ૬૬૦ આસિસ્ટંટ પબ્લિક પ્રોસિક્યુટરને રિટાયર્ડ ચીફ જસ્ટીસ સહિતના કાયદાના વિવિધ તજજ્ઞો દ્વારા એમને તાલીમ પણ વધારાની પૂરી પાડવામાં આવેલી છે. આપણું જે લક્ષ્ય છે એ કાયદાની અંદર સમગ્ર સમાજ કાયદાથી ચાલે, કાયદાને સમજે, કાયદાથી વિપરીત ન જાય, એવી પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે આ નેશનલ લો યુનિવર્સિટી અદભૂત કાર્ય કરી રહી છે. માટે મારી વિનંતી છે કે આ સુધારાને કારણે અન્ય જગ્યાએ આપણે જે લો યુનિવર્સિટીનું એકસ્પાન્શન કરીએ છીએ. એનું સમગ્ર કંટ્રોલિંગ ગુજરાત સરકારનું જ રહેવાનું છે. ગુજરાત સરકારની જે કમિટી છે, તેનું જ રહેવાનું છે. એને કારણે કોઇ આપણે આપણી સત્તા ઓછી કરતા નથી. એનો વ્યાપ વધારીએ છીએ અને એ વ્યાપ વધારવાનો અધિકાર એટલા માટે છે કે તેની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. ધન્યવાદ.

**(વિરામ બપોરના ૧૨-૦૦થી ૧૨-૩૦ )**

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી(સુધારા)વિધેયક,૨૦૨૨

**સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

સભાપતિશ્રી : માનનીય ડો. કિરીટભાઇ પટેલ,

તાકીદની બાબત પર ધ્યાન દોરવા બાબત

ઓ.બી.સી.ની વસતિ ગણતરી કરી અનામત આપવા અંગે

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, એક તાકીદની બાબતે ધ્યાન દોરવું છે કે રાજયમાં ઓ.બી.સી. ૧૦ ટકા અનામત થઇ રાજયના ચૂંટણી પંચે સરપંચોની ચૂંટણી રદ કરી. લોકશાહીમાં આ રીતે અટકાવવી એ અઘૂરું કામ છે તેમ છતાં અટકાવી છે. ૨૭ ટકા અનામત થાય અથવા અનામત વધે એના માટે રાજય ચૂંટણી પંચે આયોગની રચના કરી છે, પરંતુ વસતિ ગણતરીના આંકડા આપવામાં આવી રહ્યા છે એમાં વિસંગતતા ઉભી થાય છે, એના કારણે રાજયમાં ઘણા મોટા પ્રશ્નો ઉભા થશે. આ રાજયમાં પર થી પ૪ ટકા જેટલી વસતિ ઓ.બી.સી. સમાજની હોવા છતાં રાજય ચૂંટણી પંચે ચૂંટણીઓ પણ રદ કરી છે અને ટકાવારી છે એ વધારતા પણ નથી. અમે માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં પત્ર મોકલી આપ્યો છે અને અડધા કલાકની ચર્ચા અપાય એવી અમારી વિનંતી છે.

સભાપતિશ્રી : જોઇ લઇશું.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા સમયથી ઓ.બી.સી. સમાજ આ અન્યાય સામે લડી રહ્યો છે એની ચર્ચા થાય એ જરૂરી છે. આ અંગે પહેલા પણ ધ્યાન દોર્યું હતું અને ખાસ કરીને વિનંતી એટલી હતી કે આયોગ બન્યું, એની આખા ગુજરાતમાં સુનાવણી પણ થઇ હવે એ સુનાવણીનો રિપોર્ટ સરકારમાં સબમીટ થઇને વહેલી તકે નિર્ણય થયો હોત તો ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ અટકી છે એ પણ સમયસર થઇ શકી હોત અને સાથે સાથે ઓ.બી.સી. સમાજને અત્યારે જે લાગી રહ્યું છે કે અમને અન્યાય થઇ રહ્યો છે. રાજયમાં પર ટકા વસતિ ઓ.બી.સી. સમાજની હોય એને પંચાયતોમાં ૧૦ ટકા જ અનામત મળી હતી તેમ છતાં અનામત ખતમ કરવામાં આવી હતી અને જયારે આયોગ બની ગયું છે સુનાવણી થઇ ગઇ છે રિપોર્ટ કદાચ વિધાનસભામાં કે સરકારમાં સબમીટ સમયસર ન થાય એના લીધે ૧૮૦૦ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ તો અટકી જ છે અને સાથે સાથે સમાજને પણ અન્યાય થઇ રહ્યો છે તો એ વાતને લઇને વારંવાર રજૂઆતો થઇ છે. રાજકીય પક્ષોએ પણ રજૂઆત કરી છે, શાસકપક્ષે પણ કરી અને બધા લોકોએ રજૂઆત કરી છે. એવા સંજોગોમાં અહીંયા ચર્ચા થવી જોઇએ. વિભાગ તરફથી અને સરકાર તરફથી એનું સ્ટેન્ડ પણ મૂકાવું જોઇએ. ખાસ કરીને અમારી માગણી છે કે જાતિ આધારિત વસતિ ગણતરી થાય. જેમ શ્રી ચાવડા સાહેબે કહ્યું કે આ જયારે અનામત માટે સુપ્રીમ કોર્ટે ડાયરેકશન આપ્યું ત્યારે એણે સ્પષ્ટ કહ્યું હતું કે દરેક રાજયોમાં ઓ.બી.સી. ની કેટલી વસતિ છે એ રાજય સરકારો સુનિશ્ચિત કરે. અત્યારે જે આંકડા મંગાવવામાં આવી રહ્યા છે એમાં કલેકટર અને મામલતદાર દ્વારા આંકડા આવે છે, એ કોઇપણ રીતે આધારભૂત રીતે નથી આવતા, એટલે એની સામે શંકા છે તો અમારી તો એટલી જ માગણી છે કે રિપોર્ટ અહીંયા સબમીટ થાય એ પહેલા જાતિ આધારિત વસતિ ગણતરી થવી જોઇએ. અત્યારે જે આંકડા અપાય છે એ બિલકુલ *(xxx) અને અમારો સ્પષ્ટ આક્ષેપ છે કે સરકારનો પણ આમાં *(xxx) છે. સરકાર ઓ.બી.સી. સમાજને અનામત આપવા માગતી નથી. સરકાર ઓ.બી.સી. સમાજને અન્યાય કરે છે. પર ટકા વસતિની તમે અનામત લઇ લો છો. આ સરકારે એક ટકો રકમ પણ ફાળવેલ નથી. મારી વાત પૂરી કરવા દો.

પોઇન્ટ ઓફ ઓર્ડર

**શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા અંગે**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇ ચાવડાજીએ કહ્યું કે *(xxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. *(xxx) એ શબ્દો પણ રદ કરવામાં આવે.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી પહેલા આપણે બિલ ઉપર ચર્ચા કરીએ પછી બીજી વાત.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષયાંતર થાય છે અત્યારે બિલની ચર્ચા છે એ બિલ ઉપરની ચર્ચાની વાત કરે. આ કોઇ રેકર્ડ ઉપર આવી ન શકે અને રેકર્ડ ઉપરથી તમામ જે શબ્દો બોલ્યા છે એ દૂર કરવામાં આવે.

સભાપતિશ્રી : એ દૂર કરવામાં આવશે. માનનીય સભ્યશ્રી હાલ આપણે વિધેયક ઉપર ચર્ચા કરીએ. માનનીય કિરીટભાઇ પટેલ. (આ તબક્કે વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓ દ્વારા બેનર બતાવી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રીઓ, હું આપને બેસી જવાની વિનંતી કરું છું. પહેલાં આપણે વિધેયક પર ચર્ચા કરીએ. (અંતરાય) (સૂત્રોચ્ચાર) પ્લીઝ બધા બેસી જાવ. (સતત સૂત્રોચ્ચાર) માનનીય સભ્યશ્રીઓ, આપ બધા બેસી જાવ. આપણે પહેલાં વિધેયકની ચર્ચા કરીએ. (સતત સૂત્રોચ્ચાર) માનનીય સભ્યશ્રી કિરીટભાઇ, આપને કંઇ બોલવું છે?

ડો. કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું તો બોલું પણ અવાજ તો આવવો જોઇએ ને? આ બોલી લેવા દો પછી બોલું.

સભાપતિશ્રી : તમે તમારું પ્રવચન શરૂ કરો. ડો. કિરીટભાઇ..(સતત સૂત્રોચ્ચાર)

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

પોઇન્ટ ઓફ ઓર્ડર

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : આપ બધા બેસો. સાંભળો તો ખરા. પહેલાં બેસો. જે રીતે ચર્ચા તમે માગી છે (અંતરાય) મને ખબર છે. તમે જે રીતે ચર્ચા માગી છે તે તપાસ પંચમાં ચાલુ છે. તેની ચર્ચા કેમ થાય? (અંતરાય)

શ્રી અમિત ચાવડા : *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસો અને મને કહો કે શું કહો છો? (સતત સૂત્રોચ્ચાર)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર હતો. મેં કોઇ ચર્ચા નથી કરી. અમારા ઓઠા હેઠળ બોલવાની વાત ન કરો. આપ ન બોલી શકો. અત્યારે જે કામ ચાલી રહ્યું છે, જે કામ હાથ પર ધરાયેલું છે. બિલ હાથ ઉપર છે એ બિલ આગળ ચાલે.

અધ્યક્ષશ્રી : બિલ પતે પછી આપણે નક્કી કરીએ. પહેલાં બિલ તો પૂરું કરો, જે કામ ચાલુ હોય તેમાં વચ્ચેથી તમે કહો એવી રીતે કામ લઇ લેવાનું? એવું ન ચાલે. (અંતરાય) તમે તમારી સીટ ઉપરથી જે બોલવું હોય તે બોલો. હું એલાઉ કરું છું. તમારી સીટ ઉપરથી બોલો. પહેલાં સીટ ઉપર જાવ. (અંતરાય) તમારી સીટ ઉપર જગ્યા લો, પછી બોલો. હું તમને એલાઉ કરીશ, પહેલાં બેસો. સીટ ઉપર ન હો અને આવી રીતે થશે? તમે પહેલેથી કોઇ નોટિસ આપી નથી. કોઇ ચર્ચા કરી નથી અને સીધું જ આવીને કહો કે આ ચર્ચા કરો એવું કેવી રીતે ચાલે? તપાસ પંચ નિમાયેલું છે, ચર્ચા ચાલુ છે. નિયમ-૩૪(૨)માં આપણે આવી કોઇ ચર્ચા ગૃહમાં કરી શકતા નથી. માનનીય અમિતભાઇ, તમે સિનિયર સભ્ય છો. તમે આ બધું જાણો છો. છતાં પણ ખોટા મુદ્દા ઉભા કરવાનો શું મતલબ છે? આ બિલની કાર્યવાહી ચાલુ છે તે પૂરી થવા દો. (સતત સૂત્રોચ્ચાર) નિયમ વિરુદ્ધ કોઇ પણ કાર્યવાહી ગૃહની અંદર થઇ શકે નહીં. આપણે નિયમોથી બંધાયેલા છીએ અને નિયમની અંદર આવું કંઇ આવતું નથી કે તમે કહો એ ટાઇમે એ ચર્ચાઓ થઇ જાય. ૩૪(૨)માં બહુ સ્પષ્ટ છે કે તપાસ પંચની અંદર જ્યારે કેસ ચાલુ હોય તેની ચર્ચા અહીં ગૃહમાં થઇ શકે નહીં, એક અને તમે આવીને કોઇ ચર્ચા પણ નથી કરી અને સીધા અહીંયા કહો કે આ ચર્ચા કરો. આવું ન થઇ શકે.(અંતરાય)

અધ્યક્ષશ્રીઃ માનનીય શૈલેષભાઇ, પહેલા આ બધાને સીટ ઉપર બેસાડો. આપના સભ્યોને સીટ ઉપર બેસાડો. આપણે ચર્ચા કરીએ. બધાને સીટ ઉપર બેસાડો. (અંતરાય) સૌ પોતાની સીટ ઉપર જાવ. માનનીય શૈલેષભાઇ, બધાને કહો સીટ ઉપર બેસી જાય. (અંતરાય)આપના ઉપનેતા બોલે છે. આપ સીટ ઉપર જાવ. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપ જયારે અધ્યક્ષ તરીકે બિરાજમાન નહોતા. ત્યારે અધ્યક્ષ તરીકે બહેનશ્રી સંગીતાબેન બિરાજમાન હતા. (અંતરાય ) (સૂત્રોચ્ચાર) મને બોલવા તો દો?

અધ્યક્ષશ્રી : પહેલા બધાને ઓર્ડરમાં તો લાવો. (અંતરાય) આપ બધા સીટ ઉપર જાવ. સૌ પોત પોતાની સીટ ઉપર જાવ પછી જ ચાલુ થશે. (અંતરાય) સૂત્રોચ્ચાર

(આ તબક્કે માનનીય સભ્યશ્રી બળદેવજી ઠાકોર સંસદીય મંત્રીશ્રી તરફ ધસી ગયા. માનનીય સભ્યશ્રી બળદેવજી ઠાકોર, શ્રી ઋત્વિકભાઇ મકવાણા, શ્રી રઘુભાઇ દેસાઇ, શ્રી વિક્રમભાઇ માડમ, શ્રી રાજેશકુમાર ગોહિલ, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી ચંદનજી ઠાકોર, શ્રી ભરતજી ઠાકોર, શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી, શ્રી આનંદભાઇ ચૌધરી અને શ્રી પુનમભાઇ પરમાર વેલમાં આવી ગયા.)

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સભાગૃહની કાર્યવાહીમાંથી સભ્યશ્રીઓને દૂર કરવા અંગે**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે જેટલા લોકો વેલમાં આવ્યા છે એમને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે. (સૂત્રોચ્ચાર)

**અધ્યક્ષશ્રી** : વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને આજની ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે. (અંતરાય) વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને આજની ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે. સાર્જન્ટો..(સતત અંતરાય) નિયમ-૫૧ હેઠળ વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને આજની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : ( ઉભા ઉભા બોલતા)પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવે અને ના બોલવા દે એ તો થોડું ચાલતું હશે? મને બોલવા દેવું પડે. તમે એલાઉ કર્યા હતા. અધ્યક્ષે એલાઉ કર્યા હતા. પોઇન્ટ ઓફ ઓર્ડર કર્યો હતો તો મારે બોલવાનો અધિકાર છે કે નહીં?

અધ્યક્ષશ્રી : તમારા સભ્યો ઓર્ડરમાં ના હોય, કંઇ સંભળાય નહીં, બધા વેલમાં આવી જાય અને તમે કેવી રીતે બોલો? મેં સૂચના આપી કે સભ્યોને બેસાડો, તમે વાત કરો. આપના ઉપનેતાને કહ્યું. પછી ના થાયને?

શ્રી અમિત ચાવડા : પોઇન્ટ ઓફ ઓર્ડર થાય તો પછી મને બોલવા દેવો પડે કે નહીં?

અધ્યક્ષશ્રી : ના. (અંતરાય )

( આ તબક્કે માનનીય સભ્ય ડો. કિરીટભાઇ પટેલ સિવાયના ગૃહમાં હાજર રહેલા વિરોધ પક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.)

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી(સુધારા)વિધેયક,૨૦૨૨(ક્રમશ)

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, આપ બિલ ઉપર ચર્ચા કરો.

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (સુધારા) વિધેયક**,** ૨૦૨૨ **(**ક્રમશઃ)

શ્રી કિરીટકુમાર ચી. પટેલ (પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, જે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી સુધારા વિધેયક બિલ સન ૨૦૨૨ એટલે કે ધ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૨ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું. એટલા માટે કે કાયદાનું શિક્ષણ એ તમામ માટે જરૂરી છે. મારો તો આગ્રહ છે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨થી લઇને હાયર સેકન્ડરીની અંદર કાયદાનો એક વિષય હોવો જોઇએ. જેથી વિદ્યાર્થીઓને કાયદો શું છે એનો ખ્યાલ આવે અને એ કાયદાનું પાલન કરતા શીખે. મેં પણ જી.એન.યુ.ની અંદર વિઝિટ લીધેલી છે. ત્યાં સેમિનારની અંદર પણ ભાગ લીધો છે. બહુ સારી યુનિવર્સિટી છે. પહેલા અહીં જી.આઇ.ડી.સી.માં યુનિવર્સિટી ચાલતી હતી, એ વખતે હું ત્યાં બે-ત્રણ વખત ગયેલો. બહુ સારી યુનિવર્સિટી છે. એના ફેકલ્ટી પણ બહુ સારા છે. મેં હમણાંજ ચેક કર્યુ કે જે એન.આઇ.આર.એફ. રેન્કિંગ છે એ રેન્કિંગની અંદર પણ આખા ભારતની અંદર સન ૨૦૨૦માં સાતમો નંબર હતો, સન-૨૦૨૧માં છઠ્ઠા નંબરે હતી, સન ૨૦૨૨માં આઠમા રેન્કિંગે હતી. પરંતુ માનનીય મંત્રીશ્રીએ જે એનાં ઉદ્દેશો અને કારણો છે એમાં લખ્યું છે કે દેશના તમામ નાગરિકોને પરવડે તેવા અને સહેલાઇથી મેળવી શકાય તેવા ગુણવત્તાયુક્ત કાયદાકીય શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે જ્યારે તમે પરવડે એવા શિક્ષણની વાત કરતા હોય તો આની ફી છે એ હમણાં મેં વેબસાઇટ ઉપર ચેક કરી તો એની એલ.એલ.એમ.ની એક વર્ષની ફી રૂપિયા ૧.૪૭ લાખ છે. બી.કોમ.એલ.એલ.બી.ની એક વર્ષની ફી રૂપિયા ૧.૮૯ લાખ, બી.એસ.સી.એલ.એલ.બી.ની ફી રૂપિયા ૧.૮૬ લાખ, એમ.બી.એ.ની ફી રૂપિયા ૧.૮૩ લાખ, પી.એચ.ડી.ની ફી રૂપિયા ૧.૧૯ લાખ, મને લાગે છે કે જ્યારે રાજ્ય સરકારનો હેતુ ગુજરાતના વિદ્યાર્થીઓને સસ્તું અને સારું કાયદાનું શિક્ષણ આપવાનું હોય ત્યારે મને લાગે છે કે આ ફી થોડી વધુ છે. એટલે વિનંતી કરું છું કે આગામી સમયમાં જે ફી ભરી શકે એમ હોય એમના માટે ભલે આ ફી રાખો, પણ ખરેખર જે જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ હોય, ગરીબ વિદ્યાર્થીઓ હોય એમના માટે પરવડે તેવી ફીની જોગવાઇ થાય. બીજી બાબત કે જે રીતે આ યુનિવર્સિટી સારી રીતે એનું શિક્ષણ ચલાવી રહી છે એની અંદર મેં માનનીય મંત્રીશ્રીને એક જજમેન્ટ આપ્યું. એનો મેં અભ્યાસ કર્યો કે આ સ્ટેટ યુનિવર્સિટી છે એટલે એક પ્રોફેસર યશપાલનું નામદાર સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ હતું પણ એ પ્રાઇવેટ યુનિવર્સિટી માટે હતું એટલે એના માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે આ જજમેન્ટનો આપણને બાધ નહીં આવે. જી.ટી.યુ. આખા રાજ્યમાં જેટલી ટેકનિકલ કોલેજો હતી એ જી.ટી.યુ.માં સામેલ કરવામાં આવી અને એને એક નોડલ યુનિવર્સિટી બનાવવામાં આવી. ટીચર્સ યુનિવર્સિટીમાં જે બી.એડ અને પી.ટી.સી. કોલેજો હતી એના લીધે એની ગુણવત્તામાં સુધારો થયો. જ્યારે આવી સારી યુનિવર્સિટી હોય અને આપણા રાજ્યની જે બીજી યુનિવર્સિટીઓ સાથે એફિલિએટ કોલજો હોય એ કોલેજોને પણ જો તમે આની અંદર સમાવો અથવા નોડલ એજન્સી તરીકે અથવા કન્ટ્રોલિંગ એજન્સી તરીકે કામ કરો તો રાજ્યની અંદર બીજી જે એફિલિએટેડ કોલેજો છે એનું શિક્ષણ પણ સુધરશે. આપે જ્યારે રાજ્યની અંદર અને રાજ્ય બહાર આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સ્થાપવાની જે વાત કરી છે, પરંતુ હાલ માનનીય મંત્રીશ્રી, જે રીતે બાર કાઉન્સિલના નિયમ મુજબ રાજ્યની જે લો કોલેજો છે, હું લો કોલેજમાં અધ્યાપક છું એટલે ખબર છે કે, મિનિમમ મહેકમ ૮ અધ્યાપકો ફરજિયાત છે એવું બતાવ્યું છે. જ્યારે રાજ્યની તમામ લો કોલેજોની અંદર મિનિમમ મહેકમ એટલે કે એક ડિવિઝન હોય તો ચાર અધ્યાપકો અને પ્રિન્સિપાલ એટલું જ મહેકમ છે. એટલા માટે બાર બાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ રાજ્યની તમામ કોલેજોને નોટિસો પણ આપી હતી. જ્યારે તમે આ યુનિવર્સિટી સંલગ્ન રાજ્યની અંદર કે રાજ્યની બહાર કોલેજો સ્થાપવા જઇએ, ત્યારે રાજ્ય સરકારના મહેકમનો રેશિયો જુદો છે અને બાર કાઉન્સિલનો રેશિયો જુદો છે. આ બન્ને વચ્ચે સમન્વય થાય એ માટે વિચારવામાં આવે. ચાર ફેકલ્ટી રાખવા કે આઠ એ વિશે તમે વિચારો. આ જે વિચાર લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને અભિનંદન આપું છું અને જી.ટી.યુ. આપણા રાજ્યની અંદર તો કોલેજો સ્થાપે પણ રાજ્યની બહાર પણ લો કોલેજો સ્થાપાય અને એમાં જી.ટી.યુ. સંલગ્ન છે જે પણ કોલેજો હોય એ અગ્રેસર રહે અને ગુજરાતનું નામ રોશન થાય એવી વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રીનો નિર્ણય**

**વેલમાં આવેલા સભ્યશ્રીઓને દૂર કરવા અંગે**

અધ્યક્ષશ્રી : આજે જે રીતે આપણે અહીંયા દેખાવો થયા અને ગૃહની અંદર જે રીતે સભ્યો વેલમાં આવ્યા, પોસ્ટરો બતાવ્યા, વારંવાર કહેવા છતાં પણ પોતાના સૂત્રોચ્ચાર ચાલુ રાખીને વેલમાં આવી ગયા એટલે વિધાનસભાના નિયમોના નિયમ-૫૧ હેઠળ જે સભ્યો વેલમાં આવ્યા હતા એ લોકોને દૂર કર્યા છે. લિસ્ટ મારી પાસે છે એમને આજની કાર્યવાહીમાંથી સભ્યોશ્રીઓને દૂર કરવામાં આવે છે. હું નામ વાંચુ છું એ માનનીય બળદેવજી ઠાકોર, માનનીય ઋત્વિકભાઇ મકવાણા, માનનીય રઘુભાઇ દેસાઇ, માનનીય વિક્રમભાઇ માડમ, માનનીય રાજેશકુમાર ગોહિલ, માનનીય વિમલભાઇ ચુડાસમા, માનનીય ચંદનજી ઠાકોર, માનનીય ભરતજી ઠાકોર, માનનીય જીજ્ઞેશભાઇ મેવાણી, માનનીય આનંદભાઇ ચૌધરી, માનનીય પૂનમભાઇ પરમાર. આટલાં નામો મારી પાસે આવ્યાં છે, છતાં વિડિયો ક્લિપ ચેક કરાવીએ છીએ અને આટલા સભ્યોને આપણે આજની ગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા છે.

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

ગુજરાત વિનિયોગ અધિનિયમો(રદ કરવા બાબત)વિધેયક,૨૦૨૨

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહના વિપક્ષના જવાબદાર સભ્યશ્રીઓ દ્વારા ચૂંટણી પંચની નિષ્પક્ષતા સામે જે સવાલો કરવામાં આવ્યા છે. રાજય ચૂંટણી પંચ એ સ્વાયત્ત છે. એની સામે કોઇ સવાલો થઇ ન શકે અને કોઇ પંચ નક્કી કરેલું છે એ પંચને તાત્કાલિક એ પંચ આવું કરે એવી ફરજ પણ ન પાડી શકાય તો આ જે બાબતો છે એ આજના રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે એવી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક ૧૪-સન ૨૦૨૨નું ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક -૧૪-સન ૨૦૨૨નું ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૨ નું ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સને ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૩**

ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) વિધેયક**,** ૨૦૨૨

**વર્ષ ૧૯૮૦ દરમિયાન ભારતની સંસદ દ્વારા અધિનિયમિત કરવામાં આવેલા ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૧૯૮૦ અને ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) અધિનિયમ, ૧૯૮૦ રદ કરવા બાબત વિધેયક.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(** નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૨નું ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત)વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૨૨નું ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત)વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે રાજ્યની આવક અને જાવક દર્શાવતું રાજ્યનું આગામી વર્ષનું અંદાજપત્ર તૈયાર કરી રાજયના વિધાનગૃહમાં રજૂ કરે છે. વિધાનસભાએ ચર્ચા કરી અને અંદાજપત્રની જે માગણીઓ પસાર કરી તેમાં મતપાત્ર અને બિનમતપાત્ર રકમનો વિનિયોગ એટલે કે, વિનિયોગ વિધેયક વિધાનસભામાં પસાર કરી નામદાર રાજ્યપાલશ્રીની મંજૂરી મળે એટલે તે એપ્રોપ્રીએશન એક્ટ બને છે. આમ એપ્રોપ્રીએશન એક્ટમાં સમાવેશ કરેલ જે તે વિભાગની બજેટની જોગવાઇ જે તે વિભાગને ફાળવવામાં આવે છે અને વિભાગ દ્વારા તે ખર્ચ કરવામાં આવે છે. તે વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટનો ઉપયોગ થાય છે કે કેમ તેનું એકાઉન્ટ જનરલ કચેરી દ્વારા દર વર્ષે ઓડિટ કરવામાં આવે છે. રાજ્ય સરકારે ફાળવેલી ગ્રાન્ટમાંથી વિભાગે કરેલ ખર્ચમાં કોઇ વિસંગતતા જણાય તો એકાઉન્ટ જનરલની કચેરી દ્વારા ઓડિટ પારા ઉપસ્થિત કરવામાં આવે છે અને આ ઓડિટ પારાનો વિભાગ દ્વારા ખુલાસા કરતી નોંધ કરવામાં આવે છે. આમ, ઓડિટ પારા અને તેના ખુલાસાની નોંધની ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિમાં ચર્ચા કરવામાં આવે છે અને જે તે વિભાગની ખુલાસા નોંધ ધ્યાને લઇને ઓડિટ પારાનો નિકાલ કરવામાં આવે છે. આમ રાજ્ય સરકારશ્રી દ્વારા વિધાનસભામાં જે એપ્રોપ્રીએશન એક્ટમાં સમાવેશ કરેલ રકમના ઓડિટ પારાનો સને ૨૦૦૬-૦૭ સુધીના જાહેર હિસાબ સમિતિ દ્વારા નિકાલ કરવામાં આવેલ છે. જે ધ્યાને લઇ ગુજરાત વિધાનસભાના માર્ચ ૧૯૮૦માં મળેલ સત્રમાં બિલ નંબર-૪, ૨૦20થી કુલ ૧૫૬ એપ્રોપ્રીએશન એક્ટ રદ કરવાની ગુજરાત વિધાનસભાએ મંજૂરી આપેલ. કારણ કે આ કાયદા બિન ઉપયોગી હોઇ તે રદ કરવાથી બીજા કોઇ કાયદાને અસર થતી નથી તેથી રદ કરવામાં આવેલ છે. સને ૧૯૮૦માં રાજ્ય સરકારશ્રીનું સને ૧૯૮૦-૮૧ ના વર્ષનું અંદાજપત્ર તેમજ ૧૯૭૯-૮૦ના વર્ષનું પૂરક અંદાજપત્ર ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામાં આવેલ. પરંતુ રાજકીય અસ્થિતરતાને લીધે રાજ્યમાં તા. ૧૭-૩-૧૯૮૦ થી રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવેલ. પરંતુ આગામી વર્ષનું અંદાજપત્ર તા.૩૧-૩-૧૯૮૦ પહેલાં પસાર કરવું વૈધાનિક રીતે જરૂરી હોવાથી રાજ્ય સરકાર વતી કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં આ બે અંદાજપત્રો રજૂ કરેલ અને પસાર કરેલ. તેની મંજૂરી મળતા તે બંને એક્ટ ૧૯૮૦ માં બનેલ, આમ આ બંને કાયદા હાલમાં બિન ઉપયોગી હોઇ તેને ચાલુ રાખવા ઉચિત ન હોઇ બંને કાયદા રદ કરવા માટેનું આ બિલ નંબર ૧૩-૨૦૨૨ વિધાનસભામાં રજૂ કરેલ છે. તેને મંજૂરી આપવા માટે માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું.

* વિધેયક તા.૧૯મી સપ્ટેમ્બ, ૨૦૨૨ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ભાદ્રપદ ૩૧,૧૯૪૪ શાકે

છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ - ૧૦૨)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિનિયોગ અધિનિયમ રદ કરવા બાબતનું જે વિધેયક માનનીય મંત્રીશ્રી લાવ્યા છે, તેમાં મારો પ્રસ્તાવ છે કે, તે મત માટે મૂકવામાં આવે. કારણ કે આમાં કોઇ ચર્ચા હોતી નથી અને આ બાબતના પૂર્વ નિર્ણયો પણ છે. આદરણીય ડો. સી.જે.ચાવડાજી પણ આ બાબતે સંમત થશે. એટલે આ બિલ મત માટે મૂકવા વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક:૧૩-સન ૨૦૨૨ નું ગુજરાત ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક:૧૩-સન ૨૦૨૨ નું ગુજરાત ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે ને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી **:** સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક ૧૩-સન ૨૦૨૨ના ગુજરાત ગુજરાત વિનિયોગ અધિનિયમો (રદ કરવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ- ૧૦૨)**

**જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવો અંકુશમાં લેવા અંગે**

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે,

રાજયમાં દિન પ્રતિદિન જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ જેવી કે ખાધતેલ, અનાજ, શાકભાજી, રાંધણગેસ, લોટ, દૂધ અને દૂધની બનાવટની વસ્તુઓ સહિતના ભાવો વધતા જાય છે. ઉપરાંત આવી ચીજ વસ્તુઓ ઉપર જી.એસ.ટી.ના ઉંચા દર અને બીજી બાજુ પેટ્રોલ, ડીઝલ અને સી.એન.જી.ના વધતા ભાવોને કારણે ગરીબ મધ્યમ વર્ગના નાગરિકોના જીવનિર્વાહ પર વિપરીત અસર પડી રહી છે. જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવો વધવાથી આમજનતાને મોંઘવારી નડી રહી છે. આથી આમજનતાને રાહત આપવા જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવો અંકૂશમાં લેવા આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજય અને દેશભરમાં મોંઘવારીએ જ્યારે માઝા મૂકી છે ત્યારે રાજયમાં દિન પ્રતિદિન જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ જેવી કે ખાધતેલ, અનાજ, શાકભાજી, રાંધણગેસ, લોટ, દૂધ અને દૂધની બનાવટની વસ્તુઓ સહિતના ભાવો વધતા જાય છે. ઉપરાંત આવી ચીજ વસ્તુઓ ઉપર જી.એસ.ટી.ના ઉંચા દર અને બીજી બાજુ પેટ્રોલ, ડીઝલ અને સી.એન.જી.ના વધતા ભાવોને કારણે ગરીબ તથા મધ્યમ વર્ગના નાગરિકોના જીવનિર્વાહ પર વિપરીત અસર પડી રહી છે. જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવો વધવાથી આમજનતાને મોંઘવારી નડી રહી છે, ત્યારે સરકારશ્રીને મારી અરજ છે કે આ જે મોંઘવારી વધી રહી છે જેને કારણે લોકોનું જીવન અસ્તવ્યસ્ત થઇ ગયું છે. રાજય અને દેશભરમાં લોકો આજે રસ્તા ઉપર ઉતરી આવ્યા છે. ગુજરાત રાજયમાં ગાંધીનગર આજે સત્યાગ્રહ છાવણી બની ગયું છે. જે લોકોના પગાર ઓછા છે એવા ૩૨ કર્મચારી સંઘો આજે રસ્તા પર ઉતરી આવ્યા છે. એમની જૂની પેન્શન યોજના, આરોગ્ય અધિકારીઓ, આશા વર્કર એમ દરેક વર્ગના કર્મચારી/અધિકારી રસ્તાઓ પર ઉતરી આવ્યા છે ત્યારે સરકારને મારું કહેવું છે કે ભાવો ઉપર અંકુશ લાવે. પ્રજા ત્રાહીમામ થઇ ગઇ છે, જીવન જીવવું ખૂબ જ મુશ્કેલ થઇ ગયું છે અને દરેકને પોતાનું ઘર ચલાવવું ખૂબ મુશ્કેલ બનતું જાય છે. આવનાર ભવિષ્યનાં બાળકોના શિક્ષણને પણ મોંઘવારી નડી રહી છે ત્યારે મોંઘવારી ઉપર અંકૂશ લાવે એવી સરકારને મારી ભલામણ છે. જો આ ભાવો અને મોંઘવારી ઉપર અંકૂશ લાવવામાં નહીં આવે તો આપણા દેશ અને રાજયની પરિસ્થિતિ ખૂબજ વિકટ બનશે. સરકારને હું કહેવા માગુ છું કે સરકાર આ મોંઘવારી ઉપર અંકૂશ લાવે અને ભાવ વધારા ઉપર સદનમાં ચર્ચા કરે એવી મારી માગ છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(વિપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસના પ્રસ્તાવમાં નસીબ જોગે, આમાં રોટેશનમાં નસીબ જ આવતું હોય છે અને એમાં અમારા કોંગ્રેસ પક્ષના સભ્ય માનવંતા શ્રી ઇન્દ્રજીતસિંહ પરમારનો જે પ્રસ્તાવ છે એ પ્રસ્તાવ ગુજરાતની તમામ જનતાને કઠે છે અને એ કઠતી વાત રજૂ કરવા માટેનો ચાન્સ આ ગૃહમાં આપણને બધાને મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમને તો આ મોંઘવારી નડે છે પણ શાસક પક્ષને કદાચ આ નહીં નડતી હોય અને નાણામંત્રીશ્રી તો ખાતુ લઇને બેઠા છે એટલે મોંઘવારી એમને નહીં નડતી હોય પણ અમારા ગામડાની જે ગૃહિણી છે એને મોંઘવારી ખૂબ નડે છે અને આપણે જાણીએ છીએ કે, રાજયમાં શાકભાજીના ભાવ વધે છે, દૂધના ભાવ વધે છે, લોટ અને લોટની બનાવટના ભાવ વધે છે. આ સરકારે ટેક્સ નાંખવામાં શું બાકી રાખ્યું છે? ફક્ત હવા બાકી રાખી છે અને તમારું ચાલે તો તમે હવા પર પણ કદાચ ટેક્સ નાંખી દેશો. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારની જે કારમી મોંઘવારી છે તે કારમી મોંઘવારીમાં કોઇ પણ પક્ષને જે અત્યારે વેઠવું પડે છે, બોલતાં નથી શાસક પક્ષ એટલા માટે બોલતો નથી કે તમારા ઉપર પ્રતિબંધ છે કે સાચી

વસ્તુ નહીં બોલવી જયારે અમારી ફરજ છે કે આ ગુજરાતનું સન્માનીય ગૃહ છે અને સન્માનીય ગૃહમાં જે સાચી વાત પ્રજાનો જે આર્તનાદ છે તે આર્તનાદને અમારે રજૂ કરવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે જ વાત થઇ દૂધ અને દૂધની બનાવટો તેને આપણે કઇ કેટેગરીમાં મૂકી છે? છાશ ઉપર પણ ટેક્સ, જી.એસ.ટી., દહીં ઉપર તેની જે બનાવટો થાય છે તે ટેક્સ અને આખરે તે જે પ્રોડકશન કરે છે, જે દૂધ ભરે છે તેને ફાયદો થતો નથી. આ તમે ટેક્સ ઉઘરાવીને નાના માણસોને જે દૂધ, છાશ પીવાની થાય તેના ઉપર ટેક્સ નાંખીને સરકારની તિજોરી ભરવાનું કામ આ સરકારે કર્યુ છે. છેલ્લું સત્ર છે અને સરકારે જે વિવિધ ટેક્સ નાંખ્યા છે. ખાસ કરીને બનાવટો ઉપર ૫૦૦ ગ્રામનું પેકિંગ હોય તો તેની ઉપર ટેક્સ અને ૨૫ કિલોનું પેકિંગ હોય તો તેની ઉપર ટેક્સ નહીં. કયો ગરીબ માણસ એવો છે કે ૨૫ કિલોનું પેકિંગ લઇ શકે? રોજનું રોજ દાડિયું કમાઇને પોતાનું પેટીયું રળતો ગરીબ મજૂર તે ટેક્સ ભરે અને જેની પાસે સગવડતા છે અને તે સગવડતાવાળો માણસ ૨૫ કિલોની વસ્તુ લાવી અને ટેક્સ નથી ભરતો ત્યારે આ જે ગામડાંના માણસને તકલીફ ઉભી થઇ છે આ વહીવટીમાં કયાંક અને કયાંક ભૂલ થઇ રહી છે. સરકારી તંત્ર મારફતે સરકારની તિજોરી ખાલી નહીં થઇ જાય, તમે તમારા વિકાસનાં કામો અટકી ના પડે અને એટલા માટે આ ટેક્સનું જે ભારણ વિવિધ બનાવટો ઉપર વધાર્યુ છે તે ટેક્સનું ભારણ આ ગરવી ગુજરાતના નાગરિકો ઉપર જે પડી રહ્યું છે તેને સરકાર દૂર કરે તે વાત સાથે હું મારી વાત પૂરી કરું છું.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનીય ગૃહના માનનીય સભ્યશ્રી ઇન્દ્રજીતસિંહજી પરમાર છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૪મી વિધાનસભાનું છેલ્લું સત્ર અને છેલ્લા દિવસના પ્રસ્તાવ ઉપર બોલવાનો અવસર પ્રાપ્ત થયો છે. અમારી સરકાર, અમારી ડબલ એન્જિનની સરકાર ગરીબો માટે, પીડિતો માટે, વંચિતો માટે, શોષિતો માટે, છેવાડાના માનવીઓ માટે અને સાથે સાથે અંતિમ પંકિતમાં બેઠેલાઓ માટે કટિબદ્ધ છે, સમર્પિત છે, નિર્મિત છે અને સાથે સાથે પ્રતિબદ્ધ પણ છે. આપણે સૌ જાણીએ છીએ કે રોટી, કપડાં અને મકાન આપણા સૌ કોઇ માટે પ્રાથમિક જરૂરિયાત હોય છે. એક કહેવત છે કે મુંબઇની અંદર રોટલો મળે પણ ઓટલો ના મળે. મારે કહેવું છે કે, ગુજરાતની અંદર રોટલો પણ મળે છે, ઓટલો પણ મળે છે અને સાથે સાથે ઘર પણ મળે અને પ્રધાનમંત્રી આવાસ યોજના પછી તે ગ્રામીણ હોય કે શહેરી હોય એના આપણે સૌ કોઇ સાક્ષી છીએ. એમાં હું કોઇ પોલિટિકલી વાત કરવા માગતો નથી એટલે એ વાતને હું વિરામ આપું છું પરંતુ સાથે સાથે અમારી કેન્દ્રની અને અમારી ગુજરાતની સંવેદનશીલ સરકાર ગરીબ અને છેવાડાના માનવીને બે ટંક ભોજન મળી રહે અને કોઇ ભૂખ્યું ના રહે તે માટે સતત ચિંતા કરતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩નો અમલ ૧લી એપ્રિલ, ૨૦૧૬ના રોજ કરવામાં આવ્યો. આ કાયદા હેઠળ અંત્યોદય અન્ન યોજનાના કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબોનો સમાવેશ થયેલો છે. મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે ગુજરાતની ૩ કરોડ ૮૨ લાખથી વધુ વસતિને એન.એફ.એસ.એ. હેઠળ આવરી લેવાના લક્ષ્યાંક સામે ૩ કરોડ ૪૬ લાખથી વધુ વસતિને આવરી લેવામાં આવેલ છે. અંત્યોદય અન્ન યોજનાના કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબોને દર માસે વ્યક્તિ દીઠ ઘઉં રૂ.૨ પ્રતિ કિ.ગ્રા અને ચોખા રૂ.૩ પ્રતિ કિ.ગ્રા. વિતરણ કરવામાં આવે છે. કોરોના મહામારીના કારણે જે પરિસ્થિતિનું નિર્માણ થયેલ હતું તેને પહોંચી વળવા સમગ્ર દેશમાં એપ્રિલ, ૨૦૨૦થી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના માટે આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રી, સંવેદનશીલ પ્રધાનમંત્રીશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. હું આંકડાકીય માહિતી ટૂંકમાં રજૂ કરવાનો છું. મારે આનંદ અને ગર્વની સાથે કહેવું છે કે એન.એફ.એસ.એ. હેઠળ સમાવિષ્ટ રેશનકાર્ડ ધારકોને દર મહિને જે અનાજ આપવામાં આવે છે એ ઉપરાંત દર મહિને વધારાના ઘઉં વ્યકિત દીઠ ૩.૫ કિ.ગ્રા., ચોખા વ્યક્તિ દીઠ ૧.૫ કિ.ગ્રા., પાંચ તબક્કામાં માર્ચ ૨૦૧૯ સુધી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. છઠ્ઠા તબક્કાની વાત કરું તો એપ્રિલ, ૨૦૨૨થી સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધી ઘઉં વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા અને ચોખા વ્યક્તિ દીઠ ૪ કિ.ગ્રા. વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યા. મુક્ત અર્થતંત્ર બજારમાં ચીજવસ્તુઓના જે ભાવ હોય છે એ ભાવ માંગ અને પુરવઠા આધારિત હોય છે. એમાં ટૂંકમાં વિગતો આપું તો પેટ્રોલિયમ પેદાશોની કિંમત આંતરરાષ્ટ્રીય બજારની કિંમત સાથે જોડાયેલ હોય છે. એવી જ રીતે એલ.પી.જી. ગેસની કિંમત પણ આંતરરાષ્ટ્રીય બજાર પર આધારિત હોય છે. સી.એન.જી., પી.એન.જી.ના ભાવો રેગ્યુલેટરી બોર્ડ દ્વારા નિયત કરવામાં આવતા હોય છે. ઉજ્જવલા યોજનાની બહુ ડીટેઇલમાં વાત નથી કરતો પણ પ્રથમ તબક્કામાં સમગ્ર દેશમાં ૮ કરોડ કરતાં પણ વધારે ગેસ સિલિન્ડર આપવામાં આવ્યા. એમાં ગુજરાતમાં લાભાર્થીઓની સંખ્યા ૩૯ લાખ કરતા પણ વધારે હતી. બીજા તબક્કામાં ૧,૬૦,૦૦,૦૦૦ના લક્ષ્યાંક સામે ૮,૭૫,૦૦૦ કરતા પણ વધારે લાભાર્થીઓને આ ગેસ સિલિન્ડર આપવામાં આવેલ છે. કુદરતી ગેસના ભાવ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવતા હોય છે. આમ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ અંકુશમાં રાખવા માટે અમારી સરકાર સમયે-સમયે જરૂરી પગલાં લેતી હોય છે અને રાજ્યની પ્રજાને પૂરતું રક્ષણ આપતી હોય છે.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગૃહના સન્માનનીય સભ્ય ઇન્દ્રજીત ભાઇ ગુજરાતની ગૃહિણીઓની ચિંતા લઇને ગૃહ સમક્ષ આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ - ૧૦૨)

માનનીય અધ્યક્ષશ્રી, એમણે ખૂબ વાજબી વાત કરી છે. વીતેલાં વર્ષોમાં ક્યાંક સરકારી લાભો લોકો સુધી ન પહોંચવાને કારણે, ક્યાંક સરકારી યોજનાથી સામાન્ય માણસ વંચિત રહેવાના કારણે, ક્યાંક સરકારી નીતિઓમાં અનિયમિતતાના કારણે આજે આખા રાજ્યમાં મંદી, મોંઘવારી અને બેરોજગારીએ ભરડો લીધો છે. એમાં પણ કોરોનાના કપરા કાળમાં કેટલીયે મા, બહેન, દીકરીઓની મરણમૂડી કહેવાય એવી મરણમૂડી ઘરના વહાલાને બચાવવા માટે દવાખાનામાં ખર્ચાઇ ગઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કપરી સ્થિતિ વચ્ચે રાજ્ય સરકારને અમે વારંવાર વિનંતી કરી હતી કે ગુજરાતની ગૃહિણીઓને બચાવવા માટે આ મોંઘવારીના મારમાંથી મુક્તિ આપવા વિવિધ કરની અંદર જો રાહત આપવામાં આવે તો તેનો ફાયદો છેવાડાના વ્યક્તિ સુધી થાય. કમનસીબે રાજ્ય સરકાર સરકારી તિજોરી ભરવામાં વ્યસ્ત રહી અને તેની આડઅસરરૂપે આજે ગુજરાતની લાખો ગૃહિણીઓને તેના ઘરે બે ટાઇમ ચૂલો કેમ સળગે તેની સતત ચિંતા સતાવી રહી છે. પહેલા બળતણ લઈ અને ચૂલો સળગાવતા હતા. ગેસના સિલિન્ડર ઘર સુધી પહોંચ્યા. મારી બહેનો મફતમાં ઉજ્જવલા યોજનાનો લાભ લ્યો. બહેનોએ બિચારીએ મફતમાં ઉજ્જવલા યોજનાનો લાભ લીધો. આજે રૂ. ૪૦૦/ -માં મળતો ગેસનો બાટલો રૂ. ૧૧૦૦/ - એ પહોંચ્યો ત્યારે તેનો ચૂલો કેમ સળગશે તેની ચિંતા ઘરે ઘરે ગૃહિણીઓને સતાવી રહી છે. ગઈકાલે પણ મેં ફ્લોર ઉપર કહ્યું કે આકરી કર વસૂલાતના કારણે જીવન જરૂરી તમામ વસ્તુઓ જેવી કે, કરિયાણું, ગંધિયાણું, મસાલા, તેલ, અનાજ વગેરે લેવા જાય તો દિવસ ઊગે અને મોંઘવારી વધે. જેમ શેરબજારના ભાવ સતત વધઘટ થતા હોય તેમ મોંઘવારીનો ગ્રાફ સતત વધી રહ્યો છે. પરિણામે આજે કોઈ ગૃહિણીને ઘરમાં દૂધ, છાશ, દહીં, માખણ, ચીઝ, બટર, પનીર, ચટણી, મીઠું અને જીરું લાવવું હોય તે ટેક્સના કારણે મોંઘું થયું. આ ભાવવધારાનો ભોગ ગુજરાતની ગૃહિણીઓએ બનવું પડ્યું. આપ આ ગૃહનું અધ્યક્ષપદ કરી રહ્યા છો અને આપ સહિત તમામ ગૃહિણીઓની હું ચિંતા કરી રહ્યો છું. મારે કોઈ ટીકા ટિપ્પણીમાં પડવું નથી. આ ગૃહે ખૂબ પ્રેમ આપ્યો છે. પક્ષ હોય કે વિપક્ષ આપણે સાથે મળી અને ગૃહની ચર્ચાઓને હંમેશા આગળ વધારી છે. ગુજરાતની પ્રજાની ચિંતા કરી છે ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ મોંઘવારીના મારમાંથી ગુજરાતની ગૃહિણીઓને બચાવવા માટે આજે જે *(xxx) નું શાસન છે ત્યાં કરની રાહતો આપવામાં આવશે તો તેનો લાભ ગૃહિણીઓને પહોંચશે.

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. *(xxx) શબ્દ રેકર્ડ પરથી કાઢી નાંખવામાં આવે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ઈન્દ્રજીતભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં જે રીતે છેલ્લાં વર્ષોમાં બેફામ રીતે મોંઘવારી કૂદકે ને ભૂસકે વધતી જાય છે તેના માટે જવાબદાર કોણ? મોંઘવારી માટે અત્યારે શ્રી વિવેકભાઈ જે રીતે વાત કરતા હતા તેમાં સ્વાભાવિક છે કે સત્તાની સાથે પોઝિટિવ વાત કરવી પડે પણ આપણે વાસ્તવિકતાનો પણ સ્વીકાર કરવો પડે. હું સરકારને પૂછવા માગું છું કે જે રીતે બેફામ મોંઘવારી વધે છે ત્યારે તમે મોંઘવારીનો 'મ' બોલવા તૈયાર નથી. શા માટે તમે મોંઘવારી માટે બોલતા નથી? 'બહુત હુઈ મહેંગાઈ કી માર, અબ કી બાર' આ સૂત્ર સાથે આવ્યા હતા. જે રીતે પેટ્રોલ-ડીઝલનો ભાવ વધતો જાય છે ત્યારે છેલ્લા દિવસે અને છેલ્લા સમયે હું કોઈ રાજકીય ટિપ્પણી કરવા માગતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસે હું કોઇ રાજકીય ટિપ્પણી કરવા માંગતો નથી. પણ ભૂતકાળની અંદર વર્ષ ૨૦૧૪ પહેલાં ગુજરાતમાં તમે બધા જે વાતો કરેલી છે એ ભાષણો યુ-ટ્યુબ પર વાંચો. મોંઘવારી માટે કોણ જવાબદાર? અર્થશાસ્ત્રના માંગ અને પુરવઠાના સિદ્ધાંત પ્રમાણે જ્યારે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં વધારો થતો જાય છે, ત્યારે કોઇ પણ પુરવઠાની માંગ વધે અને પુરવઠો ન હોય તો માર્કેટની અંદર ભાવો ઊંચા જાય. પુરવઠો વધારે હોય તો ભાવો નીચા આવે. આ સિદ્ધાંતને બેલેન્સ કરવાની જવાબદારી કોની? સરકારની ખરી કે નહીં? આની અંદર કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ ગઇ છે. આ નિષ્ફળતાને કારણે ગુજરાતની સાડા છ કરોડની જનતા મધ્યમ, પીડિતો, શોષિતો અને વંચિતોના ભાગે આ સહન કરવાનું આવે છે. શ્રી મનમોહનસિંહ વખતે ૪૦૦ રૂપિયાના ગેસના બાટલામાં ૫૦ રૂપિયાનો વધારો થયો. ૪૫૦ રૂપિયા થયા ત્યારે દિલ્હીની બજારમાં સ્મૃતિબેન ઇરાની ગેસનો બાટલો લઇને રોડ ઉપર બેઠા હતા. આજે મારે સ્મૃતિબેન ઈરાનીને પૂછવું છે કે આજે ૧૧૦૦ રૂપિયાએ બાટલો પહોંચ્યો. આજે તમે ક્યાં છો? તમે એક વખત આ મહિલાઓ માટે વાત તો કરો. પણ બોલવા તૈયાર જ નથી. આ વાસ્તવિકતા છે. ગાંધીનગરની અંદર સત્યાગ્રહ છાવણી નંખાય છે એના માટે કોણ જવાબદાર? સરકાર અમારાવાળાઓને આ બાજુથી લઇ જવા માટે સમય વાપરે છે. પણ આમાં સમય બગાડવાને બદલે આ મોંઘવારી કેમ ઘટે એમાં મગજ વાપરો. ગુજરાતની સાડા છ કરોડની જનતા છે, જે ગરીબો, પીડિતો છે એના માટે કંઇક ચિંતન કરો. એના માટે કોઇ પ્રકારની માનસિકતા નથી.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસના પ્રસ્તાવ પર બોલતાં પહેલાં આજે મારે કહેવું છે કે, સમગ્ર વિધાનસભા ગૃહ દ્વારા વર્ષ ૨૦૨૧ના શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકે મારું જે સન્માન કરવામાં આવ્યું અને સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સહિતના ગૃહના મારા તમામ ૧૮૨ સાથીદારોએ મારું જે સન્માન કર્યું છે એ બદલ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ-૧૦૨)

હું અત્યંત આભારની લાગણી વ્યક્ત કરું છું. આ ગૃહને મેં મારો પોતાનો પરિવાર ગણ્યો છે અને એ રીતે છેલ્લાં ૨૦ વર્ષથી આ ગૃહમાં હું કામ કરતો આવ્યો છું. પ્રારંભમાં વર્ષ ૨૦૦૨માં માનનીય શ્રી નરેન્દ્રભાઇએ મને મુખ્ય દંડક બનાવ્યો અને તે પછી પાર્લામેન્ટરી ડિસિપ્લીન અને ગૃહ સરપંચના સંચાલન માટે એમણે મને જે માર્ગદર્શન આપ્યું એનાથી હું કેળવાયો. મારી કાર્યપદ્ધતિમાં મેં શ્રી નરેન્દ્રભાઇ મોદીની વિચારશક્તિને પ્રતિપાદિત કરવાની કોશિશ કરી છે અને દરેક પ્રસંગે મને ગૃહનો સહકાર મળ્યો છે. હું એટલે આ ગૃહને જણાવવા માંગું છું કે, છેલ્લા ૫૭ વર્ષથી સતત હું રાજનીતિમાં સક્રિય રહ્યો છું. એક પણ દિવસનો ડ્રોપ નથી. પરંતુ, આ વિધાનસભા ગૃહના ચાર ટર્મના કામકાજમાં તમામ સભ્યો અને અગ્રણીઓ દ્વારા મને જે હૂંફ અને આનંદ મળ્યો છે.

એમાં ખાસ કરીને શ્રી નરેન્દ્રભાઇ, ત્યારપછી શ્રીમતી આનંદીબેન, શ્રી વિજયભાઇ અને અત્યારે શ્રી ભૂપેન્દ્રભાઇ અને બાકીના બધા સભ્યશ્રીઓ દ્વારા એ બદલ એમના પ્રત્યે હું કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરું છું અને આટલું કહીને આ પ્રસ્તાવ ઉપર હું મારું મંતવ્ય રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી જીતુભાઇને આપણે જે શ્રેષ્ઠ એમ.એલ.એ.નો એવોર્ડ આપ્યો એના માટે જે પ્રતિભાવ આવવો હતો એની આપણે એમને ચાર મિનિટ આપી હવે તેઓ આપણા આ પ્રસ્તાવ ઉપર બોલશે.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સંવેદનશીલ નેતૃત્વ હેઠળ અમારી સરકારે રાજ્યના ગરીબ અને છેવાડાના માનવીના ઘરમાં બે ટંકના ભોજનની વ્યવસ્થા સૂચારૂ રૂપે થઇ શકે તેની સતત ચિંતા કરી છે. જે માટે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો - ૨૦૧૩નો ૧લી એપ્રિલ ૨૦૧૬થી સમગ્ર રાજ્યમાં અમલ કરવામાં આવ્યો છે. ભારત સરકાર દ્વારા ગુજરાત રાજ્યની કુલ ૩૮૨.૮૪ લાખની વસતિને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરાયેલ છે. માહે સપ્ટેમ્બર-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૭૧.૨૯ લાખ કુટુંબોની ૩૪૬.૧ લાખ વસતિને આ કાયદા હેઠળ આવરી લેવામાં આવેલ છે. અગ્રતા ધરાવતા કુટુંબ માટે કુટુંબનો કોઇ પણ સભ્ય માસિક રૂપિયા ૧૦ હજારથી વધુ આવક ધરાવતો હોય તો તે કુટુંબને બાકાત રાખવાનો થાય છે. તેની જગ્યાએ માસિક રૂપિયા ૧૫ હજારની આવક મર્યાદા કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ જાહેરાત કરાયેલ છે. સભ્યશ્રીઓને આ ધ્યાનમાં હોવું જોઇએ. વિશ્વના અનેક દેશોના અર્થતંત્ર આજે ડામાડોળ સ્થિતિમાં છે ત્યારે ભારત દેશ માટે આ સંસ્કૃતિનો કાળ છે અને એમાં આપણું અર્થતંત્ર એક સ્ટેબલ અવસ્થામાં આગળ વધી રહ્યું છે. એના માટે કેન્દ્ર સરકારની દૂરંદેશી, પ્રધાનમંત્રીશ્રીની દેશને આગળ લઇ જવા માટેની લાક્ષણિક શૈલી એ બધું કારણભૂત છે. હાલમાં સાત ટકાની આસપાસ કન્ઝુમર પ્રાઇસ ઇન્ડેક્ષ છે. ભાવો સ્થિર રાખવા માટે સરકારે પગલાં લીધાં છે. બજારમાંથી નાણા ખેંચવા રિઝર્વ બેંકે બે મહિના પહેલા રેપોરેટ વ્યાજ દર વધાર્યો જેથી મની સપ્લાય ઘટે. પેટ્રોલમાં લીટરે રૂપિયા ૮ તથા ડીઝલમાં રૂપિયા ૬ મે મહિનામાં ઘટાડ્યા. જેના લીધે કેન્દ્રને રૂપિયા એક લાખ કરોડ એક્સાઇઝમાં ગુમાવવા પડશે. નાણા સમિતિની વેપાર નીતિમાં ફેરફાર કર્યો. એક્સપોર્ટથી થતી ચીજો ઉપર કન્ટ્રોલ મૂકવામાં આવ્યો અને ઇમ્પોર્ટ ચીજો ઉપર ડયૂટી ઘટાડવામાં આવી. આ બધાં પગલાં લઇને કેન્દ્ર સરકારે જે પ્રયત્નો કર્યા એની સાથે સાથ પૂરાવીને રાજ્યની સરકારે પણ આ દૂરંદેશીભર્યાં પગલાં લઇને બને એટલું આ મોંઘવારીથી ચિંતિંત જનતાને હૈયાધારણ આપવાનું કામ કરી રહી છે અને એમાં આપણે સાચા પૂરવાર થઇશું. સમગ્ર ગૃહ આ જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ છે એમાં સરકારે જે પ્રયત્નો કર્યા છે તેને હું બિરદાવું છું. બધાએ પણ એને બિરદાવું જોઇએ. ધન્ય વાદ, ભારતમાતા કી જય.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ**(**દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્યશ્રી જે મોંઘવારી બાબતે પ્રસ્તાવ લઇને આવ્યા છે એની ઉપર હું મારા વિચારો અને મારું મંતવ્ય આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાકાળ પછી કોરોનાની બે વર્ષની જે સ્થિતિ હતી તેના પરિણામે લોકોની આર્થિક સ્થિતિ બહુ નબળી થઇ છે. ગેસ હોય, પેટ્રોલ હોય, ખાદ્યતેલ હોય કે સ્કૂલની ફી હોય એ તમામ બાબતે લોકોની હાલાકી વધી છે અને આ કોરોના અને બેકારીના પરિણામે મોંઘવારીની સીધી અસર શિક્ષણ ઉપર પડી છે. આજે લોકો જે ખાનગી શાળાઓમાં કે જે સેલ્ફ ફાઇનાન્સ થઇ ગઇ એમાં જે વેપલો કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, એ ખાનગી શાળાઓમાંથી પોતાનાં બાળકોને ઉઠાડીને સરકારી શાળાઓમાં એમને એડમિશન અપાવવા માટે મજબૂર થયા છે. આપણે આંકડા પણ આપીએ છીએ કે આટલા લોકો ખાનગી શાળા છોડીને સરકારી શાળાઓમાં જોડાયા. અમદાવાદમાં મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડે જાહેરાત કરી કે દસ હજારથી વધારે વિદ્યાર્થીઓ કોર્પોરેશનની શાળાઓમાં જોડાયા.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને જણાવવા માગું છું કે આ મોંઘવારીની સીધી અસરથી શિક્ષણના લીધે છોકરાઓનું ભવિષ્ય કયાંકને કયાંક બગડી રહ્યું છે. કેમ કે સરકારી શાળાઓની સ્થિતિ આપણે સૌ જાણીએ છીએ કે જે હોવી જોઇએ તેવી નથી. જે કોર્પોરેશનની શાળાઓ કે સરકારી શાળાઓ બંધ થઇ છે. અમદાવાદ કોર્પોરેશને સારો નિર્ણય કર્યો કે જે સરકારી શાળા બંધ થઇ છે. અમદાવાદ કોર્પોરેશનની ૨૦૦ આસપાસ શાળાઓ બંધ થઇ છે તેના માટે એક સરાહનીય પગલું કોર્પોરેશન તરફથી શરુ થયું છે કે જે સરકારી શાળાઓ બંધ થઇ તેને અંગ્રેજી માધ્યમની શાળામાં ટ્રાન્સફર કરીને શરુ કરવામાં આવી રહી છે. મેં પોતે પણ મારા મત વિસ્તારની અંદર દરિયાપુર પબ્લિક સ્કૂલ અને કાલુપુર પબ્લિક સ્કૂલ રજૂઆત કરીને બનાવડાવી છે. જેમાં ૧૬૦૦ બાળકો ભણી રહ્યાં છે. પરંતુ મારે દુઃખ સાથે કહેવું છે કે ત્યાં જે ઇન્ફ્રાસ્ટ્રકચર હોવું જોઇએ, જે સાધન સામગ્રીની જરૂરિયાત છે, જે વેલ ટ્રેઇન્ડ ટીચર્સ હોવા જોઇએ તે નથી. ફિકસ પગારદારોને ત્યાં ટીચર તરીકે મૂકવામાં આવેલા છે. એની

સીધી અસર સરકારી શાળાઓમાં ભણતાં બાળકો પર પડી રહી છે. તેથી મારી વિનંતી છે કે મોંઘવારીના લીધે જે લોકો ખાનગી શાળાઓ છોડીને સરકારી શાળાઓમાં આવી રહ્યાં છે, તો આ મોંઘવારીના લીધે એ બાળકોનું ભવિષ્ય ન બગડે અને એના લીધે એ લોકો અટકે નહીં અને આગળ વધી શકે, તેમની પ્રગતિ કરી શકે, હરિફાઇમાં અને અન્ય લોકો સાથે ખભેખભા મિલાવી શકે, તેમને સમાન તક મળી રહે તે રીતે સરકારી શાળાઓનું સ્તર સુધારીએ તો ગરીબ વર્ગના લોકોને મોંઘવારીથી રાહત મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ વિધાનસભા ગૃહનો છેલ્લો દિવસ છે. હવે ઇશ્વર જાણે અને હાઇ કમાન્ડ જાણે કે કોને ટિકિટ મળશે, કોણ જીતશે, કોણ હારશે અને કોણ પાછા અહીં આવશે, પરંતુ તમામ મારા ધારાસભ્યો મિત્રોને આ ૫ વર્ષમાં કોઇ મારાથી ભૂલ થઇ હોય કે કોઇની લાગણી દૂભાઇ હોય તો હું એમની ક્ષમાયાચના માગું છું, એમનાથી માફી માગું છું તથા તમામ મારા સાથી ધારાસભ્યોને હું ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું કે તેમનું સ્વાસ્થય સારું રહે, એમનું આયુષ્ય વધે, એમની પ્રગતિ દરેક પંથે થતી રહે અને ૫ વર્ષના સંસ્મરણો હંમેશા યાદ રાખીશું. આ ચહેરાઓ જે આપણે જોઇ રહ્યા છીએ. એ ચહેરાઓને ભગવાન, ઇશ્વર, અલ્લાહ ખૂબ જ આગળ લઇ જાય એવી મારી વાત મૂકીને મારું વકતવ્ય પૂરું કરું છું. જય હિન્દ.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ (બાપુનગર): માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસનો પ્રસ્તાવ અમારા ધારાસભ્યશ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર લાવ્યા છે એમાં મારું મંતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સમગ્ર રાજયમાં બેકારી, બેરોજગારી અને મોંઘવારી. આ મુદ્દાઓને કારણે સૌથી પહેલા તો મહિલાઓ અને ગૃહિણીઓનું બજેટ ખોરવાઇ રહ્યું છે. મોંઘવારી વધી એની ચર્ચા થઇ. એની એક મર્યાદા હોય છે. જે તેલના ડબાનો ભાવ હજાર રૂપિયાની આસપાસ હતો એ જગ્યાએ એ સિંગતેલ ડબાનો ભાવ વધીને આજે ત્રણ હજારની આસપાસ પહોંચ્યો છે. જે ગેસ સિલિન્ડર ૪૦૦ રૂપિયાની આસપાસ હતો તે આજે ૧૦૬૦ રૂપિયાની અંદર મળતો થયો છે. પેટ્રોલ અને ડીઝલની વાત કરીએ તો આજે પેટ્રોલ ૧૦૦ રૂપિયા ઉપર અને ડીઝલ પણ ૧૦૦ રૂપિયાની આસપાસ છે. આ તમામ જીવન જરૂરિયાતની જે ખાદ્ય પદાર્થની વસ્તુઓ હોય. એ પછી કઠોળ હોય, દૂધ હોય, દહીં હોય, પનીર હોય, છાશ કે તમામ ખાદ્ય પદાર્થોના અસહ્ય ભાવ વધારાના કારણે લોકોની મુશ્કેલીઓ વધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દવાઓ પણ આજે ખાસ કરીને ખૂબ મોંઘી થઇ છે. એમાં જે મુશ્કેલીઓ ઉપસ્થિત થઇ. એમાં ખાસ કરીને દવાઓની અંદર જે ભાવ વધારો થયો છે એ પણ લગભગ બમણા જેટલા ભાવ થયા છે. લોકોની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથે એમના સ્વાસ્થય માટે જયારે એ દવા લેવા જાય ત્યારે એમાં ખૂબ મોટો ભાવ વધારો છે. સાથે સાથે કોઇને પોતાનું ઘર બનાવવાનું હોય તો સિમેન્ટ, રેતી કે સ્ટીલની અંદર પણ ખૂબ મોટો ભાવ વધારો થયો છે. એના લીધે લોકોનું જીવન પણ ખૂબ જ દૂર્લભ થઇ ગયું છે. આ લોકો મોંઘવારીમાં કઇ રીતે જીવી શકે એના માટે રાજય સરકારે વિચારવું જોઇએ. સરકારને વિનંતી છે કે ભાવ વધારો આપણા રાજયમાં ૧૫૦ ટકા, ૭૫ ટકા, ૧૨૨ ટકા અને ૮૧ ટકા જેટલો અસહ્ય વધારો થયો છે એના કારણે ગુજરાતની પ્રજાને અસર થઇ છે તો તાત્કાલિક અસરથી એ ભાવ વધારો ઘટાડવો જોઇએ એવી મારી વિનંતી છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની સરકાર હોય કે રાજયની હોય એ હંમેશા આર્થિક રીતે નબળા માણસો તથા ગરીબ માણસોની ચિંતા કરતી હોય છે. આપણે સૌએ જોયું હશે કે કોરોના વખતે જે મહામારીની લોકો ઉપર અસર થઇ હતી એના માટે આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ દરેક વ્યકિતદીઠ પાંચ કિલો અનાજ મળે એવી યોજના ચાલુ કરી હતી એ આજે પણ હજી ચાલુ રાખવામાં આવી છે. રાજય સરકાર જરૂરિયાતમંદ કુટુંબોને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા અન્વયે ઘઉ અને ચોખા આપી રહી છે. પણ સાથે સાથે લોકોને પોષણક્ષમ ભાવ મળે પ્રોટીનયુકત ખોરાક મળે એના માટે અલગ અલગ કઠોળો અને બાકીની ચીજવસ્તુઓ સસ્તાદરે આપી રહી છે. સાથે સાથે તુવેરદાળ, ચણા, ખાંડ ડબલ ફોર્ટીફાઇડ મીઠુ તેમજ તહેવારોમાં ખાદ્યતેલ જેવી વસ્તુઓ પણ આજે રાષ્ટ્રીય અન્ન નીતે હેઠળ ૭૧ લાખ કરતા વધારે લોકોને આપવામાં આવે છે. રાજયમાં અન્નપૂર્ણા યોજનાના ૭૧ લાખ કુટુંબો છે એને તુવેરની દાળા માર્ચ, ૨૦૨૧થી રૂપિયા ૩૦ પ્રતિ કિલો સબસિડી આપીને આપવામાં આવે છે. આજે આપણે તુવેરદાળમાં ૩૦ રૂપિયા સબસિડી આપતા હતા એમાં માર્ચ, ૨૦૨૨થી સબસિડીમાં દોઢો વધારો કરીને વિતરણ ભાવ રૂપિયા ૫૦ પ્રતિ કલોગ્રામ આપીને જે મોંઘવારીમાં ફાયદો થાય એના માટેની સરકાર યોજના લઇ આવી છે. એના માટે સન ૨૦૨૨-૨૩ માટે રૂપિયા ૨૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ રાજય સરકારે કરેલી છે. આ સિવાય ચણાનું પણ વિતરણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે સન ૨૦૨૨-૨૩માં નવી બાબત રાજયના ૫૦ વિકાસશીલ તાલુકામાં આ એનએફએસ કેટેગરીના કાર્ડ ધારકોને એક કિલોગ્રામ ચણાના રૂપિયા ૩૦ લેખે વિતરણ કરવામાં આવે છે. ૧૫મી ઓગષ્ટ,૨૦૨૨થી યોજનાનો વ્યાપ વધારીને રાજયના દરેક કુટુંબોને ૧ કિલો ચણાની દાળનું વિતરણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ની નવી બાબત તરીકે ૭૧ લાખ વિદ્યાર્થીઓને દર મહિને કુટુંબદીઠ ૧ કિલો ફોર્ટીફાઇડ મીઠું આપવામાં આવે છે જેમાં ૭૫. ૬૦ કરોડની જોગવાઇ કરેલી છે. આજ રીતે રાજયના ૮ લાખ અંત્યોદય યોજનાના લાભાર્થીઓ અને ૨૪ લાખ બી.પી.એલ. કુટુંબોના કુલ મળીને ૩૨ લાખ કાર્ડધારકોને દર માસે રાહતદરે ખાંડ આપવામાં આવે છે. સન ૨૦૨૨-૨૩ માટે ૧૬૦.૪૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. રાજયમાં અન્નપૂર્ણા યોજના હેઠળના ૭૧ લાખ કુટુંબોને જન્માષ્ટમી તથા દિવાળીના તહેવારોમાં બે માસ માટે ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવે છે એના માટે રાજય સરકારે ૯૮ કરોડની જોગવાઇ કરી છે. આપણે ભાવની સરખામણી કરીશું. એમાં આપણે ઘણી વખત વાત કરીએ છીએ કે આજથી ૩૦-૪૦ વર્ષ પહેલા

મોંઘવારી આટલી ઓછી હતી. એ વખતના ભાવની આપણે સરખામણી કરીએ છીએ. ભાવની સરખામણી કરીએ ત્યારે સાથે સાથે જે તે વખતના લોકોની આવક અને આજના લોકોની આવક એની જો આપણે સરખામણી કરીએ તો આપણને ખ્યાલ આવશે કે ત્યારે જે લોકોની આવક હતી એની સાથે સાથે જયારે ભાવ વધ્યા છે ત્યારે લોકોની પણ આવક વધી છે. હું ૧૯૭૪ નો દાખલો આપવા માગું છું. તે વખતે મેં બી.એસ.સી. કર્યું. ત્યારે પોરબંદરમાં ઓરીએન્ટ એબ્રેસીવ કંપની આવી કેમિસ્ટ તરીકે જે લોકો જોડાયા હતા એનો માસિક પગાર ૫૦૦ રૂપિયા હતો આજે એ જ કેમિસ્ટ નોકરી કરે છે એને ૩૫ થી ૪૦ હજાર રૂપિયાનો પગાર આપવામાં આવે છે. મારો કહેવાનો ભાવાર્થ છે કે જયારે ભાવ વધારાની સાથે સાથે લોકોની આવક પણ વધી છે. આ સિવાય પણ આપણે જોઇશું કે પેટ્રોલ ડીઝલના ભાવ એ લગભગ ૧૯૮૭-૮૮માં ૪.૫૦ રૂપિયા લીટરનો હતો. આજે તેના ભાવ વધ્યા છે પણ તેની સાથે સાથે જેમ મેં વાત કરી તેમ ત્યારના ભાવ અને આજના ભાવ, ત્યારની આવક અને આજની આવક આ બધાની સરખામણી કરશો તો ખ્યાલ આવશે. ત્યારે સાડાચાર રૂપિયા ભાવ હતો ત્યારે વાહનની સંખ્યા આપણે ગણીશું તો વાહનની સંખ્યા પણ ઓછી હતી. તેનું પ્રાપ્ય ડીઝલ, પેટ્રોલ કે ક્રુડ ઓઇલ છે તેનું ઉત્ખનન અને આખા વિશ્વમાં જરૂરિયાત. આજે કાઢી લીધા પછી તેના ભાવ વધ્યા છે તેના લીધે બધી વસ્તુમાં ભાવ વધારો થતો હોય છે. આજે જ્યારે ગૃહનો છેલ્લો દિવસ છે ત્યારે સર્વે સભ્યોને હું શુભેચ્છા પાઠવું છું અને બધા લોકો ફરીથી અહીં ગૃહમાં આવે એવી પણ શુભેચ્છા પાઠવું છું.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર**(**વાવ**)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી ઇન્દ્રજીતભાઇ પરમાર છેલ્લા દિવસનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. મારી અગાઉના તમામ સિનિયર ધારાસભ્યોએ અને ગૃહના સભ્યશ્રીઓએ બન્ને બાજુથી મોંઘવારી માટેની વાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન સમયની અંદર મોંઘવારી એ લગામ વગરના ઘોડા સમાન થઇ ગઇ છે. એક બાજુ ગૃહિણીને પોતાનું ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. ગેસનો બાટલો ૪૦૦ રૂપિયામાં મળતો હતો એ અત્યારે ૧૦૦૦ રૂપિયા ઉપર, ડીઝલનો ભાવ ૫૦ રૂપિયા હતો એ અત્યારે ૧૦૦ રૂપિયાને પાર. પેટ્રોલનો ભાવ ૫૭ રૂપિયા હતો એ અત્યારે ૧૦૦ રૂપિયાને પાર. એક બાજુ ખેડૂતોને પોતાના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળતા નથી. બીજી બાજુ પ્રોડક્ટ વાપરવાવાળો મધ્યમ અને ગરીબ વર્ગ છે એ મોંઘવારીથી પીસાતો જાય છે. વાપરવાવાળો વર્ગ દુઃખી, ઉત્પાદન કરવાવાળો વર્ગ દુઃખી, ત્યારે માત્રને માત્ર કાળાબજારીયા, સંગ્રહખોરો અને કમિશનવાળા આ મોંઘવારી વધારવામાં ભૂમિકા અદા કરે છે આવું મારું પોતાનું માનવું છે. મોંઘવારીના કારણે ક્રાઇમમાં વધારો થાય, લૂંટમાં વધારો થાય, ઘરમાં ઝઘડા થાય આની પાછળનું મુખ્ય જવાબદાર કારણ પણ વધતી જતી મોંઘવારી છે. અત્યારે ૩૨ જેટલા સંગઠનો સમગ્ર રાજ્યમાં અને ખાસ કરીને આખું ગાંધીનગર છાવણીમાં તબદિલ થયું હોય એની પાછળ જે કર્મચારીઓને માનદ વેતન આપવામાં આવે છે એ મોંઘવારીના પ્રમાણમાં તેમનું પોતાનું ગુજરાન ચલાવવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે અને તેના કારણે આટલા બધા આંદોલનો થઇ રહ્યા છે. તેની પાછળ પણ મોંઘવારી જવાબદાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે શ્રી ગ્યાસુદ્દીનભાઇએ કહ્યું એ પ્રમાણે મધ્યમ અને ગરીબ વર્ગના સ્કૂલમાં ભણતાં બાળકોના માતાપિતા શિક્ષણ મોંઘું થતાં બાળકોને ભણવા માટે ફી પણ પૂરી ભરી શકતાં નથી. મોંઘવારી સમય અને સંજોગે વધઘટ થાય પણ તેના ઉપર સરકારનો જે અંકુશ હોવો જોઇએ એ પૂરતા પ્રમાણમાં નથી. આ સરકારે મોંઘવારી નાથવામાં જેટલાં પગલાં લીધાં તેના કરતાં રેશન આપવાનું થતું હોય, લોકોને સરકાર તરફથી સહાય આપવાની થતી હોય તો તેની પબ્લિસિટીમાં જે પૈસા જાય છે, હોર્ડિંગમાં જે પૈસા જાય છે તેમાં કંઇક કાપ આવ્યો હોત તો પણ મોંઘવારીની અંદર કાપ આવીને લોકોને સસ્તા ભાવે ચીજવસ્તુઓ મળી હોત. સસ્તા અનાજની દુકાન હોય તો પણ તેની અંદર થેલી આપ્યા સિવાય તેનું રેશન આપવામાં આવતું નથી. આજે આ વિધાનસભાનો છેલ્લો દિવસ છે. પાંચ વર્ષના સમયગાળામાં પહેલાં દિવસે ઇચ્છા વ્યક્ત કરી હતી કે ગૃહના બન્ને પક્ષના સિનિયર સભ્યો સાથ સહકાર આપશે અને અમને જરૂરી માર્ગદર્શન આપશે. પાંચ વર્ષની અંદર બધા જ સિનિયર ધારાસભ્યશ્રીઓએ, મંત્રીશ્રીઓએ ખૂબ સારો સાથ સહકાર આપી અને અમારા જે વ્યાજબી કામો હતાં તેના માટે સંતોષ વ્યક્ત કરી અને ગૃહના તમામ સિનિયર ધારાસભ્યશ્રીઓનો, સરકારનો અને વિપક્ષનો સર્વેનો ખૂબ ખૂબ આભાર માનું છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ **(**અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.**)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર જે ખાદ્ય ચીજવસ્તુઓ કે અન્ય વસ્તુઓ ઉપર મોંઘવારીની બાબતમાં જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એ પ્રસ્તાવ ઉપર ઘણા બધા આપણા સિનિયર સભ્યોએ પણ પોતાના વિચારો રજૂ કર્યા છે એમાં માનનીય સભ્યશ્રી વિવેકભાઇ, માનનીય સભ્યશ્રી પરેશભાઇ, માનનીય સભ્યશ્રી પુંજાભાઇ, માનનીય સભ્યશ્રી ગ્યાસુદ્દીનભાઇ શેખ, માનનીય સભ્યશ્રી હિંમતસિંહ પટેલ, અમારા સીનીયર આગેવાન માનનીય બાબુભાઇ, માનનીય સભ્યશ્રી ગેનીબેન, આ સૌ સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારી જાત માટે ધન્યતા અનુભવું છું કે આ છેલ્લા દિવસના પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું અને સરકારની જે પરિસ્થિતિ છે, સરકારે જે ગુજરાતની પ્રજાએ એના ઉપર ભરોસો મૂકેલો એ પ્રજાનો ભરોસો ક્યાંય અટવાઇ ના જાય, પ્રજાને ખોટી હાલાકી ભોગવવી ન પડે, પ્રજાની સુખાકારી માટે સરકારે એ ફક્ત મારા અન્ન અને નાગરિક

પુરવઠો નહીં પણ અન્ય વિભાગના મંત્રીઓ, મુખ્યમંત્રીશ્રીથી લઇને અહીંયા આદરણીય અમારા શ્રી નીતિનભાઇ પણ બેઠા છે, માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇ સાથે પણ ચાર વર્ષ સુધી કામ કરવાનો અમને મોકો મળ્યો છે ત્યારે આ પાંચ વર્ષ માટેનું આ બે દિવસનું ટૂંકું સત્ર અને આપણા બધા માટે છેલ્લો દિવસ છે. આ છેલ્લા દિવસમાં જયારે વિપક્ષના માનનીય ગ્યાસુદ્દીનભાઇ હોય કે માનનીય ગેનીબેન હોય એમણે આભાર માન્યો છે. માનનીય ગેનીબેને તો છેલ્લે સરકારના વખાણ પણ કર્યા છે કે મંત્રીશ્રીઓએ પણ જયારે એમની કોઇપણ નાનીમોટી રજૂઆત હશે એ રજૂઆત સાંભળીને બધું જ તો કામ નહીં થયું હોય પણ મોટા ભાગનું કામ કરવાના પ્રયત્નો સો ટકા અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે પણ કર્યા હશે. જયારે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની એક વર્ષથી મારી પાસે જવાબદારી આવી છે એ અન્ન અને નાગરિક પુરવઠા પ્રત્યેની મારી જવાબદારીને ધ્યાનમાં રાખીને મેં પૂરેપૂરા માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આ વિભાગને સારી રીતે ચલાવવાના મેં પ્રયત્ન કર્યા છે. હું એક આદિવાસી વિસ્તારમાંથી આવું છું. ગરીબાઇ પણ મેં જોઇ છે. હું એવો અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી છું કે મેં લાલ જુવાર પણ ખાધી છે અને અમેરિકન ઘઉ પણ મેં ખાધી છે. મારી વિધવા માં રસ્તા ઉપર કામ ઉપર ગઇ છે. અડધા રૂપિયા રોકડા લાવતી હતી અને અડધા ઘઉં અને અનાજ લાવતી હતી, એવું મેં ખાવાનું જયારે જોયું છે અને એમાંથી હું પસાર થયો છું. આજે પણ મારા વિભાગ દ્વારા મેં મોટા ભાગના જિલ્લાઓમાં જઇને મારા દુકાનદારો સાથે અને અધિકારીઓ સાથે પણ મેં મીટિંગો કરી છે. દુકાનદારોને પણ મુશ્કેલી ન પડવી જોઇએ અને ગરીબોને અનાજ મળે એ પ્રકારની વ્યવસ્થામાં એ સહકાર આપે છે. કોરોના જેવી મહામારીમાં પણ એ દુકાનદારોએ રાતના દસ-દસ વાગ્યા સુધી પણ લોકો જયારે લેવા આવ્યા ત્યારે એમને અનાજ આપવાનો પ્રયત્ન કર્યો છે. એવા દુકાનદારોની પણ વાત સાંભળવી જોઇએ અને અમે વાત સાંભળી છે. કેટલીક એમની પણ સરકારની પાસે માગણી હતી એ માગણી સંતોષવા માટેના અમારા પ્રયત્ન થયા છે. દુકાનદારોનો પણ લાંબા સમયથી કમિશનનો પ્રશ્ન હતો એ પ્રશ્ન પણ આ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આગેવાનીમાં અમે એ દૂર કર્યો અને રૂપિયા ૧૦૮ની સામે રૂપિયા ૧૪૨ કમિશનમાં વધારો કરીને આ સરકાર ઉપર લગભગ ૧૨૭ કરોડ રૂપિયાનું દર વર્ષે ભારણ વધ્યું છે. એ જ રીતે અન્ન અને નાગરિક પુરવઠો જે રીતે એક કાર્ડની અંદર લગભગ ૪ થી ૫ લોકો હોય છે તો સરેરાશ ૫ લોકો ગણીએ તો એને જે ચીજવસ્તુઓ મળે છે, દા.ત. ઘઉં અને ચોખા તો ભારત સરકાર આપણે આપે છે, એના ઉપર સબસિડી પણ આપે છે. આપણી ગુજરાત સરકાર જે કરી રહી છે એમાં આપણે દાળનો પણ ૫૦ રૂપિયા ભાવ ફિક્સ કર્યો, આપણે તેલની અંદર ૯૭ રૂપિયા જેવી સબસિડી આપવા માટેનો પ્રયત્ન કર્યો છે. ડબલ ફોર્ટીફાઇડ મીઠાની આપણે બાર રૂપિયે ખરીદી કરી છે અને આપણે એક રૂપિયે આપણે મીઠું આપીએ છીએ. ૧૧ રૂપિયા મીઠા ઉપર આપણે સબસિડી છે એ રીતે ખાંડ, આ બધું જોઇએ તો એક વ્યક્તિ ઉપર રૂપિયા ૧૩૦ સબસિડી મળે છે અને કુટુંબમાં ૫ ની સંખ્યા હોય તો ૬૦૦ રૂપિયા જેવી સબસિડી ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા મળે છે. હું ગણતરીપૂર્વક આ હિસાબ આપું છું. છેલ્લા બે વર્ષથી આદરણીય નરેન્દ્રભાઇનો આપણે આભાર માનીએ કે ૧ લાખ ૮૦ હજાર મેટ્રિક ટન અનાજ આપણને મળવાપાત્ર છે. એટલું જ અનાજ આપણે ફ્રીમાં આપીએ છીએ. ૭૦ લાખ બેગ દર મહિને ફરે છે. આજે પણ ગોડાઉન ઉપર ચક્કર મારીએ અને ટોપી પહેરી હોય અને જોઇએ તો નીચે ટોપી પડી જાય એ પ્રકારના ગોડાઉનો ભરેલા છે. એ પ્રકારની વ્યવસ્થા જે રીતે આપણે સાડા ત્રણ કરોડ જનતાને અસર થાય છે અને ૭૧ લાખ કાર્ડધારકોને અન્ન અને નાગરિક પુરવઠા દ્વારા આપણે સગવડ આપી રહ્યા છીએ. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપીએ એ કેટલાક લોકોને ન ગમતું હોય પણ મારે યાદ કરાવવું પડે કે એક ડાંગ જેવા વિસ્તારની અમારી બાઇ એ સગર્ભા હોવા છતાં પતિના પગલે પગલે કોઇ ખેડૂતને ત્યાં શેરડી પાડવા માટે જતી હોય, પેટનો ખાડો પૂરવા માટે જતી હોય છે. જ્યારે એનું બચ્ચું ઘૂંટડીએ પડતું પડતું ખેતરમાં ચાલતું હોય અને એની માં શેરડી પાડતી હોય એ દ્રશ્ય પણ જોનારા લોકો અમે છીએ. આવી વ્યક્તિ પછી એ ડાંગની હોય, ગોધરાની હોય, દાહોદની હોય, સુરતની હોય કે અમદાવાદની હોય પણ એ ગમે ત્યાં હોય પણ વન નેશન વન રેશનકાર્ડ દ્વારા એ જ્યાં હોય ત્યાં અનાજની વ્યવસ્થા પૂરી પાડવાનું કામ ભારત સરકારે અને શ્રી નરેન્દ્રભાઇના વિઝન દ્વારા, આ નાનીસૂની ઘટના નથી. આને અંત્યોદય કહેવાય છે. એ ગમે ત્યાં જાય, કદાચ એ કોઇ કોન્ટ્રાકટરને ત્યાં સેન્ટિંગનું કામ કરે, કડિયાકામે મજૂરી કરે અને ૧૫ દિવસ માટે મંદી આવી અને કોન્ટ્રાકટર કામ પર નહીં બોલાવે, શેઠીયો રૂપિયા નહીં આપે પરંતુ અમે એને ભૂખ્યું સૂવા દેતા નથી એ પ્રકારની વ્યવસ્થા અમે કરી છે. ગરીબોની ચિંતા કરવી, હું એમ નથી કહેતો કે માત્ર અમે જ કરી છે, ગરીબોની વ્યથા ઠાલવવી બહુ સહેલી છે પણ ગરીબોની વ્યવસ્થા કરવી બહુ કઠીન છે. આ વ્યવસ્થા આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છેલ્લા ૨૭ વર્ષથી કરતી આવી છે. અમે એક જ વર્ષમાં બધું ભલું કરી નાખ્યું છે એવું નથી. પરંતુ શ્રી કેશુભાઇથી લઇને અત્યાર સુધી ભૂપેન્દ્રભાઇની આગેવાની નીચે બધા લોકોએ સખત પ્રયત્ન કર્યો છે. એના જ પરિણામો આજે આપણે જોઇ રહ્યા છીએ. મોંઘવારીની વાત કરતા હતા. હું માત્ર દૂધની વાત કરું તો એપ્રિલમાં ૫૧ રૂપિયા હતા અત્યારે ૫૬ રૂપિયા છે. ચોખા એપ્રિલમાં ૩૩ રૂપિયા હતા એ અત્યારે ૩૫ રૂપિયા છે. જે ટકાવારીની વાત કરતા હતા, મારી પાસે બધા હિસાબો છે. તેલની વાત કરી તો પામોલીન તેલ આ મહિનામાં ૧૪૮ રૂપિયા ડબ્બે નીચે આવી ગયું છે. ૪૯ રૂપિયા સિંગતેલ ઉપર ભાવ વધારો થયો છે. પરંતુ એટલો બધો ભાવ વધારો નથી. પણ એની સામે મારા પ્રશ્નના જવાબમાં પણ કહ્યું છે કે મગફળી જેવી જણસમાં આપણે ખેડૂતોને વધારો આપી રહ્યા છીએ. એની થોડી સીધી અસર આપણને થાય. શાકભાજીની વાત કરીએ તો કલાઇમેટ ચેન્જ, વધુ વરસાદ પડે તો પણ શાકભાજી પર અસર થાય. એ શાકભાજી ઘણીવાર માર્કેટમાં ફેંકી દે એટલા સસ્તા

પણ થઈ જાય છે. જ્યારે વધુ ઉત્પાદન થઈ જાય ત્યારે એ.પી.એમ.સી.માં વેપારીઓ માટે પણ ઉભી થાય છે. તેમ છતાં બધી જ બાબતોમાં સરકારે ખૂબ નિયંત્રણ રાખીને અમારા તંત્ર દ્વારા એના ઉપર નિયંત્રણ કેવી રીતે થાય, શોપ ઉપર કેવી રીતે ધ્યાન અપાય એ બધી બાબતોમાં અમારી સરકારે પૂરેપૂરા પ્રયત્નો કર્યા છે. જ્યારે મોંઘવારીની વાત આવે ત્યારે ગેસની વાત કરતા હતા. ઉજ્જવલા યોજના હેઠળ મને બરાબર ખ્યાલ છે શ્રી નરેન્દ્રભાઇના આઠ-સાડા આઠ વર્ષના ગાળામાં ૧૪ કરોડ કનેકશનો બહેનોને મફત આપવામાં આવ્યા છે. આ ગુજરાતમાં ૩૭ લાખ ૫૦ હજાર ઉજ્જવલા યોજના શરૂ થઇ પછી કનેકશનો આપ્યાં છે. એ બહેન ગેસનો બાટલો મળે એ માટે શ્રી નરેન્દ્રભાઇને પણ વિચાર આવ્યો છે. બહેનોના સ્વાસ્થ્યની ચિંતા કરી છે. બહેનો ધુમાડામાંથી બચે. ભલે તમને મોંઘુ લાગતું હશે. શ્રી જીતુભાઇએ બહુ સારી વાત કરી છે. તમારા વખતનાં કનેકશન કેટલાં હતાં, આજે અમારાં કનેકશન કેટલાં છે. હું આજે કહું છું આજે પણ ગરીબો જયારે ગેસના બાટલાનો આનંદ લે છે ત્યારે અમને પણ કહે છે. અમે પણ પ્રજાના પ્રતિનિધિ છીએ. એક બહેન કોઇ આવાસની અંદર જીવતી હોય ત્યારે આગલુ બારણું અને પાછલું બારણું ઘરની સાઇઝ કેટલી હોય? ૧૦ બાય ૨૦ ની સાઇઝ હોય એમાં જ અંદર રહેવાનું, એમાં જ એનો ખાટલો, એમાં જ એનું રસોડું, એમાં જ ચૂલો સળગતો હોય ત્યારે એ ઘરની દશા કેવી હોય અને કદાચ નાનું બાળક હોય એ બાળકની આંખમાં શું અસર પડશે એ દ્રશ્ય પણ આપણે જોવું પડે. એમાંથી બહાર લાવવાનું કામ અમારા આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ કરેલું છે. ટોઇલેટ. આઝાદીના આટલાં વર્ષ પછી લાલ કિલ્લા ઉપરથી વડાપ્રધાને બોલવું પડે કે ઘરેઘરે શૌચાલય હોવું જોઇએ? આઠમા, નવમામાં ભણતી દીકરી દસમા, અગિયારમામાં ભણતી દીકરી જયારે એને શરમ અનુભવવી પડે ત્યારે કદાચ કોઇના હેડાપાડે જવું પડે ત્યારે ટોઇલેટ લોકોને યાદ આવે. ૮૦-૮૫ વર્ષની વૃદ્ધ માં શૌચ ક્રિયા માટે લોકોના હેડાપાડે જાય અને લપસી જાય ત્યારે શું પરિસ્થિતિ થાય એ આપણે વડીલને પૂછવું પડે અને એમાંથી ગેસનો ચૂલો હોય કે ટોઇલેટ હોય પરંતુ અમે ગરીબોની ચિંતા કરીને અનેક પ્રકારની વ્યવસ્થા કરી. ગરીબોની સુખાકારી એ અમારો સંકલ્પ છે. કોરોના મહામારીમાં કોણ નથી શીખ્યું? કોરોના મહામારી આટલા લાંબા સમય સુધી ચાલ્યા પછી (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી નિરંજનભાઇ, શ્રી પ્રતાપભાઇ શાંતિ રાખો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોરોના મહામારી એ વિશ્વમાં મહામારી હતી. એ આપણા રાજય કે દેશ માટે મહામારી નહોતી (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇ, આપ બેસો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કોરોના મહામારીની અંદર (અંતરાય) સાંભળો તો ખરા. વિરજીભાઇ, તમારા સભ્યો બોલ્યા. મેં બહુ શાંતિથી સૌને સાંભળ્યા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી નરેશભાઇ, એક મિનિટ. બધા સભ્યોએ ખૂબ સારી વાતો કરી. શાંતિથી બધાએ સાંભળી. હવે મંત્રીશ્રી વાત કરે એમને આપણે ડિસ્ટર્બ કરીએ એ યોગ્ય નથી.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં બધા સભ્યોને ખૂબ સારી રીતે સાંભળ્યા છે. મારો સ્વભાવ જ એવો છે કે હું કોઇને ડિસ્ટર્બ કરતો નથી. મારો સ્વભાવ જ એવો છે પણ છતાંય કોઇને ડિસ્ટર્બ કરવાની ઇચ્છા હોય તો મને કોઇ વાંધો નથી, પણ આ કોરોના મહામારીમાં જો નરેન્દ્રભાઇને આ દેશની ૧૩૦ કરોડની જનતા ઉપર જો લાગણી ન હોય, માયા ન હોય તો આ આત્મનિર્ભર ભારત ૪૦૦ રૂપિયાની રસી ૧૩૦ કરોડની જનતાને મફત આપવી એ નાનીસૂની ઘટના નથી. આ કલ્પના કરો અને કદાચ આ પહેલીવાર એવું ભારત છે કે આપણા જ વૈજ્ઞાનિકો, આપણા જ તજજ્ઞો દ્વારા શોધાયેલી આ રસી(અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી લલિતભાઇ, શાંતિ રાખો. છેલ્લે છેલ્લે શાંતિ રાખો. (અંતરાય)

શ્રી નરેશભાઇ મ. પટેલ : તો તમારે નહોતી લેવી શું કામ લીધી?

અધ્યક્ષશ્રી : શ્રી નરેશભાઇ, આ બાજુ જુઓ. આપની જે વાત હોય એ વાત પૂરી કરો. નરેશભાઇ, એ બાજુ નહીં જોવાનું.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે ત્યાં સુધી મારા વિપક્ષના સભ્યોએ પણ ૨-૨ ડોઝ લઇ લીધા છે.

અધ્યક્ષશ્રી : શ્રી પીયૂષભાઇ, બેસો આપ. પ્રતાપભાઇ, બેસો. (અંતરાય)

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોરોના મહામારીની અંદર પણ (અંતરાય) શ્રી પરેશભાઇ, તમને બહુ તક આપી.

અધ્યક્ષશ્રી : હવે નહીં. મંત્રીશ્રી બોલે છે એમને ડિસ્ટર્બ ન કરો. (અંતરાય) આપણે બધા વેક્સિનથી સુરક્ષિત થયા છીએ. એમને બોલવા દો. કોઇને બોલવાની જરૂર નથી.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકોને આજે છેલ્લા દિવસે આવો વિચાર કેમ આવે? કારણ કે રસી આપતા હતા ત્યારે પણ કેટલાક સભ્યો, કેટલાક લોકો તેનો ભ્રામક પ્રચાર કરતા હતા કે રસી નહીં લેવી જોઇએ. તેના લીધે કેટલાક લોકો આજે આપણને છોડીને જતા રહ્યા છે. અહીં બેઠેલા મારા વિપક્ષના સભ્યો છે તેમાંથી એકપણ સભ્ય બાકી નહીં હોય કે જેને કોરોનાની રસી નહીં લીધી હોય. આજે આ રસી માટે તમારે બોલવું પડે છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રસ્તાવ ઉપર વાત કરો.

ભાદ્રપદ ૩૧,૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નો(૮૭-ક)

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે છેલ્લા દિવસનો જે પ્રસ્તાવ છે...

અધ્યક્ષશ્રી : આપ પ્રસ્તાવ ઉપર વાત કરો. હવે બે જ મિનિટ બાકી છે. હવે બે જ મિનિટ છે. આપ બેસો બેસો. પહેલા શ્રી વિરજીભાઇને એકલાને સ્પ્રીંગ હતી હવે આમને આવી ગઇ છે. વિરજીભાઇ, માનનીય પરેશભાઇને સ્પ્રિંગ આવી ગઇ છે. તરત જ ઉભા થઇ જાય છે. તમે ચેપ લગાડી દીધો છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા દિવસે, હવે હું મારી વાતને વિરામ જ આપું છું.

અધ્યક્ષશ્રી : આપ બે મિનિટમાં પૂરું કરો. આપ એ બાજુ નહીં જુઓ. આપની વાત બે મિનિટમાં પૂરી કરો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરજીભાઇ મારે આજે તમારી સાથે સારી જ વાત કરવી છે. હવે મારી વાતને પૂરી કરવી છે. હું શ્રી ઇન્દ્રજીતસિંહ પરમારને વિનંતી કરું છું કે, આ છેલ્લા દિવસનો, ભાઇ...

અધ્યક્ષશ્રી : બસ હવે પૂરું થાય છે. આપ જે છેલ્લી વાત કરવી હોય તે કરો. શ્રી પીયૂષભાઇ આપ બેસો. બેસો શ્રી ભરતભાઇ. વાત પૂરી કરે છે. શ્રી અંબરીશભાઇ પ્લીઝ હવે બે મિનિટમાં પૂરું થાય છે. શાંતિ રાખો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન્માનનીય સભ્ય ઇન્દ્રજીતસિંહ પરમારને વિનંતી કરું છું કે, મોંઘવારી અને અન્ય ચીજ ઉપર તેમાં ભારત સરકાર હોય કે ગુજરાત સરકાર હોય તે હંમેશાં ગુજરાતની સાત કરોડની આસપાસ થયેલી જનતા માટે અને જયારે જનતાએ આ પક્ષ ઉપર ભરોસો મૂક્યો છે ત્યારે સરકાર ખૂબ લાંબા સમયથી કામ કરી રહી છે. એટલા માટે જ અમારા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ એવું કહે છે કે, સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ. તેના કારણે જ ગુજરાત હોય કે ભારત આજે વિશ્વમાં ઓળખાઇ રહ્યું છે. વિશ્વમાં એક અનોખી છાપ ઉભી થઇ રહી છે. તેમાં કદાચ વિપક્ષના લોકોની મદદ મળી છે. તેમ છતાં આજે જયારે છેલ્લો દિવસ છે અને મારી આ છેલ્લી સ્પીચ છે. હું મારી જાતને ધન્યતા અનુભવું છું. હું અમારા બધા મંત્રી વતી કહું છું કે, કદાચ અમારાથી કોઇ ભૂલ થઇ હોય તો અમે પણ ક્ષમા માગીશું. અમે પ્રજાના હિતમાં હંમેશા સારા કાર્ય કરવાના પ્રયત્ન કર્યા છે. તે જ વાત સાથે મારી વાતને વિરામ આપું છું. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : ચર્ચા પૂરી થાય છે. નેકસ્ટ.

**અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)**

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૮૭(ક) હેઠળ ૬૦ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૨૨/૦૯/૨૦૨૨ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી**

**રાજ્યમાં મધનું ઉત્પાદન**

અતારાંકિતઃ ૯૮૮૮ (૨૦-૦૭-૨૦૨૧) **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા):**માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં અહિંસક મધના ઉત્પાદન માટે કોઈ યોજના/કાર્યક્રમ અમલમાં છે,

(૨) આ કાર્યક્રમ ક્યા ક્યા જિલ્લામાં ચાલે છે,

(૩) આ કાર્યક્રમથી વાર્ષિક કેટલું મધ મળે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ અહિંસક મધના ઉત્પાદનમાં વધારો થાય તે માટે સરકારનું શું આયોજન છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૨૨-૧૧-૨૦૨૧)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ બાગાયત ખાતા હસ્તકની વિવિધ યોજના અંતર્ગત મધમાખી ઉછેરની નીચે મુજબની યોજના/કાર્યક્રમ અમલમાં છે.

| ક્રમ | યોજના/કાર્યક્રમ | સહાય | |
|---|---|---|---|
| | | અન્ય ખેડૂત | અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના ખેડૂતો |
| ૧ | બી બ્રીડર ઉત્પાદન | ખર્ચના ૫૫ % કે રૂ.૫.૫૦ લાખ | ખર્ચના ૬૫ % કે રૂ.૬.૫૦ લાખ |
| ૨ | મધમાખી સમૂહ (કોલોની) | ખર્ચના ૫૫%કે રૂ.૧૧૦૦/ ૮ ફ્રેમ કોલોની | ખર્ચના ૫૫ % કે રૂ.૧૩૦૦/૮ ફ્રેમ કોલોની |
| ૩ | મધમાખી હાઈવ | ખર્ચના ૫૫%કે રૂ.૧૧૦૦/ હાઈવ | ખર્ચના ૬૫ % કે રૂ.૧૩૦૦/હાઈવ |
| ૪ | હની એકસ્ટ્રેક્ટર/ફૂડ ગ્રેડ કન્ટ્રેઈનર | ખર્ચના ૫૫%કે રૂ.૧૧૦૦૦/ સેટ | ખર્ચના ૬૫ % કે રૂ.૧૩૦૦૦/ સેટ |
| ૫ | ન્યુકલીઅસ સ્ટોકના ઉત્પાદન માટે | ખર્ચના ૧૦૦ % | |

| | | |
|---|---|---|
| | (જાહેર ક્ષેત્ર માટે) | |

(૨) આ કાર્યક્રમ/યોજના રાજ્યના તમામ જિલ્લાઓમાં અમલમાં છે.

(૩) આ કાર્યક્રમ/યોજનાથી વાર્ષિક અંદાજિત કુલ-૩૫૦.૬૩૭ મેટ્રિક ટન જેટલું ઉત્પાદન મેળવે છે.

(૪) બાગાયતી પાકોમાં મધમાખી દ્વારા પરાગનયન સારી રીતે થઈ શકે, ખેડૂતોને બાગાયતી પાકોમાં મબલક પાક મેળવી શકે અને મધમાખી પાલન થકી ખેડૂતો વધારાની આવક મેળવી શકે તેવા હેતુસર મધમાખી ખેતી માટે પ્રોત્સાહિત કરવા માટે ઉપર મુજબની યોજના અમલમાં છે.

--------

**રાજ્યમાં ગીર ગાયની વસ્તી વધારવાનું આયોજન**

અતારાંકિતઃ ૧૦૨૦૬ (૧૭-૦૮-૨૦૨૧) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના):**માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ગીર ગાયની વસ્તી વધારવા શું આયોજન કરવામાં આવ્યું છે ?

**:** (૦૧-૦૮-૨૦૨૨)

- રાજ્યમાં ગીર ગાયની વસ્તી વધે તે માટે નીચે મુજબની બે યોજનાઓ અમલમાં છે.
  (૧) સ્વરોજગારી હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના.
  (૨) પશુપાલન થકી સ્વરોજગારી હેતુ ૫૦ દૂધાળા પશુઓ (ગીર અને કાંકરેજ ગાય)ના ફાર્મની સ્થાપના પર સહાયની યોજના.
- ગીર ગાયોના સંવર્ધનની કામગીરી માટે રાજ્યમાં પશુ ઉછેર કેન્દ્ર, ભુતવડ, જિ.રાજકોટ ખાતે ગીર ઓલાદમાં શુદ્ધ સંવર્ધનના કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે.
- પશુ ઉછેરકેન્દ્ર, ભુતવડ ખાતેથી ગ્રામ પંચાયતો, સહકારી મંડળીઓ, ગૌશાળાઓ, પાંજરાપોળો તથા સંવર્ધન ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓને કુદરતી સેવા માટે તેની માંગણી મુજબ નજીવી કિંમતે સાંઢ પુરા પાડવામાં આવે છે.
- રાજ્યમાં ગીર ગાયની વસ્તી વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કૃત્રિમ બીજદાન કેન્દ્રો પર ગીર ઓલાદના કૃત્રિમ બીજદાન માટેના ડોઝ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

--------

**રાજ્યમાંથી દૂધાળા પશુઓને એક્સપોર્ટ કરવા પ્રતિબંધ**

અતારાંકિતઃ ૧૧૪૩૨ (૨૫-૦૧-૨૦૨૨) **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ):**માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાંથી દૂધાળા પશુઓને બીજા રાજ્યોમાં નિકાસ કરવા પર પ્રતિબંધ છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો વર્ષ ૨૦૨૦માં કેટલા દૂધાળા પશુઓને નિકાસ થતા પોલીસે અટકાવ્યા, અને

(૩) આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૦૧-૦૮-૨૦૨૨)

(૧) હા, જી.

(૨)

| **જિલ્લાનું નામ** | **પશુ વર્ગ** | **સંખ્યા** |
|---|---|---|
| બનાસકાંઠા | ભેંસ વર્ગ | ૧૮ |
| | ગાય વર્ગ | ૧૧ |
| વડોદરા | દૂધાળા પશુઓ | ૧૦૨ |
| તાપી | ભેંસ વર્ગ | ૫૧૪ |
| | ગાય વર્ગ | ૫૧ |

(૩) પોલીસ દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**અમદાવાદ શહેરમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ**

અતારાંકિતઃ ૧૧૫૫૧ (૨૪-૦૨-૨૦૨૨) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા):**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નો(૮૭-ક)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં શાળાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવાપાત્ર થતો હતો,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, ઉક્ત ખાનગી શાળાઓવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એક્ટની જોગવાઈનું પાલન ન કરનાર શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૫-૦૮-૨૦૨૨)

(૧)

| જિલ્લો | અમદાવાદ શહેર | |
|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર ખાનગી શાળાઓની સંખ્યા | *પત્રક-૧ સામેલ છે. | * પત્રક-૨ સામેલ છે. |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર બાળકોની સંખ્યા | | |

(૨)

| જિલ્લો | અમદાવાદ શહેર | |
|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ ફાળવેલ ખાનગી શાળાઓની સંખ્યા | *પત્રક-૩ સામેલ છે. | * પત્રક-૪ સામેલ છે. |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | | |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

\- - - - - - - -

### ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ

અતારાંકિતઃ ૧૧૬૨૩ (૦૭-૦૫-૨૦૨૨) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા):**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૪-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીશ્રીઅને શિક્ષણ મંત્રીશ્રી દ્વારા વાર્ષિક પરીક્ષામાં શુભેચ્છા સંદેશો કે અન્ય પત્રો મોકલવામાં આવેલ છે તેહકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત પત્ર/સંદેશા ખાનગી એજન્સી પાસે છપાવવાના કારણો શા છે , અને

(૩) ઉક્ત પત્ર/સંદેશા ખાનગીપ્રેસમાં છપાવતા પહેલાં સરકારી પ્રેસમાંથી જરૂરી મંજૂરી કે એનઓસી મેળવવામાં આવેલ છે કે કેમ ?

**શિક્ષણ મંત્રીશ્રી :**(૨૧-૦૯-૨૦૨૨)

(૧) હા, જી.

(૨)

- ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા તા.૨૮/૦૩/૨૦૨૨ થી શરૂ થતી હતી અને શુભેચ્છા પત્રોનું છાપકામ કરી વિદ્યાર્થીઓને હોલ ટીકિટ સાથે શુભેચ્છા પત્રો પહોંચાડવા માટે સમયગાળો ખુબજ ટૂંકો હતો વિદ્યાર્થીઓએ હોલ ટીકિટ તા.૧૭/૦૩/૨૦૨૨ થી ડાઉનલોડ કરવાની હતી.
- બોર્ડની પરીક્ષાની કામગીરી તથા અન્ય પ્રિન્ટિંગની કામગીરી માટે ઇ-ટેન્ડર દ્વારા એજન્સી નક્કી કરવામાં આવે છે. જે બોર્ડની તમામ છાપકામની કામગીરી કરે છે. શુભેચ્છા પત્રો શાળાઓમાં ટૂંકા ગાળાઓમાં પહોંચાડવાના હોવાથી તાત્કાલિક ટેન્ડર બહાર પાડી ભાવો મેળવવામાં ઘણો વિલંબ થાય તેમ હતો.
- છાપકામ માટે તા.૧૧/૦૩/૨૦૨૨ ના રોજ મેનેજરશ્રી, ફોટોલીથો પ્રેસ, અમદાવાદનો ટેલીફોનીક સંપર્ક કરતા તેઓશ્રી દ્વારા તા.૧૭/૦૩/૨૦૨૨ તથા તા.૧૮/૦૩/૨૦૨૨ ના રોજ હોળી ધુળેટીની રજા આવે છે. છાપકામ માટે ૧૦ દિવસ થશે તેમ જણાવેલ, જેથી સમય મર્યાદામાં છાપકામ કરી શકાય તેમ ન હોવાનું જણાવેલ, જેથી બોર્ડના ઇ-ટેન્ડરમાં નક્કી થયેલ પ્રિન્ટિંગના ભાવો, અન્ય કચેરીના પ્રિન્ટિંગના ભાવો, પ્રિન્ટિંગની કામગીરી કરતી એજન્સી પાસેથી આ કામગીરી માટે ભાવો મેળવેલ હતા. આ તમામ ભાવોની ચકાસણી કરીને બોર્ડમાં પ્રિન્ટિંગની કામગીરી કરતી એજન્સી પાસે આ છાપકામની કામગીરી કરાવેલ હતી.

(૩) ના, જી.

\- - - - - - - -

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો(૮૭-ક)

**ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ**

અતારાંકિતઃ ૧૧૬૨૪ (૦૭-૦૫-૨૦૨૨) **શ્રીપુંજાભાઈ વંશ** (ઉના):**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૪-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીશ્રીઅને શિક્ષણ મંત્રીશ્રી દ્વારા વાર્ષિક પરીક્ષામાં શુભેચ્છા સંદેશો કે અન્ય પત્રો મોકલવામાં આવેલ છે તેહકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સંદેશાની કે પત્રોની કેટલી નકલ ક્યા પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવવામાં આવેલ છે, અને

(૩) તે અન્વયે કઈ એજન્સીને કયા દરે કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને

(૪) ઉક્ત પત્રો/સંદેશા ખાનગી એજન્સી પાસે છપાવવામાં આવેલ હોય તો તેના કારણો શા છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :**(૨૧-૦૯-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) કેપિટલ ઓફસેટ, ગાંધીનગર ખાતે માન.મુખ્યમંત્રીશ્રીના શુભેચ્છા પત્રની કુલ ૧૫,૦૦,૦૦૦ તથા માન.શિક્ષણ મંત્રીશ્રીના શુભેચ્છા પત્રની કુલ ૧૫,૦૦,૦૦૦ નકલો છપાવવામાં આવેલ છે.

(૩)

| ક્રમ | વિગત | નકલ સંખ્યા | દર નકલ દીઠ | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | માન. મુખ્યમંત્રીશ્રીનો શુભેચ્છા પત્ર | ૧૫,૦૦,૦૦૦ | ૨.૦૦ | ૩૦,૦૦,૦૦૦/- |
| ૨ | માન.શિક્ષણ મંત્રીશ્રીનો શુભેચ્છા પત્ર | ૧૫,૦૦,૦૦૦ | ૧.૯૮ | ૨૯,૭૦,૦૦૦/- |
| | | | **કુલ** | **૫૯,૭૦,૦૦૦/-** |
| | | | **CGSTઅને SGSTસાથે કુલ** | **૭૦,૪૪,૬૦૦/-** |
| કોઈ ચૂકવણું કરવાનું બાકી નથી | | | | |

(૪)

- ધોરણ૧૦અને૧૨નીપરીક્ષાતા: ૨૮/૦૩/૨૦૨૨થીશરૂથતીહતીઅનેશુભેચ્છાપત્રોનુંછાપકામકરીવિદ્યાર્થીઓનેહોલટીકિટસાથેશુભેચ્છાપત્રો પહોંચાડવામાટેસમયગાળોખુબજટૂંકોહતોવિદ્યાર્થીઓએહોલટીકિટતા.૧૭/૦૩/૨૦૨૨ થી ડાઉનલોડ કરવાની હતી.
- બોર્ડની પરીક્ષાની કામગીરી તથા અન્ય પ્રિન્ટિંગની કામગીરી માટે ઇ ટેન્ડર દ્વારા એજન્સી નક્કી કરવામાં આવે છે. જે બોર્ડની તમામ છાપકામની કામગીરી કરે છે.શુભેચ્છાપત્રોશાળાઓમાં ટૂંકા ગાળાઓમાં પહોંચાડવાના હોવાથી તાત્કાલિક ટેન્ડર બહાર પાડી ભાવો મેળવવામાં ઘણો વિલંબ થાય તેમ હતો.
- છાપકામ માટે તા.૧૧/૦૩/૨૦૨૨ ના રોજ મેનેજરશ્રી, ફોટોલીથો પ્રેસ અમદાવાદનો ટેલીફોનીક સંપર્ક કરતા તેઓશ્રી દ્વારા તા.૧૭/૦૩/૨૦૨૨ તથા તા.૧૮/૦૩/૨૦૨૨ ના રોજ હોળી ધુળેટીની રજા હોવાથી છાપકામ માટે ૧૦ દિવસ થશે તેમ જણાવેલ. જેથી સમય મર્યાદામાં છાપકામ કરી શકાય તેમ ન હોવાનું જણાવેલ. જેથી બોર્ડના ઇ ટેન્ડરમાં નક્કી થયેલ પ્રિન્ટિંગના ભાવો અન્ય કચેરીના પ્રિન્ટિંગના ભાવો, પ્રિન્ટિંગની કામગીરી કરતી એજન્સી પાસેથી આ કામગીરી માટે ભાવો મેળવેલ હતા. આ તમામ ભાવોની ચકાસણી કરીને બોર્ડમાં પ્રિન્ટિંગની કામગીરી કરતી એજન્સી પાસે આ છાપકામની કામગીરી કરાવેલ હતી.

--------

**ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ**

અતારાંકિતઃ ૧૧૬૩૩ (૦૭-૦૫-૨૦૨૨) **શ્રીવિક્રમભાઈ માડમ** (ખંભાળિયા):**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૨૫-૦૪-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીશ્રીઅને શિક્ષણ મંત્રીશ્રી દ્વારા વાર્ષિક પરીક્ષામાં શુભેચ્છા સંદેશો કે અન્ય પત્રો મોકલવામાં આવેલ છે તેહકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સંદેશાની કે પત્રોની કેટલી નકલ ક્યા પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવવામાં આવેલ છે,

(૩) ઉક્ત કામગીરી આપવા માટે જાહેર નિવિદા આપી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ કે કેમ, અને

(૪) જો ના, તો તેના કારણો શાંછે?

**શિક્ષણ મંત્રીશ્રી :**(૨૧-૦૯-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) કેપિટલ ઓફસેટ, ગાંધીનગર ખાતે શુભેચ્છા પત્રોની કુલ ૩૦,૦૦,૦૦૦ નકલો છપાવવામાં આવેલ છે.

(૩) ના, જી.

(૪)

- ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા તા.૨૮/૦૩/૨૦૨૨ થી શરૂ થતી હતી અને શુભેચ્છા પત્રોનું છાપકામ કરી વિદ્યાર્થીઓને હોલ ટીકિટ સાથે શુભેચ્છા પત્રો પહોંચાડવા માટે સમયગાળો ખુબજ ટૂંકો હતો વિદ્યાર્થીઓએ હોલ ટીકિટ તા.૧૭/૦૩/૨૦૨૨ થી ડાઉનલોડ કરવાની હતી.
- બોર્ડની પરીક્ષાની કામગીરી તથા અન્ય પ્રિન્ટિંગની કામગીરી માટે ઇ-ટેન્ડર દ્વારા એજન્સી નક્કી કરવામાં આવે છે. જે બોર્ડની તમામ છાપકામની કામગીરી કરે છે. શુભેચ્છા પત્રો શાળાઓમાં ટૂંકા ગાળાઓમાં પહોંચાડવાના હોવાથી તાત્કાલિક ટેન્ડર બહાર પાડી ભાવો મેળવવામાં ઘણો વિલંબ થાય તેમ હતો.
- છાપકામ માટે તા.૧૧/૦૩/૨૦૨૨ ના રોજ મેનેજરશ્રી, ફોટોલીથો પ્રેસ, અમદાવાદનો ટેલીફોનીક સંપર્ક કરતા તેઓશ્રી દ્વારા તા.૧૭/૦૩/૨૦૨૨ તથા તા.૧૮/૦૩/૨૦૨૨ ના રોજ હોળી ધુળેટીની રજા હોવાથી છાપકામ માટે ૧૦ દિવસ થશે તેમ જણાવેલ.જેથી સમય મર્યાદામાં છાપકામ કરી શકાય તેમ ન હોવાનું જણાવેલ, જેથી બોર્ડના ઇ-ટેન્ડરમાં નક્કીથયેલ પ્રિન્ટિંગના ભાવો, અન્ય કચેરીના પ્રિન્ટિંગના ભાવો, પ્રિન્ટિંગની કામગીરી કરતી એજન્સી પાસેથી આ કામગીરી માટે ભાવા મેળવેલ હતા. આ તમામ ભાવોની ચકાસણી કરીને બોર્ડમાં પ્રિન્ટિંગની કામગીરી કરતી એજન્સી પાસે આ છાપકામની કામગીરી કરાવેલ હતી.

\- - - - - - - -

## ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા સંદેશ

અતારાંકિતઃ ૧૧૬૩૪ (૦૭-૦૫-૨૦૨૨) **શ્રીઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા):**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૨૫-૦૪-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીશ્રીઅને શિક્ષણ મંત્રીશ્રી દ્વારા વાર્ષિક પરીક્ષામાં શુભેચ્છા સંદેશો કે અન્ય પત્રો મોકલવામાં આવેલ છે તેહકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સંદેશાની કે પત્રોની કેટલી નકલ ક્યા પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સંદેશાની કે પત્રોની નકલદિઠ કયા દરે કુલ કેટલી રકમનું બિલ ચૂકવવામાં આવેલ છે અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :**(૨૧-૦૯-૨૦૨૨)

(૧) હા, જી.

(૨) કેપિટલ ઓફસેટ, ગાંધીનગર ખાતે માન.મુખ્યમંત્રીશ્રીના શુભેચ્છા પત્રની કુલ ૧૫,૦૦,૦૦૦ તથા માન.શિક્ષણ મંત્રીશ્રીના શુભેચ્છા પત્રની કુલ ૧૫,૦૦,૦૦૦ નકલો છપાવવામાં આવેલ છે.

(૩)

| ક્રમ | વિગત | નકલ સંખ્યા | દર નકલ દીઠ | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | માન. મુખ્યમંત્રીશ્રીનો શુભેચ્છા પત્ર | ૧૫,૦૦,૦૦૦ | ૨.૦૦ | ૩૦,૦૦,૦૦૦/- |
| ૨ | માન.શિક્ષણ મંત્રીશ્રીનો શુભેચ્છા પત્ર | ૧૫,૦૦,૦૦૦ | ૧.૯૮ | ૨૯,૭૦,૦૦૦/- |
| | | | **કુલ** | **૫૯,૭૦,૦૦૦/-** |
| | | | **CGSTઅને SGSTસાથે કુલ** | **૭૦,૪૪,૬૦૦/-** |
| કોઈ ચૂકવણું કરવાનું બાકી નથી | | | | |

\- - - - - - - -

## રાજ્યમાં ફી વધારાની દરખાસ્તો

અતારાંકિતઃ ૧૧૬૪૫(૧૩-૦૭-૨૦૨૨) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) :**માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૨૮/૦૫/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલી શાળાઓની ફી વધારવા માટેની દરખાસ્તો સરકારને મળી,

(૨) તે અન્વયે જિલ્લાવાર કઈ કઈ સ્કૂલોને કેટલી ફી વધારવાની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત ફી વધારા માટેના શાં કરણો રજૂ કરવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી:** (૧૫-૦૯-૨૦૨૨)

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો(૮૭-ક)

(૧) તા.૨૮/૦૫/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર શાળાઓની ફી વધારવા માટેની મળેલ દરખાસ્તોની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | ફી વધારવા માટે મળેલ દરખાસ્તોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | વર્ષ-૨૦૧૯-૨૦ | વર્ષ-૨૦૨૦-૨૧ | વર્ષ-૨૦૨૧-૨૨ |
| ૧ | અમદાવાદ | ૫૪ | ૩૦૦ | ૩૩૭ |
| ૨ | ગાંધીનગર | ૧૭ | ૮૬ | ૮૦ |
| ૩ | સાબરકાંઠા | ૦૨ | ૩૧ | ૨૩ |
| ૪ | મહેસાણા | ૧૧ | ૩૩ | ૪૭ |
| ૫ | બોટાદ | ૦૦ | ૦૨ | ૦૨ |
| ૬ | પાટણ | ૦૧ | ૧૦ | ૧૧ |
| ૭ | બનાસકાંઠા | ૦૫ | ૨૧ | ૨૬ |
| ૮ | કચ્છ | ૦૫ | ૪૩ | ૮૨ |
| ૯ | અરવલ્લી | ૦૦ | ૧૩ | ૧૧ |
| ૧૦ | વડોદરા | ૦૫ | ૧૪૬ | ૧૪૪ |
| ૧૧ | આણંદ | ૦૧ | ૫૧ | ૪૬ |
| ૧૨ | ખેડા | ૦૨ | ૩૧ | ૨૬ |
| ૧૩ | દાહોદ | ૦૧ | ૦૯ | ૧૧ |
| ૧૪ | મહીસાગર | ૦૩ | ૦૩ | ૧૦ |
| ૧૫ | પંચમહાલ | ૦૨ | ૨૨ | ૨૨ |
| ૧૬ | છોટાઉદેપુર | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૭ | સુરત | ૨૭૧ | ૩૨૧ | ૩૨૯ |
| ૧૮ | ભરૂચ | ૪૮ | ૫૯ | ૬૧ |
| ૧૯ | નવસારી | ૩૦ | ૩૩ | ૩૫ |
| ૨૦ | નર્મદા | ૦૯ | ૧૩ | ૧૩ |
| ૨૧ | તાપી | ૦૬ | ૦૭ | ૦૮ |
| ૨૨ | ડાંગ | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૨૩ | વલસાડ | ૫૬ | ૬૩ | ૬૪ |
| ૨૪ | અમરેલી | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૫ | ભાવનગર | ૨૮ | ૦૦ | ૨૮ |
| ૨૬ | દ્વારકા | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૭ | ગીર સોમનાથ | ૧૦ | ૦૦ | ૦૭ |
| ૨૮ | જામનગર | ૩૩ | ૦૦ | ૩૧ |
| ૨૯ | જૂનાગઢ | ૧૭ | ૦૦ | ૧૮ |
| ૩૦ | મોરબી | ૩૭ | ૦૦ | ૩૩ |
| ૩૧ | પોરબંદર | ૦૪ | ૦૦ | ૦૪ |
| ૩૨ | રાજકોટ | ૨૦૪ | ૦૦ | ૧૬૫ |
| ૩૩ | સુરેન્દ્રનગર | ૧૯ | ૦૦ | ૧૯ |
| | **કુલ** | **૮૮૪** | **૧૨૯૮** | **૧૬૯૭** |

(૨) આ સાથે *પત્રક-અ, *પત્રક-બ, *પત્રક-ક સામેલ છે.

(૩) શાળાના રીપેરીંગ ખર્ચ, મોંઘવારીમાં વધારો, સ્ટાફના પગારમાં વધારો, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ખર્ચ, સને ૨૦૨૦-૨૧ વર્ષમાં ૨૫% ફીમાં ઘટાડો, શાળાના મકાનના ભાડામાં વધારો, શાળાના મકાનનો ઘસારો, શાળાની સુવિધાઓમાં વધારો વિગેરે કારણોસર તથા શાળાઓના વાર્ષિક આવક-જાવક ખર્ચ પત્રકોની ચકાસણી કરીને રૂબરૂ સુનાવણી આપીને ફી નક્કી કરવામાં આવેલ છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**રાજ્યમાં રેશનકાર્ડની પડતર અરજીઓ**

અતારાંકિતઃ ૧૧૨૩૮ (૦૧-૦૨-૨૦૨૨) **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર):**માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા રેશનકાર્ડ આપવાની અરજીઓ પડતર છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) તમામ અરજદારોને રેશનકાર્ડ ક્યાં સુધીમાં આપવામાં આવનાર છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનામંત્રીશ્રી:**(૨૧-૦૭-૨૦૨૨)

(૧) રાજ્યમાં પાટણ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ ૩ અરજીઓ પડતર છે. બાકીના જિલ્લાઓની પડતર અરજીઓ બાબતની માહિતી શૂન્ય છે.

(૨) ૩ પડતર અરજીઓમાં ખુટતી વિગતો પૂરી કરવા માટેની પૂર્તતા કરવા ઉપર બાકીમાં હતી. જેમાં, રેશનકાર્ડ ધારકોના તમામ સભ્યોના આધારકાર્ડ તથા લાઇટબીલ ન હોવાથી, તે મંગાવીને અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

(૩) પાટણ જિલ્લાની ૩પડતર અરજીઓ પેન્ડીંગ હતી. જેમાં ૩ પડતર અરજીઓને તા.૩૦/૦૩/૨૦૨૨ની સ્થિતિએ અરજદારશ્રીઓને રેશનકાર્ડ ઈશ્યુ કરવામાં આવેલ છે.

\- - - - - - - -

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં રેશનકાર્ડ ધારકોના પ્રકાર**

અતારાંકિતઃ ૧૧૫૫૮ (૧૫-૦૨-૨૦૨૨) **ગેનીબેન ઠાકોર** (વાવ):**માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ ધારકો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કયા પ્રકારના કેટલા નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા અને કયા પ્રકારના કેટલા તબદીલ કરવામાં આવ્યા, અને

(૪) રેશનકાર્ડ રદ્દ કે તબદીલ કરવાનાં મુખ્ય કારણો શાં છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :**(૨૧-૦૭-૨૦૨૨)

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લાના રેશનકાર્ડ ધારકોની કેટેગરીવાર અને જિલ્લાવાર માહિતીનું *પત્રક-૧ આ સાથે સામેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં આપવામાં આવેલ નવા રેશનકાર્ડ ધારકોનું કેટેગરીવાર જિલ્લાવાર તથા વર્ષવાર વિગતો દર્શાવતું *પત્રક-૨ અને *પત્રક-૩ આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત બંને જિલ્લાઓમાં વર્ષવાર રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા તથા તબદીલ કરવામાં આવ્યા તેમનું *પત્રક-૪ થી *પત્રક-૮ આ સાથે સામેલ છે.

(૪) રેશનકાર્ડ રદ્દ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા માંગણી થયેલ અથવા મૃત્યુ થયેલ હોવાના કારણે રેશનકાર્ડ રદ્દ કરવામાં આવેલ છે.

રેશનકાર્ડ તબદીલ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા બીજા વિસ્તાર/તાલુકા/જિલ્લામાં સ્થળાંતરના કિસ્સામાં રેશનકાર્ડ તબદીલ કરવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

\- - - - - - - -

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રેશનકાર્ડ ધારકોના પ્રકાર**

અતારાંકિતઃ ૧૧૫૬૧ (૧૫-૦૨-૨૦૨૨) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા):**માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ ધારકો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કયા પ્રકારના કેટલા નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા અને કયા પ્રકારના કેટલા તબદીલ કરવામાં આવ્યા, અને

(૪) રેશનકાર્ડ રદ્દ કે તબદીલ કરવાનાં મુખ્ય કારણો શાં છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :**(૨૧-૦૭-૨૦૨૨)

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો(૮૭-ક)

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના રેશનકાર્ડ ધારકોની કેટેગરીવાર અને જિલ્લાવાર માહિતીનું *પત્રક-૧ આ સાથે સામેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આપવામાં આવેલ નવા રેશનકાર્ડ ધારકોનું કેટેગરીવાર જિલ્લાવાર તથા વર્ષવાર વિગતો દર્શાવતું *પત્રક-૨ અને *પત્રક-૩ આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત બંને જિલ્લાઓમાં વર્ષવાર રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા તથા તબદીલ કરવામાં આવ્યા તેમનું *પત્રક-૪ થી *પત્રક-૮ આ સાથે સામેલ છે.

(૪) રેશનકાર્ડ રદ્દ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા માંગણી થયેલ અથવા મૃત્યુ થયેલ હોવાના કારણે રેશનકાર્ડ રદ્દ કરવામાં આવેલ છે.

રેશનકાર્ડ તબદીલ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા બીજા વિસ્તાર/તાલુકા/જિલ્લામાં સ્થળાંતરના કિસ્સામાં રેશનકાર્ડ તબદીલ કરવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં રેશનકાર્ડ ધારકોના પ્રકાર**

અતારાંકિતઃ ૧૧૫૬૩ (૧૫-૦૨-૨૦૨૨) **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા):**માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ ધારકો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કયા પ્રકારના કેટલા નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા અને કયા પ્રકારના કેટલા તબદીલ કરવામાં આવ્યા, અને

(૪) રેશનકાર્ડ રદ્દ કે તબદીલ કરવાનાં મુખ્ય કારણો શાં છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :**(૨૯-૦૭-૨૦૨૨)

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લાના રેશનકાર્ડ ધારકોની કેટેગરીવાર અને જિલ્લાવાર માહિતીનું *પત્રક-૧ આ સાથે સામેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને બોટાદ જિલ્લામાં આપવામાં આવેલ નવા રેશનકાર્ડ ધારકોનું કેટેગરીવાર જિલ્લાવાર તથા વર્ષવાર વિગતો દર્શાવતું *પત્રક-૨ અને *પત્રક-૩ આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત બંને જિલ્લાઓમાં વર્ષવાર રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા તથા તબદીલ કરવામાં આવ્યા તેમનું *પત્રક-૪ થી *પત્રક-૮ આ સાથે સામેલ છે.

(૪) રેશનકાર્ડ રદ્દ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા માંગણી થયેલ અથવા મૃત્યુ થયેલ હોવાના કારણે રેશનકાર્ડ રદ્દ કરવામાં આવેલ છે.

રેશનકાર્ડ તબદીલ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા બીજા વિસ્તાર/તાલુકા/જિલ્લામાં સ્થળાંતરના કિસ્સામાં રેશનકાર્ડ તબદીલ કરવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**સુરેન્દ્રનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રેશનકાર્ડ ધારકોના પ્રકાર**

અતારાંકિતઃ ૧૧૫૬૪ (૧૫-૦૨-૨૦૨૨) **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા):**માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને દેવભૂમિ દ્વારકાજિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ ધારકો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કયા પ્રકારના કેટલા નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા અને કયા પ્રકારના કેટલા તબદીલ કરવામાં આવ્યા, અને

(૪) રેશનકાર્ડ રદ્દ કે તબદીલ કરવાનાં મુખ્ય કારણો શાં છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :**(૨૧-૦૭-૨૦૨૨)

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને દેવભૂમિ દ્વારકાજિલ્લાના રેશનકાર્ડ ધારકોની કેટેગરીવાર અને જિલ્લાવાર માહિતીનું *પત્રક-૧ આ સાથે સામેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આપવામાં આવેલ નવા રેશનકાર્ડ ધારકોનું કેટેગરીવાર જિલ્લાવાર તથા વર્ષવાર વિગતો દર્શાવતું *પત્રક-૨ અને *પત્રક-૩ આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત બંને જિલ્લાઓમાં વર્ષવાર રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા તથા તબદીલ કરવામાં આવ્યા તેમનું *પત્રક-૪ થી *પત્રક-૮ આ સાથે સામેલ છે.

(૪) રેશનકાર્ડ રદ્દ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા માંગણી થયેલ અથવા મૃત્યુ થયેલ હોવાના કારણે રેશનકાર્ડ રદ્દ કરવામાં આવેલ છે.

રેશનકાર્ડ તબદીલ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા બીજા વિસ્તાર/તાલુકા/જિલ્લામાં સ્થળાંતરના કિસ્સામાં રેશનકાર્ડ તબદીલ કરવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**ખેડા અને વલસાડ જિલ્લામાં રેશનકાર્ડ ધારકોના પ્રકાર**

અતારાંકિતઃ ૧૧૫૬૯ (૧૫-૦૨-૨૦૨૨) **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા):**માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ખેડા અને વલસાડજિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ ધારકો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કયા પ્રકારના કેટલા નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા અને કયા પ્રકારના કેટલા તબદીલ કરવામાં આવ્યા, અને

(૪) રેશનકાર્ડ રદ્દ કે તબદીલ કરવાનાં મુખ્ય કારણો શાં છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :**(૨૧-૦૭-૨૦૨૨)

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ખેડા અને વલસાડજિલ્લાના રેશનકાર્ડ ધારકોની કેટેગરીવાર અને જિલ્લાવાર માહિતીનું *પત્રક-૧ આ સાથે સામેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં ખેડા અને વલસાડજિલ્લામાં આપવામાં આવેલ નવા રેશનકાર્ડ ધારકોનું કેટેગરીવાર જિલ્લાવાર તથા વર્ષવાર વિગતો દર્શાવતું *પત્રક-૨ અને *પત્રક-૩ આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત બંને જિલ્લાઓમાં વર્ષવાર રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા તથા તબદીલ કરવામાં આવ્યા તેમનું *પત્રક-૪ થી *પત્રક-૮ આ સાથે સામેલ છે.

(૪) રેશનકાર્ડ રદ્દ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા માંગણી થયેલ અથવા મૃત્યુ થયેલ હોવાના કારણે રેશનકાર્ડ રદ્દ કરવામાં આવેલ છે.

રેશનકાર્ડ તબદીલ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા બીજા વિસ્તાર/તાલુકા/જિલ્લામાં સ્થળાંતરના કિસ્સામાં રેશનકાર્ડ તબદીલ કરવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં રેશનકાર્ડ ધારકોના પ્રકાર**

અતારાંકિતઃ ૧૧૫૭૧ (૧૫-૦૨-૨૦૨૨) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર):**માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ ધારકો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કયા પ્રકારના કેટલા નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા અને કયા પ્રકારના કેટલા તબદીલ કરવામાં આવ્યા, અને

(૪) રેશનકાર્ડ રદ્દ કે તબદીલ કરવાનાં મુખ્ય કારણો શાં છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :**(૨૧-૦૭-૨૦૨૨)

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો(૮૭-ક)

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લાના રેશનકાર્ડ ધારકોની કેટેગરીવાર અને જિલ્લાવાર માહિતીનું *પત્રક-૧ આ સાથે સામેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને પંચમહાલજિલ્લામાં આપવામાં આવેલ નવા રેશનકાર્ડ ધારકોનું કેટેગરીવાર જિલ્લાવાર તથા વર્ષવાર વિગતો દર્શાવતું *પત્રક-૨ અને *પત્રક-૩ આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત બંને જિલ્લાઓમાં વર્ષવાર રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા તથા તબદીલ કરવામાં આવ્યા તેમનું *પત્રક-૪ થી *પત્રક-૮ આ સાથે સામેલ છે.

(૪) રેશનકાર્ડ રદ્દ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા માંગણી થયેલ અથવા મૃત્યુ થયેલ હોવાના કારણે રેશનકાર્ડ રદ્દ કરવામાં આવેલ છે.

રેશનકાર્ડ તબદીલ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા બીજા વિસ્તાર/તાલુકા/જિલ્લામાં સ્થળાંતરના કિસ્સામાં રેશનકાર્ડ તબદીલ કરવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**તાપી અને સુરત જિલ્લામાં રેશનકાર્ડ ધારકોના પ્રકાર**

અતારાંકિતઃ ૧૧૫૭૪ (૧૫-૦૨-૨૦૨૨) **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર):**માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ ધારકો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કયા પ્રકારના કેટલા નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા અને કયા પ્રકારના કેટલા તબદીલ કરવામાં આવ્યા, અને

(૪) રેશનકાર્ડ રદ્દ કે તબદીલ કરવાનાં મુખ્ય કારણો શાં છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી :**(૨૯-૦૭-૨૦૨૨)

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ તાપી અને સુરત જિલ્લાના રેશનકાર્ડ ધારકોની કેટેગરીવાર અને જિલ્લાવાર માહિતીનું *પત્રક-૧ આ સાથે સામેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં તાપી અને સુરત જિલ્લામાં આપવામાં આવેલ નવા રેશનકાર્ડ ધારકોનું કેટેગરીવાર જિલ્લાવાર તથા વર્ષવાર વિગતો દર્શાવતું *પત્રક-૨ અને *પત્રક-૩ આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત બંને જિલ્લાઓમાં વર્ષવાર રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા તથા તબદીલ કરવામાં આવ્યા તેમનું *પત્રક-૪ થી *પત્રક-૮ આ સાથે સામેલ છે.

(૪) રેશનકાર્ડ રદ્દ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા માંગણી થયેલ અથવા મૃત્યુ થયેલ હોવાના કારણે રેશનકાર્ડ રદ્દ કરવામાં આવેલ છે.

રેશનકાર્ડ તબદીલ થવાનું કારણઃ- અરજદારશ્રી દ્વારા બીજા વિસ્તાર/તાલુકા/જિલ્લામાં સ્થળાંતરના કિસ્સામાં રેશનકાર્ડ તબદીલ કરવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - -

**વાઇલ્ડ લાઇફ કેર સેન્ટર, અમદાવાદ વિરુદ્ધ મળેલ ફરિયાદો**

અતારાંકિતઃ ૯૮૩૩ (૨૦-૦૭-૨૦૨૧) **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાઇલ્ડ લાઇફ કેર સેન્ટર, અમદાવાદમાં ગેરવ્યવસ્થા, સારવારનો અભાવ તથા બંધ પડેલ રેસ્કયુ વાહન સહિતની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) ઉક્ત ફરિયાદો દૂર કરવા સરકારે શાં પગલાંલીધાં, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સેન્ટરના જવાબદાર અધિકારી/કર્મચારી સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી :** (૨૬-૦૭-૨૦૨૨)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારને વાઇલ્ડ લાઇફ કેર સેન્ટર બોડકદેવ, અમદાવાદમાં ગેરવ્યવસ્થા, સારવારનો અભાવ તથા બંધ પડેલ વાહન કામગીરી સંબંધમાં નીચે મુજબ ફરિયાદો મળેલ છે.

| વર્ષ | મળેલ ફરિયાદ |
|---|---|
| ૨૦૧૯ | ૦ |

| | |
|---|---|
| ૨૦૨૦ | ૨ |

(૨) ઉક્ત ફરિયાદો દૂર કરવા અમદાવાદ વિભાગ દ્વારા વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં ઈન્ચાર્જ વનપાલ પાસેથી તાત્કાલિક અસરથી ચાર્જ લઈ અન્ય કર્મચારી નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉપરાંત વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં આવેલ બે વાહનો કાર્યરત છે. હાલ આ બંને વાહનો રેસ્કયુ કામગીરીમાં ઉપલબ્ધ છે.

(૩) ઉક્ત સ્થિતિએ એજન્સી દ્વારા પુરા પાડેલ મેન પાવરને (રેસ્ક્યુઅર/ડ્રાઈવર) તાત્કાલિક અસરથી છુટા કરવામાં આવેલ છે અને ઈન્ચાર્જ વનપાલ (વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર) ને ખુલાસા પુછી તેમની સામે શિક્ષાત્મક પગલાં (સર્વીસ બુક વોર્નિંગ) ભરેલ છે. ભવિષ્યમાં આવુ ન બને તેની તાકીદ આપવામાં આવેલ છે.

- - - - - - - -

**રાજ્યમાં નીલગાયની વસ્તી**

અતારાંકિતઃ ૧૦૫૬૪ (૦૨-૦૯-૨૦૨૧) **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી):**માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૨) અને (૩) સંબંધિત ગ્રામ પંચાયતે ઢોરોની સંખ્યા, આજુબાજુ જંગલ વિસ્તારની ઉપલબ્ધિ, જમીનની ફળદ્રુપતા વગેરે ધ્યાને લઇ કેટલી ગૌચર જમીનની જરૂરીયાત છે, તેની માંગણી કલેક્ટરશ્રી સમક્ષ રજૂ કરવાની રહે છે, અને તે માંગણીની યથાર્થતા ચકાસી કલેક્ટરશ્રીને મળેલ કાયદાકીય સત્તા અન્વયે જરૂરિયાત મુજબની જમીન ગૌચર જમીન તરીકે નીમ કરે છે. જેથી કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

- - - - - - - -

**મહિસાગર અને વલસાડ જિલ્લામાં વૈકલ્પિક જમીન ગૌચર તરીકે ફાળવવાની દરખાસ્ત**

અતારાંકિતઃ ૧૦૯૦૬ (૧૭-૧૨-૨૦૨૧) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર):**માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૧૦/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહિસાગર અને વલસાડજિલ્લામાં જે ગામોમાં નિયત ધોરણથી ગૌચર ઓછું છે તે ગામમાં વૈકલ્પિક જમીન ગૌચર તરીકે ફાળવવા પંચાયત તરફથી જિલ્લાવાર કેટલી દરખાસ્તો કરવામાં આવી,

(૨) આવી દરખાસ્ત કરવાની જવાબદારી કોની થાય છે, અને

(૩) દરખાસ્તો ન કરનાર જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)**:** (૧૫-૦૯-૨૦૨૨)

(૧) એક પણ નહીં.

(૨) અને (૩) સંબંધિત ગ્રામ પંચાયતે ગામે ઢોરોની સંખ્યા, આજુબાજુ જંગલ વિસ્તારની ઉપલબ્ધિ, જમીનની ફળદ્રુપતા વગેરે ધ્યાને લઇ કેટલી ગૌચર જમીનની જરૂરીયાત છે, તેની માંગણી કલેક્ટરશ્રી સમક્ષ રજૂ કરવાની રહે છે, અને તે માંગણીની યથાર્થતા ચકાસી કલેક્ટરશ્રીને મળેલ કાયદાકીય સત્તા અન્વયે જરૂરિયાત મુજબની જમીન ગૌચર જમીન તરીકે નીમ કરે છે. જેથી કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

- - - - - - - -

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો(૮૭-ક)

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં વૈકલ્પિક જમીન ગૌચર તરીકે ફાળવવાની દરખાસ્ત**

અતારાંકિતઃ ૧૦૯૧૦ (૧૭-૧૨-૨૦૨૧) **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ):**માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જે ગામોમાં નિયત ધોરણથી ગૌચર ઓછું છે તે ગામમાં વૈકલ્પિક જમીન ગૌચર તરીકે ફાળવવા પંચાયત તરફથી જિલ્લાવાર કેટલી દરખાસ્તો કરવામાં આવી,

(૨) આવી દરખાસ્ત કરવાની જવાબદારી કોની થાય છે, અને

(૩) દરખાસ્તો ન કરનાર જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)**: (૧૫-૦૯-૨૦૨૨)**

(૧) એક પણ નહીં.

(૨) અને (૩) ગામે ઢોરોની સંખ્યા, આજુબાજુ જંગલ વિસ્તારની ઉપલબ્ધિ, જમીનની ફળદ્રુપતા વગેરે ધ્યાને લઈ કેટલી ગૌચર જમીનની જરૂરિયાત છે, તેની માંગણી કલેક્ટરશ્રી સમક્ષ રજૂ કરવાની રહે છે, અને તે માંગણીની યથાર્થતા ચકાસી કલેક્ટરશ્રીને મળેલ કાયદાકીય સત્તા અન્વયે જરૂરિયાત મુજબની જમીન ગૌચર જમીન તરીકે નીમ કરે છે. જેથી કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

- - - - - - - -

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં વૈકલ્પિક જમીન ગૌચર તરીકે ફાળવવાની દરખાસ્ત**

અતારાંકિતઃ ૧૦૯૨૮ (૧૭-૧૨-૨૦૨૧) **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર):**માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં જે ગામોમાં નિયત ધોરણથી ગૌચર ઓછું છે તે ગામમાં વૈકલ્પિક જમીન ગૌચર તરીકે ફાળવવા પંચાયત તરફથી જિલ્લાવાર કેટલી દરખાસ્તો કરવામાં આવી,

(૨) આવી દરખાસ્ત કરવાની જવાબદારી કોની થાય છે, અને

(૩) દરખાસ્તો ન કરનાર જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)**: (૧૫-૦૯-૨૦૨૨)**

(૧) એક પણ નહીં.

(૨) અને (૩) સંબંધિત ગ્રામ પંચાયતે ઢોરોની સંખ્યા, આજુબાજુ જંગલ વિસ્તારની ઉપલબ્ધિ, જમીનની ફળદ્રુપતા વગેરે ધ્યાને લઈ કેટલી ગૌચર જમીનની જરૂરિયાત છે, તેની માંગણી કલેક્ટરશ્રી સમક્ષ રજૂ કરવાની રહે છે, અને તે માંગણીની યથાર્થતા ચકાસી કલેક્ટરશ્રીને મળેલ કાયદાકીય સત્તા અન્વયે જરૂરિયાત મુજબની જમીન ગૌચર જમીન તરીકે નીમ કરે છે. જેથી કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

- - - - - - - -

**સુરત અને તાપી જિલ્લામાં વૈકલ્પિક જમીન ગૌચર તરીકે ફાળવવાની દરખાસ્ત**

અતારાંકિતઃ ૧૦૯૩૭ (૧૭-૧૨-૨૦૨૧) **શ્રી સુનીલભાઈ ગામીત** (નિઝર):**માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત અને તાપી જિલ્લામાં જે ગામોમાં નિયત ધોરણથી ગૌચર ઓછું છે તે ગામમાં વૈકલ્પિક જમીન ગૌચર તરીકે ફાળવવા પંચાયત તરફથી જિલ્લાવાર કેટલી દરખાસ્તો કરવામાં આવી,

(૨) આવી દરખાસ્ત કરવાની જવાબદારી કોની થાય છે, અને

(૩) દરખાસ્તો ન કરનાર જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)**: (૧૫-૦૯-૨૦૨૨)**

(૧) એક પણ નહીં.

(૨) અને (૩) સંબંધિત ગ્રામ પંચાયતે ઢોરોની સંખ્યા, આજુબાજુ જંગલ વિસ્તારની ઉપલબ્ધિ, જમીનની ફળદ્રુપતા વગેરે ધ્યાને લઈ કેટલી ગૌચર જમીનની જરૂરિયાત છે, તેની માંગણી કલેક્ટરશ્રી સમક્ષ રજૂ કરવાની રહે છે, અને તે માંગણીની યથાર્થતા ચકાસી કલેક્ટરશ્રીને મળેલ કાયદાકીય સત્તા અન્વયે જરૂરિયાત મુજબની જમીન ગૌચર જમીન તરીકે નીમ કરે છે. જેથી કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

- - - - - - - -

### ખેડા, મહેસાણા અને આણંદ જિલ્લામાં તલાટી કમ મંત્રીની ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૧૧૬૬૬ (૦૫-૦૮-૨૦૨૨) **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા):**માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૦૧-૦૭-૨૦૨૨ની સ્થિતિએ ખેડા, મહેસાણા અને આણંદ જિલ્લાઓમાં તલાટી કમ મંત્રીશ્રીના કુલ મંજૂર મહેકમ સામે જિલ્લાવાર કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાલી જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)**:** (૧૯-૦૯-૨૦૨૨)

(૧) તા.૦૧-૦૭-૨૦૨૨ની સ્થિતિએ ખેડા, મહેસાણા અને આણંદ જિલ્લાઓમાં તલાટી કમ મંત્રીશ્રીના કુલ મંજૂર મહેકમ સામે જિલ્લાવાર મંજૂર, ભરેલ તથા ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | મંજૂર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | ખેડા | ૩૭૩ | ૨૪૦ | ૧૩૩ |
| ૨ | મહેસાણા | ૪૯૨ | ૩૨૬ | ૧૬૬ |
| ૩ | આણંદ | ૩૭૮ | ૨૩૨ | ૧૪૬ |

(૨) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડલ દ્વારા તા.૦૫-૦૧-૨૦૨૨ના રોજની જાહેરાત ક્રમાંકઃ ૧૦/૨૦૨૧-૨૨ થી રાજ્યમાં ખાલી રહેલી તલાટી કમ મંત્રીશ્રીઓની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જાહેરાત આપેલ છે.

\- - - - - - - -

### તાપી અને વલસાડ જિલ્લામાં શૂન્ય ગૌચર

અતારાંકિતઃ ૧૦૫૫૩ (૦૯-૦૯-૨૦૨૧) **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર):**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૬-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં બિલકુલ ગૌચર નથી અથવા શૂન્ય ગૌચર છે,

(૨) આ ગામોમાં ગૌચર શૂન્ય થવાના શા કારણો છે, અને

(૩) શૂન્ય ગૌચર સામે ખૂટતા ગૌચરની ફાળવણી ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૩-૦૮-૨૦૨૨)

(૧) તાપી-૭૩ ગામોમાં

વલસાડ-૨૫૦ ગામોમાં

(૨) તાપી (૧) ઉકાઉ જળાશય યોજના અમલમાં આવવાથી ગામો વિસ્થાપિત થયેલ હોઈ તથા ઉકાઈ જળાશયમાં ગામો ડૂબાણમાં જવાથી.

(૨) પ્રોજેક્ટ એરિયા અને જંગલ વિસ્તાર હોવાથી.

(૩) પહેલાથી ગૌચર જમીન ઉપલબ્ધ ન હોવાથી.

વલસાડ- શરૂઆતથી જ શૂન્ય ગૌચર છે.

(૩) જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત દ્વારા માંગણી રજૂ થયેલ નથી. આથી, હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

\- - - - - - - -

### મહેસાણા જિલ્લામાં રોડમાં કપાત જતી જમીનનું વળતર

અતારાંકિતઃ ૧૧૫૯૪ (૦૮-૦૩-૨૦૨૨) **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર):**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ઇયાસરા ગામની રોડમાં કપાત જતી જમીનનું પૂરતું વળતર આપવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ક્યારે શી કાર્યવાહી કરી ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૮-૦૮-૨૦૨૨)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ઇયાસરા ગામની રોડમાં કપાત જતી જમીનનું પૂરતું વળતર આપવા અંગે ૧ ફરિયાદ મળી છે.

(૨) મોજે. ઇયાસરા તા.વિસનગર, જિ.મહેસાણાના સર્વે નંબરઃ ૧૮૫ (જુના સર્વે નં.૨૭૭-અ) ની જમીન રોડમાં કપાત થયેલ જમીનના વળતર બાબતની અરજદારશ્રી અમરસિંહ ચંદનસિંહની રજૂઆત કલેક્ટરશ્રી, મહેસાણાના તા.૧૧-૦૩-૨૦૨૦ના પત્રથી કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), મહેસાણાને તથા ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી નં.૧, મહેસાણાને તાત્કાલિક નિયમોનુસારની તપાસ કરી ઘટતી કાર્યવાહી કરવા જણાવેલ છે.

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો(૮૭-ક)

- - - - - - -

**રાજ્યમાં કિન્નરો માટે ''ગરીમા ગૃહ'' બનાવવા બાબત**

અતારાંકિતઃ ૧૧૩૯૪ (૦૧-૦૮-૨૦૨૨) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કિન્નરો માટે જિલ્લાવાર કેટલા ''ગરીમા ગૃહ'' બનાવવાની જરૂર છે, અને

(૨) ઉક્ત ''ગરીમા ગૃહ'' ક્યાં સુધીમાં બનાવવાનું આયોજન છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૧૨-૦૯-૨૦૨૨)

(૧) એક

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા કોમ્યુનીટી બેઈઝ ઓર્ગેનાઈઝેશન (CBO) લક્ષ્ય ટ્રસ્ટ, વડોદરાની અમલીકરણ સંસ્થા તરીકે પસંદગી કરી (એક) ''ગરીમા ગૃહ'' વડોદરા ખાતે બનાવવામાં આવ્યું છે.

- - - - - - - -

**રાજ્યમાં વીજ દર વધારવા માટેની દરખાસ્તો**

અતારાંકિતઃ ૧૧૬૪૬ (૨૩-૦૬-૨૦૨૨) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા):**માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૨૮-૦૫-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારને કોના દ્વારા વીજ દર વધારવા માટેની કેટલી દરખાસ્તો મળી,

(૨) તે અન્વયે ક્યારે અને કેટલો વીજ દર વધારવાની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ હાલના વીજ દરમાં ઘટાડો કરવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૨૫-૦૮-૨૦૨૨)

(૧) તા.૨૮-૦૫-૨૦૨૨ની સ્થિતિએ, રાજ્ય સરકારને છેલ્લા ત્રણ વર્ષમાં કોઈપણ વીજ કંપનીને વીજ દર વધારવા માટેની દરખાસ્ત કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) નામ.ગુજરાત વિદ્યુત નિયત્રંક આયોગ સમક્ષ દર વર્ષે વીજ દરો નક્કી કરવા માટે વીજ કંપનીઓ દ્વારા દરખાસ્તો રજૂ કરવામાં આવે છે. સદર દરખાસ્તોની વિવેકપૂર્ણ તપાસ અને ચકાસણી કરી નામ. આયોગ દ્વારા દર વર્ષે વીજ દર નક્કી કરવામાં આવે છે. આ ચકાસણી માટેની જોગવાઈ નામ.ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમો, ૨૦૧૬માં દર્શાવેલ છે. નામ. આયોગ દ્વારા તમામ વીજ કંપનીઓના આવક અને ખર્ચની ચકાસણી તેમના વાર્ષિક અહેવાલને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. સંપૂર્ણ તપાસ અને ચકાસણી કર્યા પછી નામ. આયોગ દ્વારા આ વીજ કંપનીઓ માટેના દર નક્કી કરવામાં આવે છે. નામ. આયોગ દ્વારા દર વર્ષે ટેરિફ ઓર્ડર બહાર પાડવામાં આવે છે જેમાં આ સંપૂર્ણ પ્રક્રિયા દર્શાવેલ હોય છે.

વીજ પુરવઠો પૂરો પાડવા માટે થતા વીજ ખરીદ ખર્ચમાં ઘટાડો કરવા નીચે મુજબના પગલાંઓ લેવામાં આવે છે.

૧. જે તે દિવસની વીજ માંગને ધ્યાનમાં લઈ વીજ પુરવઠો મેળવવા માટે મેરીટ ઓર્ડરના સિધ્ધાંતને અમલમાં મુકેલ છે. જે મુજબ, વીજ મથકની માલિકી નહિ પરંતુ તેના વેરીએબલ ચાર્જને ધ્યાનમાં લઈ એટલે કે સૌથી સસ્તા વીજ મથકને પ્રથમ અને ત્યારબાદ તેનાથી મોંઘા એ રીતે વીજ માંગને પૂરી કરવા માટે પુરવઠો મેળવી વીજ ખરીદ ખર્ચ ઘટાડવામાં આવે છે.

૨. વીજ માંગ અને પુરવઠાને ધ્યાનમાં લઈ સ્પર્ધાત્મક બિડિંગની પ્રક્રિયા હાથ ધરી ટૂંકાથી મધ્યમ ગાળાના વીજ ખરીદ કરાર અંતર્ગત વીજ પુરવઠો મેળવવામાં આવે છે.

૩. વિન્ડ તથા સોલાર જેવા નૈસર્ગિક સ્ત્રોતો આધારિત વીજ મથકોના વીજ દર સરખામણીએ ઓછા હોવાથી, વિન્ડ અને સોલાર આધારિત વીજ મથકોમાંથી સ્પર્ધાત્મક બિડિંગની પ્રક્રિયા દ્વારા લાંબા ગાળાના વીજ ખરીદ કરાર અંતર્ગત મહત્તમ વીજ પુરવઠો મેળવવામાં આવે છે.

- - - - - - - -

**રાજ્યમાં અંગત વાહન ઉપર બોર્ડ મૂકવા અથવા હોદ્દો લખવા બાબત**

અતારાંકિતઃ ૧૧૬૩૮ (૧૮-૦૬-૨૦૨૨) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા):**માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા.૦૧-૦૪-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારી વાહન સિવાય અંગત વાહન ઉપર સરકારી કર્મચારીઓ/અધિકારીઓ તેમના વાહન ઉપર બોર્ડ મુકવાના અથવા નંબર પ્લેટ ઉપર પોતાનો હોદ્દો લખેલ કેટલા વાહન પકડાયા,

(૨) તે પૈકી કેટલા કર્મચારી/અધિકારીઓ પાસેથી દંડ વસુલાયો, અને

(૩) આવી પ્રવૃત્તિ બંધ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :** (૨૯-૦૮-૨૦૨૨)

(૧) ૫૧

(૨) ૫૧

(૩) **વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી દ્વારા કરવામાં આવેલ કામગીરી**

- વાહન ઉપર બોર્ડ મુકવાના અથવા નંબર પ્લેટ ઉપર પોતાનો હોદ્દો પ્રદર્શિત કરવો એ ગુજરાત મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ-૧૨૫ હેઠળની જોગવાઈ વિરૂદ્ધનું છે. તેમજ કેન્દ્રીય મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ની કલમ-૧૭૭ હેઠળ દંડને પાત્ર ગુન્હો છે.
- રાજ્યમાં વાહનો ઉપર અનધિકૃત રીતે પ્રદર્શિત કરવામાં આવતા લખાણો બાબતે ગૃહ વિભાગ દ્વારા તા.૦૬-૦૨-૨૦૦૦ના રોજ પરિપત્ર ક્રમાંકઃ એમવીઆર/૧૮૨૦૦૦-૧૬૦/ખ બહાર પાડેલ છે.
- આ પરિપત્રના આધારે મોટર વાહન ખાતા દ્વારા તા.૧૬-૦૮-૨૦૧૭ના પત્રથી અનધિકૃત રીતે પ્રદર્શિત કરવામાં આવતા લખાણો ધરાવતા ખાનગી વાહનો સામે કાયદેસરના પગલાં લેવા જરૂરી કાર્યવાહી કરવા રાજ્યની તમામ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીને સૂચના આપવામાં આવેલ છે. જે અન્વયે રાજ્યમાં ૫૮ ચેકપોઈન્ટ પર ૨૪x૭ રાઉન્ડ ક્લોક એન્ફોર્સમેન્ટની કામગીરી કરવામાં આવે છે.

**ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી**

આવી પ્રવૃત્તિઓ અટકાવવા સારૂ ખાનગી વાહનોમાં સરકારી કર્મચારી/અધિકારીઓ તેમના વાહનો ઉપર બોર્ડ મુકવાના અથવા નંબર પ્લેટ ઉપર પોતાનો હોદ્દો લખેલ હોય તેવા વાહન ચાલકો મળી આવ્યેથી તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

\- - - - - - - -

**રાજ્યમાં નવીન વાહન લાયસન્સ આપવા બાબત**

અતારાંકિતઃ ૧૧૬૫૮ (૨૮-૦૭-૨૦૨૨) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા):**માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા.૦૧-૦૭-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા વ્યકિતઓને નવા ડ્રાઈવિંગ લાયસન્સ આપવામાં આવ્યા અને કેટલા વ્યક્તિઓને લાયસન્સ આપવાના બાકી છે,

(૨) ક્યા કારણોસર ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષથી લાયસન્સ આપવામાં વિલંબ કરવામાં આવી રહ્યો છે, અને

(૩) ડ્રાઈવિંગ લાઈસન્સ માટેની પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :** (૧૯-૦૯-૨૦૨૨)

(૧) તા.૦૧-૦૬-૨૦૧૯ થી તા.૩૦-૦૬-૨૦૨૨ સુધી ૪૫,૭૧,૬૮૦ લાયસન્સ ઈસ્યુ કરેલ છે.

(૨) સ્માર્ટકાર્ડ ડ્રાઈવિંગ લાયસન્સમાં વપરાતી સેમી કન્ડક્ટર ચીપની વૈશ્વિક અછતના કારણે અરજદારોને તેઓના સ્માર્ટકાર્ડ ડ્રાઈવિંગ લાયસન્સ સમયસર મળેલ ન હતા. વધુમાં જણાવવાનું કે આવનાર સમયમાં QR Code આધારિત ડ્રાઈવિંગ લાયસન્સ અરજદારોને ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે જેની ટેન્ડર પ્રક્રિયા કરી એજન્સી પસંદગીની કામગીરી પૂર્ણ થયેલ છે. તથા QR Code Driving license printing and dispatch ની કામગીરી સપ્ટેમ્બર-૨૦૨૨ માસમાં શરૂ થનાર છે.

(૩) તમામ બાકી રહેલ અરજદારોને તેઓના સ્માર્ટકાર્ડ ડ્રાઈવિંગ લાયસન્સ તા.૧૫-૧૦-૨૦૨૨ સુધીમાં પહોંચાડવામાં આવશે.

\- - - - - - - -

**મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે બજેટમાં જોગવાઈ**

અતારાંકિતઃ ૧૧૬૧૦ (૧૫-૦૩-૨૦૨૨) **ગેનીબેન ઠાકોર** (વાવ):**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :** (૦૯-૦૬-૨૦૨૨)

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો(૮૭-ક)

(૧) (અ) નિયામકશ્રી, (આઇસીડીએસ) મહિલા અને બાળ વિકાસની કચેરી **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૪૨૧૩૯.૫૮ |
| ૨૦૨૦-૨૧ | ૨૪૮૬૮૩.૯૯ |

(બ) નિયામકશ્રી, (મહિલા વિંગ) કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી**(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૬૦૫૪૫.૧૩ |
| ૨૦૨૦-૨૧ | ૬૧૭૫૨.૬૭ |

(ક) મહિલા આર્થિક વિકાસ નિગમ **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૯૮૧.૯૦ |
| ૨૦૨૦-૨૧ | ૧૨૪૦.૧૦ |

(ડ) ગુજરાત રાજ્ય મહિલા આયોગ **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૮૦૦.૪૮ |
| ૨૦૨૦-૨૧ | ૮૩૮.૪૮ |

(ઈ) મહિલા અને બાળ વિકાસ વિભાગ (વિભાગ ખુદ) **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૮૯૧.૭૬ |
| ૨૦૨૦-૨૧ | ૫૭૨.૫૬ |

(એફ) જેન્ડર રિસોર્સ સેન્ટર **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૧૬.૦૦ |
| ૨૦૨૦-૨૧ | ૧૧૬.૦૦ |

(જી) સમાજ કલ્યાણ બોર્ડ **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૧૭.૫૯ |
| ૨૦૨૦-૨૧ | ૧૫૦.૩૪ |

(૨) (અ) નિયામકશ્રી, (આઇસીડીએસ) મહિલા અને બાળ વિકાસની કચેરી **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** | **૩૧-૧૨-૨૦૨૧એ ફાળવેલ રકમ** |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૪૨૧૩૯.૫૮ | ૨૩૪૦૦૦.૮૯ |
| ૨૦૨૦-૨૧ | ૨૪૮૬૮૩.૯૯ | ૨૬૭૨૦૯.૭૬ |

(બ) નિયામકશ્રી, (મહિલા વિંગ) કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** | **૩૧-૧૨-૨૦૨૧એ ફાળવેલ રકમ** |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૬૦૫૪૫.૧૩ | ૫૬૨૪૪.૦૪ |
| ૨૦૨૦-૨૧ | ૬૧૭૫૨.૬૭ | ૧૩૫૨૫૪.૩૩ |

(ક) મહિલા આર્થિક વિકાસ નિગમ **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** | **૩૧-૧૨-૨૦૨૧એ ફાળવેલ રકમ** |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૯૮૧.૯૦ | ૧૪૨૭.૪૪ |
| ૨૦૨૦-૨૧ | ૧૨૪૦.૧૦ | ૯૮૦.૦૦ |

(ડ) ગુજરાત રાજ્ય મહિલા આયોગ **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** | **૩૧-૧૨-૨૦૨૧એ ફાળવેલ રકમ** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૮૦૦.૪૮ | ૭૯૪.૭૦ |
| ૨૦૨૦-૨૧ | ૮૩૮.૪૮ | ૭૫૪.૮૩ |

(ઈ) મહિલા અને બાળ વિકાસ વિભાગ (વિભાગ ખુદ) **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** | **૩૧-૧૨-૨૦૨૧એ ફાળવેલ રકમ** |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૮૯૧.૭૬ | ૭૫૩.૭૪ |
| ૨૦૨૦-૨૧ | ૫૭૨.૫૬ | ૩૯૧.૦૦ |

(એફ) જેન્ડર રિસોર્સ સેન્ટર **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** | **૩૧-૧૨-૨૦૨૧એ ફાળવેલ રકમ** |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૧૬.૦૦ | ૭૭.૩૪ |
| ૨૦૨૦-૨૧ | ૧૧૬.૦૦ | ૬૯.૯૩ |

(જી) સમાજ કલ્યાણ બોર્ડ **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** | **૩૧-૧૨-૨૦૨૧એ ફાળવેલ રકમ** |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૧૭.૫૯ | ૧૧૬.૦૫ |
| ૨૦૨૦-૨૧ | ૧૫૦.૩૪ | ૧૦૭.૪૪ |

(૩) (અ) નિયામકશ્રી, (આઈસીડીએસ) મહિલા અને બાળ વિકાસની કચેરી **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **ફાળવેલ રકમ** | **વપરાયેલ રકમ** | **વણવપરાયેલ રકમ** |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૩૪૦૦૦.૮૯ | ૨૩૩૨૯૬.૭૧ | ૭૦૪.૧૮ |
| ૨૦૨૦-૨૧ | ૨૬૭૨૦૯.૭૬ | ૨૬૭૦૮૫.૫૯ | ૧૨૪.૧૭ |

વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે.

(૧) વર્ષ-૨૦૧૯-૨૦

- સબલા યોજનાના લાભાર્થીઓની સંખ્યામાં ઘટાડો થવાથી
- પ્રિ-સ્કૂલ કીટની ખરીદી માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ ન થવાથી
- કોરોના મહામારીમાં લોકડાઉન થતા વાહન વ્યવહાર સેવા બંધ હોવાથી ગણવેશ-સાડી તેમજ આધર એનરોલ્મેન્ટ કીટની ડિલિવરી ૩૧-૦૩-૨૦૨૦ સુધીમાં મળી શકે તેમ શક્ય ન હોઈ
- પૂર્ણા કીટની ખરીદીમાં વિલંબ થતા તેમજ વહીવટી મંજૂરી મોડેથી મળી હોઈ પ્રથમ છ માસમાં ખર્ચ ન થયેલ હોઈ
- પોષણ સર્વે અંગેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ ન થવાથી
- સ્પેસિફિક ઈલેક્ટ્રોનિક્સ આઈટમ GEM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોઈ ખરીદી શક્ય ન બનેલ હોઈ
- નાણાંકીય વર્ષ દરમિયાન કુલ-૧૧૨ ઘોડિયાઘર કેન્દ્રો બંધ થવાથી
- સ્માર્ટફોન અને ગ્રોથ મોનીટરીંગ ડીવાઈસના નીચા ભાવો ટેન્ડરમાં મંજૂર થતા
- ભાડાના મકાનમાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો રાજ્ય સરકાર દ્વારા નિર્મિત આંગણવાડી કેન્દ્રોમાં શિફ્ટ કરવાથી.

(૨) વર્ષ-૨૦૨૦-૨૧

- સબલા યોજનાના લાભાર્થીઓની સંખ્યામાં ઘટાડો થવાથી
- કેન્દ્ર પુરસ્કૃત યોજનાના કોમ્પોનન્ટમાં ભારત સરકાર દ્વારા ગ્રાન્ટ રીલીઝ કરવામાં ન આવતા
- પ્રિ-સ્કૂલ કીટની ખરીદી માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ ન થવાથી
- ફર્નિચર અને ફલેક્ષી ફંડની ગ્રાન્ટની APIP માં મંજૂરી ન મળવાથી
- કુલ-૮૩ ઘોડીયાઘર માટે જોગવાઈ કરેલ પરંતુ તેથી ઓછા ઘોડીયાઘર કાર્યરત રહેલ હોઈ
- રાષ્ટ્રીય પોષણ અભિયાન હેઠળની પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરની જગ્યાઓ ખાલી રહેતા
- કોવિડ-૧૯ ને કારણે તાલીમ કાર્યક્રમો તથા આંગણવાડી કેન્દ્રો બંધ રહેતા
- પોષણ સર્વે અંગેની કામગીરી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ફ્રી ઓફ કોસ્ટ કરી આપવામાં આવતા
- કોવિડ-૧૯ ને કારણે ખરીદી અંગેની કરકસરની સૂચનાઓ અમલમાં હોઈ

(બ) નિયામકશ્રી, (મહિલા વિંગ) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી **(રૂ.લાખમાં)**

| **વર્ષ** | **ફાળવેલ રકમ** | **વપરાયેલ રકમ** | **વણવપરાયેલ રકમ** |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૫૬૨૪૪.૦૪ | ૫૫૭૬૫.૧૯ | ૪૭૮.૮૫ |
| ૨૦૨૦-૨૧ | ૧૩૫૨૫૪.૩૩ | ૧૩૪૯૧૨.૪૦ | ૩૪૧.૯૩ |

વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે.

વર્ષ-૨૦૧૯-૨૦

(૧) બજેટ જોગવાઈ કરતા રિવાઇઝ બજેટમાં જોગવાઈ ઓછી કરવામાં આવેલ છે. મળેલ ગ્રાન્ટ સામે ૯૯.૧૫%જેટલો ખર્ચ થવા પામેલ છે. રૂ.૪૭૮.૮૫ લાખ બચત રહેવા પામેલ છે. અસામાન્ય પરિસ્થિતિને કારણે (કોવીડ-૧૯) યોજનાના ઓછા અમલીકરણના કારણે નિયત થયેલ કાર્યક્રમોનું આયોજન થઈ શકેલ ન હોય રકમ બચત રહેવા પામેલ છે.

વર્ષ-૨૦૨૦-૨૧

મુળ બજેટ જોગવાઈ કરતાં વધુ રકમનો ખર્ચ થવા પામેલ છે. જેથી વણવપરાયેલ ગ્રાન્ટ અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(ક) મહિલા આર્થિક વિકાસ નિગમ

**(રૂ.લાખમાં)**

| વર્ષ | ફાળવેલ રકમ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૪૨૭.૪૪ | ૧૪૨૭.૪૪ | ૦ |
| ૨૦૨૦-૨૧ | ૯૮૦.૦૦ | ૯૩૯.૨૯ | ૪૦.૭૧ |

વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે.

વર્ષ-૨૦૧૯-૨૦

ફાળવેલ રકમની સામે પૂરે પૂરો ખર્ચ થવા પામેલ છે. જેથી વણવપરાયેલ ગ્રાન્ટ અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વર્ષ-૨૦૨૦-૨૧

ફાળવેલ રકમની સામે ૯૩૯.૨૯ લાખ ખર્ચ થયેલ છે. અને રૂ. ૪૧.૭૧ લાખ બચત ગ્રાન્ટ જેટલી યોજનાકીય ઓછી કામગીરી થવાથી વણવપરાયેલ રહેલ છે.

(ડ) ગુજરાત રાજ્ય મહિલા આયોગ **(રૂ.લાખમાં)**

| વર્ષ | ફાળવેલ રકમ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૭૯૪.૭૦ | ૭૯૨.૯૫ | ૧.૭૫ |
| ૨૦૨૦-૨૧ | ૭૫૪.૮૩ | ૭૫૨.૩૨ | ૨.૫૨ |

વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે.

વર્ષ-૨૦૧૯-૨૦

WCD-7માં ઉક્ત વર્ષમાં અધિકારી/કર્મચારીની જગ્યા ખાલી રહેવાથી તથા અમુક જગ્યા આઉટસોર્સથી ભરવાથી રૂ.૧.૭૫ લાખની બચત રહેવા પામેલ છે.

વર્ષ-૨૦૨૦-૨૧

WCD-7માં ઉક્ત વર્ષમાં અધિકારી/કર્મચારીની જગ્યા ખાલી રહેવાથી તથા અમુક જગ્યા આઉર્ટસોર્સથી ભરવાથી રૂ.૨.૫૧ લાખની બચત રહેવા પામેલ છે.

(ઈ) મહિલા અને બાળ વિકાસ વિભાગ (વિભાગ ખુદ) **(રૂ.લાખમાં)**

| વર્ષ | ફાળવેલ રકમ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૭૫૩.૭૪ | ૭૩૧.૭૪ | ૨૨.૦૦ |
| ૨૦૨૦-૨૧ | ૩૯૧.૦૦ | ૨૫૮.૪૨ | ૧૮૪.૮૬ |

વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે.

વર્ષ-૨૦૧૯-૨૦

વિભાગની વર્ગ-૧ વર્ગ-૨ અને વર્ગ-૩ની જગ્યાઓ નહિ ભરવાને કારણે રૂ.૭૫૩૭૪ લાખ ફાળવેલ રકમમાંથી રૂ.૨૨.૦૦ લાખની રકમ વણવપરાયેલ રહેલ હતી.

વર્ષ-૨૦૨૦-૨૧

વિભાગના મંજૂર મહેકમની વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ ની જગ્યાઓ નહિ ભરવાને કારણે તથા કોવીડ-૧૯ ના કારણે રૂ.૩૯૧.૦૦ લાખ ફાળવેલ રકમમાંથી રૂ.૧૮૪.૮૬ લાખની રકમ વણવપરાયેલ રહેલ હતી.

(એફ) જેન્ડર રિસોર્સ સેન્ટર **(રૂ.લાખમાં)**

| વર્ષ | ફાળવેલ રકમ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૭૭.૩૪ | ૭૪.૩૪ | ૦ |
| ૨૦૨૦-૨૧ | ૬૯.૯૩ | ૬૯.૦૦ | ૦ |

વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે.

વર્ષ-૨૦૧૯-૨૦

જેન્ડર રિસોર્સ સેન્ટર અંતર્ગત કરવાની થતી તાલીમો કન્વરજન્સથી કરવામાં આવતા તેમજ માટે સરકારશ્રી તરફથી મંજૂરી ન મળતા તેમજ જેન્ડર રિસોર્સ સેન્ટરમાં ડાયરેક્ટર ચાર્જમાં હોવાથી પગાર બચત રહેતા.

વર્ષ – ૨૦૨૦-૨૧

જેન્ડર રિસોર્સ સેન્ટર અંતર્ગત કરવાની થતી તાલીમો કન્વરજન્સથી કરવામાં આવતા તેમજ કોરોના મહામારીના કારણે અને તાલીમો કરવામાં આવેલ ન હોવાથી તેમજ જેન્ડર રિસોર્સ સેન્ટરમાં ડાયરેક્ટર ચાર્જમાં હોવાથી પગાર બચત રહેતા.

(જી) સમાજ કલ્યાણ બોર્ડ **(રૂ.લાખમાં)**

| વર્ષ | ફાળવેલ રકમ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૧૬.૦૫ | ૧૧૬.૦૫ | ૦ |
| ૨૦૨૦-૨૧ | ૧૦૭.૪૪ | ૧૦૭.૪૪ | ૦ |

વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે.

વર્ષ - ૨૦૧૯-૨૦

ફાળવેલ રકમની સામે પૂરે પૂરો ખર્ચ થવા પામેલ છે. જેથી વણવપરાયેલ ગ્રાન્ટ અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વર્ષ - ૨૦૨૦-૨૧

ફાળવેલ રકમની સામે પૂરે પૂરો ખર્ચ થવા પામેલ છે. જેથી વણવપરાયેલ ગ્રાન્ટ અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૯૮૮૮, ૧૦૨૦૬, ૧૧૪૩૨ | ૩ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૧૧૫૫૧, ૧૧૬૨૩, ૧૧૬૨૪, ૧૧૬૩૩, ૧૧૬૩૪, ૧૧૬૪૫ | ૬ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૧૨૩૮, ૧૧૫૫૮, ૧૧૫૬૧, ૧૧૫૬૩, ૧૧૫૬૪, ૧૧૫૬૯, ૧૧૫૭૧, ૧૧૫૭૪ | ૮ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૯૮૩૩, ૧૦૫૬૪, ૧૧૨૭૬, ૧૧૪૭૫ | ૪ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૦૭૮૧, ૧૦૮૨૮, ૧૧૧૮૫, ૧૧૧૯૩, ૧૧૧૯૪, ૧૧૨૦૦, ૧૧૬૦૭, ૧૧૬૫૦, ૧૧૬૫૧, ૧૧૬૫૨ | ૧૦ |
| ૬ | ગૃહ વિભાગ | ૧૧૦૮૮, ૧૧૫૯૫ | ૨ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૧૬૬૮ | ૧ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૧૨૦૯ | ૧ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૦૦૧૪, ૧૦૧૪૫, ૧૦૨૪૨, ૧૦૮૧૯, ૧૦૮૨૩, ૧૦૮૪૫, ૧૦૮૪૬, ૧૦૮૫૦, ૧૦૮૫૮, ૧૦૮૬૬, ૧૦૮૭૬, ૧૦૮૯૨, ૧૦૯૦૪, ૧૦૯૦૬, ૧૦૯૧૦, ૧૦૯૨૮, ૧૦૯૩૭, ૧૧૬૬૬ | ૧૮ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૧૦૫૫૩, ૧૧૫૯૪ | ૨ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૧૩૯૪ | ૧ |
| ૧૨ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૧૧૬૪૬ | ૧ |
| ૧૩ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૧૧૬૩૮, ૧૧૬૫૮ | ૨ |
| ૧૪ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૧૬૧૦ | ૧ |
| | | **કુલ** | **૬૦** |

અધ્યક્ષશ્રી : અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે. નેક્સ્ટ. માનનીય શૈલેષભાઇને આજે શ્રેષ્ઠ ધારાસભ્યશ્રીનો એવોર્ડ આપ્યો છે એટલે તે તેમનો પ્રતિભાવ આપવા માગે છે. માનનીય શૈલેષભાઇ.

**૧૪મી ગુજરાત વિધાનસભાના છેલ્લા દિવસે સભ્યશ્રીઓના અનુભવો**

શ્રી શૈલેષ મ. પરમાર**(**દાણીલીમડા) : આભાર માનનીય અધ્યક્ષશ્રી, ચૌદમી વિધાનસભાના અગિયારમા સત્રના છેલ્લા દિવસે વર્ષ ૨૦૨૨નો શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકેનો જે એવોર્ડ મને એનાયત કરવામાં આવ્યો છે માટે આપનો આભાર માનું છું.

તા. ૨૨મી સપ્ટેમ્બર,૨૦૨૨

## ૧૪મી ગુજરાત વિધાનસભાના છેલ્લા દિવસે સભ્યશ્રીઓના અનુભવો

માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય વિપક્ષના નેતા, માનનીય ઉપાધ્યક્ષશ્રી, કમિટીના તમામ સભ્યો કે જે આ સિલેકશન કમિટીના મેમ્બર્સ હતા તે તમામનો આભાર માનું છું. મારા ચાર ટર્મના ધારાસભ્ય તરીકે આ વિધાનસભાગૃહમાં મેં જે ગાળ્યા છે તે ચાર ટર્મના ધારાસભ્યના સમયગાળા દરમ્યાન બે ટર્મ ધારાસભ્ય શહેર કોટડા વિધાનસભા વિસ્તાર અને બે ટર્મ ધારાસભ્ય તરીકે દાણીલીમડા વિધાનસભા વિસ્તારમાંથી ત્યાંના મતદારોએ મારા પર મૂકેલો વિશ્વાસ અને તે વિશ્વાસને આજે એવોર્ડના સ્વરૂપમાં મારી દાણીલીમડા અને શહેર કોડટાની જનતાને અર્પણ કરું છું. મારા ઉપર મૂકેલો વિશ્વાસ આજે હું પરિપૂર્ણ કરી શક્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, મારી પાર્ટીનો પણ હું આભાર માનીશ કે મારી પાર્ટીએ મને ખૂબ જ નાની ઉંમરે વિધાનસભા ગૃહમાં ધારાસભ્યની ટિકિટ આપી અને ચાર ટર્મથી ધારાસભ્ય તરીકે પ્રજાએ મને ચૂંટીને મોકલ્યો છે અને મારી પાર્ટી અને શ્રીમતી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીજીનો પણ આભાર માનીશ કે વિધાનસભા ગૃહમાં કોંગ્રેસ પક્ષના મુખ્ય પ્રવક્તા તરીકે, કોંગ્રેસ પક્ષના મુખ્ય દંડક તરીકે, કોંગ્રેસ પક્ષના ઉપનેતા તરીકે મને જે જવાબદારી સોંપી એ માટે મારી પાર્ટીના લિડરોનો પણ આભાર માનુ છું. ગુજરાત વિધાનસભાનો મારો આ સમયગાળો ચાર ટર્મનો સમયગાળો છે એમાં મારા માટે ગૌરવવંતી વાત એ છે કે વિધાનસભા ગૃહની સૌથી મહત્વની કહેવાતી વિધાનસભાની કાર્યવાહીનું કામ કરતી કામકાજ સલાહકાર સમિતિ કે જે સમિતિમાં છેલ્લાં ૧૨-૧૫ વર્ષથી કન્ટિન્યુસ સભ્ય તરીકે છું. હું દલિત સમાજમાંથી, અનુસૂચિત જાતિ સમાજમાંથી આવું છું. હું જ્યારથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યો છું ત્યારથી આ વિધાનસભા ગૃહની જે કમિટીઓ છે એમાં અનુસૂચિત જાતિ વિભાગની જે કમિટી છે એના મેમ્બર તરીકે કન્ટિન્યુસ હું ચૂંટાયો ત્યારથી કામ કરી રહ્યો છું. મારા માટે ગૌરવવંતી વાત એ છે કે, બીજી જાહેર સાહસો માટેની કમિટી હોય, વિશેષાધિકાર કમિટી હોય કે નિયમો માટેની કમિટી હોય એમાં પણ મને સભ્ય તરીકે કામ કરવાનો મોકો મળ્યો છે. આ વર્ષ મારા માટે ખૂબ મહત્વનું વર્ષ છે અને આ સત્ર પણ મારા માટે ખૂબ જ મહત્વનું સત્ર છે. આ સત્ર દરમ્યાન વિધાનસભાના ઉપનેતા તરીકે પાર્ટીએ મારી પસંદગી કરી ત્યારે મારે કહેવું છે કે મારા પિતા હતા તેઓએ પણ આ વિધાનસભા ગૃહમાં મંત્રી તરીકે, દંડક તરીકે, ઉપાધ્યક્ષ તરીકે અને કાર્યકારી અધ્યક્ષ તરીકે ખૂબ સારી કામગીરી કરી હતી અને એમના અવસાન પછી પાર્ટીએ મને ટિકિટ આપી અને હું ધારાસભ્ય બન્યો અને ૧૪મી વિધાનસભામાં મારી પાર્ટીએ મને ઉપનેતા તરીકે બિરાજમાન કર્યો ત્યારે મને એમ થયું કે જે પદ ઉપર મારા પિતા બિરાજમાન હતા એ પદ આજે મને હાંસલ થયું છે ત્યારે એમના આત્માને પ્રભુ શાંતિ આપશે કેમ કે એ દિવસ મારા માટે ખૂબ મોટો દિવસ હતો. માનનીય અધ્યક્ષશ્રી, બીજી ગૌરવવંતી વાત મારા માટે ૧૪મી વિધાનસભામાં એ થઇ કે, સી.પી.એ.ની કોન્ફરન્સ જે થાય છે એમાં બે વખત આ વિધાનસભામાંથી જવાનો મોકો મળ્યો છે. એક વખત તે વખતના માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી સાથે મને યુગાન્ડા જવાનો મોકો મળ્યો અને લાસ્ટ ટાઇમ જ્યારે કેનેડામાં સી.પી.એ.ની કોન્ફરન્સ હતી એમાં આપની સાથે મને જવાનો મોકો મળ્યો છે એ મારા માટે ખૂબ જ વિશેષ વાત છે. વધારે વાત ન કહેતા આજે મારા પિતાની જન્મ જયંતી છે. મારા પિતાની જન્મ જયંતી નીમિત્તે આજે જ્યારે શ્રષ્ઠ ધારાસભ્ય તરીકે આપ સૌએ મને બિરાજયો છે ત્યારે મારા માટે ખૂબ ગૌરવની વાત છે. મારા માતા પિતાના જે સંસ્કાર છે એને આજે મેં ફળીભૂત કર્યા છે. વધારે વાત ન કહેતા ફરી એક વખત આપનો અને માનનીય સભ્યશ્રીઓનો, વિધાનસભા ગૃહમાં બેઠેલા તમામ ધારાસભ્યશ્રીઓનો હું દિલથી આભાર માનુ છું કે એક ધારાસભ્ય તરીકે મારાથી જે પણ શ્રેષ્ઠ કરી શકાય, જે પણ બેસ્ટ કરી શકાય એવા તમામ પ્રયત્નો મેં કર્યા છે. ફરી એક વખત આપ સૌનો દિલથી આભાર માનું છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા (વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સૌના માટેનો આ વિધાનસભા ગૃહનો છેલ્લો દિવસ, છેલ્લું સત્ર ફરી પાછાવર્ષ ૨૦૨૨ની સામાન્ય ચૂંટણીની જે વેંતરણી છે તે વેંતરણીને પારા કરીને અહીંયા આવવા માટે બધા પ્રયત્ન કરવાના.

માનનીય અધ્યક્ષશ્રી, ગત દિવસોમાં આપના અધ્યક્ષ સ્થાનેથી અને અમારા વડોદરા નિવાસી ત્રિવેદીસાહેબના માર્ગદર્શન હેઠળ, તેમના સહકાર હેઠળ વિપક્ષની ભૂમિકા ભજવવાની મને જે તક મળી છે અને તે તક અમારા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના અધ્યક્ષાએ અમને સુપ્રત કરી છે એનો પણ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્ય મિત્રો સામેની સરકારમાં બેઠેલાં મંત્રીઓ પાસેથી પોતાના વિસ્તારનાં કામોની રજૂઆત કરીને વિસ્તારનાં કામો સારી રીતે થાય તેના માટે સરસ રજૂઆત કરી છે, પોઝિટિવ રજૂઆત કરી છે એટલે મારા તમામ સાથી મિત્રોનો પણ આભાર માનુ છું. સામે પક્ષે સરકાર તરફથી ગમે અણગમે પણ વિપક્ષના નેતા તરીકે કેટલાંક સૂચનો હતાં તે સૂચનોનો ટ્રેઝરી બેંચે જયારે તેનો અમલ કર્યો છે ત્યારે અને ખાસ કરીને અધ્યક્ષશ્રીએ પણ અમને સહકાર આપ્યો છે ત્યારે આપ સૌનો હું ઋણી પણ છું. આ ગૃહમાં વખતો વખત પોતાના વિસ્તારની અને રાજયની ચર્ચાઓ કરીને રાજયના પ્રશ્નોને ઉજાગર કરવાની જે તક માનનીય અધ્યક્ષશ્રીએ આપી છે તે બદલ ખૂબ ખૂબ આભાર અને બધાને અભિનંદન પાઠવું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪મી વિધાનસભાનું આ છેલ્લું સત્ર અને છેલ્લો દિવસ છે. પાંચ વર્ષ સુધી સૌ કોઇએ સાથે મળીને જનતાના પ્રશ્નો ઉકેલવાનો પ્રયાસ એ વિધાનસભા સ્તરેથી રાજય સ્તરે અને દેશ સ્તરે પણ સૌ કોઇએ પછી તે પક્ષ હોય કે વિપક્ષ હોય તેમણે કર્યો છે. ખાસ કરીને આ ગૃહની અંદર શ્રી નરેન્દ્રભાઇ સભ્ય હોય અને દેશના વડાપ્રધાન હોય, આદરણીય અમીતભાઇ આ ગૌરવવંતા ગૃહના સભ્ય હોય અને તે દેશના ગૃહમંત્રી હોય

એવુ સદભાગ્ય એ કયારેક કોઇ ગૃહને મળ્યું છે તે આપણા ગુજરાતના ગૃહને મળ્યું છે અને અમે બધાએ લગભગ તે વખતે સાથે કામ કર્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા બન્ને સભ્યશ્રીઓને આ વર્ષે શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકે નવાજયા છે ભાઇશ્રી શૈલેષભાઇ અને જીતુભાઇને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું, સૌ વતી અભિનંદન આપુ છું. શ્રેષ્ઠ ધારાસભ્યનું બિરૂદ મળવું તે કોઇ નાનીસૂની બાબત નથી તેના જીવનમાં પ્રગતિ કરે એવી શુભકામનાઓ પણ આપુ છું. જાહેર જીવનની અંદર ખૂબ બધાના જાણે-અજાણ્યે આશીર્વાદ તે પ્રતિનિધિઓને પ્રાપ્ત થતાં હોય છે. અનેક કાર્યો તે આપણા માટે કદાચ સહજ હોય કોઇએ કહ્યું તમે અમને કહ્યું, અમે કોઇ અધિકારીને કહ્યું પણ તેની જિંદગીનો એક સેકન્ડનો આશીર્વાદ કે મારું થયું એમાં હું માનુ છું કે કોઇ જુવે કે ના જુવે પણ ઇશ્વરના દરબારમાં અનેક સહીઓ આપણાં કામોથી થઇ હશે અને તેમના આશીર્વાદ તે ચોક્કસ આપણને સૌને મળ્યાં હશે. આપણા માટેની અલગ અલગ પ્રકારની છબીઓ, ઓળખો પણ હશે પણ આપણે જાણીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, તમે અને હું બધા જાણીએ છીએ. આ પૂર્વે પણ અહીં બધાં કામ કરી ગયા એ પણ જાણે છે. પ્રતિનિધિ બનીએ એટલે આપણામાં એક સંવેદનાનો ભાવ આવતો હોય છે. લોકોની સમસ્યા, લોકોના પ્રશ્નો જોઇએ એટલે આપણી અંદરનો માણસ જાગી જતો હોય છે. કોઇના ઘરનો પ્રસંગ હશે, પરિવારનો પ્રસંગ હશે ત્યારે હું દાવા સાથે કહું છું કે આમાંથી અનેક લોકો એ સમયે પ્રસંગમાં નહિ જઇ શક્યા હોય. પાર્ટીનાં કામમાં, જાહેર જનતાનાં કામમાં, અન્ય વ્યવસ્થાઓના કારણે આપણે પરિવારના અનેક પ્રસંગો ચૂક્યા હોઇશું. શ્રી પરેશભાઇ, શ્રી મોહનસિંહભાઇ, શ્રી સુખરામભાઇ, હું પણ પ્રમુખ હતો, શ્રી અમિતભાઇ પણ પ્રમુખ હતા. આ ઉપરાંત બધા જ સિનિયર આગેવાનો જેવા કે શ્રી પુંજાભાઇ, શ્રી શૈલેષભાઇ, શ્રી રાઘવજી ભાઇ હોય, શ્રી નીતિનભાઇ હોય, શ્રી વિજયભાઇ હોય બધા માટે કહું છું કે વર્ષ ૨૦૧૭માં જ્યારે ૧૪મી વિધાનસભાની ચૂંટણી આવી એ યાત્રાનો હું સાક્ષી છું. એ યાત્રામાં આદરણીય નીતિનભાઇ, આદરણીય વિજયભાઇ અને અત્યારે અમારા ભૂપેન્દ્રભાઇના નેતૃત્ત્વમાં રાજ્ય સરકારે જેટલું થઇ શકે એટલું કામ કર્યું છે. ઘણા બધાના જીવનમાં એવા પ્રસંગો હશે કે દીકરા-દીકરીઓ મોટા થઇ ગયા હશે તો પણ આપણે એમને સમય નહિ આપી શક્યા હોઇએ. એ મૂલ્યાવાન સમય છે. જે સમયે એમને જરૂર હશે એ સમયે આપણે હાજર નહિ રહ્યા હોઇએ અને દીકરા-દીકરીઓ મોટા થઇ ગયા હશે પણ મેં કહ્યું એમ અનેક આશીર્વાદ આપણને પ્રાપ્ત થયા હશે. સરકાર તરીકે સામ-સામે બોલાયું હશે. તમે પણ બોલ્યા હશો. હું સરકાર તરીકે સૌ વતી માફી પણ માંગુ છું. ભવિષ્યમાં પણ આપણે કામ કરતાં રહેવાના છીએ. આપણે બધાંને શુભકામનાઓ આપીએ પણ આપણને ખબર છે કે કેટલાંક આવી શકવાના છે અને કેટલાંક નથી આવી શકવાના. એ પ્રારબ્ધ, પાર્ટી અને વ્યવસ્થાઓના આધાર પર હોય છે પણ જ્યાં જઇએ ત્યાં શ્રેષ્ઠ કરી શકીએ એવી હું ઇશ્વરને પ્રાર્થના કરું છું. ભગવાન, ભગવતી, મહાદેવ, મા ચેહરને પ્રાર્થના કરીએ કે આ સમય ભલે પૂરો થતો હોય પણ જીવનનો શ્રેષ્ઠ સમય કાયમ સપનાઓ પૂરા કરે અને સંતોષનો ભાવ થાય. છેલ્લો દિવસ ખૂબ મોડો આવે પણ છેલ્લો દિવસ આવે ત્યારે સ્વસ્થ રહીએ એવી ઇશ્વર આપણી પર કૃપા કરે. મને એવું લાગે છે કે આપણે સૌ જાણે-અજાણે માનવયંત્ર બન્યા છીએ. હું જ્યારે મિત્રોને મળું ત્યારે ફોનમાં હોઉ અથવા કામમાં હોઉ પણ આપણે સાથે કામ કર્યું છે ત્યારે અંદરનો ભાવ છે એ ક્યારેય ઓછો ન થાય, આત્મિયતાનો નાતો ના તૂટે. પાર્ટી, વિચારો અલગ-અલગ હશે પણ જયારે એકબીજાના ગામમાં જઇએ ત્યારે યાદ કરીને એકબીજાને મળવા જઇએ એવા આપણા સંબંધ બની રહે અને આપણી પછીની પેઢી સુધી એ સંબંધો ઉતરે તો જ આપણે જાહેરજીવનમાં જે કામ કર્યું છે એ સફળ થશે. પદ, પૈસો અને પ્રતિષ્ઠા તો આવે અને જાય પણ જિંદગીમાં કાયમ સંતોષ મળી રહે.

''અંતે બાકી રહેલી બે એક વાત કરીશું, સ્મરણો સાથે લઇ નવી શરૂઆત કરીશું.
થઇ દૂર બધાંથી અહીં સૌની વચ્ચે રહીશું. પ્રગતિના પંથ પર બની ગતિ નિરંતર વહીશું.''

માનનીય અધ્યક્ષશ્રી, ઇશ્વર આપણી પર ખૂબ મહેર કરે. આથમતી રાત નવી સવારનો સંદેશો લાવે છે. બદલાતો સમય નવી આશાની ટપાલ લાવે છે. ખુશીથી આવકાર્યા હતા અમને ખુશી-ખુશી ફરી આવીશું. નવા સમયને નવી આંખે જોવા ફરી ભેગા થઇશું. ધન્યવાદ. આભાર. ભારત માતા કી જય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(મહેસાણા) : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતીથી આપે મને તક આપી તે બદલ આપનો આભાર. માનનીય સર્વ સભ્યશ્રીઓએ ખૂબ સુંદર રીતે આપણી આ ૧૪મી ગુજરાત વિધાનસભાના છેલ્લા સત્રના છેલ્લા દિવસને યાદ રાખી ભૂતકાળને પણ વાગોળ્યો છે અને આવનારા સોનેરી ભવિષ્ય માટે સર્વને શુભેચ્છા પાઠવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નરેશભાઇએ જે વાત કરી એ જ વાત મારે ખાસ કરવી છે. આપણે બધાં વર્ષોથી ધારાસભ્ય છીએ. કોઇ મંત્રી, કોઇ વિપક્ષમાં, કોઇ બીજી જવાબદારીમાં કામ કરતાં રહ્યાં છે પણ જિંદગીમાં પડકારો કદાચ ૫૦-૧૦૦ વર્ષે એક વખત આવે છે. એવી એક વૈશ્વિક મહામારી જેને કોરોના મહામારી તરીકે આપણે ઓળખીએ છીએ તે મહામારીના સમયને આપણે બધા પાર કરી ચૂક્યા છીએ અને હું ભગવાનને પ્રાર્થના કરું કે કોઈ દિવસ માનવજાત ઉપર આરોગ્યને લગતો કે બીજી કોઈ કુદરતી આફતને લગતો આવો કોઈ વિકટ પ્રશ્ન ન આવે. મારે સર્વ માનનીય સભ્યશ્રીઓ, સર્વ અધિકારીશ્રી, કર્મચારી મિત્રો, ડૉક્ટર મિત્રો, પેરા મેડિકલ સ્ટાફ મિત્રો અને પત્રકાર મિત્રોનો આભાર માનવો છે. જ્યારે કોરોનાની કપરી પરિસ્થિતિ હતી ત્યારે આરોગ્ય મંત્રી તરીકેની જવાબદારી સરકારમાં મારી હતી. તે વખતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ, હું અને અમારા બધા સાથીઓ સાથે મળીને આખા રાજ્યમાં નાગરિકોને કોરોનાથી બચાવવા માટે સતત કાર્યશીલ

રહ્યા. અહીંયા બેઠેલા કોઈ વ્યક્તિ એવા નથી, કોઈ પક્ષ એવો નથી, અહીંયા ન બેઠેલા કોઈ ગુજરાતી એવા નથી કે જેમણે પોતાપોતાની શક્તિ, આવડત અને ક્ષમતા પ્રમાણે પ્રજાને મદદરૂપ થવાનું કામ ન કર્યું હોય. આપણા ગુજરાતની માનવ સેવાની મહેક તે વખતે જ કહેવાય. મારા અનુભવ પ્રમાણે અને મારી કેરિયરમાં તે સૌથી મોટી પરાકાષ્ટા હતી. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે કુશળતાથી કાર્યવાહી કરી, લોકડાઉનથી માંડીને વિનામૂલ્યે વેક્સિનેશનના બધા ડોઝ આપવાની કામગીરી, ઓક્સિજનની તકલીફ વચ્ચે ઓક્સિજન ફાળવી આપ્યા તે બધું આપણે જાણીએ જ છીએ એટલે હું તેનું વિશેષ વર્ણન નહિ કરું. મારે એટલા માટે બધાનો આભાર માનવો છે કે હું આરોગ્ય મંત્રી હતો ત્યારે ગુજરાતની જનતાને મદદરૂપ થવાનું અને ઓછામાં ઓછી જાનહાનિ થાય તે માટેનું કાર્ય આપણે સૌએ સાથે મળીને કર્યું છે. જીવનમાં અનેક પડકારો આવતા હોય છે પણ કેટલાંક પડકાર આખી જિંદગી યાદ રહેતા હોય છે. જે રીતે આઝાદીની લડત દાયકાઓ સુધી, સદીઓ સુધી ચાલી પણ કેટલાક આંદોલનો ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગયા. મહાત્મા ગાંધીજીની દાંડી યાત્રા સુવર્ણ અક્ષરે લખાઈ. સરદાર વલ્લભભાઈ પટેલ જેમાં નેતા તરીકે અને સરદાર તરીકે સ્વીકૃતિ પામ્યા તેવો બારડોલીનો સત્યાગ્રહ, અંગ્રેજોનો જે જઘન્ય કહેવાય તેવો જલિયાવાલા હત્યાકાંડ, આપણા યુવાનો ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ દેશ માટે ફાંસીના માંચડે ચડ્યા, અંગ્રેજોની ગોળીએ વિંધાઈ ગયા હોય, આવા બનાવો બહુ ઓછા બનતા હોય છે પણ તે અવિસ્મરણીય બનાવો હોય છે. આપણે બધા એ સાથે મળીને પીવાનું પાણી, ખેડૂતો માટે, રસ્તાઓ માટે, શિક્ષણ માટે અનેક કામગીરી કરી છે. સરકાર તરફથી સરકારે અને વિપક્ષ તરફથી વિપક્ષે આપણે બધાએ સાથે મળીને આ કામગીરી કરી છે ત્યારે બે બાબત મારે ખાસ કહેવી છે. કોરોનાની કામગીરીમાં બધાએ જે સહકાર આપ્યો એટલે આ પ્લેટફોર્મ ઉપર હું ફરીથી બધાનો આભાર માનું છું. આપણા નવા આરોગ્યમંત્રીશ્રીએ પણ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં કામગીરી ઉપાડી લીધી અને આગળ વધ્યા એ પણ એક ઐતિહાસિક ક્ષણ છે. બીજી એક ખાસ વાત કે આપશ્રી સર્વાનુમતે ગુજરાત વિધાનસભામાં પ્રથમ મહિલા અધ્યક્ષ બન્યા એ બદલ અમને આનંદ થાય છે. અમે જ્યારે ભવિષ્યમાં રિટાર્યડ થઇશું ત્યારે કહીશું કે શ્રીમતી ડો.નીમાબેન આચાર્યને અમે પ્રથમ મહિલા અધ્યક્ષ બનાવેલા. એ જ રીતે આજે શ્રી શૈલેષભાઇ અને શ્રી જિતેન્દ્રભાઇને શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકેના એવોર્ડ આપ્યા, સિનિયર માનનીય ભૂપેન્દ્રસિંહજી અને શ્રી મોહનસિંહભાઇને અગાઉ એવોર્ડ આપી ચૂકયા છીએ. માનનીય પૂર્વ અધ્યક્ષ, શ્રી રાજેન્દ્રભાઇનો પણ આભાર માનીશ કે એમણે આ પરંપરા ચાલુ કરીને આગળ વધારી છે. માનનીય જીતુભાઇ વાઘાણી, યુવાનેતા મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અને આપણા સિનિયર નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇની વચ્ચે આપણે બધાએ કામ કર્યુ છે. અહીંયા શ્રી મોહનસિંહભાઇથી માંડીને યુવાનેતાઓ વચ્ચે આપણે બેઠા છીએ ત્યારે બધા સ્વસ્થ અને તંદુરસ્ત રહે એવી હું પ્રાર્થના કરું છું. પ્રજાની અને દેશની સેવા કરી શ્રી મોદીસાહેબના સૂત્ર ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ'' ને આપણે સૌ સાથે મળી આગળ વધારીએ એવી મારી પ્રાથર્ના. આપે મને તક આપી એ બદલ સરકારનો, માનનીય શ્રી જીતુભાઇનો અને આપશ્રીનો ખૂબ ખૂબ આભાર. અસ્તુ. ''ભારતમાતા કી જય''.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : ચૌદમી વિધાનસભા સાચા અર્થમાં વર્ષ ૧૯૬૦ પછી થયેલી તમામ વિધાનસભાઓમાં શ્રેષ્ઠ વિધાનસભા તરીકે ગૌરવ પામશે એવી હું આશા રાખું છું. ચૌદમી વિધાનસભામાં હું આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદીસાહેબનો અને આપણા ગૃહ મંત્રી માનનીય શ્રી અમિતભાઇ શાહ સાહેબનો આભાર માનીશ કે બીજીવાર ચૂંટાયેલા ધારાસભ્યને સ્પીકર તરીકેની જવાબદારી આપવી એ મારા માટે બહુ મોટા અહોભાગ્યની વાત છે અને ચાર વર્ષ સુધી મેં બહુ મોટી જવાબદારી નિભાવી અને છેલ્લો દિવસ એવોર્ડ માટે નોમિનેટ થયો છે ત્યારે હું માનું છું કે આ સત્ર વિધાનસભાના શ્રેષ્ઠ એવોર્ડ માટે નોમિનેટ થશે. વિધાનસભાના પાંચ વર્ષના સમયગાળામાં જે નાનો-મોટો પ્રયાસ કર્યો છે એ હું યાદ કરવાનો પ્રયાસ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાકાળની માનનીય શ્રી નીતિનભાઇ સાહેબે વિશિષ્ટ વાત કરી. કોરોનાકાળની અંદર યુવી-લાઇટનો પ્રયોગ વાતાવરણને કોરોનાથી મુકત કરવા માટે આખા ભારતદેશમાં આપણી વિધાનસભાએ પહેલીવાર કર્યો અને એ વાતનો પ્રચાર-પ્રસાર થયો ત્યારપછી લોકસભામાં પણ યુવી-લાઇટનો પ્રયોગ થયો. પહેલી ટર્મમાં જ્યારે હું ચુંટાઇને આવેલો અને માનનીય જીતુભાઇ સાહેબ પાછળ બેસતા ત્યારે મને એવી અનુભૂતિ થતી કે આ પ્રકાશમાં કંઇક ગરબડ છે પણ કશું કરી શકેલ નહોતો. પણ સ્પીકર બનતાની સાથે જ મેં એન્જિનિયરને બોલાવ્યા અને ચેક કરાવડાવ્યું. ત્યારપછી પુરવાર થયું કે લાઇટ વધારે છે અને એ લાઇટ સમધારણ કરવામાં આવી. તે વખતે આ બેલ પાંચ મિનિટ વાગતો ત્યારે એટલો કકડાટ લાગે કે બહાર વાગે તો બરાબર છે પણ અહીં શા માટે વાગતો હશે, એવો પહેલા પહેલા વિચાર આવ્યો પણ માનનીય અધ્યક્ષશ્રી આવે અને બેલ બંધ થાય એટલે પ્રવેશે એટલા માટે બેલ અંદર વાગે છે પણ આટલો જોરથી શા માટે વાગે છે? એટલે અમે તપાસ કરાવીને આ જે ઘંટડો વાગે છે એની જગ્યાએ નાની ઘંટડી અમે શોધી લાવ્યા અને એણે કહ્યુ કે હું એક ડઝન બનાવીને આપીશ, એક નહીં આપું. નાની ચાર ઘંટડી વગાડી તો પણ ખૂબ અવાજ આવતો હતો, બે કરી તો પણ ખૂબ અવાજ આવતો હતો. છેલ્લે એક કરી, મૂકવી કયાં? એટલે આ જૂની છે એની પાછળ સંતાડી દીધી અને આ સળંગ વાગે. કારણ કે, આજે જ આપણે જોયું કે પાંચ મિનિટથી વધારે સળંગ બેલ વાગે તો બંધ ના થઇ જવો જોઇએ. આ તો આપણે આવી નાની-મોટી વાત કરી પણ એક બહુ જ મોટી વાત કે સ્વર્ગસ્થ ધારાસભ્યશ્રીઓના આપણે માત્ર શ્રધ્ધાંજલિ આપીને પત્ર મોકલી દેતા હતા એની જગ્યાએ ૧૦૦ વર્ષ સુધી એ ગોલ્ડ સ્પાઇલ વાળું પેપર એ આપણે શોધી કાઢ્યું અને એના ઉપર પ્રિન્ટ કરાવી આપણા જે

માનનીય પૂર્વ સ્વર્ગસ્થ ધારાસભ્યશ્રીઓ હોય એમના ઘરે જાય અને ઘણા બધા માનનીય ધારાસભ્યશ્રીઓએ એ વિસ્તારમાં ત્યાં એવો પ્રયાસ કર્યો કે એમના ઘરે જઇને નાનો-મોટો એક કાર્યક્રમ કર્યો અને સંચિત મેગેઝિન કે જે થોડું શિથિલ હતું એને આપણે ખૂબ મજબૂત બનાવ્યું. લોકસભાના આદરણીય અધ્યક્ષશ્રી માનનીય ઓમ બિરલાજી સાથેની એક સ્પીકર કોન્ફરન્સની અંદર આ વાત થઇ કે શ્રેષ્ઠ ધારાસભ્યશ્રીઓને એવોર્ડ હોવો જોઇએ અને એનો અહીંયા આપણે પ્રયાસ કર્યો. માનનીય મુખ્યમંત્રીશ્રી તરીકે શ્રી વિજયભાઇ રૂપાણીજી અને નાયબ મુખ્યમંત્રીશ્રી તરીકે શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ હતા. એમણે તરત હા પાડી. એટલે એ જે ક્ષણ આવી અને જેના કારણે આપણી વચ્ચે આટલાં વર્ષોથી આજે શ્રી મોહનસિંહજી છે અને તેઓ ૧૦ ટર્મથી વધારે ચૂંટાઇને આવે છે તથા માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહજી, તો એ પહેલો પહેલો એવોર્ડ આ બંને મહાનુભાવોને આપણા તરફથી શ્રેષ્ઠ ધારાસભ્યશ્રી તરીકેનો આપી આપણે એમનું સન્માન કર્યુ નથી, પરંતુ એમાં એવોર્ડનું સન્માન થયું છે. એવી રીતે આજે ફરીવાર માનનીય શ્રી જિતેન્દ્રભાઇ સુખડીયા સાહેબ અને માનનીય શ્રી શૈલેષભાઇને આ શ્રેષ્ઠ ધારાસભ્યશ્રી તરીકેના એવોર્ડ માટે પસંદ કર્યા છે. આ એવોર્ડ એક વ્યકિતનો એવોર્ડ નથી પણ આ એવોર્ડ આપણા બધાને મળેલો છે. કારણ કે, એમણે જે રીતે કાર્ય કર્યુ છે અને જે રીતે તેઓએ અહીયા એક ધારાસભ્યશ્રી તરીકે તથા સામાજિક જીવનમાં રોલ અદા કર્યો છે તો આપણે પણ તમામ એવા થઇએ અને ગૌરવ આપણને એ હોવું જોઇએ એ મારી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત એ કહેવા માગીશ કે યુગાન્ડાની અંદર જયારે પ્રથમવાર જયારે જવાનું થયું અને વિશ્વની એ સ્પીકર કોન્ફરન્સમાં કોમનવેલ્થ પાર્લામેન્ટરી કોન્ફરન્સની અંદર આદરણીય શ્રી શૈલેષભાઇ અને આદરણીય શ્રી વિવેકભાઇ પણ હતા અને પહેલા દિવસે સચિવશ્રી સાથે બે મહિનાથી ચર્ચા થાય કે આ વિષય ઉપર કેવી રીતે બોલવું અને શું બોલવું ત્યારે એમણે છેલ્લા દિવસે એક વાત મૂકી કે ક્ષમા કરજો તમે આ બે મહિનાથી મહેનત કરો છો પણ આપણા ગુજરાતના સ્પીકરને ત્યાં એક મિનિટ માટે પણ બોલવાનું મળ્યું નથી એટલે આ વાતને આપણે ચેલેન્જ તરીકે સ્વીકારી અને રૂરલ ડિકલાઇન એટલે કે ગામડાં તૂટી રહ્યાં છે અને શહેર તરફ જઇ રહ્યા છે આ વિષય ઉપરની તૈયારી કરીને અમે પહેલા દિવસે વહેલા ગયા. ઇશ્વરનું કરવું અને ત્યાં અધ્યક્ષ સ્થાને જે ત્રણ જણની પેનલ બેઠી હતી, સૌથી પહેલી બોલવાની તક મને મળી અને તક મળે એ નસીબની વાત છે. જે વિષય સાત મિનિટ સુધી મને બોલવાનો મળ્યો એ માત્ર ને માત્ર તત્કાલીન મુખ્યમંત્રીશ્રી તરીકે આદરણીય શ્રી નરેન્દ્ર મોદીજીએ શહેરી રૂરલ જે ડિકલાઇન થતું હતું એ અંગે લીધેલાં પગલાં સાત મિનિટ સુધી બોલ્યો ત્યાં લોકોએ ખૂબ પાટલી થપથપાવી. એ ગૌરવ મારું નહીં, એ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્ર મોદીજીએ જે પગલાં લીધેલાં એ પગલાં ભરવાનાં વર્ણનનું હતું. એની અસર શું થઇ? તમારે ફરી વિપક્ષ સહિત પાટલી થપથપાવવી પડશે. એ ગુજરાતના સ્પીકર તરીકે બીજે દિવસે ફરી વાર મને એમ કહેવામાં આવ્યું કે, why are you sitting here Mr. Trivedi ? મેં કીધું Is there any problem madam ?" She said, "No, no today we have kept you on dais" અને બીજે દિવસે ડાયસમાં સેન્ટર પોઝિશન ઉપર મૂકવામાં આવ્યો. તે દિવસે પ્રશ્નોતરીમાં જે કંઇ જવાબો અપાયા એના કારણે ત્રીજા દિવસે પણ ગુજરાતના સ્પીકરને, આદરણીય મોદીજીના સ્ટેટના સ્પીકરને ત્રણ પેનલમાં સેન્ટર પોઝિશન ઉપર ફરી સ્થાન મળ્યું એ આપણા ગુજરાતનું ગૌરવ છે. માટે હું કહું છું કે આ ૧૪ મી આપણી વિધાનસભા અવર્ણનીય અને હંમેશા યાદ રહે એવી છે. કોરોના કાળ હતો. મારે અધિકારીઓને અભિનંદન આપવા છે. વિધાનસભાના કર્મચારીઓને અભિનંદન આપવા છે કે સતત બેસીને સમયનો સદુપયોગ કરીને ૬૦ વર્ષ દરમ્યાનના આપણા અધ્યક્ષશ્રીઓના જે નિર્ણયો હતા એ નિર્ણયોનું કમ્પાઇલેશન કરીને અને એમાં ભૂલચૂક ન થાય એ રીતે જે એક પુસ્તક બનાવ્યું આપણે, એ પણ આપણે કોરોનાના કપરા કાળમાં બનાવ્યું. ૩૫ વર્ષથી આપણી પાર્લામેન્ટરી પ્રોસિજર જે છે, એનું ગુજરાતી ભાષાંતર અપડેટ નહોતું થયું. એને પણ આપણે અપડેટ કરીને બુક રૂપે પ્રકાશિત કર્યુ અને આપને બધાને એ મળ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક એ પણ વાત કરવી છે કે આ સભાગૃહમાં ઘ્વનિ પ્રદૂષણ, લાઇટ પ્રદૂષણ તો સમજ્યા, પણ સમયની બાબતમાં સવારે સાડા આઠ વાગે વિધાનસભા જે શરુ થતી હતી, એને ૧૦ વાગ્યાનો સમય કર્યો. એનો જશ કોઇને મારે આપવો હોય તો એ આદરણીય નીતિનભાઇ સાહેબને આપીશ કે ૧૦ વાગ્યાનો કર્યો. આજે આપણે બધા ૧૦ વાગે આવ્યા. નહીંતર સવારે સાડા આઠ વાગે આવવું પડત. કે વિશેષ કરીને માનનીય નીતિનભાઇ સાહેબે સમર્થન આપ્યું કે આ સમય સુધારવામાં વાંધો નથી. પહેલાનો એક સમય હતો કે જયારે સાધનો નહોતાં, માટે વિધાનસભા વહેલી છૂટી જતી હતી એટલે વહેલી શરુ થતી હતી, પરંતુ હવે સ્થિતિ બદલાઇ છે. એટલે એ માટે અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તારાંકિત પ્રશ્નોના બેલેટમાં આપણે ખૂબ મોટો સુધારો કર્યો. ગૃહની અંદર સોફ્ટ કોપીમાં આપવાનો નિર્ણય લીધો અને એના લીધે ૧૦ ટન કાગળ તે વખતે બચ્યા. આજે પણ આપને અભિનંદન આપીએ છીએ કે આપના કારણે આ પ્રથા ચાલુને ચાલુ રહી છે. નેશનલ ઇ-વિધાન પ્રોજેકટ શરુ થયો. એમાં સમગ્ર ભારતમાં આપણે અગ્રેસર છીએ. સમગ્ર ભારતમાં. મીડિયા બ્રીફિંગ માટે કોરોના કાળ હતો એટલે અલગ પોડિયમની એક અનેરી વ્યવસ્થા પત્રકાર મિત્રોને પણ હું યાદ કરીને અભિનંદન આપીશ. એ પણ સવારથી સાંજ સુધી બેસીને આપણા જેટલી જ મહેનત કરે છે. માનનીય ધારાસભ્યોને સમગ્ર ભારતમાં આપણે યશ એ પણ લેવો જોઇશે કે આ ગુજરાત વિધાનસભાનું ગૌરવ છે કે આખા ભારતમાં કોઇ સ્પીકર, પોતાના ધારાસભ્યોને લઇને, એમાં કોંગ્રેસ-ભાજપ બન્ને હોય, એમને લઇને અન્ય રાજયોમાં જતા હોય અને ત્યાં આગળ આખી આ પાર્લામેન્ટરી સિસ્ટમની ચર્ચા થાય. એના માટે ૩ દિવસ માટે જતા હોય. એમાં ઉત્તર પ્રદેશ ગયા, દિલ્હી

ગયા, લોકસભામાં ગયા, રાજયસભામાં ગયા. રાષ્ટ્રપતિજીને મળ્યા. તમામ ધારાસભ્યો જે લોકો મારી સાથે આવેલા. આદરણીય શ્રી જગદીશભાઇ પણ છે હાજર, માનનીય રમણભાઇથી માંડીને બધા હતા. એ નવો પ્રયાસ આપણે શરુ કર્યો અને એક નવો ચીલો ચાતર્યો અને આપ સ્પીકર સાહેબે એ ચીલો ચાલુ રાખ્યો. મારે અભિનંદન આપને એટલા માટે આપવા છે. માનનીય નીતિનભાઇ સાહેબે આપ્યા કે પ્રથમ મહિલા સ્પીકર તરીકેનું ગૌરવ અમને છે. બીજાને હવે મળશે કે કેમ એ હમણા ખબર નથી. ભવિષ્યની વાત છે. પણ અત્યારે અમને એનું ગૌરવ છે. ૧૦૦ વર્ષની અંદર એક સ્ટેટની નેશનલ કોન્ફરન્સ, સ્પીકર્સની નેશનલ કોન્ફરન્સ થતી આવી છે. ૧૦૦ વર્ષની. આઝાદી પહેલાથી. એની ૮૦ મી કોન્ફરન્સ. આ ૮૦ શબ્દ એટલા માટે મારે માટે ઉપયોગી છે કે આદરણીય વડાપ્રધાનની જન્મ તારીખ ૧૭ સપ્ટેમ્બર એટલે ૭ ને ૧ આઠ. આ વિધાનસભા અષ્ટકોણીય એટલે આઠ. એ ૮૦ મી કોન્ફરન્સ. ૧૦૦ વર્ષમાં પહેલી એવી કોન્ફરન્સ કે જેનું ઉદ્દ્ઘાટન રાષ્ટ્રપતિજીએ કર્યું હોય. જેમાં ઉપરાષ્ટ્રપતિજી હાજર હોય. જેની અંદર લોકસભાના સ્પીકર ઓમ બિરલાજી હાજર હોય. રાજયોના સ્પીકર્સ હાજર હોય અને એના ૩ દિવસના સમાપનની અંદર આદરણીય પ્રધાનમંત્રીજીએ હાજર રહીને એનું સમાપન કર્યું હોય. આદરણીય મોદીજીએ સમાપન કર્યું હોય. એવી આ પહેલી ઘટના સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે થઇ એ આપણું ગૌરવ છે. આ વિધાનસભાની અંદર કર્મચારીઓ અને અધિકારીઓ માટે પ્રાણાયમ, ધ્યાનની તાલીમ, કર્મચારીઓ માટે યોગ અને એવા અનેક કાર્યક્રમો આપણે અહીંયા કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત પહેલા મને નડતી હતી જયારે હું ધારાસભ્ય તરીકે બેસતો હતો ત્યારે આપણા જે અધિકારીઓ અહીંયા બેસે છે તેઓ યુનિફોર્મમાં બેસતા નહોતા. એટલે સ્પીકર થયા પછી એ મારો અધિકાર બન્યો અને એ લોકોને આપણે યુનિફોર્મ આપતા થયા અને યુનિફોર્મમાં એ રહેતા થયા. વિધાનસભાની કેન્ટીનની બાજુમાં બહુહેતુક મલ્ટીપર્પઝ હોલ આપણે બનાવ્યો છે. એનો ઉપયોગ બહુ ઓછો થયો છે. કોરોના કાળને લીધે નથી થઇ શક્યો, પરંતુ હવે ભવિષ્યની અંદર એ હોલ મીટિંગો માટે પણ ઉપયોગ થઇ શકે. આદરણીય સ્પીકરશ્રીની હકુમતમાં એ હોલ છે. ૬૦ વર્ષમાં પહેલી વખત પ્રશ્ન શાખાનું વિભાજન થયું અન એના કારણે અતારાંકિત પ્રશ્નો પણ વધ્યા અને આઠ હજાર કરતા વધુ સૂચનાઓ પણ મળી એની વિગતમાં હું નથી જતો.

માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય પ્રતિનિધિમંડળ તરીકે એક અનુભવ મળ્યો. આવા અનેક આપણે પ્રયાસો કર્યા. આ તબક્કે મારા સ્પીકર તરીકેના કાર્યકાળની અંદર હું તમામ વિપક્ષનો અને મારા પક્ષના તમામ ધારાસભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓનો એટલા માટે પણ આભાર માનું છું કે આ ગૃહને સૂચારુરૂપે ચલાવવામાં આપણા બધાનો ખૂબ સિંહફાળો રહ્યો છે અને વિપક્ષને અને સરકાર પક્ષ બંનેને ન્યાય આપવાનો પૂરતો પ્રયત્ન મેં કરેલો છે. એક ગેરસમજ આખા ગુજરાતમાં છે અને અત્યારે અવિધિસરની વાત ચાલી રહી છે એટલે પત્રકાર મિત્રોને ખાસ મારી વિનંતી છે આમ તો ના કહેવાય આપણી રેગ્યુલર સભામાં કે ગુજરાતના ધારાસભ્યોને પેન્શન મળે છે એનું એટલું બધું ટ્રોલ થઇએ છીએ અને એની અંદર જે સોશિયલ મિડિયા છે જાણે કે આપણને શું મળી જાય છે આપણે જીવનની અંદર ધારાસભ્ય તરીકે આપણે કેટલી મહેનત કરતાં હોઇએ છીએ, રાજકીય જીવનની અંદર વર્ષોના વર્ષો કાઢીએ છીએ. માનનીય જીતુભાઇ વર્ષોના વર્ષો કાઢ્યા અને અમારા જેવા અનેક લોકોને તૈયાર કર્યા તો અમને ખબર છે કે જીવનની અંદર ઘણું બધું છોડીને આવ્યા છીએ. માનનીય જીતુભાઇએ કહ્યુ કે ઘરના પ્રસંગો છોડીને સામાજિક જીવનમાં સમાજ માટે કામ કરતાં હોઇએ છીએ. છોકરાઓ વાંધો પાડે છે. માનનીય નિરંજનભાઇ એ વાતના સાક્ષી છે અનેક આપણે સારાં કામો થયાં છે. છેલ્લે આદરણીય રાષ્ટ્રપતિજી આપણા વિધાનસભામાં આપણા નિમંત્રણથી આવીને અહીંયા એમણે ખૂબ જ સુંદર પ્રવચન પણ આપ્યું અને માહિતી પણ આપી અને અહીંયા આગળ યુવાનો તરફથી આપે મોક પાર્લામેન્ટ કરવા દીધી એના કારણે ગુજરાતમાં જ નહિ પણ સમગ્ર ભારતમાં આ દાખલો બેઠો છે. આ ૧૪મી વિધાનસભા એ રીતે અનેક રીતે આપણે શ્રેષ્ઠ છીએ શ્રેષ્ઠ સાબિત થઇ છે. પેન્શન મળતું નથી એવું સાહેબ આપણા ચેર પરથી આપ ડિક્લેર કરશો તો આ કદાચ કાલે છાપામાં તમામ જગ્યાએ આ વાત જાય એવી મારી એક વિનંતી છે. માનનીય જેઠાભાઇ આહીર ડેપ્યુટી સ્પીકર તરીકે પસંદ થયા એ પણ એક અભિનંદન છે અને એક વિધાનસભામાં બે સ્પીકર આવ્યા હોય એક જ વિધાનસભામાં બે એલ.ઓ.પી. આવ્યા હોય આવું ભાગ્યે જ બનતું હોય છે આ આપણી ચૌદમી વિધાનસભામાં બન્યું છે. આપણે બધાને ખૂબ ખૂબ ધન્યવાદ.

આદરણીય અધ્યક્ષશ્રી, સૌની ક્ષમા માગું છું. મારા તરફથી વ્યકિતગત રીતે કોઇને કયારેય તકલીફ થઇ હોય તો ક્ષમા પ્રાર્થી છું. સરકાર તરીકે સર્વશ્રેષ્ઠ કામગીરી આ ફ્લોર ઉપરથી થઇ છે. વિપક્ષે પણ પોતાની ભૂમિકા શ્રેષ્ઠ ભજવવાનો પ્રયાસ કર્યો છે. હું બધાને અભિનંદન આપું છું. વિશેષ કરીને ખૂબ આશીર્વાદ એક માતા તરીકે આપે મને આપ્યા છે અને મને બોલવાની તક આપી છે ત્યારે ખૂબ ખૂબ ધન્યવાદ, જય જય ગરવી ગુજરાત.

અધ્યક્ષશ્રી : આજે છેલ્લા સત્રનો છેલ્લો દિવસ પાંચ વર્ષ આપણે પૂર્ણ કરીએ છીએ. ચૌદમી વિધાનસભાના છેલ્લા સત્રના છેલ્લા દિવસમાં ઉપસ્થિત આપ સૌ માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રીઓ માનનીય સૌ ધારાસભ્યશ્રીઓ, વિરોધપક્ષના નેતા, ઉપનેતા સૌ આગેવાનો, પત્રકાર મિત્રો અધિકારીઓ સૌ કર્મચારીગણ વિધાનસભાના સૌ સાથીઓ. સન ૨૦૨૧ની ૨૭ સપ્ટેમ્બરના રોજ આપ સૌએ મારા પર વિશ્વાસ મૂકીને સર્વસંમતિથી મને અહીંયા બેસાડી મારી વરણી કરી એના માટે સૌ પહેલા તો આપ સૌનો ખૂબ ખૂબ આભાર માનું છું. અને માત્ર બેસાડી એવું નહીં પણ આખા વર્ષ દરમ્યાન સત્રમાં તમામ

રીતે માતૃત્વના ભાવ સાથે આપે મને જે રીતે ખૂબ સારો સાથ-સહકાર અહીંયા આપ્યો તેના માટે પણ હું આપ સૌનો ખૂબ ખૂબ આભાર માનું છું.

